શ્રીયમુનાષ્ટકમ્

પ્રકાશક:
ષોડશગ્રંથ પ્રવચનમાલા સમિતી

પ્રકાશનવર્ષ :
શ્રીવલ્લભાબ્દ ૫૩૧, વિ.સં. ૨૦૬૫

પ્રથમ સંસ્કરણ પ્રતિ : ૨,૦૦૦

ગ્રન્થપ્રકાશન સહાય : રૂ. ૧૫-૦૦
(પોસ્ટેજ-પેકેજિંગ્ : રૂ. ૫/-)

મુદ્રક : પૂર્વી પ્રેસ પ્રા. લીમીટેડ, રાજકોટ.

૧. [illegible]

[illegible]

[illegible]

[illegible]



[illegible]



[illegible]

અનુક્રમણિકા

પાના નં.

૧. શ્રીયમુનાષ્ટકમ્ (પુષ્ટિપાઠાવલી) ૦૧

૨. શ્રીયમુનાષ્ટકમ્ (ષોડશગ્રંથ પરિચયમાંથી સાભાર) ૦૩

૩. શ્રીયમુનાષ્ટકમ્

(વિવેચન : શ્રીશાંતિલાલ મહેતા) ૦૬

૪. શ્રીયમુનાષ્ટકમ્

(વિવેચનકર્તા ગો.શ્રીશ્યામમનોહરજી,

હીન્દી આવૃતિનો અનુવાદ : શ્રીરમેશભાઈ પંચાસરા) ૬૩

૫. શ્રીયમુનાષ્ટકમ્ (વિવેચન - શ્રીનાનુભાઈ ગાંધી) ૧૧૯

★★★

શ્રીકૃષ્ણાય નમઃ
શ્રીવલ્લભાય નમઃ
શ્રીગોપીજનવલ્લભાય નમઃ

……

શ્રી યમુનાષ્ટકમ્

(પુષ્ટિપાઠાવલી)

(પુષ્ટિપ્રભુદ્વારા શ્રીયમુનાજીમાં સ્થાપિત અષ્ટવિધ ઐશ્વર્યો પૈકી પ્રથમ ઐશ્વર્ય; શ્રીયમુનાજી આ માર્ગમાં સકલસિદ્ધિઓના હેતુરૂપ છે.)

નમામિ યમુનામ્ અહં સકલ-સિદ્ધિ હેતું મુદા
મુરારિ-પદ-પંકજ-સ્ફુરદમન્દ-રેણૂત્કટામ્ ॥
તટસ્થ-નવકાનન-પ્રકટ-મોદ-પુષ્પામ્બુના
સુરાસુર-સુપૂજિત-સ્મરપિતુઃ શ્રિયં બિભ્રતીમ્ ॥ ૧ ॥

(બીજું ઐશ્વર્ય : શ્રીયમુનાજી ભગવદ્રતિને વધારનારા છે.)

કલિન્દ-ગિરિ-મસ્તકે પતદમન્દ-પૂરોજ્જવલા
વિલાસ-ગમનોલ્લસત્-પ્રકટ-ગણ્ડ-શૈલોન્નતા ॥
સઘોષ-ગતિ-દન્તુરા સમધિરૂઢ-દોલોત્તમા
મુકુન્દ-રતિ-વર્ધિની જયતિ પદ્મબન્ધોઃ સુતા ॥ ૨ ॥

(ત્રીજું ઐશ્વર્ય : ભુવનપાવની શ્રીયમુનાજી પુષ્ટિજીવો અને પુષ્ટિપ્રભુના સમ્બન્ધ વચ્ચે આવતા પ્રતિબન્ધોને દૂર કરીને ભગવદનુભવયોગ્ય શુદ્ધિ કરનારા છે.)

ભુવં ભુવન-પાવનીમ્ અધિગતામનેક-સ્વનૈઃ
પ્રિયાભિરિવ સેવિતાં શુક-મયૂર-હંસાદિભિઃ ॥
તરઙ્ગ-ભુજ-કંકણ-પ્રકટ-મુક્તિકા-વાલુકા-
નિતમ્બ-તટ-સુન્દરીં નમત કૃષ્ણ-તુર્ય-પ્રિયામ્ ॥ ૩ ॥

(ચોથું ઐશ્વર્ય : ભગવાન્ના સમાનગુણધર્મવાળા હોવાથી શ્રીયમુનાજી સાથે જીવનો સંબન્ધ બંધાતા ભગવાન્ સાથેય બંધાઈ જાય છે.)

અનન્તગુણભૂષિતે શિવવિરઞ્ચિદેવસ્તુતે
ઘનાઘન-નિભે સદા ધ્રુવપરાશરાભીષ્ટદે ॥
વિશુદ્ધ-મથુરા-તટે સકલ-ગોપ-ગોપી-વૃતે
કૃપાજલધિસંશ્રિતે મમ મનઃ સુખં ભાવય ॥ ૪ ॥

(પાંચમું ઐશ્વર્ય : ભગવાન્‌ને પ્રિય એવા ભક્તોના કલિદોષોનું નિવારણ શ્રીયમુનાજી કરે છે.)

યયા ચરણપદ્મજા મુરરિપોઃ પ્રિયમ્ભાવુકા
સમાગનોતોઽભવત્ સકલ-સિદ્ધિદા સેવતામ્ ॥
તયા સદશતામિયાત્ કમલજાસપત્નીવ યદ્-
હરિપ્રિયકલિન્દયા મનસિ મે સદા સ્થીયતામ્ ॥ ૫ ॥

(છઠ્ઠું ઐશ્વર્ય : પુષ્ટિજીવોને શ્રીયમુનાજી પુષ્ટિપ્રભુના પ્રિય બનાવે છે)

નમોઽસ્તુ યમુને સદા તવ ચરિત્રમત્યદ્‌ભુતં
ન જાતુ યમ-યાતના ભવતિ તે પયઃપાનતઃ ॥
યમોઽપિ ભગિનીસુતાન્ કથમુ હન્તિ દુષ્ટાનપિ
પ્રિયો ભવતિ સેવનાત્ તવ હરેર્યથા ગોપિકાઃ ॥ ૬ ॥

(સાતમું ઐશ્વર્ય : શ્રીયમુનાજી ભગવત્સેવાકર્તાના શરીરમાં અલૌકિક સામર્થ્ય એટલે તનુનવત્વનું સમ્પાદન કરી આપે છે.)

મમાસ્તુ તવ સન્નિધૌ તનુ-નવત્વમેતાવતા
ન દુર્લભતમા રતિર્ મુરરિપૌ મુકુન્દપ્રિયે ॥
અતોઽસ્તુ તવ લાલના સુર-ધુની પરં સઙ્ગમાત્
તવૈવ ભુવિ કીર્તિતા નતુ કદાપિ પુષ્ટિસ્થિતૈઃ ॥ ૭ ॥

(આઠમું ઐશ્વર્ય : પુષ્ટિપ્રભુના લીલાસામયિક શ્રમજલકણો સાથે પુષ્ટિજીવોનો સમ્બન્ધ સમ્પાદિત કરે છે.)

સ્તુતિં તવ કરોતિ કઃ કમલજા-સપત્નિ ! પ્રિયે !
હેરર્ યદનુસેવયા ભવતિ સૌખ્યમ્ આમોક્ષતઃ ॥
ઇયં તવ કથાધિકા સકલ-ગોપિકા-સઙ્ગમ-
સ્મરશ્રમ-જલાણુભિઃ સકલ-ગાત્રજૈઃ સઙ્ગમઃ ॥ ૮ ॥

(શ્રીયમુનાષ્ટકના પાઠથી સર્વપાપક્ષય, સકલસિદ્ધિની પ્રાપ્તિ, ભગવાન્‌માં પ્રેમ, પ્રભુને સન્તોષ; અને સ્વભાવ ઉપર વિજય રૂપી ફળો સિદ્ધ થાય છે.)

તવાષ્ટકમ્ ઈદં મુદા પઠતિ સૂરસૂતે ! સદા
સમસ્ત-દુરિત-ક્ષયો ભવતિ વૈ મુકુન્દે રતિઃ ॥
તયા સકલ-સિદ્ધયો મુરરિપુશ્ચ સન્તુષ્યતિ
સ્વભાવ-વિજયો ભવેદ્ વદતિ વલ્લભઃ શ્રીહરેઃ ॥ ૯ ॥
॥ ઇતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતં શ્રીયમુનાષ્ટકસ્તોત્રં સમ્પૂર્ણમ્ ॥

★★★

શ્રી યમુનાષ્ટકમ્

(ગો. શ્રીશ્યામમનોહરજી, કિશનગઢ-પાર્લા, ષોડશગ્રંથ ગ્રંથપરિચય)

આપણે સાંભળતા આવીએ છીએ કે પોતાની વ્રજયાત્રા દરમયાન શ્રીમદ્વલ્લભાચાર્ય મહાપ્રભુજી મહાવનમાં યમુનાજીના તટ ઉપર ગોકુલ ગામની ખોજમાં પરિભ્રમણ કરી રહ્યા હતા ત્યારે સ્વયં શ્રીયમુનાજીએ પ્રકટ થઈને વર્તમાન ગોકુલનું સ્થળ બતાવ્યું હતું. પ્રાચીન ગોકુલ ગામના સ્થળની ઓળખાણ પછી શ્રીમહાપ્રભુજી ત્યાં બિરાજયા અને ત્યારે શ્રીયમુનાજીનું પુષ્ટિમાર્ગીય માહાત્મ્ય અથવા મહત્ત્વનું જ્ઞાન તેઓશ્રીના મુખેથી આપોઆપ નીકળવા માંડયું અને તે જ ષોડશગ્રંથમાં મંગલાચરણ રૂપે યોજાયેલ શ્રીયમુનાષ્ટકસ્તોત્ર છે.

એક કિવંદન્તી અનુસાર શ્રીયમુનાષ્ટકની રચના વિ.સં. ૧૫૪૯ શ્રાવણ સુદિ ત્રીજને દિવસે શ્રીગોકુલમાં થઈ હતી. (દ્રષ્ટવ્ય : શ્રીનાગરદાસ બાંભણિયા દ્વારા લિખિત ‘‘શ્રીષોડશગ્રન્થની રચના તથા શ્રીમહાપ્રભુના ચરિત સાથે સંકળાયેલ મહત્ત્વની તવારીખો’’ લેખ, વૈષ્ણવવાણી, અંક ૪, વર્ષ ૧૯૭૯)

જેમ ગંગાજી સાથે દાસ્યભાવાત્મિકા મર્યાદાભક્તિની એક અંતર્ધારા વહે છે, તે જ પ્રમાણે શ્રીયમુનાજીની સાથે પણ પુષ્ટિભક્તિની અંતર્ધારા વહે છે. શ્રીયમુનાજીની સાથે વહેતી પુષ્ટિમાર્ગની આ અંતર્ધારા વ્યાપિવૈકુંઠના નાથને નાના એવા ગોકુલના નાથ થવાને માર્ગ તથા પુષ્ટિમાર્ગીય ગરિમા પ્રદાન કરે છે. ક્ષય કરી રહેલા કાળના પ્રવાહમાં તણાતા જીવોને ત્યાંથી પરાણે ખેંચી લઈને પોતાની સાથે વહેવડાવીને આ ધારા તેઓને શ્રીકૃષ્ણની દિવ્ય મધુર નિત્ય લીલાઓ સુધી પહોંચાડી દે છે.

શ્રીમદ્વલ્લભાચાર્ય મહાપ્રભુજીએ આ શ્રીયમુનાષ્ટકસ્તોત્રમાં શ્રીયમુનાજીનાં આધિભૌતિક, આધ્યાત્મિક તેમજ આધિદૈવિક રૂપોનું વર્ણન કરતાં પુષ્ટિમાર્ગીય દષ્ટિકોણથી શ્રીયમુનાજીની અસાધારણ અષ્ટવિધ વિશિષ્ટતા અથવા ઐશ્વર્યનું આઠ શ્લોકોમાં વર્ણન કર્યું છે. ક્રમશઃ એક એક શ્લોક શ્રીયમુનાજીના એક એક ઐશ્વર્યના વર્ણન માટે કહેવાયેલ છે. શ્રીયમુનાજીનાં તે ઐશ્વર્ય નીચે પ્રમાણે છે :

(૧) શ્રીયમુનાજી પુષ્ટિમાર્ગીય અનેકવિધ સિદ્ધિઓને આપનારાં છે. દાખલા તરીકે, સાક્ષાત્ ભગવત્સેવામાં ઉપયોગી દેહની પ્રાપ્તિ, ભગવાનની વિવિધ પુષ્ટિલીલાઓનાં દર્શન પ્રાપ્ત કરી શકવાનું સામર્થ્ય, તે લીલાઓમાં વ્યકત થતા રસોનો અનુભવ કરી શકવાનું સામર્થ્ય તથા સર્વાત્મભાવ વગેરે. આ બધી પુષ્ટિમાર્ગીય સિદ્ધિઓ છે, જે સિદ્ધિઓ શ્રીયમુનાજી દ્વારા પુષ્ટિજીવોને પ્રાપ્ત થાય છે.

(૨) શ્રીયમુનાજી ભગવદ્ભાવને વધારનારાં છે. દેવાદિવિષયિણી રતિ અથવા પ્રીતિને ભાવ કહેવાય છે. પુષ્ટિમાર્ગના આરાધ્ય દેવ શ્રીકૃષ્ણ જ છે અને શ્રીયમુનાજી પુષ્ટિજીવને આ જ શ્રીકૃષ્ણના સ્નેહરૂપ ભગવદ્ભાવથી યુકત કરે છે.

(૩) પોતાના આરાધ્ય શ્રીકૃષ્ણની સાથે સંબંધ જોડવામાં પુષ્ટિભકત સામે જે કાંઇ પ્રતિબંધ વિઘ્ન આવે છે તેને શ્રીયમુનાજી દૂર કરે છે. આ વિઘ્નોને હરી લઈને પુષ્ટિભકતને ભગવદનુભવ કરવા યોગ્ય શુદ્ધ બનાવી દે છે. આથી શ્રીયમુનાજી પુષ્ટિજગતને પાવન કરનારાં છે.

(૪) જેવાં ગુણધર્મ અને રૂપ ભગવાને પુષ્ટિલીલામાં પ્રકટ કર્યાં છે તે બધાં શ્રીયમુનાજીમાં પ્રકટ કર્યાં છે. આથી શ્રીયમુનાજી સાથે જેઓનો સંબંધ સ્થાપિત થયો હોય તેમનો પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણની સાથે પણ સંબંધ અનાયાસે જ સ્થાપિત થઈ ગયો, એમ સમજી લેવું જોઈએ.

(૫) ભગવાનના પ્રિય ભક્તોમાં જે કાંઈ કલિરૂપ દોષ હોય તેમને શ્રીયમુનાજી દૂર કરી દે છે.

(૬) રાસલીલામાં ભગવાન તિરોહિત થઈ ગયા, તે પછી જેવી રીતે ગોપીઓએ શ્રીયમુનાજીના તટ ઉપર નિઃસાધન ભાવથી શ્રીકૃષ્ણની પ્રતીક્ષા કરી, તેવી જ રીતે જે કોઈ પુષ્ટિજીવ શ્રીયમુનાજીના આશ્રયથી ભગવાનને ખોળવા ઇચ્છે છે તે ભગવાનનો પ્રેમપાત્ર બને છે તથા ભગવાનને મેળવી શકે છે. શ્રીયમુનાજલપાનનું આ અસાધારણ મહત્ત્વ છે કે શ્રીયમુનાજી તેમનું જલપાન કરનારનાં દેહ-ઇન્દ્રિય આદિ કાલરૂપી પ્રવાહમાં તેમના આત્માને વહેવડાવીને

ક્યારેય યમાલય (યમદ્વાર) સુધી નથી પહોંચાડતાં, પરંતુ કાલાતીત પરમાત્માને પ્રેમરૂપી રાશથી બાંધીને પાનકર્તા ભક્ત સુધી અવશ્ય પહોંચાડી દે છે.

(૭) દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ તેમ જ આત્મા, આવી રીતે સર્વ દ્વારા ભગવલ્લીલા તેમજ ભગવત્સ્વરૂપનો અનુભવ-આ અલૌકિક સામર્થ્યને તનુનવત્વ અર્થાત્ દેહનું નવીનીકરણ (દેહને નવીનતા પ્રાપ્ત થવી તે) માનવામાં આવેલ છે. શ્રીયમુનાજી પુષ્ટિજીવોના દેહ વગેરેમાં એવું અલૌકિક સામર્થ્ય પ્રકટ કરી દે છે કે, હજારો પરિવત્સરોથી (વર્ષોથી) પ્રભુથી વિખૂટો પડેલો જીવ, પોતાના કાળથી જર્જરિત દેહ-ઇન્દ્રિય વગેરેમાં એક એવી વિલક્ષણ શકિત કે નવીનતાનો અનુભવ કરવા લાગી જાય છે કે, તેમને ભગવાનનો રસાત્મક અનુભવ બધી રીતે થવા માંડે છે, એટલું જ નહિ, પરંતુ નિત્યલીલામાં પણ શ્રીયમુનાજીને કારણે તેમને નવો દેહ મળી જાય છે.

(૮) શ્રીયમુનાજીના તટ ઉપર તથા જળમાં પણ શ્રીકૃષ્ણની અનેકવિધ લીલાઓ આધિદૈવિક રૂપે સનાતન ચાલતી રહી છે. શ્રીયમુનાજીમાં જલક્રીડાનિમગ્ન પરમ આનંદાત્મક પ્રભુનો આનંદ જ શ્રમજલકણોના રૂપમાં ઊછળીને શ્રીયમુનાજલમાં તાદાત્મ્ય પ્રાપ્ત કરી લે છે. આથી શ્રીયમુનાજલસ્નાન પુષ્ટિભકતોમાં શ્રીકૃષ્ણની સાથે અંગસંગના અનુભવનો રોમાંચ પેદા કરે છે.

શ્રીયમુનાજીનું આ આધિદૈવિક સ્વરૂપ સમગ્ર રીતે લીલાસામયિક પુષ્ટિભક્તોના અનુભવનો જ વિષય થાય છે. આંશિકરૂપે (તોપણ) આધુનિક પુષ્ટિજીવોને માટે પણ પ્રતિબંધ કરનારા દોષોનું નિવારણ, સ્વભાવવિજય, ભગવદ્ભક્તિ તથા ભગવત્પ્રેમનો અધિકાર શ્રીયમુનાજી દ્વારા પ્રાપ્ત થાય છે. આથી શ્રીયમુનાજીની કૃપાથી પુષ્ટિજીવ પુષ્ટિમાર્ગમાં પ્રવેશવાને યોગ્ય થાય છે. આ મંગલવિધાન શ્રીયમુનાજીનું કાર્ય છે. આથી તેમની સ્તુતિને પુષ્ટિમાર્ગીય ઉપદેશમાં મંગલાચરણરૂપે યોજવામાં આવેલી છે.

★★★

શ્રી યમુનાષ્ટકમ્

સ્વમાર્ગીય માન્યતા પ્રમાણે સ્વામીનીજી સ્વરૂપ શ્રીમહાપ્રભુજી અને કૃષ્ણના તુર્ય પ્રિયા શ્રીયમુનાજીનું અલૌકિક મિલન વિ.સં.૧૫૪૯ માં શ્રીમદ્ ગોકુલ પાસે ઠકુરાણી ઘાટ ઉપર થયું હતું. તે આ રીતે -

પોતાની પ્રથમ પરિક્રમા દરમ્યાન ચતુર્દશવર્ષીય બાલ સરસ્વતી, વાક્પતિ શ્રીવલ્લભ, નિજ સેવકો સહિત, મહાવનમાં, યમુનાતટ ઉપર પધાર્યા. તે સમયે ત્યાં સઘન વન હતું. મહાવનમાં સ્થિત નંદબાવાનું ગોકુળિયું ગામ વનરાજીથી છવાઇ ગયું હતું. શ્રીવલ્લભ ગોકુલ ગામની શોધ કરતા હતા. આજે જ્યાં પાકા બાંધેલા ગોવિંદ ઘાટ અને ઠકુરાણી ઘાટ છે ત્યાં તે સમયે દૂર દૂર સુધી ગીચ વનપ્રદેશ વિસ્તરેલો હતો. યમુનાજીના કિનારા ઉપર ઉભા રહીને, ચોતરફ દષ્ટિ નાખતા શ્રીવલ્લભ પોતાના સેવકો સાથે શ્રીગોકુલની સ્થિતિ વિષે વાતચીત કરી રહ્યા હતા. વાતચીત દરમ્યાન આપશ્રીએ પોતાના અંતરંગ એકનિષ્ઠ સેવક દામોદરદાસજીને પૂછયું.

‘‘દમલા ! યામેં ગોવિંદ ઘાટ અરૂ ઠકુરાની ઘાટ કૌનસો ?’’

આપશ્રીના પ્રશ્નનો ધ્વનિ, યમુનાજીના આધિભૌતિક જળ પ્રવાહમાં વસતાં, પ્રભુનાં ચતુર્થ પ્રિયાએ સાંભળ્યો. શ્રીવલ્લભ અને શ્રીયમુનાજી બન્ને પ્રભુના પ્રિયા છે. તેથી શ્રીયમુના શ્રીવલ્લભના સ્વરૂપને ઓળખતાં હોય એ સ્વાભાવિક છે. આથી જે પ્રશ્નનો ઉત્તર દમલાથી ન આપી શકાયો તે પ્રશ્નનો ઉત્તર આપવા પોતે પોતાના આધિદૈવિક સ્વરૂપે ત્યાં પ્રકટ થયાં. કેવું હતું મહારાણીજીનું સ્વરૂપ ?

ગોધરા નિવાસી ‘પુષ્ટિ-પરાગ’ ઉપનામથી જાણીતા ડો. કૃષ્ણજીવન ગાંધીએ ‘શ્રીયમુનાષ્ટક રસાનંદ’ નામે પુસ્તકમાં શ્રીયમુનાજીના એ આધિદૈવિક સ્વરૂપનું વર્ણન આ પ્રમાણે કર્યું છે :

ષોડશ વર્ષનું સુકોમલ વય, મેઘશ્યામ વર્ણ, મધુર હાસ્યયુકત મુખાર્વિંદ, લાવણ્યમય લલાટ ઉપર કસ્તુરીની બિંદી, દાડિમ શી દંતપંક્તિ, અરૂણ અધર ઓષ્ઠ, દ્વાદશ અંગમાં હીરા, માણેક, મોતી, પન્ના, પોખરાજ જડેલાં આભૂષણો; કરમાં કંકણ, કડાં અને બાજુબંધ; ચરણમાં નૂપુર, અણવટ, વીંછિયા, કટી ઉપર મેખલા, નાસિકમાં નકવેસર, કાનમાં કુંડલ, સેંથીમાં ટીકો, શીશ ઉપર શીશફૂલ, શ્રીહસ્તમાં કમળની માળા, શ્રીકંઠમાં કમળ કુસુમની મનોહર માળા,

અંગ ઉપર ચટકાળી સાડી અને ચોળી-ચણીયો- આવા અલૌકિક દિવ્ય સ્વરૂપે શ્રીયમુનાજીએ શ્રીવલ્લભને દર્શન આપ્યાં.

શ્રીયમુનાજી તો કૃષ્ણનાં પટરાણી છે. તેમણે શ્રીઅંગ ઉપર ચણીયો, ચોળી અને સાડી ધારણ કર્યા છે. વિવિધ શૃંગાર કર્યા છે. અલૌકિક આભૂષણો પહેર્યા છે. તેઓ પોતાના દિવ્ય સ્ત્રીદેહે શ્રીવલ્લભરાયથી પ્રકટ થયાં. અને કહ્યું : ‘‘વલ્લભ, આપ જિસ છોંકરકેં નીચે ઠાડે હો, વહ બ્રહ્મસ્વરૂપ હૈ; ઉસકા બાંઇ ઔર ગોવિંદઘાટ ઔર દાહિની ઔર ઠકુરાની ઘાટ હૈ’’.

શ્રીમહારાણીજીએ આ રીતે પ્રકટ થઇને શ્રીવલ્લભના મનનું સમાધાન કર્યું. અને શ્રીમદ્ ગોકુલના સ્થાનનો સ્પષ્ટ નિર્દેશ કર્યો.

શ્રીયમુનાજીના આવા અલૌકિક અદ્ભુત સ્વરૂપને જોઇને શ્રીવલ્લભ બોલી ઊઠયા, **‘‘યમુને! તવ સ્વરૂપમ્ અદ્ભુતમ્’’** પછી કહ્યું, **‘‘નમામિ યમુનામહમ્’’**

શ્રીવલ્લભ શ્રીયમુનાજીને નમન કરે છે - કારણ કે આપ શ્રી યમુનાજીના આધિદૈવિક સ્વરૂપને ઓળખે છે. અને આપશ્રીએ એવી આજ્ઞા કરી છે કે -

જીવૈસ્તુ ભગવતી નયનમેવ કાર્યં નાન્ય:

પછી તો વાક્પતિના મુખમાંથી વાક્ધારા પ્રવાહિત થવા લાગી અને રચાઇ ગયું યમુનાષ્ટકમ્. શ્રીવલ્લભે મહારાણીની સ્તુતી કરી તેથી એ સ્તુતિ ગ્રંથ છે. અને ષોડશ ગ્રંથોમાં મંગલાચરણ રૂપે તેનું પ્રથમ સ્થાન છે.

શ્રીયમુનાજી અન્ય નદીઓની માફક કેવળ જલનો પ્રવાહ નથી; તે તો પુષ્ટિભક્તિ રસનો પ્રવાહ છે. દેશકાળના પ્રવાહમાં વહી જતા જીવો ઉપર કૃપા કરીને તેઓ તેમને તેમાંથી ખેંચીને નિજ ભક્તિરસના પ્રવાહમાં વહેતા કરે છે. અને તે દ્વારા તેઓ તેમને શ્રીકૃષ્ણચંદ્રની દિવ્ય મધુર નિત્ય લીલાઓનો અનુભવ કરાવે છે ; અને તે જીવોને ભગવદ્ સંબંધ કરાવી આપે છે. આ રીતે જોતા શ્રીવલ્લભ અને શ્રીયમુના સમાન ધર્મી છે.

ષોડશ ગ્રંથોમાં યમુનાષ્ટકનું સ્થાન પહેલું છે. તેનું કારણ એ છે કે આપણા પુષ્ટિમાર્ગમાં શ્રીયમુનાજીનું મહત્ત્વ ઘણું વધારે છે. લીલા સ્વામી કૃષ્ણની લીલાઓ યમુનાજીના કિનારા ઉપર આવેલ કુંજ નિકુંજમાં થઇ છે, થાય છે અને નિત્ય થયા કરશે. આથી શ્રીયમુનાજીની કૃપા વગર પુષ્ટિ ભક્તિમાં પ્રવેશ મળતો નથી. શ્રીયમુનાજી તો ભક્તિરસની ધારા છે. એ રસમાં સ્નાન કરનાર અથવા એ રસનું

પાન કરનારને તેઓ ભક્તિભાવનું દાન કરે છે.

યમુનાષ્ટકમ્‌ના પહેલા આઠ શ્લોકોમાં શ્રીયમુનાજીનાં આઠ ઐશ્વર્યો, શ્રીયમુનાજીનો ઉદ્‌ભવ, સ્વરૂપ અને માહાત્મ્યનું વર્ણન કરવામાં આવ્યું છે. અને નવમા શ્લોકમાં શ્રીયમુનાષ્ટકનો નિત્ય પાઠ કરનારને કેવાં અને કેટલાં અલૌકિક ફળ મળે છે તે કહેવામાં આવ્યું છે.

શ્રીયમુનાજી રવિતનયા કહેવાય છે. તે રવિ-મંડળમાં બિરાજતા વિવસ્વાન આદિત્યની પુત્રી છે. ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ એ વેદત્રયીને આદિત્ય કહેવામાં આવે છે. આદિત્ય એટલે સૂર્ય. એ સૂર્ય એટલે આપણને આકાશમાં દેખાય છે તે સૂર્ય નહીં, પરંતુ એ તો, રવિમંડલનું આધ્યાત્મિક સ્વરૂપ જે વેદત્રયી છે તે સ્વરૂપે સૂર્ય છે. હિંદુ સમાજ સૂર્યને સૂર્યનારાયણ નામથી ઓળખે છે. કારણ કે વેદત્રયીમાં આનંદમય પરમાત્મા નારાયણ બીરાજે છે. તેથી તે સ્વયં પરમાત્માનું જ સ્વરૂપ છે. પદ્મ પુરાણમાં આ વળી બહુ સ્પષ્ટ રીતે સમજાવી છે. શ્રીમહાપ્રભુજીએ અણુભાષ્યમાં અને પૂજ્ય ગો. શ્રીશ્યામમનોહરજીએ પણ પોતાના લેખોમાં આ વાત સારી રીતે સમજાવી છે. એ રવિમંડલમાં, શ્રીયમુનાજી રસાત્મક સ્વરૂપે રહેલાં છે.

વિવસ્વાન આદિત્ય શ્રીયમુનાજીના પિતા છે અને સંજ્ઞા તે યમુનાજીના માતા છે. વેદત્રયીમાં ગણાવેલ બધા કર્મો (યજ્ઞો)નું જે જ્ઞાન છે તેને સંજ્ઞા કહેવાય. એ વેદત્રયીના જ્ઞાન અને પ્રમાણને સ્વીકારીને આપણે આપણાં કર્તવ્યનો નિર્ણય કરીએ તેનું નામ સંજ્ઞા, એ સંજ્ઞા તે પોતે આદિત્યની પત્ની અને શ્રીયમુનાજીની માતા છે.

વેદત્રયીમાં જે કર્મો સૂચવેલાં છે, તે કરવા એ મનુષ્યનો ધર્મ છે. અર્થાત વેદમાં સૂચવેલાં કર્મોમાંથી જે ધર્મ ઉત્પન્ન થાય તેનું નામ ધર્મરાજ. અને એ કર્મો કરવાથી જે બ્રહ્મરસ પ્રકટયો તે શ્રીયમુનાજી. આ રીતે જોતાં, શ્રીયમુનાજીના પિતા સૂર્ય (આદિત્ય); માતા સંજ્ઞા અને ભાઇ શ્રીધર્મરાજ છે.

પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણને, શ્રુતિમાં, રસો વૈ સઃ એટલે કે તે રસ સ્વરૂપ છે. એવું કહીને ઓળખાવ્યા છે. શ્રીકૃષ્ણ રસરૂપ છે. એ રસનું નામ છે ભક્તિરસ (પ્રેમરસ). એ રસ મળી શકે શ્રીકૃષ્ણના સ્વરૂપાનંદની પ્રાપ્તિ થાય ત્યારે. યાદ રાખો - એ ભક્તિરસનું દ્રવીભૂત રસાત્મક સ્વરૂપ એટલે યમુનાજી અને એ ભક્તિરસનું ઘનીભુત રસાત્મક સ્વરૂપ એટલે શ્રીગિરિરાજ.

આ રીતે સૂર્ય મંડળમાંથી રસ સ્વરૂપ શ્રીયમુનાજીનું પ્રાકટય થયું છે.

શ્રીહરિરાયજી મહાપ્રભુજી શ્રીયમુનાજીના ભૂતલ ઉપરના પ્રાદુર્ભાવને સમજાવતાં કહે છે -

દ્રવિભૂત રસાત્મૈષા સર્વાંગીણ શ્રમાંમ્બુભિઃ
નારાયણસ્ય હૃદયાચ્છુદ્ધ સત્વ સ્વરૂપતઃ
પ્રાદુરાસીન્મૂલરૂપ પુષ્ટિ લીલા પ્રસિદ્ધયે.

તાત્પર્ય એ કે સૂર્ય મંડલમાં સ્થિત શ્રીયમુનાજી પુષ્ટિલીલાની પ્રસિદ્ધિ માટે ભૂતલ ઉપર પ્રકટયા છે. ભકત પ્રવર શ્રીહરિદાસજી કહે છે, ''વ્યાપિ વૈકુંઠ તેં આઈ વ્રજમેં'' એટલે કે આધિદૈવિક સૂર્ય મંડલ અર્થાત વ્યાપિ વૈકુંઠમાંથી શ્રીયમુનાજી ભૂતલ ઉપર ઊતર્યા-કયાં ઊતર્યા ? તો કહે છે કે હિમાલયમાં સ્થિત કલિંદગિરિ ઉપર પધાર્યા. આજે જે સ્થળને યમ્નોત્રી કહીએ છીએ તે સ્થળ પુરાણકાળમાં કલિંદગિરિ તરીકે ઓળખાતું હશે. કલિંદ એટલે કલિયુગના દોષોનો નાશ કરનાર. એટલા માટે પરમાનંદદાસજી કહે છે, ''કાલિંદી કલિ કલ્પષ હરની'' શ્રીમહાપ્રભુજી પણ એમ જ કહે છે, ''કલિંદગિરિ મસ્તકે પતદ્''

સારસ્વત કલ્પમાં પ્રભુની ભૂમંડલ ઉપરની લીલા માટે પ્રભુને ભૂમંડલ ઉપર પધારવાનું હતું. તેથી આપશ્રીના પ્રાકટયની પૂર્વ ભૂમિકા રૂપે સમસ્ત ગોલોકને પૃથ્વી ઉપર અવતરીત થવાનું હતું. તે સમયે, તે કારણે, શ્રીયમુનાજી ગોલોકમાંથી ભૂતલ ઉપર પધાર્યા. આ રીતે પહેલાં પ્રકટયાં મહારાણીજી અને પછી પધાર્યા પુષ્ટિ પ્રભુ શ્રીકૃષ્ણ.

શ્રીકૃષ્ણ પુષ્ટિ પ્રભુ છે. પુષ્ટિ એટલે અનુગ્રહ (કૃપા). શ્રીયમુનાજી શ્રીકૃષ્ણની પુષ્ટિનું (અનુગ્રહનું) સ્વરૂપ છે. તેમના પ્રાકટયનું કારણ બતાવતાં નંદદાસજી કહે છે -

ભક્ત પર કરિ કૃપા, શ્રીયમુનેજુ, ઐસી
છાંડિ નિજ ધામ, વિશ્રામ ભૂતલ કિયો
પ્રકટ લીલા દિખાઈ જુ તૈસી.

યાદ રાખો - શ્રીગિરિરાજમાંથી શ્રીનાથજી પ્રકટ થયા તે પહેલાં વ્યાપિ વૈકુંઠમાંથી શ્રીવલ્લભ ભૂતલ ઉપર પ્રકટયા હતા. શ્રીવલ્લભ અને શ્રીયમુનાજી બન્ને સ્વામિનીજી છે. તેથી બન્ને સ્વરૂપો (શ્રીવલ્લભ અને શ્રીયમુનાજી) કૃષ્ણની પુષ્ટિનાં સ્વરૂપો છે. પરિણામે તે સમાન ધર્મી છે. શ્રીવલ્લભ પ્રકટયા દૈવી જીવો ઉપર કૃપા કરીને તેમનો ઉદ્ધાર કરવા માટે. અને બ્રહ્મસંબંધ દ્વારા તેમણે દૈવી જીવોનો

ઉદ્ધાર કર્યો. શ્રીયમુનાજી પણ જીવોનો ઉદ્ધાર કરવા માટે જ પ્રકટ થયાં છે.

શ્રીયમુનાજીનું ભૂતલ ઉપર પ્રાકટય થયું સારસ્વત કલ્પમાં અને શ્રીવલ્લભનું ભૂતલ ઉપર પ્રાકટય થયું કલિકાલમાં. બન્ને સ્વામિની સ્વરૂપ છે. છતાં ભિન્ન સ્વરૂપે અનુભવાય છે. શ્રીવલ્લભ પુષ્ટિમાર્ગીય જીવોના આચાર્ય (નિજાચાર્ય) તરીકે પ્રકટયા છે. શ્રીયમુનાજી પુષ્ટિમાર્ગીય જીવોને ભક્તિરસનું દાન કરવા માટે, જળ પ્રવાહ રૂપે પ્રકટયાં છે.

શ્રીયમુનાજીની સ્તુતિ કરતાં અનેક સ્ત્રોતો સંસ્કૃત તેમજ ઈત્તર ભાષાઓમાં રચાયાં છે. તે બધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું યમુનાષ્ટકમ્ અનોખા પ્રકારનું છે. આપશ્રીએ યમુનાજીનો સાક્ષાત્કાર કર્યો અને તેમની સન્મુખ ઊભા રહીને, તેમના સ્વરૂપ, ગુણ, લીલા તથા માહાત્મ્ય આદિનું વર્ણન કર્યું છે. તેમાં તેમણે કૃષ્ણપ્રિયા યમુનાજીમાં કૃષ્ણના ષડગુણો અને અષ્ટ ઐશ્વર્યો હોવાનું કહ્યું છે.

યમુનાષ્ટકમાં આચાર્ય શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાજીનાં ત્રણે સ્વરૂપો યથા આધિભૌતિક (જલપ્રવાહ સ્વરૂપ), આધ્યાત્મિક (માહાત્મ્ય સ્વરૂપ) અને આધિદૈવિક (હાથમાં કમલ પુષ્પની માળા લઇ પ્રિયતમને મળવા થનગનતું દૈવી સ્વરૂપ)નું વર્ણન કર્યું છે.

શ્રીયમુનાજીના આધિભૌતિક સ્વરૂપના દર્શન તો આપણે નિજ ચક્ષુઓ દ્વારા કરીએ છીએ. અને તેમાં સ્નાન, પાન કરી પવિત્ર બનાવનો અનુભવ કરીએ છીએ. પરંતુ યમુના પાન કે સ્નાનથી પવિત્ર બનવાનો અનુભવ જીવને ત્યારે જ થાય જ્યારે તેના હૃદયમાં શ્રીયમુનાજીના એ સ્વરૂપનાં પૂર્ણ શ્રદ્ધા અને ભક્તિનો ભાવ હોય ત્યારે. કેવળ યમુના જળમાં દેહ બોળવાથી પવિત્ર ન થવાય. યમુના જળ કેવળ જળ નથી. તે ભક્તિરસનો પ્રવાહ છે, એવું સમજીને, પૂર્ણ શ્રદ્ધાથી તેમાં સ્નાન કરનારને અથવા તેનું પાન કરનારને તેઓ પવિત્ર બનાવી લે છે. અને તેનો સંબંધ નિજ સ્વામી સાથે કરાવી આપે છે. સુરદાસજી આ વાત બહુ ભારપૂર્વક કહે છે –

પ્રેમકે સિંધુકો મરમ જાણ્યો નહીં
સૂર કહે કહા ભયો દેહ બોરે.

શ્રીયમુનાજીના આધ્યાત્મિક સ્વરૂપનાં દર્શન જીવને ત્યારે થાય જ્યારે તે શ્રીયમુનાજીનું અતિ અદભુત ચરિત્ર જાણે અને તેમાં અલૌકિક માહાત્મ્યને સમજે ત્યારે પુષ્ટિમાર્ગમાં શ્રીયમુનાજીનું માહાત્મ્ય સવિશેષ છે.

શ્રીયમુનાજીના આધિદૈવિક સ્વરૂપનાં દર્શન જીવને ત્યારે થાય જ્યારે તે

મહારાણીજીનાં આઠે ઐશ્વર્યોનો અનુભવ કરી શકે; શ્રીમહાપ્રભુજીએ યમુનાષ્ટકના આઠ શ્લોકોમાં શ્રીયમુનાજીનાં આઠ ઐશ્વર્યોનું ક્રમશઃ વર્ણન કર્યું છે. તે આ પ્રમાણે –

૧. શ્રીયમુનાજી નિજ ભકતોને અલૌકિક અષ્ટ સિદ્ધિઓનું દાન કરે છે. જેવી કે સાક્ષાત ભગવદ્ સેવોપયોગી દેહની પ્રાપ્તિ કરાવી આપવી. અથવા, ભગવાનની વિવિધ પુષ્ટિલીલાઓનું દર્શન કરી શકવાનું સામર્થ્ય આપવું. આદિ.

૨. શ્રી યમુનાજી પુષ્ટિ જીવોના ભગવદ્ ભાવને પુષ્ટ કરે છે અને તેમને કૃષ્ણસ્નેહ રૂપી ભગવદ્ ભાવથી સંપન્ન કરે છે.

૩. પોતાના આરાધ્ય (સેવ્ય) ઈષ્ટદેવ ભગવાન શ્રીકૃષ્ણચંદ્રની સાથે સંબંધ જોડવામાં પુષ્ટિભક્તોની સામે જે જે પ્રતિબંધો અથવા વિઘ્નો આવે તે બધાને શ્રીયમુનાજી દૂર કરે છે. તેઓ નિજ ભકતોનાં એવાં વિઘ્નો દૂર કરીને તેમના ચિત્તને ભગવદ્ અનુભવ કરવા યોગ્ય નિર્મળ બનાવે છે.

૪. ઐશ્વર્ય એટલે ઈશ્વરપણું. ઈશ્વરે (પરમેશ્વરે) પુષ્ટિલીલામાં જે રૂપ અને ગુણધર્મો પ્રકટ કર્યા છે તે બધા શ્રીયમુનાજીમાં પ્રકટપણે દેખાય છે. યથા-તેઓ કૃષ્ણ સમાન શ્યામવર્ણ વાળાં છે; તેઓ કૃષ્ણની માફક જીવોનો ઉદ્ધાર કરવામાં સક્ષમ છે. પરિણામે જે જીવનો સંબંધ યમુનાજી સાથે સ્થાપિત થાય છે. તે જીવનો સંબંધ શ્રીયમુનાજીના સ્વામી શ્યામ (કૃષ્ણ) સાથે આપોઆપ થઈ જાય છે.

૫. કલિકાળના પ્રભાવથી ભગવદ્ ભકતોમાં જે દોષો (દેશકાલના દોષો) આવે તે બધાં દોષો યમુના સ્મરણ-પાનથી દૂર થાય છે. અર્થાત જીવના એવા દોષોની નિવૃત્તિ કરવાનો ઈશ્વરીય ગુણ યમુનાજીમાં છે.

૬. યમુનાજીનો આશ્રય કરનાર જીવને તે પોતાના સ્વામીનો પ્રેમપાત્ર બનાવી દે છે; એવા જીવોને તેઓ ભગવાનની નિકટ લાવી દે છે. તે એટલે સુધી કે કાળના પ્રવાહમાં વહેતા જીવોને કેવળ યમુના જળનું પાન (પયઃપાન) કરવાથી તેઓ યમપાશથી છોડાવે છે. ભગવાને નિજ ઐશ્વર્યથી અજામિલ જેવા મહાપાપીને, કેવળ નારાયણ નામ લેવાથી, યમપાશથી છોડાવ્યો હતો. શ્રીયમુનાજી પણ જે જીવો યમુના જળનું પાન કરે તેવા જીવોને યમપાશથી છોડાવે છે. એ તેમનું ઐશ્વર્ય.

૭. સહસ્ત્ર પરિવત્સરથી પોતાના પ્રભુ (અંશી) થી અલગ પડી ગયેલા જીવોને યમુનાજી એક એવી વિલક્ષણ શક્તિ પ્રદાન કરે છે જેના વડે તેવા જીવોને

ભગવાનની રસાત્વિકા અનુભૂતિ પ્રાપ્ત થવા ઉપરાંત તેઓને નિત્યલીલામાં નૂતન દેહ - ભગવદ્ સેવા કરવા યોગ્ય દેહ - ની પ્રાપ્તિ થાય છે.

૮. શ્રીયમુનાજીના તટ ઉપર અને શ્રીયમુનાજીના જલમાં પણ રસેશ્વર ભગવાને અનેક રસમયી લીલાઓ-જેવી કે રાસલીલા, વસ્ત્રહરણ લીલા, જલક્રીડા આદિ ક્રીડાઓ કરી છે. તેમ કરતાં ભગવાન અને ગોપીજનોને થયેલ શ્રમથી તેમના શરીર ઉપર ઉદ્‌ભવેલ જલકણો (પ્રસ્વેદ આદિ) યમુનાજીમાં સ્નાન કરે ત્યારે તે જીવનાં અંગો સાથે તે શ્રમજલ કણોનો સંબંધ થાય છે. તેમ થતા જીવને એવી અનુભૂતિ થાય છે જાણે તે પોતે ભગવાન શ્રીકૃષ્ણ સાથે અંગસંગનું સુખ ન માણતો હોય !

આવા વિવિધ ઐશ્વર્યોને ધારણ કરનાર, પ્રભુનાં પ્રિયા, શ્રીયમુના મહારાણીજીની સ્તુતિ, આપણા આચાર્યશ્રી મહાપ્રભુજી પ્રસન્ન ચિત્તે કરે છે. યમુનાષ્ટકમ્ એ એક અષ્ટક છે. તેના આઠ શ્લોકમાં શ્રીયમુનાજીનાં ઐશ્વર્યો ગણાવીને, છેલ્લા (નવમા) શ્લોકમાં યમુનાષ્ટકનો પાઠ કરવાથી કેવાં સહજ ફળ (વિના માગે મળે તેવાં) મળે તે કહેવામાં આવ્યું છે. યમુનાષ્ટકનો પાઠ કરવાથી સહજ રીતે મળતાં ફળ તો ઘણાં છે. પરંતુ તે બધામાંથી બે ફળ ખાસ ધ્યાન ખેંચે તેવાં છે.

યમુનાષ્ટકનો પાઠ કરવાથી, પરંતુ મુદા (આનંદપૂર્વક, ભાવ સમજીને) પાઠ કરવાથી અને નહીં કે ગમે તેમ ગબડાવી જવાથી. અર્થાત્ પ્રસન્ન ચિત્તે પાઠ કરવાથી - જીવનાં બધાં દુરિતો (પાપો)નો ક્ષય થાય છે અને જીવના સ્વભાવનો (જીવ સ્વભાવથી દુષ્ટ છે; સ્વરૂપથી નહીં) વિજય થાય છે. અહીં મુદા શબ્દ મહત્વનો છેઃ એટલા માટે યમુનાષ્ટકના પહેલા અને છેલ્લા શ્લોકમાં તે શબ્દ વાપરવામાં આવ્યો છે. તો ચાલો આપણે આપણા દુષ્ટ સ્વભાવ (સંસારાશકિત એટલે સ્વભાવની દુષ્ટતા) ઉપર વિજય મેળવીએ. ભગવદાશકિતનો ઉદય થાય એટલે સ્વભાવનો વિજય થયો ગણાય. તે માટે આપણે પ્રસન્ન ચિત્તે ભાવ સહિત યમુનાષ્ટકનો પાઠ કરીએ. બોલો -

નમામિ યમુનામ્ અહં સકલ-સિદ્ધિ-હેતું મુદા
મુરારિ-પદ-પંકજ-સ્ફુરદમન્દ-રેણુત્કટામ્ ॥
તટસ્થ-નવકાનન-પ્રકટ-મોદ-પુષ્પામ્બુના
સુરાસુર-સુપૂજિત-સ્મરપિતુઃ શ્રિયં બિભ્રતીમ્ ॥ ૧ ॥

ભાવાર્થ : (૧) અલૌકિક સર્વ સિદ્ધિઓને આપનારાં; (૨) મુર નામના દૈત્યના શત્રુ શ્રીકૃષ્ણના ચરણકમળની રેણુ (રજ) કે જે સેવોપયોગી દેહાદિને મેળવી આપવા માટે સક્ષમ છે તે રેણુ જેનામાં પ્રચુર માત્રામાં ભળી ગયેલ છે એવાં, (૩) પોતાના તટની નિકટ આવેલ નૂતન વનરાજિનાં પ્રફુલ્લિત પુષ્પોની સુગંધથી સભર એવાં પવિત્ર જળ વડે સુર અને અસુરો દ્વારા સારી રીતે સેવા કરાયેલાં, (૪) સ્મર (કામદેવ-પ્રદ્યુમ્ન) ના પિતા શ્રીકૃષ્ણની શોભાને ધારણ કરનારાં શ્રીયમુનાજીને, (૫) હું હર્ષ પૂર્વ (મુદા) નમન કરું છું.

વિવેચન : હું નમન કરું છું. હું એટલે કોણ ? હું એટલે શ્રીમહાપ્રભુજી અને હું એટલે શ્રીમહાપ્રભુજીના સેવકો એવા આપણે બધા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો, પુષ્ટિસ્વરૂપા યમુનાજીને નમન કરીએ છીએ. કેવી રીતે નમન કરીએ છીએ ? મુદા એટલે કે હર્ષપૂર્વક, પ્રફુલ્લિત ચિત્તે નમન કરીએ છીએ. પરંતુ નમન શા માટે? શ્રીયમુનાજીનાં ગુણગાન શા માટે કરતા નથી ? શ્રીયમુનાજીનાં યથોચિત ગુણગાન કરવાને બદલે તેમને કેવળ નમન કરવાનાં ઘણાં કારણોમાંથી ચાર કારણો હું તમને કહીશ.

(૧) શ્રીયમુનાજી સકલ સિદ્ધિનાં દાતા છે. જો તમારે શ્રીયમુનાજી પાસેથી કોઈ અલૌકિક સિદ્ધિનું દાન જોઇતું હોય તો નત મસ્તકે, બે હાથ જોડીને યમુનાજી પાસે જઈને સિદ્ધિનું દાન માગો. એ માટે નમન કરવું આવશ્યક છે.

(૨) શ્રીયમુનાજી પરમ ઐશ્વર્યશાળી છે. તેઓ શ્રીકૃષ્ણનાં સમાન ધર્મી છે. જીવ ઈશ્વરના ગુણોનું યથોચિત ગાન કયારેય કરી શકતો નથી. કહ્યું છે ને કે ઈશ્વરમાં યથોચિત ગુણગાન તો સ્વયં શારદા (સરસ્વતી) કે સહસ્ર જીભવાલા શેષ પણ કરી શકતા નથી તો પછી એક સાધારણ જીવ તો તે કેમ જ કરી શકે ? એ હકીકતને ધ્યાનમાં લઈને, આચાર્યશ્રીએ આજ્ઞા કરી છે કે -

જીવૈસ્તુ ભગવતી નમનમેવ કાર્યં નાન્યઃ ।

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જીવોની શક્તિની મર્યાદા છેઃ પ્રભુના ગુણો (યમુનાજીના પણ-અનંત ગુણ ભૂષિતે) અનંત છે. જીવ એ બધા ગુણોનું અંશ માત્ર ગાન પણ ન કરી શકે. તો પછી તેણે શું કરવું ? તો કહ્યું છે કે બે હાથ જોડી, મસ્તક નમાવી, શ્રીચરણોમાં નમન કરવું. ન અન્ય. એટલે કે બીજુ કશું ન કરવું. નવવિધા ભક્તિમાં પણ વંદનભક્તિને સ્થાન આપવામાં આવ્યું છે, તે એટલા માટે જ.

(૩) શાસ્ત્રો કહે છે, ''પ્રભુ નિર્ગુણ છે; ગુણાતીત છે. એવા નિર્ગુણ

અક્ષરાતીત પૂર્ણ પુરુષોત્તમ ભગવાનને નમન જ કરી શકાય; બીજું કશું નહીં. શ્રી ગોકુલનાથજી આજ્ઞા કરે છે, ''પ્રભુ દિવ્ય છે; ઈન્દ્રિયોથી અગમ્ય - અપ્રાપ્ય છે.'' જો પ્રભુ ઈન્દ્રિયોથી અપ્રાપ્ય હોય અને જાણી શકાય તેવા ન હોય તો પ્રભુના એ સ્વરૂપમાં કોઈપણ જીવની ગતિ ન થઈ શકે, તો પછી તેને માત્ર નમન જ કરવું યોગ્ય છે.

શ્રીમદાચાર્યચરણે શ્રીસુબોધિનિજીમાં, ''નમો નમસ્તે વૃષભાય સાત્વતામ્'' - આ શ્લોકનું વ્યાખ્યાન કરતાં કહ્યું છે કે 'જીવને ભગવાનની પ્રાપ્તિમાં અનધિકાર હોવાના કારણે તેણે ભગવાનને કેવળ નમન જ કરવાનું છે.' જીવ પોતાની સાધન-સંપત્તિ વડે પ્રભુને પ્રાપ્ત ન કરી શકે. પ્રભુ જે જીવનું વરણ કરે તેને તે પ્રાપ્ત થાય છે. તો પછી જીવ પ્રભુને નમન કરે એ ઉચિત છે.

(૪) જીવ અલ્પજ્ઞ છે; તે સ્વભાવથી દુષ્ટ છે. અર્થાત તે દોષોથી ભરેલો છે. એટલા માટે દૈન્ય ભાવથી ભગવાનને નમન કર્યા સિવાય તેનામાં બીજું કશું કરવાની શકિત નથી. શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજી સમાનધર્મી હોવાથી, જે રીતે જીવો પ્રભુને નમન કરીને પછી જ બીજાં બધાં કાર્યો કરે છે તે પ્રમાણે તેમણે યમુનાજીને પણ નમન કરીને પછી જેવી આવડે તેવી કાલીઘેલી ભાષામાં યમુનાજીની સ્તુતિ કરવાની છે.

નમન કર્યા પછી આપણે સ્તુતિ કરવાની છે એવું કહેવામાં આવ્યું. તો ભલે; આપણે આપણા ગુરુદેવની આજ્ઞાનું પાલન અવશ્ય કરીશું. પરંતુ આપણે એ નમન અને એ સ્તુતિ કેવી રીતે કરવાનાં છે ? તો કે મુદા - પ્રસન્ન ચિત્તે કરવાનાં છે. ઉતાવળે, ચંચળ મનથી કરવાના નથી. પ્રસન્ન મુખ મુદ્રા અને સ્વસ્થ ચિત્તે, શાંતિથી શ્રીમહારાણીજીને નમન કર્યા પછી તેમની સ્તુતિ અર્થાત યમુનાષ્ટકનો પાઠ કરવાનો છે, એ યાદ રાખવું.

યમુનાષ્ટકમાં આપણે કો'ની સ્તુતિ કરવાની છે ? શ્રીયમુનાજીની. પરંતુ એ યમુનાજી કેવા છે ? પ્રથમ શ્લોકમાં શ્રીમદાચાર્યચરણે શ્રીયમુનાજી મહારાણીજીની ચાર વિશેષતાઓ બતાવી છે. એ ચાર વિશેષતાઓ ધારણ કરનાર શ્રીયમુનાજીની સ્તુતિ આપણે કરવાની છે. કંઇ છે એ ચાર વિશેષતાઓ?

યમુનાજી (૧) સકલ સિદ્ધિઓને આપનારાં છે. (૨) પોતાના જળમાં શ્રીકૃષ્ણની ચરણરજ પ્રચુર માત્રામાં હોવાથી, યમુના જળમાં સ્નાન કરનાર જીવોના દેહને સેવોપયોગી બનાવી આપવાની ક્ષમતા ધરાવતાં છે, (૩) કિનારા ઉપરનાં વૃક્ષો ઉપર લાગેલાં પુષ્પોની સુગંધ વડે સુગંધિત બનેલ જળવડે સુર-

અસુરોથી સેવાયેલાં છે. અને (૪) સ્મર પિતુ કહેતાં કૃષ્ણની શોભા ધારણ કરનારાં છે. આપણે એ ચારે વિશેષતાઓને યથાર્થ રીતે સમજવી પડશે.

(૧) સકલ સિદ્ધિઓને આપનારાં : શ્રીયમુનાજી સર્વ સિદ્ધિઓને આપનારાં છે. શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં, જેનામાં ભગવદાવેશ છે એવા સનકાદિકોમાં, અણિમા, ગરીમા આદી આઠ સિદ્ધિઓ હોવાનું કહ્યું છે. પરંતુ એ બધી સિદ્ધિઓ લૌકિક છે; અલૌકિક નથી. જ્યારે શ્રીયમુનાજી પોતે અલૌકિક છે અને ઐશ્વર્યશાલી છે. તેથી તેઓ જે સિદ્ધિ આપે તે બધી અલૌકિક જ હોય. આમ શ્રીયમુનાજી જીવને આઠ અલૌકિક સિદ્ધિઓ આપે છે. એ આઠ સિદ્ધિઓ આ પ્રમાણે છે :-

(ક) પ્રભુની લીલાઓનું અવલોકન કરવું : એ એક સિદ્ધિ કહેવાય. યોગશાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણે યોગની ક્રિયાઓ કરનાર યોગીઓને ઈન્દ્રિયો દ્વારા ન સમજાય કે ન દેખાય તેવો પદાર્થ (પરમ તત્ત્વ) દેખાય છે. અર્થાત તેને પરમ તત્ત્વને જોવાની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. તેવું જ અહીં સમજવું. શ્રીયમુનાજીના સેવનથી નિર્ગુણ પૂર્ણ પુરુષોત્તમની લીલાઓને, કે જે ઈન્દ્રિયો દ્વારા અગમ્ય, અગોચર છે તે લીલાઓને નિરખવાની શકિત એટલ કે સિદ્ધિ મળે છે. તાત્પર્ય એ કે શ્રીયમુનાજી નિજ ભક્તોને ભગવાનની લીલાઓ. જોવા માટે દિવ્ય ચક્ષુ આપે છે.

(ખ) ભગવદ્ રસનો અનુભવ કરવાની સિદ્ધિ : પ્રભુનું સ્વરૂપ ભાવાત્મક છે. ભાવ જોવાની વસ્તુ નથી; અનુભવવાની વસ્તુ છે. શ્રીયમુનાજીના ભકતો તે ભાવાત્મક સ્વરૂપને પામીને તે દ્વારા મળતાં રસનો અનુભવ કરી શકે છે.

(ગ) સર્વાત્મ્ ભાવની સિદ્ધિ : એટલે કે સર્વમાં ભગવદ્ ભાવ થવો તે. યમુનાજીના ભકતો સર્વમાં-પ્રાણી માત્રમાં, જડ-ચેતનમાં - એક જ પરમાત્મા છે એવું સમજી શકે છે. ''નામ રૂપ વિભેદેન જગત ક્રિડતી યો યતઃ'' અર્થાત્ જુદાં જુદાં નામે જુદાં જુદાં રૂપોમાં તેને ભગવાન જ દેખાય છે.

(ઘ) યમુનાજીના સેવનથી એટલે કે સ્નાન પાનથી દેહ શુદ્ધ બને છે અને તેના સકલ દોષો દૂર થઈ જાય છે. પછી જીવનો એવો એ શુદ્ધ દેહ ભગવાનની સેવા કરવાનો અધિકારી બને છે. અર્થાત્ તે જીવને સવોપયોગી દેહની પ્રાપ્તિ થાય છે.

(ચ) અંતરમાં આવિર્ભાવ પામેલા ભગવાનની લીલાઓનો અનુભવ કરવાની સિદ્ધિ : યમુનાજીનો ભકત ભગવલ્લીલાઓનું અવલોકન જ તો કરી શકે

છે. પરંતુ તેથી આગળ વધીને જ્યારે ઇચ્છે ત્યારે ભગવલ્લીલાઓનો અનુભવ કરી શકે એવી 'તલ્લીલાવલોકન'ની સિદ્ધિ તેને પ્રાપ્ત થાય છે.

(છ) વિરહાવસ્થામાં પણ સર્વત્ર ભગવાનને જોવાની શકિત : ઉદ્ધવજી વ્રજમાં ગયા. ગોપીજનોને મળ્યા. કૃષ્ણનો સંદેશ આપવા લાગ્યા. ગોપીજનોએ કહ્યું: ''અમારો કૃષ્ણ અમને છોડીને ગયો છે જ કયાં ? અને કૃષ્ણની ગોવારણ આદિ બધી લીલાઓ તેઓ પ્રત્યક્ષ થતી હોય તેમ કરી બતાવે છે. વસ્તુતઃ તેમને વિરહમાં પણ સંયોગનો અનુભવ થાય છે. એ તેમણે પ્રાપ્ત કરેલી અનોખી સિદ્ધિ છે.

(જ) ભાવાત્મક ભગવાનના સ્વરૂપમાં તન્મય બનીને ભગવદ્‌રસના અનુભવને મેળવવાની સિદ્ધિ અને

(ઝ) બહાર પ્રભુનું પ્રાકટય થાય એવી અપેક્ષા રાખ્યા વગર અંતરમાં અને અંતરમાં જ પ્રભુની ભાવના થાય તેવી સિદ્ધિ.

શ્રીયમુનાજી નિજ ભક્તોને આવી આઠ અલૌકિક સિદ્ધિઓનું દાન કરે છે.

(૨) નિજ જળમાં શ્રીકૃષ્ણના ચરણારવિંદની રજ પ્રચુર માત્રામાં હોવાથી યમુનાજીમાં સ્નાન કરનાર જીવોના દેહનો સેવોપયોગી બનાવી આપવાની ક્ષમતા ધરાવતાં યમુનાજી-

શ્રીકૃષ્ણ ચરણારવિંદની રજ થકી શોભી રહેલાં શ્રીયમુનાજીમાં શ્રીકૃષ્ણના ચરણરજના પ્રતાપે અલૌકિક ઐશ્વર્ય આવી ગયું છે. કૃષ્ણ ચરણરજ પતિત પાવન છે જ. જીવો યમુના જળમાં સ્નાન કરે ત્યારે તેમનો દેહનો સંબંધ તે ચરણરજ સાથે થતાં તેમનો દેહ નિષ્પાપ બને છે. દેહ અત્યંત પવિત્ર બનતાં, તે કૃષ્ણસેવા માટે ઉપયોગી બની જાય છે.

જ્યાં સુધી દેહમાં દોષ રહે, જ્યાં સુધી દેહ વિષયાક્રાન્તા રહે ત્યાં સુધી તેમાં પ્રભુનો આવેશ ન થાય. દેહમાંથી વિષયાસકિતને દૂર કરનાર શ્રીયમુનાજી છે. વિષયાસક્તિ દૂર થતાં દેહ પ્રભુના આવેશ માટે યોગ્ય બને છે.

અત્રે ''શ્રીકૃષ્ણ ચરણારવિંદની રજ'' એવું ન કહેતાં 'મુરારિ પદ પંકજની રજ' એવા શબ્દો સહેતુક વાપર્યા છે. મુરારિ એટલે મુર નામના દૈત્યનો અરિ એટલે કે કૃષ્ણ. પરંતુ અહીં મુરારિ શબ્દ દ્વારા એક વિશેષ ભાવ વ્યકત કરવામાં આવ્યો છે. અને તે એ કે ''મુર નામે જલદોષને દૂર કરનાર કૃષ્ણ.''

નરકાસુરે ૧૬,૦૦૦ રાજકન્યાઓને કેદમાં રાખી હતી. તેઓ કૃષ્ણ

મિલનની કામના કરતી હતી. પરંતુ કૃષ્ણ સાથેના તેમના મિલનમાં અંતરાય રૂપ હતો નરકાસુરનો પાંચ મસ્તકવાળો મુર નામનો સેનાપતિ. નરકાસુરના નગર ફરતી ઊંડા જળની ખાઇમાં તે દાનવ રહેતો હતો. તેથી ખાઇનું અથાગ જળ દુષિત બની ગયું હતું. અને તે રાજકન્યાઓ અને કૃષ્ણ વચ્ચેના મિલનમાં અંતરાય રૂપ બની ગયું હતું. ભગવાન કૃષ્ણે ખાઇના જળમાં દોષરૂપ બની બેઠેલા મુર દાનવનો વધ કર્યો. પરિણામે જળદોષનું નિવારણ થયું. જળ પવિત્ર બન્યું અને ૧૬,૦૦૦ રાજકન્યાઓનું કૃષ્ણ સાથેનું મિલન શકય બન્યું. આમ જળદોષનું નિવારણ થતાં ભકત અને ભગવાન વચ્ચેનું મિલન શકય બની જાય છે. એવો ભાવ છે.

આ ભાવને વ્યકત કરવા માટે અહીં મુરારિ શબ્દ વપરાયો છે. યમુનાજીના એક કિનારે મથુરા અને સામે કિનારે ગોકુળ છે. મથુરામાં પ્રકટ થયેલ કૃષ્ણ અને ગોકુળમાં વસતાં ગોપીજનો વચ્ચેના મિલનમાં યમુનાનું જળ અંતરાય રૂપ બની શકે. પરંતુ યમુના જળમાં કોઇ દોષ નથી. તે સર્વથા નિર્દોષ છે. તેથી મસ્તક ઉપર બાલકૃષ્ણને પધરાવીને શ્રીગોકુલ જતા વસુદેવજીને યમુના જળે માર્ગ કરી આપ્યો. એ રીતે કૃષ્ણ અને વ્રજવાસીઓના મિલનનો માર્ગ પ્રશસ્ત બન્યો. આમ આ શ્લોકમાં મુરારિ શબ્દ દ્વારા જલદોષ નિવારણનો ભાવ વ્યકત થયો છે.

(૩) યમુનાજીના કિનારા ઉપર ઊગેલાં સુગંધીદાર ફુલોની સુગંધથી સુગંધિત બનેલાં જળરૂપ યમુનાજી, ભગવાન કૃષ્ણની માફક, સુર અને અસુરોથી સેવાયેલાં છે –

શ્રીયમુનાજીના તટ ઉપર નવાં નવાં કાનન (વન) છે. તેમાં અનેક સુગંધીદાર પુષ્પોવાળા વૃક્ષો છે. તે વૃક્ષો ઉપર ઊગેલા પુષ્પોની સુગંધ યમુનાજળ ઉપર પ્રસરી જતાં. યમુનાજીનું જળ જે પવિત્ર તો હતું જ તે સુગંધીદાર પણ બને છે. અર્થાત શ્રીયુમનાજીનું આધિભૌતિક જળ રૂપ પવિત્ર અને સુગંધીદાર છે. એવું કહેવાનો આશય છે.

એવાં એ યમુનાજીની સેવા સુર-અસુરોએ કરી છે. સુર અને અસુર શબ્દોથી સ્વાભાવિક રીતે જ દેવ અને દાનવનો બોધ થાય છે. પરંતુ અહીં એવો અર્થ લેવાનો નથી, સુર કહેતા ઇન્દ્રાદિક દેવો અને અસુર કહેતા પ્રહલાદજી જેવા અસુરો દ્વારા તેઓ સેવાયેલા છે એવો અર્થ અહીં લેવાનો નથી. અલબત્ત ભગવાન કૃષ્ણ અને ભગવતી શ્રીયમુના મહારાણીજીની સેવા (આરાધના) દેવો અને દાનવો પણ કરે જ છે. પરંતુ અહીં સુર-અસુરનો બીજો વિશેષ અર્થ લેવાનો છે.

ભગવાન કૃષ્ણની સ્વામિનીજીઓ બે પ્રકારનાં છે. તેમાં કેટલાંક સર્વાત્ત્મભાવનાવાળા સાત્ત્વિક હોવાથી સુર કહેવાય છે. અને બીજાં કેટલાંક કામ-ભાવવાળાં તામસ હોવાથી અસુર કહેવાય છે. આ રીતે સુર અને અસુર બન્ને પ્રકારનાં વ્રજસિમન્તિનીઓએ યમુનાજીની આરાધના (પુજા) કરી છે. અને પછી પુષ્પોના આભરણથી પ્રભુ શ્રીકૃષ્ણને શૃંગાર પણ કર્યા છે. એ બન્ને પ્રકારનાં ગોપીજનોનાં, પ્રભુ પૂજન કરવામાં, ભિન્ન ભિન્ન ભાવ રહેલો છે. સુરમાં દૈન્યભાવ અને અસુરમાં માનવભાવ હતો. દૈન્યભાવવાળાં સ્વામિનીજીઓએ પ્રભુના પ્રાકટય માટે અને માનભાવવાળા સ્વામિનીજીઓ અને અનુનય માટે એટલે કે રીસામણાં-મનામણાં કરવાના ભાવ વડે પ્રભુનું પૂજન કર્યું છે.

અહીં પૂજન એટલે ભગવદ્ પરાયણ બનીને ભગવાનને અનુસરવું એવો અર્થ છે.

આ શ્લોકમાં ''સુરાસુર સુપૂજિત સ્મરપિતુઃ'' શબ્દો છે. એટલે કે આ બન્ને પ્રકારનાં (સુર-અસુર) સ્વામિનીજીઓ દ્વારા સારી રીતે પૂજાયેલા સ્મરના પિતા (કૃષ્ણ) આવો અર્થ થાય છે.

(૪) સ્મરના પિતા (કૃષ્ણ)ની શોભાને ધારણ કરનારાં : સ્મર એટલે કામદેવ. મહાદેવના ત્રીજા નેત્રમાંથી નીકળેલ અગ્નિ જ્વાળામાં કામદેવ બળી ભસ્મ થતાં તે અશરીરી (અનંગ) બન્યો. રતિની પ્રાર્થનાથી, કામદેવ, ભગવાન કૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્ન રૂપે પ્રકટ થતાં, તે પુનઃ શરીરી બન્યો. તેથી પ્રદ્યુમ્ન (સ્મર)ના પિતા એટલે કૃષ્ણ એવો અર્થ થાય.

પરંતુ અહીં સ્મર પિતુઃ નો બીજો અર્થ પણ લેવાનો છે. અર્થાત સ્મરણં. સ્મર એટલે કે સ્મરણ એ જ સ્મર છે. અને એ સ્મરણના જનક (પિતા) એટલે સ્મર પિતુઃ એવો અર્થ લેવાનો છે, જે સ્મરણ કરાવે તે સ્મરણનો જનક (પિતા) કહેવાય. ભગવાન શાનું સ્મરણ કરાવે છે ? ભગવાને એક સ્થળે કહ્યું છે કે ''પહેલાં જે નિષ્કામ હોય તેને પણ મારું સ્મરણ થતાં તે સકામ બને છે.'' બીજી રીતે જોતાં, મોર મુકુટ કટી કાછિની ધારણ કરનાર ભગવાન કૃષ્ણની શોભાને જોતાંજ, જોનાર ભગવદીયને યમુનાજીના એવા જ શ્યામમનોહર સ્વરૂપનું સ્મરણ થાય છે, એવો ભાવ સમજવો.

આથી, સ્મર પિતુઃ શ્રિયં બિભ્રતીમ એટલે (૧) પ્રદ્યુમ્નના પિતા કૃષ્ણ અને (૨) સ્મરણના જનક કૃષ્ણ - એવા કૃષ્ણની શોભાને ધારણ કરનાર શ્રીયમુના મહારાણીજી છે.

શ્રીયમુનાજી કૃષ્ણની શોભા ધારણ કરે છે એવું કહ્યું. એ અર્થમાં યમુનાજીની શોભાનું વર્ણન કરતાં શ્રીહરિદાસજી આ પ્રમાણે કહે છે -

કૃષ્ણાં, કૃષ્ણસમાં, કૃષ્ણરૂપાં, કૃષ્ણરસાત્મિકામ્ ।
કૃષ્ણલીલામૃત જલાં, કૃષ્ણસંબંધ કારિણીમ્ ॥
કૃષ્ણ પ્રિયાં, કૃષ્ણમુખ્ય રસ સંગમ દાયિનીમ્ ।
કૃષ્ણ ક્રીડાશ્રયાં, કૃષ્ણ પદવી પ્રાપિ કામયી ॥

યમુનાજી કેવાં છે ? તેમનો કૃષ્ણના જેવો શ્યામ વર્ણ છે; કૃષ્ણના જેવો દેખાવ અને ઐશ્વર્ય છે; કૃષ્ણનાં જેવું સ્વરૂપ છે; કૃષ્ણરસથી ભરેલાં છે; કૃષ્ણલીલાનાં સાક્ષીભૂત છે; કૃષ્ણના પ્રિયા છે; કૃષ્ણની સમસ્ત ક્રીડાઓના આશ્રયરૂપ છે. આથી વિશેષ શું જોઈએ છે ? શ્રીયમુનાજીને જોઇને સ્વયં કૃષ્ણ વિચારતા હશે કે ''હું કૃષ્ણ છું કે યમુનાજી કૃષ્ણ છે ?''

આવું સમજીને શ્રીવલ્લભે યમુનાજી માટે કહ્યું કે તેઓ સ્મરપિતુઃ શ્રિયં બિભ્રતીમ છે. પરંતુ, યમુનાજી તો કૃષ્ણનાં પ્રિયા છે; સ્ત્રી સ્વરૂપ છે; તેમ છતાં આપણે તેમનું જે ચિત્ર સ્વરૂપ જોઇએ છીએ તેમાં તો મોટે ભાગે તેઓ, સાડી, ચણીયો, ચોળી ધારણ કરવાને બદલે મોરમુકૂટ કટી કાછિની ધારણ કરેલાં દેખાય છે. કૃષ્ણ પરબ્રહ્મ છે. પરંતુ યમુનાજીનું એ સ્વરૂપ જોઈને તેઓ બ્રહ્મ હોવા છતાં ભ્રમમાં પડી જાય છે.

યમુનાજીએ શ્રીવલ્લભને સાડી, ચણીયો, ચોળી આદિ વસ્ત્રો અને સ્ત્રીયોચિત આભૂષણોથી વિભૂષિત સ્વરૂપે દર્શન આપ્યાં હતાં; પરંતુ આજે તેઓ મોરમુકુટ કટી કાછિની આદિ વસ્ત્રાલંકારોથી વિભૂષિત સ્વરૂપે દેખાય છે. અને એ રીતે તેઓ કૃષ્ણની શોભાને ધારણ કરે છે. એવું શા માટે ?

તે જાણવા માટે આપણે કૃષ્ણની અપ્રકટ લીલાઓમાંથી એક અપ્રકટ લીલા જાણવી પડશે. જો તે અપ્રકટ છે તો તેને પ્રકટ કોણે કરી ? એ લીલાને પ્રકટ કરનાર છે શ્રીકૃષ્ણના દ્વિતીય સ્વામિનીજી (ચંદ્રાવલીજી) સ્વરૂપ શ્રી ગુસાંઇજી. આપશ્રીએ સાનુભવથી જાણેલ આ અપ્રકટ લીલા તેમણે નિજ સેવકોને બતાવી છે. સંક્ષેપમાં હું તમને તે કહીશ :

માનલીલામાં હંમેશાં શ્રીરાધાસ્વામિનીજી માન કરે અને કૃષ્ણ તેમનું માન છોડાવે. એક દિવસ સ્વામિનીજીએ નૌતમ (અનોખી) લીલા કરી. શ્રીકૃષ્ણ માન કરે અને પોતે તેમનું માન છોડાવશે એવું તેમણે કહ્યું. શૃંગારરસની મર્યાદા અનુસાર સ્ત્રી જ માન કરે; પુરુષ નહીં. આથી જો કૃષ્ણે માન કરવાનું હોય તો તેમણે સ્ત્રી

બનવું પડે. – તેથી તેમણે સ્ત્રીનો (સ્વામિનીજીનો)પોષાક ધારણ કર્યો. અને સ્વામિનીજીએ પુરુષનો (કૃષ્ણનો) પોષાક ધારણ કર્યો. પછી નૂતન માનલીલા શરૂ થઈ.

સ્વામિનીજીએ ઘણા હાવભાવ કર્યા; પરંતુ કૃષ્ણ ન મનાયા. થાકીને તેઓ શ્રીયમુનાજી પાસે ગયાં. અને તેમને વિનંતી કરી. ''યમુને, વિરહાગ્નિમાં બળતી મને બચાવવા માટેનો એકજ ઉપાય છે. અને તે એ કે તું કૃષ્ણને માન છોડાવે.'' આથી –

કમલ લિયે કર કમલમેં, માલા લીની સંગ.
ચલિ ગિરિવરધરનકોં મોહિત કોટિ અનંગ.

યમુનાજી પોતાના અતિ અદ્‌ભુત સ્વરૂપે, કરોડો અનંગને પણ મોહિત કરે તેવા સ્વરૂપે, શ્રીહસ્તમાં કમળમાળા લઈને, કૃષ્ણનું માન મુકાવવા માટે જવા તૈયાર થયાં. ત્યારે શ્રીસ્વામિનીજીએ પોતે ધારણ કરેલ પુરુષનો (કૃષ્ણનો) પોશાક શ્રીયમુનાજીને પરિધાન કરાવ્યો. રંગે તો યમુનાજી શ્યામ હતાં જ (કૃષ્ણવર્ણનાં); હવે શોભામાં પણ કૃષ્ણની શોભા ધારણ કરતાં થયાં. મોર મુકુટ, કટિકાછિની ધારણ કરેલ સ્વરૂપે તેઓ સાક્ષાત કૃષ્ણ સમાં દિશતાં હતાં. એ સ્વરૂપે હવે તેઓ સ્મર પિતુઃ શ્રિયં બિભ્રતીમ્ – કૃષ્ણની શોભાને ધારણ કરતાં થઈ ગયાં. તેઓ માન કરતા કૃષ્ણની પાસે ગયાં. હુબહુ પોતાના જ સ્વરૂપે તેમને જોઈને કૃષ્ણ નિજ સ્વરૂપા યમુનાજીની ઉપર મોહિત થઈ ગયા અને માન ભૂલી, ભાન ભૂલી, નિજ તુર્ય પ્રિયાને ભેટી પડયા.

માનલીલા પુરી થઈ. યમુનાજીએ પોતાનો પોષાક બદલવા તૈયારી કરી. શ્રીસ્વામિ-સ્વામિનીજી બન્નેએ તેમને તેમ કરતાં અટકાવ્યા. તેમણે કહ્યું, ''તમે હંમેશાં આ સ્વરૂપે રહો.'' કદાચ એટલા માટે જ હવે આપણી સમક્ષ યમુનાજીનું જે સ્વરૂપ છે તે કૃષ્ણની શોભા ધારણ કરતું – કટિકાછિનીમય સ્વરૂપ છે. શ્રીકૃષ્ણ ઘનશ્યામ મનોહર મોહિની સ્વરૂપ છે. કાલિંદીજીનો પણ એવોજ, ઘનશ્યામ મોહિની જેવો વર્ણ છે. રૂપે અને ગુણે બન્ને એક સમાન છે; અને માહાત્મ્ય પણ બન્નેનું એક સરખું છે.

યમુનાષ્ટકના પહેલા શ્લોકમાં શ્રીયમુનાજીના સકલ સિદ્ધિ દાતૃત્વ રૂપી પ્રથમ ઐશ્વર્યનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

બીજા શ્લોકમાં શ્રીયમુનાજીના ભૂતલ ઉપરના ઉદ્‌ગમ અને તેમની ગતિ વિશેનું વર્ણન કરવામાં આવ્યું છે – યથા.

કલિન્દ-ગિરિ-મસ્તકે પતદમન્દ-પૂરોજજવલા
વિલાસ-ગમનોલ્લસત્-પ્રકટ-ગણ્ડ-શૈલોન્નતા ॥
સઘોષ-ગતિ-દન્તુરા સમધિરૂઢ-દોલોત્તમા
મુકુન્દ-રતિ-વર્ધિની જયતિ પદ્મબન્ધોઃ સુતા ॥ ૨ ॥

ભાવાર્થ : કલિંદગિરિના શિખર ઉપર ભારે વેગથી પડતાં હોવાને કારણે ઉત્પન્ન થતાં ફીણના ગોટાઓને કારણે ઉજ્જ્વલ દેખાતાં (હકીકતમાં કાળાં છેઃ પરંતુ દેખાય છે સફેદ) અને વિલાસપૂર્વક ગમન કરવાને કારણે શોભાયમાન બનેલાં, તેમજ ખુલ્લી રીતે દેખાતા ગંડ શૈલો (પત્થરો) ઉપરથી વહેવાને કારણે ઊંચાનીચા તરંગોવાળાં, અને જાણે ઉત્તમ ઝૂલામાં (પાલખીમાં) સારી રીતે ન બિરાજ્યાં હોય તેવાં તેઓ લાગે છે. તેઓ મુક્તિને આપનાર (મુકુંદ) ભગવાનમાં (જીવની) પ્રીતિને વધારનારાં છે. એવાં એ કમળના બંધુ (સૂર્ય)નાં પુત્રી (યમુનાજી) જય પામે છે.

વિવેચન : ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજીનો ભૂતલ ઉપર પ્રાદુર્ભાવ એક સરખી રીતે (અલૌકિક રીતે) થયો છે. શ્રીવસુદેવ-દેવકીને આપેલ વરદાન સાર્થક કરવા માટે, કૃષ્ણ પહેલાં તો તેમની સમક્ષ ચતુર્ભુજ રૂપે પ્રકટ થયા. પછી તેમણે (વસુદેવ-દેવકીએ) પૂર્વજન્મમાં કરેલ તપશ્ચર્યાનો ફલરૂપ બનાવવા માટે અને તેમના વિરહને દૂર કરવા એટલે કે વિયોગથી સંતપ્ત બનેલાં તેમનાં હૃદયોને શાંત કરવા માટે તેઓ વસુદેવ-દેવકીના વિરહ-તાપાત્મક હૃદયમાંથી પ્રકટ થયા. ત્યાંથી તેઓ (કૃષ્ણ) પોતાની લીલાસ્થલી એવા ગોકુલમાં નંદબાવાને ઘેર પધારી નંદપુત્ર બન્યા. અને ગોકુલમાં વ્રજસુંદરી વૃંદ સાથે પોતે પોતાની રસાત્મક લીલાઓ પ્રકટ કરી. એવું જ યમુનાજીના પ્રાકટય માટે સમજવું.

યમુનાજી પહેલાં સૂર્યમંડલમાં વસતા નારાયણના આનંદાત્મક હૃદયમાંથી પ્રકટ થયાં. પછી એ તાપાત્મક રવિમંડલમાંથી દ્રવીભૂત રસરૂપે તે કલિંદગિરિ ઉપર અવતરિત થયાં. અને કલિંદ નંદિની કહેવાયાં. ત્યાંથી ભૂતલ ઉપર પધારીને કૃષ્ણલીલા સ્થલી એવા ગોકુલમાં આવીને તેમણે ત્યાં વિવિધ રસાત્મક લીલાઓ કરી.

આ રીતે જોતાં શ્રીયમુનાજી મૂલ રૂપ તો દ્રવીભૂત રસાત્મક સ્વરૂપ છે. શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજી બન્નેએ પોતાનાં એ રસાત્મક સ્વરૂપો વડે કૃષ્ણલીલા સ્થલી એવો ગોકુલમાં પધારીને રસમયી લીલાઓ કરી છે.

આમ તો શ્રીયમુનાજી પોતાના આધિભૌતિક સ્વરૂપે જલરૂપ છે. પરંતુ આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાજીનો ઉલ્લેખ એક વિશિષ્ઠ, સર્વોપરી આધિદૈવિક સ્વરૂપે જ કર્યો છે. કારણ કે યમુનાજીનું સૂર્યમાં કિરણો દ્વારા વરસતા જલરૂપે નથી થયું. કલિંદગિરિ ઉપર તેમનું અવતરણ થયું હોવાને કારણે તે કલિંદજા કહેવાયાં છે; પરંતુ વાસ્તવમાં તેઓ તો સાક્ષાત વેદત્રયી રૂપી આદિત્ય(સૂર્ય)નાં પુત્રી છે.

શ્રીયમુનાજીના ભૂતલ ઉપરના આવિર્ભાવને શ્રીમહાપ્રભુજીએ આ રીતે વર્ણવ્યો છે - કલિન્દગિરિ મસ્તકે પતદમન્દપૂરોજ્જ્વલ અર્થાત તેઓ કલિંદગિરિના શિખર ઉપર ભારે વેગથી (અમંદ ગતિથી) પડતાં હોવાને કારણે ઉત્પન્ન થતી ફીણ-રાશીને કારણે ઉજ્જ્વલ દેખાય છે. તેઓ પોતાના પિતા આદિત્યને છોડીને એટલે કે પોતાનું પિયર સૂર્યમંડલ છે તે છોડીને - પોતાના પ્રાણપ્રિય પ્રભુને મળવાની ઉત્કટ અભિલાષાથી કલિંદગિરિના શિખર ઉપર ભારે વેગથી ઊતરી આવ્યા છે પર્વતનાં શિખર ઉપર વેગપૂર્વક પછડાવાને કારણે ત્યાં સફેદ ફીણનો જાણે કે સાગર લહેરાઈ ગયો. પરિણામે હકીકતમાં તેઓ સ્વરૂપે શ્યામ હોવા છતાં, ઉજ્જ્વલ રૂપે (સફેદ) દેખાયાં છે. યમુનાજી, સ્વરૂપે તો (રંગરૂપે) શ્યામ છે પરંતુ અવતરણ સમયે તેઓ ઉજ્જ્વલ દેખાયાં છે. શ્યામ રંગ તેમનો નૈસર્ગિક ધર્મ છે; ઉજ્જ્વલતા તેમનો આગંતુક (ક્ષણિક) ધર્મ છે.

પછી તેમણે ત્યાંથી ગોકુલ તરફ ગમન કરવા માંડયું. ગોકુલમાં તેમના પ્રિયસ્વામી કૃષ્ણ પધારવાના છે. પ્રિયતમને પામવા માટે તેમણે કરેલું એ ગમન વિલાસપૂર્વક કરેલું ગમન છે. ગમન કરતાં માર્ગમાં ઊંચા-નીચા શિલાખંડો આવ્યા; જો તેમના માર્ગમાં સમતલ ભૂમિ હોત તો તેમના જલપ્રવાહની ગતિ સમ રહેત. પરંતુ ઊંચા-નીચા શિલાખંડો ઉપરથી ગતિ કરવાની હોવાથી તેમની ગતિ અસમાન બની ગઈ, અર્થાત ઉન્ન-અવનત ગતિ થઈ. એવી ગતિ કો'ની હોય ? પ્રિયતમને મળવા ધસી જતી પ્રેમ-પગલી પ્રેયસીની ગતિ એવી હોય. એવી ગતિ શૃંગાર ચેષ્ટાની દ્યોતક છે. એવી પ્રેમ-પગલીની ગતિ કયારેક મંદ હોય તો કયારેક તીવ્ર હોય; સમાન કદી ન હોય. યમુનાજી પોતાના પ્રિયના સમાગમને પામવા માટે આવી ઉન્નત-અવનત ગતિથી દોડી રહ્યાં છે.

શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાજીની ગતિને બીજી રીતે પણ વર્ણવી છે- સઘોષ ગતિ દંતુરા એટલે કે શ્રીયમુનાજી ઘોષયુકત (મધુર સ્વરવાળી) ગતિને કારણે વિવિધ વિકારવાળાં બની ગયાં છે. વિકાર એટલે રસને અનુકુળ ભાવો;

શૃંગાર વાત્સલ્ય, કરુણ, રૌદ્ર આદિ રસનો આવિર્ભાવ થતાં જુદા જુદા વિકારો (ભાવો) આવી જાય છે. તેને સંચારી ભાવો કહે છે. પ્રિય મિલન માટે દોડી જવું એટલે શૃંગાર ભાવનો આવિર્ભાવ થવો. તેમ થતાં તેમનામાં રોમાંચ થાય છે. અર્થાત તેમની ગતિ રોમાંચક બની જાય છે.

યમુનાજીએ પગમાં નુપૂર પહેર્યાં છે. જે રીતે નુપૂરનો અવાજ આવે તે રીતે યમુનાજલનો કલરવ થતો હોય છે તે કલરવ (શબ્દ)થી યમુનાજીની ગતિ સઘોષ (સંગીતમય અવાજ વાળી) બની જાય છે. અને તેમના પ્રેમી હૃદયમાં, પ્રિયતમ પ્રભુ સાથેના મિલનની રસમયી સંવેદનાઓ ઊઠે છે.

ઘોષનો બીજો પણ અર્થ છેઃ ઘોષ એટલે ગોપોનું ગામ અથવા વ્રજ. વ્રજજનો, ગોપો, ગાયો વગેરે બધાં ઘોષમાં સ્થાયી રહેતાં હોવાથી તેઓ સઘોષ કહેવાય છે. યમુનાજીનો પણ નિત્ય સંબંધ વ્રજ સાથે હોવાથી તેઓ પણ સઘોષ કહેવાય. અત્યારે તેઓ ઘોષ તરફ ગતિ કરી રહ્યાં હોવાથી તેમના વિકારોમાં વારંવાર પરિવર્તન થતું રહે છે. તેથી તેઓ સઘોષ ગતિ દંતુરા કહેવાયાં.

ગો. શ્રીપુરુષોત્તમજી મહારાજના મત પ્રમાણે ઘોષના બન્ને અર્થ- (૧) શબ્દ અને (૨) વ્રજ - લઈ શકાય. પરંતુ ઘોષનો અર્થ વ્રજ લેવાને બદલે 'શબ્દ' (અવાજ) લેવો વધુ ઉચિત છે.

શ્રીયમુનાજીની ગતિને ત્રીજી રીતે પણ વર્ણવવામાં આવી છે. (૧) સમધિરૂઢ દોલોત્તમા એટલે કે જાણે પોતે પાલખીમાં આરૂઢ થયાં હોય તેવાં અને (૨) અસમધિરૂઢ દોલોત્તમા એટલે કે તેઓ પાલખીમાં આરૂઢ થયેલાં ન હોવા છતાં ઊંચી-નીચી ગતિને કારણે જાણે કે પાલખીમાં આરૂઢ થયાં હોય તેવા લાગે છે.

આ બન્નેમાંથી કોઈ પણ અર્થ લેતાં એવું ફલિત થાય છે કે ભગવાન સાથે મિલન સાધવા તેઓ પોતે છોડી રહ્યાં છે એવું અને એટલું જ ભાન તેમને છે. અર્થાત તેમને માત્ર પોતાની ગમન-ચેષ્ટાની જ સ્ફૂર્તિ છે. ગમન કેવું છે- ઊંચુ-નીચું કે અસમાન - તે બાબતની સ્ફૂર્તિ તેમને થતી નથી. પર્વતના ઊંચા-નીચા શીલાખંડો ઉપરથી ગતિ કરતાં હોવાથી તેમના જલપ્રવાહની ગતિ એવી બને છે જાણે કે તેઓ પાલખીમાં આરૂઢ ન થયાં હોય અથવા ઝુલામાં ઝુલતાં ન હોય. અર્થાત આધિદૈવિક યમુનાજી પોતાના આધિભૌતિક જલપ્રવાહ રૂપી પાલખીમાં બેસીને પ્રિયના સમાગમ માટે જઈ રહ્યાં છે. વસ્તુતઃ તેઓ પાલખીમાં બેસીને પ્રસ્થાન કરી રહ્યાં નથી. પરંતુ જલપ્રવાહની આરોહ-અવરોહમય ગતિને કારણે એવો ભાસ થાય છે.

શ્રીયમુનાષ્ટકના બીજા શ્લોકમાં, શ્રીવલ્લભ, યમુનાજીમાં ભગવદ્ રતિ સંવર્ધન નામે ઐશ્વર્ય હોવાનું સ્પષ્ટપણે કહે છે. આપશ્રી યમુનાજીને મુકુંદ-રતિ-વર્ધિની નામથી ઓળખાવે છે. શ્રીમહાપ્રભુજીએ યમુનાજીને આપેલ એ નામમાં એક વિલક્ષણિતા છે અને તે એ કે તેમાં વિરોધ દ્વારા ઉત્તમતા સિદ્ધ કરવામાં આવી છે. અને તે આ રીતે -

મુકુંદ એટલે મોક્ષ આપનાર અથવા મુક્તિ દાતા. મુકુંદ જીવને મોક્ષ આપે; ભક્તિ જવલ્લેજ આપે. મોક્ષ મળતાં જીવનું ભગવાન સાથે સાયુજ્ય સધાય. બન્ને એક રૂપ બની રહેતાં ભક્ત અને ભગવાન અલગ ન રહે પછી કોણ કો'ની સાથે પ્રેમ કરે ? અર્થાત મોક્ષ મળતાં રતિ-વર્ધન માટે અવકાશ રહેતો નથી. આમ મોક્ષ અને રતિ પરસ્પર વિરુદ્ધ ભાવનાઓ છે.

પરંતુ યમુનાજીની મહત્તાને ઓળખો. મુકુંદ જીવને મોક્ષ આપે છે; મોક્ષ આપનાર ભક્તિ ને આપે. અને સામાન્ય રીતે ભગવાને ઘણા જીવોને-પાપી જીવોએ પણ (અજામિલ-શિશુપાલ તથા કેટલાક અસુરોને પણ) મુક્તિ આપી છે. પરંતુ ભક્તિ તો કોક પ્રહલાદ, બલિ, વૃત્રાસુર જેવા અસુરોને જ આપી છે. તેમનો સ્વભાવ મુક્તિ આપવાનો છે. પરંતુ જુઓ તો ખરા; યમુનાજીના ભક્તોને તેઓ ભકિત આપે છે. મુક્તિ નહીં. સાચી વાત છે ભાઈ. જમણો હાથ મોં તરફ જ વળે. પોતાની પ્રિયાના ભકતોને તે ઉત્તમ વસ્તુજ આપે. યમુનાના ભકતોને તેઓ ભકિત આપે છે. કારણ કે યમુનાજી જીવની ભગવાન પ્રત્યેની અને ભગવાનની જીવ પ્રત્યેની રતિ વધારે છે. આમ તેઓ ભકત અને ભગવાન બન્ને માટે ઉપકારક સિદ્ધ થયાં છે.

યમુનાજીનો સેવક પ્રભુને પ્રેમ કરે છે. પ્રેમ એ જ ભક્તિનું બીજું સ્વરૂપ છે. જીવનો જ્યારે ભગવાનમાં સર્વતોધિક અત્યંત દઢ પ્રેમ થાય ત્યારે તે ભગવદ્ ભક્તિ પામે છે.

આ રીતે મોક્ષ આપવાના સ્વભાવવાળા મુકુંદમાં રતિભાવની અતિવૃદ્ધિ કરાવનાર યમુનાજી અલૌકિક ગણાય. યમુનાજી નિજ ભક્તોમાં મુકુંદ પ્રત્યેની રતિ તો વધારે છે જઃ પરંતુ તે ઉપરાંત અન્ય સ્વામિનીજીઓની પણ મુકુંદમાં રતિ વધારે છે.

મુકુંદ રતિ વર્ધિનીનો બીજો અર્થ પણ કરી શકાય. મુકુંદ-રતિ-વર્ધિની એટલે મુકુંદની જીવ પ્રત્યેની રતિ વધારનાર. એ અર્થને પણ આપણે ઉપર કરેલા વિવેચનથી સમજી શકીએ છીએ.

મહાપ્રભુજીએ શ્રીયમુનાજીને પદ્મ-બંધોઃસુતા નામથી ઓળખાવ્યાં છે. પદ્મ એટલે કમળ અને તેમનો બંધુ (સુહ્રદ) સૂર્ય છે. તેથી કમળના ભાઈ (બંધુ)ની સુતા એટલે યમુનાજી.

આ આખા શ્લોકનો એકજ ધ્વનિ છે. કલિંદગિરિ મસ્તકે અવતરણ કરનાર (૧) અમંદ પુરોજ્જ્વલા, (૨) ગંડ શૈલોન્નતા (૩) સઘોષ ગતિ દંતુરા, (૪) સમધિરૂઢ દોલોત્તમા તથા (૫) પદ્મ બંધોઃ સુતા એવા શ્રીયમુનાજી નિઃસંદેહ મુકુંદ રતિ વર્ધિની છે. એવાં એ યમુનાજી જય પામે છે : જય હો શ્રીયમુનાજીનો.

બીજા શ્લોકમાં શ્રીયમુનાજીના ભગવદ્ રતિ સંવર્ધકત્વ નામે દ્વિતીય ઐશ્વર્યનું વર્ણન કરવામાં આવ્યું છે.

હવે ત્રીજો શ્લોક. બીજા શ્લોકમાં કહ્યું છે કે શ્રીયમુનાજી ભગવાનની ભક્ત ઉપરની રતિની વૃદ્ધિ કરવા માટે ભૂતલ ઉપર પધાર્યા છે. આ રતિ વૃદ્ધિના અલૌકિક કાર્યમાં તેમને મદદ કરનાર કયા ધર્મો છે અને કેવાં ઉપકરણો છે તે આપશ્રી ત્રીજા શ્લોકમાં કહે છે.

ભુવં ભુવન-પાવનીમ્ અધિગતામનેક-સ્વનૈઃ
પ્રિયાભિરિવ સેવિતાં શુક-મયૂર-હંસાદિભિઃ ॥
તરઙ્ગ-ભુજ-કંકણ-પ્રકટ-મુક્તિકા-વાલુકા-
નિતમ્બ-તટ-સુન્દરીં નમત કૃષ્ણ-તુર્ય-પ્રિયામ્ ॥ ૩ ॥

ભાવાર્થ : સર્વ લોકને (ભુવન-ત્રિભુવન) પાવન કરનારાં, અને એ કારણે જ ભૂતલ ઉપર અવતરિત થયેલાં; વિવિધ સ્વરો વડે આલાપ કરનારા શુક, મયૂર અને હંસ આદિ સખીજનો દ્વારા સેવાયેલાં; પોતાની લહેરો રૂપી ભુજામાં ધારણ કરેલ કંકણોમાં સ્પષ્ટ રીતે દેખાતાં મુક્તાફળ રૂપી વેળુ (રેતીના ચમકતા કણો) વડે યુકત એવા પોતાના બન્ને કિનારા રૂપી નિતંબ (કમરની પાછળનો ભાગ) ને કારણે સુંદર લાગતાં; એવાં, શ્રીકૃષ્ણનાં ચતુર્થ પ્રિયા શ્રીયમુનાજીને સૌ નમન કરો.

વિવેચન : ભુવં ભુવનપાવનીમધિગતામ્ - શ્રીયમુનાજી સર્વ લોકને પાવન કરવા માટે ભૂતલ ઉપર પધાર્યા છે. યમુનાજીએ પોતાના બંધુ યમરાજને આ પ્રમાણે કહ્યું છે, ‘‘સાત દ્વીપો અને સાત સાગરોને ભેદીને પૂર્વ તરફ વહન કરતી અને સર્વ જીવોને પવિત્ર કરતી હું અસ્તાચલથી (પશ્ચિમ દિશાથી) ઉદયાચલ (પૂર્વ દિશા) તરફ, મારો આશ્રય કરનાર મદ્ ભક્તોનાં પાપને દૂર કરવા માટે

જાણે રમત કરતી હોઉં તે પ્રમાણે હું વિહાર કરવા જઇશ.'' આ રીતે બધાંને પાવન કરવાની શ્રી યમુનાજીની મુખ્ય પ્રતિજ્ઞા છે. એ પ્રતિજ્ઞાની પૂર્તિ અર્થે તેઓ ભૂતલ ઉપર પધાર્યા છે.

આ રીતે તેઓ રવિમંડલમાંથી, ભૂતલને પાવન કરવા પધાર્યા છે. આમ સૌને પાવન કરવાના ધર્મ વડે તમને ભગવાન સાથે રમણ કરવાના કાર્યમાં સહાયક બની શકે. ભગવાનથી અલગ પડી ગયેલા દૈવી જીવોમાં શરીરોને તેઓ નિષ્પાપ બનાવીને તેમને ભગવદ્ સેવોપયોગી બનાવવા અને ભગવદ્ ભાવથી સમ્પન્ન બનાવવા માટે ભૂતલ ઉપર પધાર્યા છે.

હવે જો યમુનાજી દૈવી જીવોને પવિત્ર બનાવી તેમનામાં ભગવાન પ્રત્યે રસ (પ્રેમરસ) ની વૃદ્ધિ કરાવી આપવા માટે જ પધાર્યા હોય તો તે રતિરસનો અનુકૂળ આલંબન, ઉદ્દીપન, આદિ બધી સામગ્રી તેમનામાં હોવી જોઈએ. બીજા શ્લોકમાં કહ્યું છે કે શ્રીયમુનાજીનું ભગવદ્ રતિ સંવર્ધક રૂપ છે. તો એ રતિભાવને રસરૂપમાં પરિવર્તિત કરવા માટે જે ભાવો અથવા ધર્મો અનુકૂળ હોય તે તેમનામાં હોવા જોઈએ અને તે છે જ એવું ત્રીજા શ્લોકમાં કહ્યું છે.

રતિભાવના આવિર્ભાવ અને તેના પોષણ માટે આવશ્યક ધર્મો જેવા કે (૧) ભૂતલના જીવોને પવિત્ર બનાવવાની શકિત તો તેમનામાં છે. પવિત્ર બનેલ જીવમાં જ પ્રભુ પ્રત્યે રતિ ઉપજે. પાપી જીવોની રતિ ઈન્દ્રિયોના વિષયોમાં જ રહે. યમુનાજીમાં પતિત પાવનત્વની શક્તિ છે એ આગળ કહેવાઈ ગયું છે. ભુવં ભુવન પાવની મધિગતાય - અર્થાત એટલા માટે તો તેઓ પૃથ્વી ઉપર પધાર્યા છે.

(૨) સેવાકાદિ સમજ - શુક, મયૂર, હંસાદિથી સેવાયેલા રહેવું તે અને

(૩) સ્વરૂપ સૌંદર્ય - ભુજ ઉપરનાં કંકણો એટલે જલમાં ઊઠતા તરંગો; ચમકતી રેતી એટલે મુકતાફલ, ઉન્નત તટ એટલે નિતંબ (કમરની પાછળનો ભાગ) અને એ નિતંબ ઉપર હાથ રાખવાથી મળતું સૌંદર્ય - આદિ બધા ધર્મો પણ યમુનાજીમાં છે તે હવે કહેવાશે.

પહેલાં શ્રીયમુનાજીના સેવકો (સખીઓ) આદિ વિષે જાણવું જરૂરી છે. પ્રિયાભિરીવ સેવતાં શુક મયુર હંસાદિભિન્નઃ શબ્દોમાં શો ભાવ છે તે સમજવો પડશે.

સર્વ લોકને પાવન કરવા શ્રીયમુનાજી ભૂતલ ઉપર પધાર્યા. તેમની સાથે તેમનો પ્રિય સખી સમાજ પણ આવ્યો. સખીઓ જે સ્થળે જે ઉચિત હોય તે

સ્થળે તે કહે છે. અને તે દ્વારા યમુનાજીને તેમના રતિ વર્ધનના કાર્યમાં સહાયરૂપ બને છે. અને તેથી તેઓ પ્રિય લાગે છે. શુક, મયુર, હંસ આદિ પક્ષીઓ કિનારા પરનાં વૃક્ષો પર બેસીને મધુર સ્વરોમાં ગાન કરે છે. તે બધી શ્રીયમુનાજીની સખીઓ છે. તેઓ શ્રીયમુનાજીની એ રીતે પરિચર્યા કરે છે. શુક બોલી શકે છે. તેથી તે યમુનાજીની વાચિકી સેવા કરે છે. મયૂર કાયિકી સેવા કરે છે અને હંસો માનસી સેવામાં તન્મય બની રહે છે. એટલા માટે તેમનું આ પ્રિય સખી મંડળ, ભગવાનની ભકત પ્રત્યેની રતિની વૃદ્ધિ કરવાના તેમના કાર્યને માટે અનુકૂળ સામગ્રી બની રહે છે.

તરંગ-ભુજ-કંકણ પ્રકટ મુક્તિકા વાલુકા નિતંબ તટ સુંદરી - આ શબ્દો દ્વારા શ્રીયમુનાજીના સ્વરૂપ સૌંદર્યનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

શ્રીયમુનાજી ભગવદ્ રતિ વર્ધિની છે. તેથી પોતાના ભાવાવેશ પ્રમાણે તેમની વિવિધ ભાવ ભંગીમાં વ્યકત કરતી તેમની કોમલ ભુજાઓ, તેમના જળમાં ઉદ્‌ભવતા તરંગો રૂપે શોભાયમાન બની રહે છે. તેમના જળમાં ઊઠતા તરંગો એ વસ્તુતઃ શ્રીયમુનાજીના હસ્ત છે.

તેમના એ શ્રીહસ્તમાં રેતીના ચમકતા કણોના જેવાં મુક્તાફલો જડેલ કંકણો શોભી રહ્યા છે. તેમનાં કંકણોમાં જડેલાં ચમકતાં મુકતાફલો, લોકદષ્ટિએ રેતીનાં કણો જેવાં દેખાય છે. પરંતુ વાસ્તવિક રીતે તે મુકતાફળો (મોતી) જ છે. પરંતુ આપણી પાસે લૌકિક સ્તંભ છે તેથી મુકતાફળો લૌકિક રેતીના કણો રૂપે દેખાય છે. તેમના બન્ને ઊંચા તટ પ્રદેશો તેમના ઉન્નત નિતંબ સમાન છે. (કમરની પાછળનો ઊંચો ભાગ એ નિતંબ કહેવાય) શ્રીયમુનાજીના કંકણયુકત શ્રીહસ્તો તેમના નિતંબ ઉપર ટેકવ્યા હોવાથી તેમની શોભા અનેક ગણી વધી જાય છે. અને તેઓ જાણે કે સાક્ષાત શૃંગારરસની અધિષ્ઠાતા દેવી ન હોય તેવાં દેખાય છે. આ રીતે યમુનાજીનાં આભૂષણો તથા અંગો, પ્રાકૃત દેખાતાં હોવા છતાં (તરંગો, રેતીના કણો, તટ પ્રદેશ વગેરે) હકીકતમાં તે બધાં અપ્રાકૃત છે.

એવાં શૃંગાર રસની સાક્ષાત પ્રતિમા જેવાં શ્રીયમુનાજીની શોભા અવર્ણનિય છે. તેથી 'નમત કૃષ્ણ તુર્ય પ્રિયાય' - શ્રીમહાપ્રભુજી કહે છે કે કૃષ્ણનાં એ ચતુર્થ પ્રિયાને તમે સૌ નમન કરો. આચાર્યશ્રી આપણને - આપણે કે જે બધા આચાર્યશ્રીના સેવકો છીએ, ખાસ કરીને તેમને - કહે છે કે તમે નમન કરો. કોને નમન કરવાનું છે તે જાણો છો ? આપણે નમન કરવાનું છે કૃષ્ણનાં ચતુર્થ પ્રિયાને.

અહીં પ્રશ્ન ઊભો થાય છે કે કૃષ્ણનાં ચતુર્થ પ્રિયા કોણ ? અને બીજો પ્રશ્ન ઉદ્‌ભવે છે કે શું પ્રિયા અને ભાર્યા બન્ને શબ્દો એકજ અર્થનો બોધ કરાવે છે?

શ્રીકૃષ્ણની દ્વારકાં લીલામાં કૃષ્ણની આઠ પટરાણીઓમાં પહેલાં ચાર અનુક્રમે - (૧) રૂકમણીજી, (૨) સત્યભામા, (૩) જાંબુવતી અને (૪) કાલિંદીજી છે. તે બધી કૃષ્ણની વિવાહિત પત્નીઓ એટલે કે ભાર્યાઓ છે. તે બધીજ કૃષ્ણને પ્રિય હતી તેથી તેઓને કૃષ્ણની પ્રિયાઓ કહેવામાં કોઈ દોષ નથી. આ અષ્ટ પટરાણીઓના યુથમાં કાલિંદીનું સ્થાન ચોથું છે. તો શું કાલિંદીજી કૃષ્ણનાં ચતુર્થ પ્રિયા કહેવાય ?

શ્રીકૃષ્ણની વ્રજલીલામાં શ્રીકૃષ્ણની સ્વામિનીજી સ્વરૂપે, ચાર સ્વામિનીજી યૂથો છે. શ્રીહરિરાયચરણ એ ચાર યૂથોને આ રીતે ઓળખાવે છે-

(૧) મુખ્ય સ્વામિનીજી એટલે કે વૃષભાન દુલારી શ્રીરાધા સ્વામિનીજી. તેઓ શ્રીકૃષ્ણનાં આહ્‌લાદિની શક્તિ ગણાય છે. તેઓ નથી અન્યપૂર્વા કે નથી અનન્યપૂર્વા. તેઓ તો એકમેવમ્ અધિતિયમ એવાં ભગવદ્ ભોગ્ય સ્વામિનીજી છે. તેથી તેઓ વ્રજની અધિષ્ઠાતા ગણાય છે.

(૨) શ્રુતિરૂપા અન્યપૂર્વા સ્વામિનીજીઓ - તેઓ ગોપોનાં ગ્રહોમાં ગોપભાર્યાઓ રૂપે રહેતાં હોય છે. તેઓ સર્વાત્મભાવવાળાં છે. તેમનું રૂપ દ્વિતીય સ્વામિનીજી ગણાય છે.

(૩) અનન્યપૂર્વા - ઋષિરૂપા કુમારિકા સ્વામિનીજીઓ- તેમનો કૃષ્ણ સાથે કે અન્ય કોઈની સાથે વિવાહ થયો નથી. તેઓ કુમારિકાઓ છે. પરંતુ ભગવાન કૃષ્ણે તેમનાં વસ્ત્રો ગ્રહણ કરીને તેમનો અંગીકાર કર્યો છે. તેમનું યુથ તૃતીય સ્વામિનીજી ગણાય છે.

(૪) યમુનાજી - ભગવાને જળક્રિડાને બહાને, સર્વ અંગો સહિત, સ્વતંત્ર રીતે, તેમને અન્યથી પૃથક સમજીને, તેમની સાથે રમણ કર્યું છે. તેઓ ભગવાનનાં પુષ્ટિ શક્તિ ગણાય છે. ભગવદ્ ભોગ્ય હોવાને કારણે અને પુષ્ટિ રૂપ હોવાને લીધે તેઓ ભગવાનને અત્યંત પ્રિય છે. તેઓ ભગવાનનાં ભાર્યા નથી. તેઓ ભગવાનનાં પટરાણી નથી. પરંતુ ભગવાનને બહુ પ્રિય હોવાથી તેઓ ભગવાનનાં પ્રિયા તો છે જ.

આ ચાર યુથોમાં યમુનાજીનું સ્થાન ચોથું હોઈ, શું તેઓ કૃષ્ણનાં ચતુર્થ પ્રિયા કહેવાય ?

દસ દિગંત વિજયી શ્રીપુરુષોત્તમજી પણ સ્વામિનીજીનાં ચાર યુથોને આ રીતે ઓળખાવે છે.

(૧) શ્રી રાધિકા યુથ - તેઓ તામસ સ્વામિની યૂથ કહેવાય છે.

(૨) અન્યપૂર્વા યુથ - એટલે ગોપગૃહોમાં વસતાં ગોપીજનો. તેઓ રાજસ સ્વામિની યુથ કહેવાય છે.

(૩) અનન્ય પૂર્વા કુમારિકા યૂથ - તેઓ સાત્વિક સ્વામિની યૂથ કહેવાય છે અને

(૪) શ્રીયમુનાજી યૂથ - તેઓ નિર્ગુણ (ગુણાતીત) સ્વામિની યૂથ કહેવાય છે.

આ ચાર યૂથોમાં પણ યમુનાજીનું સ્થાન ચોથું હોઈ, શું તેઓ કૃષ્ણનાં ચતુર્થ પ્રિયા કહેવાય ?

વ્રજલીલામાં સ્વામિનીજીઓનાં બે પ્રકારનાં ચાર યૂથો છે. તે બન્નેમાં યમુનાજીનું સ્થાન ચોથું આવે છે. એ બધી કૃષ્ણની ભાર્યાઓ (પત્નીઓ) ભલે ન હોય તેમની પ્રિયાઓ તો છે જ. ભાર્યા હોય તેને જ પ્રિયા કહેવાય એવો કોઈ સ્થાપિત નિયમ નથી. શ્રીયમુનાજી કૃષ્ણની ભાર્યા ન હોવા છતાં કૃષ્ણને અતિશય પ્રિય હોવાથી તેમની પ્રિયા તો છે જ. અને એ બન્ને પ્રકારનાં ચાર ચાર યૂથોમાં તેમનું યૂથ ચોથું હોઈ અહીં તેમને કૃષ્ણતુર્ય પ્રિયા તરીકે ઓળખાવ્યાં છે.

અહીં બીજા એક પ્રશ્નનું સમાધાન કરી લેવું જરૂરી છે. દ્વારકાલીલામાં અષ્ટ પટરાણીઓમાં કાલિંદીજીનો ક્રમ ચોથો છે. અને વ્રજલીલામાં સ્વામિનીજીઓના ચાર યૂથોમાં યમુનાજીનો ક્રમ ચોથો છે. કાલિંદીજી અને યમુનાજી બન્નેનો સંબંધ કલિંદીગિરી સાથે છે. તેથી યમુનાજીને પણ કલિંદની કહેવામાં આવ્યાં છે. તો શું કલિંદગિરિ પર અવતરીત ભગવદ્ પ્રિયા યમુનાજી (કાલિંદીજી) અને ભગવાનની પટરાણી શ્રીકાલિંદીજી બન્ને એક જ છે ?

આજ પ્રશ્ન બીજી રીતે પણ પુછી શકાય. પટરાણી કાલિંદીજી પણ સૂર્યના પુત્રી છે અને પ્રિયા યમુનાજી પણ સૂર્યના પુત્રી છે - તો શું તે બન્ને એક જ છે ?

આનો જવાબ તન્માર્ગીય મહાનુભાવોએ સ્પષ્ટપણે એનો આપ્યો છે કે તે બન્ને અલગ છે. તેનાં કારણો -

(૧) શ્રીભાગવતમાં કૃષ્ણનાં ચોથા પટરાણી કાલિંદીજીના મુખે કહેવામાં આવ્યું છે, ''કાલિંદીતિ સમાખ્યાતા વસામિ યમુના જલે''એટલે કે કાલિન્દી

નામથી ઓળખાતી હું, યમુના જળમાં નિવાસ કરું છું. એનો અર્થ એ છે કે કાલિંદી અને યમુનાજી અલગ છે.

(૨) યમુનાજીના જળમાં વસતાં એ કાલિંદીજી સાથે વિવાહ કરીને ભગવાન કૃષ્ણે તેમને ચતુર્થ પટરાણી તરીકે દ્વારકામાં મહિષી પદે સ્થાપિત કર્યા છે. જ્યારે યમુનાજી તો કયારેય પણ દ્વારકામાં પધાર્યા હોવાનો કોઈ ઉલ્લેખ કયાંયે નથી.

(૩) બન્ને સૂર્ય પુત્રી છે. અને બન્ને કાલિંદી નામે ઓળખાય છે. છતાં બન્નેના પિતા જે સૂર્ય છે તે જુદા જુદા છે. કાલિંદીના પિતા સૂર્ય એ આપણે માટે દશ્યમાન સૂર્ય છે. અર્થાત્ કાલિંદીજીની ઉત્પત્તિ આધિદૈવિક નથી. તેઓ તો ભૌતિક સૂર્યના પુત્રી છે. જ્યારે યમુનાજીના પિતા વેદત્રયી સ્વરૂપ આદિત્ય (સૂર્ય) છે. યમુનાજીના પિતા આદિત્ય છે; માતા સંજ્ઞા છે અને ભ્રાતા ધર્મરાજ છે.

(૪) યમુનાજીમાં જે અસાધારણ ધર્મો છે તેવા ધર્મો પટરાણી કાલિંદીજીમાં હોવાનું જાણવામાં આવ્યું નથી. શું પટરાણી કાલિંદીજી તનુ નવત્વ આપી શકે છે ? શું તેમણે કયારેય પોતાના સ્વામી કૃષ્ણની જીવ પ્રત્યેની રતિ વધારવાનું કાર્ય કર્યું છે ? યમુનાજીમાં જે આઠ ઐશ્વર્યો ગણાવ્યાં છે શું તે આઠ ઐશ્વર્યો કાલિંદીમાં છે ? ના; નથી જ.

આ રીતે વિચારતાં બન્નેનાં સ્વરૂપો જુદાં છે; એવું માનવું ઉચિત છે. તેમ છતાં એ બન્નેનો સંબંધ કૃષ્ણ અને કલિંદ સાથે હોવાને કારણે લોકવ્યવહારમાં તેમને એક જ ગણવામાં આવ્યાં છે. કેટલાંક તો એટલે સુધી કહે છે કે શ્રીયમુનાજીના જળ રૂપ એટલે કે આધિભૌતિક સ્વરૂપમાં કાલિંદીજી પોતાના આધિદૈવિક સ્વરૂપે નિવાસ કરે છે. પરંતુ એમ કહેવું એ તો માત્ર અજ્ઞાનતા છે. કારણ કે શ્રીયમુનાજીનાં પોતાના ત્રણે સ્વરૂપો વિદ્યમાન છે જ - યથા જળ રૂપે આધિભૌતિક સ્વરૂપ; માહાત્મ્ય રૂપે આધ્યાત્મિક સ્વરૂપ અને દેવી સ્વરૂપે આધિદૈવિક સ્વરૂપ. એ ત્રણે રૂપોમાં કોઈપણ રૂપમાં કાલિંદીજીનો સમાવેશ ન કરી શકાય. ટૂંકમાં કેવળ નામના સામ્યને કારણે બન્નેને અભિન્ન ન માની લેવાય. શ્રીમહાપ્રભુજી પણ એવું જ કહે છે.

શ્રીયમુનાજી તો યમુનાજી જ છે; તેમ છતાં તેઓ કાલિંદી નામથી શા માટે ઓળખાય છે ? એ પ્રશ્નના સમાધાન માટે આ પ્રમાણે કહેવામાં આવ્યું છે-

મમોદંર પ્રવિશ્ય ત્વં ગચ્છ આદિત્યનંદની । કાલિન્દીતિ તથા ખ્યાતિરસ્તુ

લોકત્રયે સદા । એટલે કે કલિંદ પર્વતે શ્રીયમુનાજીને કહ્યું કે હે આદિત્ય પુત્રી, આપ મારા ઉદરમાં પ્રવેશીને પછી પૃથ્વી ઉપર પધારો. તેથી ત્રણે લોકમાં (લોકત્રયમાં) આપનું નામ કાલિન્દી પ્રસિદ્ધ થશે. આ ઉપરથી સ્પષ્ટપણે સમજાય છે કે પુષ્ટિ સંપ્રદાયમાં શ્રીયમુનાજીને કાલિંદી, નામે ઓળખવાનો વ્યવહાર છે તેથી વ્રજલીલામાં જ્યાં કાલિન્દી નામ આવે ત્યાં તેઓ યમુનાજી જ છે એમ સમજવું.

યમુનાષ્ટકના આ ત્રીજા શ્લોકમાં શ્રીયમુનાજીના ભુવન પાવનીત્વ રૂપી ત્રીજા ઐશ્વર્યનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

શ્રીયમુનાજી કૃષ્ણના તૂર્ય પ્રિયા છે અને ભૂતલને પાવન કરવા માટે જ તેઓ ભૂતલ ઉપર પધાર્યા છે. એ વાત સારી રીતે સમજાય એટલા માટે ચોથા શ્લોકમાં શ્રીયમુનાજી પોતે ભગવત્સમાન ધર્મવાળાં છે. એવું નિરૂપણ કરવામાં આવ્યું છે.

અનન્તગુણભૂષિતે શિવવિરઞ્ચિદેવસ્તુતે
ઘનાઘન-નિભે સદા ધ્રુવપરાશરાભીષ્ટદે ॥
વિશુદ્ધ-મથુરા-તટે સકલ-ગોપ-ગોપી-વૃતે
કૃપાજલધિસંશ્રિતે મમ મનઃ સુખં ભાવય ॥ ૪ ॥

ભાવાર્થ : (૧) અનંત ગુણોથી શોભાયમાન, (૨) શિવવિરંચી (બ્રહ્મા) તથા દેવગણો દ્વારા સ્તુતિ કરાયેલ, (૩) ઘનઘોર વાદળો સરખી કાન્તિવાળાં, (૪) ધ્રુવ અને પરાસરને ઇચ્છિત ફળ આપનારાં, (૫) વિશેષે કરીને જે શુદ્ધ છે એવી મથુરાનગરી જેના કિનારા ઉપર આવેલી છે તેવાં, (૬) સકલ ગોપ અને ગોપીજનોથી વિંટળાયેલાં અને (૭) દયાના સાગર રૂપ શ્રીહરિનો સારી રીતે આશ્રય કરીને રહેલાં - હે યમુનાજી ! આપ મારા મનને સુખ (આનંદનો અનુભવ) થાય એવું વિચારો.

વિવેચન : આ શ્લોકમાં સાત વિશેષણ છે. જો એ સાતે વિશેષણોને સંબોધન રૂપે લઈએ તો બધાં યમુનાજીને લાગુ પડે છે. જેમકે - (૧) અનંત ગુણોથી શોભાયમાન એવા હે યમુનાજી, (૨) શિવ વિરંચી તથા દેવોથી સેવાયેલા એવાં હે યમુનાજી - આ રીતે સાતે સાત વિશેષણ સંબોધન દૃષ્ટિથી યમુનાજીને લાગુ પડે છે.

પરંતુ જો એ બધાં વિશેષણોને સાતમાં વિભક્તિમાં પ્રયોજવામાં (લેવામાં)

આવે તો તે બધાં શ્રીકૃષ્ણને લાગુ પડે છે. અને તે આ રીતે બોલાયઃ અનંત ગુણોથી શોભાયમાન; શિવ, બ્રહ્મા તથા અન્ય દેવોથી સ્તુતિ કરાયેલ આદિ તથા અપાર કરૂણાના સાગરના આશ્રયરૂપ શ્રીકૃષ્ણ.

આ જોતાં એક વસ્તુ સ્પષ્ટ બની જાય છે કે આ બધાં વિશેષણો કૃષ્ણ અને યમુનાજીને એક સરખી રીતે લાગુ પડે છે. તેથી તે બન્ને સમાન ધર્મી છે. બન્નેની એ રીતે સ્તુતિ કરીને શ્રીમદાચાર્યચરણે શ્રીયમુનાજી અને શ્રીકૃષ્ણનું બધી રીતે સામર્થ્ય દર્શાવ્યું છે.

શ્રીનંદકુંવર (કૃષ્ણ) ભગવાન છે તો શ્રીયમુનાજી ભગવતી દેવી છે. ભગવાન એટલે ભગ વાળા (જેમ ધનવાન એટલે ધનવાળા); અને ભગવતી એટલે ભગ વાળી (જેમ પુત્રવતી એટલે પુત્રવાળી) ભગવાન અને ભગવતી બન્નેમાં ભગ શબ્દ છે. એ ભગ એટલે શું ?

ષડ ધર્મા ભગ શબ્દેન, ઐશ્વર્ય, વિર્યં, યશસ્તથ ।
શ્રી જ્ઞાન, વિરાગશ્ચ નિત્યા, ભગવતોડભલ ॥

અર્થાત ભગ શબ્દ એ છ અલૌકિક દિવ્ય ગુણોના સમૂહનો બોધ કરે છે. એ છ ગુણો છે ઐશ્વર્ય, વિર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય. એ છ ગુણ જે પુરુષ ભાવમાં (પુંભાવ) હોય તે ભગ વાળો એટલે ભગવાનઃ અને છ ગુણ જે સ્ત્રીભાવમાં હોય (સ્ત્રીભાવ) ભગવાળી એટલે ભગવતી કહેવાય.

આ શ્લોકમાં કુલ સાત વિશેષણો છે. તેમાંથી છ ને વિશેષણ તરીકે લેવાનાં છે અને સાતમું વિશેષ્ય (જેને એ છ વિશેષણ લાગુ પડે તે વિશેષ્ય) તરીકે લેવાનું છે. અર્થાત છ ધર્મો અને સાતમું એ છ ધર્મોને ધારણ કરનાર ધર્મી સ્વરૂપ છે. એ રીતે જોતાં આમાંના છ ધર્મો ધારણ કરનાર શ્રીકૃષ્ણ ધર્મી છે અને એ જ છ ધર્મો ધારણ કરનાર યમુનાજી પણ ધર્મી છે. અને એ બધા ધર્મો અને ધર્મી સ્વરૂપની દષ્ટિએ (બન્ને) સમાન છે. એટલા માટે શ્રીયમુનાજી કૃષ્ણા, કૃષ્ણસમાં, કૃષ્ણરૂપા આદિ નામોથી પ્રસિદ્ધ છે. જો કૃષ્ણ કૃષ્ણ (શ્યામ) છે તો યમુનાજી કૃષ્ણા (શ્યામા) છે. ટૂંકમાં સ્વરૂપગત બન્ને અભિન્ન છે.

શ્રીમદાચાર્યચરણે ભગવાનના ઐશ્વર્યાદિ આ છ ધર્મોનું નિરૂપણ પુષ્ટિમાર્ગીય પરિભાષા પ્રમાણે કર્યું છે. એ ધર્મોની વ્યાખ્યા વેણુગીતના ૧૧મા શ્લોકની કારિકાઓ વાંચવાથી સમજાઈ જશે.

વેણુગીતના ૧૧ થી ૧૬ શ્લોકમાં આ છ ધર્મો દ્વારા આચરવામાં આવતી શ્રીકૃષ્ણ (ધર્મી) ની લીલાઓનું ક્રમશઃ વર્ણન છે. ગ્રંથ વિસ્તારના ભયે તેમાંથી

માત્ર એકનું વર્ણન હું કરીશ.

હરિણીયો જેવી મૂઢ યોનિની સ્ત્રીઓ ઉપર વેણુરવની જે વિલક્ષણ પ્રતિક્રિયા પડે છે તે ભગવાનનો ઐશ્વર્ય ધર્મ પ્રકટ કરે છે. યથા - ઈશ્વરઃ પૂજ્યતે લોકે મૂઢરપિ, યદા તદા, નિરૂપાધિક ઐશ્વર્ય વર્ણયન્તિ વિચક્ષણ અર્થાત મૂઢ જીવો પણ જ્યારે ઈશ્વરને પૂજે ત્યારે ઈશ્વરનો ઐશ્વર્ય ધર્મ સમજાય છે. હરિણીઓ દ્વારા સેવાતા કૃષ્ણમાં ઐશ્વર્ય ધર્મ સ્પષ્ટ દેખાય છે.

ભગ શબ્દમાં સમાવેશ કરવામાં આવેલ આ છ ધર્મોની વ્યંજનાં કરતા શબ્દસમૂહો આ શ્લોક આ પ્રમાણે છે -

(૧) અનંત ગુણ ભૂષિતે - ઐશ્વર્ય ધર્મ, (૨) શિવ વિરંચી દેવસ્તુતે- વીર્ય ધર્મ, (૩) ઘનાઘનનિભે -યશ ધર્મ, (૪) ધ્રુવ પરાશરાભિષ્ટદે- શ્રી ધર્મ, (૫) વિશુદ્ધ મથુરા તટે - જ્ઞાન ધર્મ અને (૬) સકલ ગોપી-ગોપીવૃતે-વૈરાગ્ય ધર્મ. અને કૃપાજલધિસંશ્રિતેમાં ધર્મી સ્વરૂપ (સ્વરૂપગત ભગવાન અથવા ભગવતી પોતે) માનવામાં આવ્યું છે.

એ છ દિવ્ય ધર્મો અને સાતમો ધર્મી - એ સાતેને પ્રકટ કરતાં એ બધાં શબ્દસમુહોનો ભાવ સમજવા પ્રયત્ન કરીશું.

(૧) અનંત ગુણ ભૂષિતે - અનંત એટલે અંત રહિત અથવા અસંખ્ય. અને અનંત એટલે નિત્ય એવો પણ અર્થ થાય છે. અહીં બીજો અર્થ ભાવને અનુકૂળ છે. શ્રીયમુનાજીના ગુણોની ગણના થઈ શકે નહીં, તેથી તે અસંખ્ય છે. અને તેમના બધા ગુણો નિરંતર વિરાજમાન એટલે કે સદા વર્તમાન રહેતા હોવાથી તો નિત્ય પણ છે જ. ભગવાન કૃષ્ણના સંદર્ભમાં પણ એવું જ છે. કૃષ્ણ પણ નિત્ય વિરાજિત અગણિત ગુણો વડે શોભે છે. ભકતનું કાર્ય સંપાદન કરવું. રાસોત્સવાદિમાં અનેક રૂપો ધારણ કરીને ભક્તોના મનોરથો પૂર્ણ કરવા એવા ગુણોથી તેઓ અલંકૃત છે. શ્રીયમુનાજી પણ ભક્તોનાં કાર્યોને સાધવા માટે, જીવોને ભગવાનની સેવા અર્થે તનુ નવત્વ અર્પણ કરીને ભગવદ્ સમાગમ માટે યોગ્ય બનાવવા જેવા ગુણોથી સુશોભિત છે.

ગુણોનું સર્વત્ર સન્માન થાય છે. ગુણો વડે ભગવાન પૂજાય છે અને યમુનાજી પણ પૂજાય છે. શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે - પૂજ્યો હિ ભગવાન તદ્ગુણાશ્ચ. આમ અનંત ગુણોથી શોભતું એ ભગવાનનું ઐશ્વર્ય વ્યક્ત કરે છે.

વળી વેણુગીતના અગીઆરમાં શ્લોકમાં મૂઢમતિવાળી હરિણીઓ પણ વેણુનો સ્વર સાંભળીને અને વિચિત્ર વેશયુકત નંદનંદનનું પ્રણય (પ્રેમ) ભાવથી

અવલોકન કરીને તેમની પૂજા કરે છે. શ્રીમહાપ્રભુજી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે. ઈશ્વરઃ પૂજ્યતે લોકો મૂઢરપિં યદા તદા – એટલે કે મૂઢ પ્રાણીઓ પણ આ લોકમાં ઈશ્વરની પૂજા કરે છે. આથી મૂઢ પ્રાણીઓનો માટે પણ જે પૂજ્ય હોય તેનામાં ઈશ્વરનું ઐશ્વર્ય હોય એ સ્વયં સ્પષ્ટ છે. તેથી અહીં અનંતગુણ ભૂષિતે પદમાં ઐશ્વર્ય ધર્મનું પ્રતિપાદન થઈ જાય છે. આ પહેલાં કહ્યું તેમ આ વિશેષણ શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજી ઉભયને માટે યોજેલું છે. તેથી તે બન્ને નિરુપાધિક ઐશ્વર્ય યુકત છે.

શિવ વિરંચી દેવ સ્તુતેઃ – તેઓ શિવ બ્રહ્માદિક દેવતાઓ વડે સ્તુતિ કરાયેલાં છે. અસાધારણ શક્તિને વીર્ય કહે છે. બલ અને પ્રભાવ દર્શાવવા માટે પણ વીર્ય શબ્દોનો ઉપયોગ થાય છે. શિવ બ્રહ્માદિ દેવોમાં અતિશય શક્તિ છે તેથી તેમનામાં પણ વીર્ય છે. 'વીર્ય દેવેષુ' નો એવોજ અર્થ થાય છે. પરંતુ એવા એ વીર્યવાન દેવો પણ જેના વીર્ય સામે ઝુકી જઇ જેમની સ્તુતિ કરે તેના વીર્ય ધર્મ વિષે શું કહેવું ? શિવ અને બ્રહ્માજીએ પણ યમુનાજીની સ્તુતિ કરી હોવાનું પદ્મ-પુરાણમાં કહેવામાં આવ્યું છે.

વેણુગીતના બારમાં શ્લોકમાં શ્રીકૃષ્ણનું રૂપ અને શીલ જોઈએ અને તેમની વેણુનું ગીત સાંભળીને, વિમાનમાં સ્થિત દેવીઓની વેણીમાંથી પુષ્પો ખરી પડયાં અને તેમને મૂર્છા આવી. તથા દેવો પણ મોહ પામી ગયા. તેથી તેઓ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. એ જોતા શિવ વિરંચી દેવ સ્તુતે – એ પદ કૃષ્ણ અને યમુનાજી ઉભયમાં વીર્ય ધર્મ હોવાનું પ્રતિપાદન કરે છે.

ઘનાઘનનિભેઃ ગાઢ મેઘ સમાન કાંતિ હોવા પણુ બન્નેમાં છે જ. અને યમુનાજીનાં સ્વરૂપ અને સૌંદર્ય જોઈને સૌ કોઈ વિસ્મય પામે છે. યમુના કિનારે પ્રકટ થયેલા શ્રીગોકુલચંદ્રમાજીનું સ્વરૂપ જોઈ, તેમની રૂપ, ગુણ, લીલા અને મુરલી માધુરી નિરખીને, શ્રીવલ્લભે વિસ્મય પામીને તેનું વર્ણન કરતું મધુરાષ્ટકમ્ રચ્યું. અને શ્રીગોકુલનું સ્થાન શોધતા બાલ સરસ્વતી શ્રીવલ્લભની સામે અદ્‌ભુત સૌંદર્યશાલી યમુનાજીને ઊભેલા જોઈને આશ્ચર્ય પામી શ્રીવલ્લભે કહ્યું, ''તવ સ્વરૂપમ્ અતિ અદ્‌ભુતમ્'' અને આપશ્રીએ યમુનાષ્ટકમ્ ની રચના કરી. આ રીતે બન્નેનું સ્વરૂપ અદ્‌ભુત છે. શ્રીકૃષ્ણનું તો નામજ ઘનાઘનપણાનો નિર્દેશ કરે છે. કૃષ્ણ એટલે ઘનશ્યામ. યમુનાજી માટેનાં ભગવત વાકયોમાં યમુનાજી માટે ''કૃષ્ણાયાહસા તરલે'' જેવા શબ્દો દ્વારા યમુનાજીને કૃષ્ણા-ઘન-શ્યામ વર્ણવાળાં કહેવામાં આવ્યા છે. આમ કૃષ્ણ અને કૃષ્ણનામ દ્વારા બન્નેનું ઘનાઘનપણુ

સૂચવાય છે.

આ રીતે તેમનાં નામ અને રૂપ ભગવદ્ સાદશ્યનું પ્રતિપાદન કરે છે. તેમના વિસ્મયકારક સ્વરૂપને જોઈને, તેમની સ્તુતિ કરે છે. અને એ રીતે તેમના યશનું ગાન કરે છે. સ યશો યદિ વિમૂઢાનાં પ્રત્યાક્ષાસકિત વારણાત્ - આ શ્લોકમાં દર્શાવવામાં આવેલ યશ ધર્મનું નિરૂપણ આ પદ દ્વારા થાય છે. મૂઢ પ્રાણીઓની 'પ્રત્યક્ષ વસ્તુ' માંથી આસક્તિ દૂર કરીને તેમને પોતાના ધર્મમાં કે સ્વરૂપ-સૌંદર્યમાં યોજવામાં આવે ત્યારે યથાર્થમાં યશઃ થયા; એવું શ્રીમહાપ્રભુજી કહે છે. વેણુગીતના તેરમા શ્લોકમાં તેનું વર્ણન છે. વેણુગીત સાંભળીને, ઊંચા કરેલા કાન વડે શ્રીકૃષ્ણના મુખચંદ્રમાંથી નીકળતા વેણુગીત રૂપી અમૃતનું પાન કરતી ગાયો અને પોતાના મુખમાંથી સ્તનના દૂધનો ગ્રાસ (કોગળો) પાડી નાખતાં વાછરડાંઓ હર્ષાશ્રુયુકત બનીને, પોતાના નયનો વડે ગોવિંદનું અંતર દર્શન કરે છે.

જેના સૌંદર્યના દર્શન માત્રથી, અન્ય પદાર્થો કે પ્રાણીઓ પ્રત્યેની આસક્તિનું વિસ્મરણ થાય એ સૌંદર્યને વાણીનો વિષય ન બનાવી શકાય. વાછરડાં જેવાં મૂઢ પ્રાણીઓએ પ્રત્યક્ષ વસ્તુ-દૂધનો કોગળો અથવા તૃણ-પ્રત્યેની આસક્તિ છોડી દીધી અને કૃષ્ણાનું સૌંદર્ય જોઈ હર્ષાશ્રુયુક્ત બની ગયાં તે સૌંદર્ય (ભગવાનનું એ વિસ્મયકારક સૌંદર્ય) તેમના યશ ધર્મને અભિવ્યક્ત કરે છે. શ્યામ-શ્યામા બન્નેમાં એ ધર્મ સમાન રૂપે છે જ. કારણ કે યમુનાજીનું સ્વરૂપ સૌંદર્ય વાસ્તવમાં કૃષ્ણનું સ્વરૂપ-સૌંદર્ય જ છે.

નોંધ : ઘનાઘનની સંધી છોડતા ઘન અને અઘન એવા બે શબ્દો મળે છે. ઘન એટલે ઘનીભૂત રસાત્મક શ્રીકૃષ્ણ અને અઘન એટલે ઘન નહીં એવા દ્રવીભૂત રસાત્મિકા શ્રીકૃષ્ણા. એ બન્ને યુગલ સ્વરૂપોનું અદ્ભૂત સંયોજન એટલે ઘનાઘનનિભે. એ અર્થમાં ઘનાઘનનિભે એ પદને દશ-દિંગત-વિજયી શ્રીપુરુષોત્તમજીએ વિશેષણ નહીં, વિશેષ્ય માન્યું છે. તેથી તેમણે એ પદને ધર્મ સ્વરૂપ નહીં પણ ધર્મી સ્વરૂપ ગણ્યું છે. એ અર્થમાં આપશ્રીની એ માન્યતા યથાર્થ છે.

ધ્રુવ પરાશરાભિષ્ટદે : આ પદ દ્વારા બન્નેના 'શ્રી' ગુણનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ પદનો અર્થ છે ધ્રુવ અને પરાશરને તેમની ઈષ્ટ ઈચ્છિત વસ્તુ (અભિષ્ટ) આપનાર શ્યામ શ્યામા (યમુનાજી). ધ્રુવ પરાશરે શ્રીયમુનાજીના તટ પાસે તપસ્યા કરી હતી. ત્યારે શ્રીયમુનાજીએ પોતાના સાન્નિધ્યથી અને શ્રીકૃષ્ણે

પ્રકટ થઈને બહુજ પ્રસન્નતા-પૂર્વક તેમને અભીષ્ટ એવાં જ્ઞાન અને ઐશ્વર્યનું ફલદાન કર્યું હતું. પરાશરને જ્ઞાન અભિષ્ટનું અને બાળક ધ્રુવને ઐશ્વર્ય (રાજ્યગાદી) અભીષ્ટ હતું. યુગલ સ્વરૂપે તે તેમને આપ્યું. જે પોતાના સેવકો (ભક્તો)ને ઐશ્વર્ય અને જ્ઞાન પ્રદાન કરીને તેમનો ઉપભોગ તેમની પાસે કરાવી શકે તેવા સ્વામીની 'શ્રી' અર્થાત વૈભવ કેવો હોય ?

શ્રિયો હિ પરમાકાષ્ઠા સેવકાસ્તાદશા યદિ । અર્થાત 'શ્રિ' ની પરાકાષ્ઠા એ જ કે સેવકો પણ શ્રી યુકત થાય. ધ્રુવ અને પરાશરને શ્રીયુકત કરવા દ્વારા, કૃષ્ણ અને યમુનાજીમાં શ્રી ધર્મનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

વેણુગીતના ચૌદમાં શ્લોકમાં સુંદર શાખાવાળી વૃક્ષ ડાળો ઉપર બેઠેલાં પક્ષીઓ અને ત્યાં ઉપસ્થિત મુનિયો શ્રીકૃષ્ણચંદ્રની વેણુનું વિસ્ફારિત અને સ્થિર નજરે મધુર ગીત સાંભળતાં હતાં. એ સંદર્ભમાં શ્રીમહાપ્રભુજી ઉપર ઉલ્લિખિત-શ્રિયો હિ પરમાકાષ્ઠા.... એવું કથન કરે છે. તેમાં આપશ્રી આજ્ઞા કરે છે કે 'શ્રિ' ની પરમોચ્ચ સ્થિતિ એ છે કે શ્રીયુકત ભગવાન અને યમુનાજીના સેવકો પણ 'શ્રિ' યુકત બને છે. ધ્રુવ પરાશર તેમના આશ્રમે રહીને શ્રીયુકત બન્યા છે. તેથી યમુનાજીમાં અને કૃષ્ણમાં પણ 'શ્રી' ધર્મ છે એવું સિદ્ધ થાય છે.

નોંધ : શ્રીપુરુષોત્તમજીએ તો ઘનાઘનનિભેને સ્વરૂપગત ધર્મી પદ આપ્યું છે. તેથી આપશ્રીના મત પ્રમાણે ધ્રુવ પરાશરા ભિષદ પદમાં યશ ધર્મનું નિરૂપણ છે. મનુષ્યની (દાન) આપવાની શક્તિ દ્વારા જ તેનો યશ ફેલાય છે. અહીં શ્રીયમુનાજી તથા શ્રીકૃષ્ણે ધ્રુવ પરાશરને તેમનું અભીષ્ટ આપ્યું તેથી તેમનો યશ ફેલાયો. આ રીતે આ પદમાં ઉભયના 'યશ' ધર્મનું નિરૂપણ છે એવું શ્રીપુરુષોત્તમજી મહારાજ કહે છે.

વિશુદ્ધ મથુરા તટે : મથુરા નગરી વિશુદ્ધ છે એટલે કે દોષ માત્રથી રહિત છે. પૃથ્વી ઉપરના અન્ય ભૂમિ ભાગોમાં અનેક પ્રકારના દોષો હોવાનો સંભવ છે. પરંતુ આ ભૂમિ પ્રદેશ (મથુરા)માં કોઈ પણ પ્રકારના દોશો સંભવી શકતા નથી. તેના બે પ્રમુખ કારણો છે.

(૧) ભગવાને પ્રકૃતિનાં બધા તત્ત્વોને ઉત્પન્ન કર્યાં. પછી તત્સૃષ્ટ્વા તદૈવાનુત્રાવિશત્ એટલે કે તેમને ઉત્પન્ન કરીને પછી પોતે તેમાં પ્રવેશ કર્યો. તેથી ભગવાનની સ્થિતિ બધાં તત્ત્વોમાં હોય એ સ્વાભાવિક છે. પરંતુ એ બધાં તત્ત્વોમાં જે એક ભૂમિતત્ત્વ છે એ ભૂમિતત્ત્વના એક ભાગ રૂપ જે મથુરાપુરી છે તેમાં તો ભગવાનની નિત્ય સ્થિતિ છે. ''મથુરા ભગવાન્ યત્ર નિત્ય સન્નિહિતો

હરિ:'' એવું સ્પષ્ટ કથન છે. એટલે કે ભગવાન મથુરામાં નિરંતર વિરાજમાન છે તો એવી મથુરાપુરી વિશુદ્ધ મથુરામાં નિરંતર વિરાજમાન છે તો એવી મથુરાપુરી વિશુદ્ધ હોય તેમાં શું આશ્ચર્ય !

(૨) મથુરાપુરી શ્રીયમુનાજીના તટ ઉપર છે. પરિણામે તે પ્રભુની લીલાસ્થલી છે. નિત્ય લીલા વિનોદી ભગવાન પ્રકટ રીતે ત્યાં બિરાજીને લીલા કરે છે. તેથી મથુરાને બધી રીતે શુદ્ધતા મળી રહે છે. મથુરાને નિત્ય ભગવદ્ સાન્નિધ્ય મળતું હોઈ, ત્યાં વસનારને ભક્તિ પણ સિદ્ધ થાય છે. અને ભક્તિ એ જ્ઞાનનું કાર્ય છે. (સ્વરૂપ જ્ઞાન થતાં પ્રેમ ઉદ્‌ભવે તેનું નામ ભક્તિ) તેથી આ વિશુદ્ધ મથુરા તટે પદમાં જ્ઞાન ધર્મનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

મથુરાને લીલામય ભગવાનનું નિત્ય સાન્નિધ્ય મળી શક્યું છે. આમ તો મથુરા મુક્તિ દાયિની છે. પરંતુ ભગવાનના નિત્ય સાન્નિધ્યને કારણે તેના સ્વભાવનો વિજય થતાં તે ભક્તિ દાયિની બની ગઈ છે; તે જીવોને ભક્તિ ભાવનું દાન કરે છે. સ્વભાવનો વિજય ક્યારે થાય ? જ્યારે જીવને ભગવદ્ સ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે. જ્ઞાન દ્વારા સ્વભાવ ઉપર વિજય પ્રાપ્ત થાય ત્યારે તેનો જ્ઞાનોત્કર્ષ કહેવામાં આવે છે - જ્ઞાનોત્કર્ષસ્તદેવસ્યાત્ સ્વભાવ વિજયો યદિ-

વિશુદ્ધત્વ એ જ્ઞાનનું કાર્ય છે. કારણ કે જ્ઞાનમાં નિર્મળ બનાવવાની શક્તિ છે. ભગવદ્ સાનિધ્ય અને યમુના સામિપ્યને કારણે મથુરા વિશુદ્ધ બની છે. તેનો જ્ઞાનોત્કર્ષ થયો છે. પરિણામે તેના સ્વભાવનો વિજય થતાં તે મુક્તિ દાતાને બદલે ભક્તિ દાતા બની રહી છે.

જ્ઞાન દ્વારા સ્વભાવ પર થતા વિજયનું વર્ણન કરવા માટે વેણુ ગીતમાં એક શ્લોક છે. તેનો ભાવ આ પ્રમાણે છે.

ભગવાનના વેણુગીતને સાંભળીને આવર્તનો વડે લક્ષિત કામવેગથી નદીઓની ગતિ રોકાઈ ગઈ. તેથી તેઓ પોતાના તંરોગો રૂપી ભુજાઓ વડે, કમલનું સમર્પણ કરીને, મુરારીના (તેને આલિંગન કરવા માટે સ્થિર થયેલા) ચરણ યુગલનો સ્પર્શ કરવા લાગી. પરિણામે તેની ગતિ રોકાઈ ગઈ.

ગતિ (વેગ) નદીઓનો સ્વભાવ છે. એટલા માટે તેને સરિતા (સરી જતી-પ્રવાહિત) કહેવામાં આવે છે. અહીં નદીઓએ પોતાના સ્વાભાવિક ગતિવેગમાં પરિવર્તન કર્યું છે. અને પોતે સ્થંભિત થઈ ગઈ છે. (સ્થિર) આ રીતે સ્વભાવ વિજય થતાં જ્ઞાનનો ઉત્કર્ષ થયો છે.

અહીં વિશુદ્ધ મથુરા તટે વિશેષણ દ્વારા જ્ઞાન ધર્મનું નિરૂપણ કરવામાં

આવ્યું છે.

શ્રીપુરુષોત્તમજી પણ એવુંજ માને છે. આપશ્રીના મત પ્રમાણે આ પદ દ્વારા (વિશુદ્ધ મથુરા તટે) જ્ઞાન ધર્મનું નિરુપણ કરવામાં આવ્યું છે.

સકલ ગોપ-ગોપી વૃતે : એટલે કે બધા ગોપો અને ગોપીઓ વડે ઘેરાયેલાં. આ વિશેષણ દ્વારા બન્ને ભગવદ્ સ્વરૂપોનો વૈરાગ્ય ગુણ સૂચવાય છે. ભગવાનની આસક્તિ કેવળ નિજ ભક્તોમાં છે. આમ તો બધાં જ પ્રાણી અને બધા પદાર્થો ભગવાનને પ્રિય છેઃ પરંતુ શ્રીમદ્ ભગવદ્ ગીતાના બારમા અધ્યાયમાં ભગવાને પોતાના ભક્તો પોતાને પ્રિય છે. (સ મે પ્રિયા) એવું શ્રીમુખે કહ્યું છે. અને એવા ભક્તોનાં લક્ષણો ગણાવ્યાં છે. તાત્પર્ય એ છે કે નિજ ભક્તોમાં ભગવાનની આસક્તિ છે; અને તેમના સિવાય બીજા બધામાં તેમની વિરક્તિ છે; વિરકિત એટલે અપ્રિયતા નહી, પરંતુ તટસ્થતા. નિજ ભક્તોમાં આસક્તિ હોવાથી તેઓ પોતાના ભક્તોથી સદૈવ ઘેરાયેલા રહે છે. કેવળ ભક્તોમાં જ આસક્તિ એ તેમનો 'વૈરાગ્ય' ગુણ કહેવાય.

શ્રીયમુનાજીનો પણ નિત્ય સંબંધ ગોપ-ગોપી સમાજની સાથે છે. કારણ કે તેમની સન્નિધિમાં જ કૃષ્ણની લીલા સદૈવ થતી રહે છે. ભક્તોના અભાવે ભગવાન સંતપ્ત બની રહે છે. શ્રીયમુનાજી ભક્તોનુ ભગવાન સાથે મિલન કરાવી આપે છે અને એ રીતે તેઓ ભક્તોના અભાવને દૂર કરાવે છે. એટે કે તેઓ ભગવાનના ભક્તોના વિરહજન્ય સંતાપનું શમન કરે છે. યમુના હરિનો સંતાપ હરે છે. અને ભક્તોને હરિની પ્રીતિનું સંપાદન કરાવી આપીને તે પોતે પરમ સુખ પામે છે. આનું નામ શ્રી યમુનાજીના વૈરાગ્ય ગુણનો ચરમ ઉત્કર્ષ. વૈરાગ્યનો અર્થ જ એ છે. ભગવાનનાં ચરણ યુગલમાં પોતાના સર્વસ્વના સમર્પણ દ્વારા પ્રીતિ રાખવી એનું નામ વૈરાગ્ય.

વેણુગીતમાં વૈરાગ્યનું નિરૂપણ આ રીતે કર્યું છે ''બલરામ અને ગોપીની સાથે વ્રજ પશુઓને ચરાવતા અને બંસી નાદ કરતા પોતાના જેવા ઘનશ્યામ કૃષ્ણને, આકરા તાપથી કલાંત જોઈને, સ્નેહાતિરેકથી સજલ નયનોવાળા સજલ વાદળોએ (મેઘે) જલબિંદુઓની ઝરમર રૂપી પુષ્પોની વૃષ્ટિ તેમના ઉપર કરીને, પોતાના શરીરને (મેઘોએ પોતે) કૃષ્ણના છત્રરૂપ બનાવી દીધું.

આ રીતે શ્યામ ઘને (વાદળોએ) અલ્પ નિવેદનપૂર્વક કૃષ્ણના તાપનું શમન કર્યું છે. તેમ કરવામાં પોતાના શુભ પ્રતિનો તેનો વૈરાગ્ય સ્પષ્ટપણે જોઈ

શકાય છે. વૈરાગ્યની વ્યાખ્યા આવી છે – હરેશ્વરણયોઃ પ્રીતિઃ સ્વસર્વસ્ય નિવેદનાત્ ઈતિ વૈરાગ્ય નિજ શુભો પ્રત્યે વિરાગ અને ભગવાન પ્રત્યે અનુરાગ એટલે જ વૈરાગ્ય.

ગો. શ્રીપુરુષોત્તમજીના મત પ્રમાણે 'સકલ ગોપ-ગોપી વૃતે' વિશેષણ દ્વારા ઉભય પક્ષના 'શ્રી' ધર્મનું નિરૂપણ થાય છે. શ્રી (શોભા) ને જ્યારે આવરણમાં (ઘુંઘટમાં) રાખવામાં આવે ત્યારે તે વધુ નિખરે છે. ઘુંઘટમાં છુપાયેલ સૌંદર્ય વધુ પ્રાશિત થતું હોય છે. ગોપ-ગોપીઓ દ્વારા ઘેરાયેલા હોવાથી ભગવાનની શોભા વધુ પ્રકાશિત બને છે. ગોપીઓના ગૌર વર્ણની વચમાં સ્થિત કૃષ્ણનો શ્યામ વર્ણ વધુ સલુણો-લાવણ્યમય બને છે. ''જા તન કી ઝાંઈ પડે શ્યામ હરિત દુતિ હોય.'' આથી આપશ્રીના મત પ્રમાણે આ વિશેષણથી ઉભય પક્ષના શ્રીગુણનું નિરૂપણ કરવામાં આવે છે.

કૃપા જલધિ સંશ્રિતે – કૃપા રૂપી સાગરના આશ્રયરૂપી તો કેવળ શ્રીકૃષ્ણા જ છે. એટલે કે કૃષ્ણ જ કૃપા સાગર છે. કૃપા એ કૃષ્ણનો નિત્ય આવિર્ભૂત ધર્મ છે. તેથી તે પ્રભુનું સ્વરૂપ છે. પ્રભુના બધા ધર્મો નિત્ય છે. પરંતુ તે બધા નિત્ય પ્રકટ નથી. જે લીલાના સમયે જે ધર્મનો ઉપયોગ હોય તે લીલાના સમયે તે ધર્મનો આવિર્ભાવ થાય છે. અન્ય સમયે તે ધર્મ તિરોહિત રહે છે. જ્યારે કૃપા (અનુગ્રહ) તો નિત્ય આવિર્ભૂત રહે છે. પ્રભુની કૃપા (કૃષ્ણાનુગ્રહ) કયારેય પણ તિરોહિત થતી નથી. અનુગ્રહ પુષ્ટિમાર્ગે નિયામક ઈતિ સ્થિતિ. અનુગ્રહ તો ગુણનો તિરોહિત થાય તો સૌનું નિયમન કોણ કરે ? આથી પ્રભુ સદા સર્વદા કૃપાયુકત બની રહે છે. તેથી કૃપા ગુણ. પ્રભુના સ્વરૂપનું પ્રતિ પાદન કરે છે.

શ્રીયમુનાજી પણ કૃપાના સાગર એવા શ્રીકૃષ્ણનો આશ્રય કરીને રહે છે. બીજી બધી નદીઓ ભૌતિક-લૌકિક સમુદ્રને મળે છે, પરંતુ શ્રીયમુનાજી તો કૃપા જલધિ રૂપ શ્રીકૃષ્ણને જ મળે છે. તેમની સાથે જ તેમનો સંગમ થાય છે. પરિણામે તેમની સંગતિથી જીવની ભગવાન સાથે સંગતિ સધાય છે. એટલા માટે આ પદ શ્રીયમુનાજીના સ્વરૂપનું પણ પ્રતિપાદન કરે છે.

કૃપાજલધિસંશ્રિતે – એ પદનો અર્થ આ રીતે કરવાનો છે – કૃપાના સમુદ્ર જેનો આશ્રય હંમેશા માટે લીધો છે એવા શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજી. ભગવાન નિરવધિ (કોઈ અવધિ સુધીજ નહીં, પરંતુ નિત્ય, હંમેશા) કૃપામય છે. શ્રીયમુનાજી આ કૃપાજલધિમાં, જેમ સમુદ્રમાં સરિતા મળે તેમ મળી ગયાં છે. એટલે કે એકરૂપ બની ગયાં છે. તેથી તે બન્નેનું સ્વરૂપ એક થઈ ગયું છે.

ગો. શ્રીપુરુષોત્તમજીના મત પ્રમાણે કૃપા જલધિ સંશ્રિતે એ વિશેષ્ય (ધર્મી રૂપ) નથી પરંતુ તે તો ધર્મીનો ધર્મ (વિશેષણ) છે અને તેમાં ઉભય ભગવદ્ સ્વરૂપોના વૈરાગ્ય ગુણનું નિરૂપણ કરવામાં આવ્યું છે. જે વિરાગી હોય તે જ સર્વ પ્રત્યે કૃપાળુ હોઈ શકે. રાગીમાં વહાલાં દવલાંનો ભાવ રહેતો હોય છે. રાગમાં સ્વાર્થવૃત્તિ રહે છે. ભગવાને કહ્યું છે – નાહમાત્માનમાશાસે મદ ભક્તૈઃ સાધુભિર્વિના એટલે કે મારા સાધુ ભક્તો સિવાય ભગવાનને પોતાનામાં પણ વૈરાગ્ય રહે છે. એવા કૃપાસાગર ભગવાનની આશ્રિતા હોવાથી યમુનાજીનો પણ એ જ ગુણ છે – કૃપા કરીને જીવોને પ્રભુ સાથે મેળવી આપવાનો એ અલૌકિક ગુણ છે.

મમ મનઃ સુખં ભાવય – આવા અલૌકિક ષડગુણો વાળા હે યુમનાજી, આપ મારું શુભ વિચારો. એવું કહેવામાં આવ્યું છે કે શ્રીમાન પ્રભુચરણ શ્રીગુસાંઇજીના સેવક કિશોરીબાઈ આ શ્લોકના ઉત્તરાર્ધ –

વિશુદ્ધ મથુરા તટે સકલ ગોપગોપીવૃતે
કૃપાજલધિસંશ્રિતે મમ મનઃ સુખં ભાવય ।

નું રટણ નિત્ય કરતાં હતાં. પરિણામે કૃપા સાગર શ્રીહરિનાં આશ્રિતા એવા શ્રીયમુનાજીએ તેમનું શુભ વિચાર્યું હતું.

મનનું શુભ વિચારવું એટલે શું ? એ સમજતા પહેલાં શુભ એટલે શું તે જાણવું પડશે. સુખ મળવાથી મનને આનંદ થાય. ઈન્દ્રિયોનું શુભ મળતાં વિષયાનંદની પ્રાપ્તિ થાય. જ્ઞાની પુરુષોને પ્રભુના ગુણોનું જ્ઞાન થવાથી બ્રહ્માનંદની પ્રાપ્તિ થાય. અને ભક્તોને પ્રભુના સ્વરૂપનો અનુભવ થવાથી સ્વરૂપાનંદ (ભજનાનંદ) થાય. આમાં સ્વરૂપાનંદ એ જ સાચું સુખ છે. તેથી અહીં કહેવામાં આવ્યું છે કે હે યમુનાજી તમે મારા મનનું સુખ વિચારો અર્થાત મને પ્રભુ શ્રીકૃષ્ણ અને આપ શ્રીયમુનાજી એ બન્નેના સ્વરૂપાનંદનો અનુભવ કરાવો. તેમાં જ મારું સાચું સુખ છે. બીજા કશામાં નહીં.

સ્વરૂપાનંદની પ્રાપ્તિ જીવને ત્યારે જ થાય જ્યારે જીવ ઉપર કૃપા કરીને ભગવાન પોતે તે જીવને નિજ સ્વરૂપનો અનુભવ કરાવે. બીજા કોઈ પણ સાધનથી સ્વરૂપાનંદની પ્રાપ્તિ થતી નથી. ભગવદ્ કૃપા એ જ માત્ર સ્વરૂપાનંદને પ્રાપ્ત કરાવી આપી શકે છે. તેથી આ શ્લોકના અંતે શ્રીમહાપ્રભુજીએ કહ્યું. ''હે ષડગુણ સંપન્ન, શ્રીયમુને ! ભગવાનના સ્વરૂપનો અનુભવ થાય એવું સુખ (આનંદ) મને કરાવી આપવાનું આપ વિચારો. આપ એ પ્રમાણે કરાવી આપવા સમર્થ છો.

કારણ કે આપ ભગવાન સાથે સમાન ધર્મી છો.

આ શ્લોકમાં શ્રીયમુનાજી પોતે ભગવત્-સમાન-ધર્મી હોવાને કારણે આપશ્રીના ભગવત્ સંબંધ સંપાદકત્વ નામે ચતુર્થ ઐશ્વર્યનું વર્ણન કરવામાં આવ્યું છે.

આ રીતે શ્રીમદાચાર્યચરણે પહેલાં ચાર શ્લોકમાં શ્રીયમુનાજીના ઉત્કર્ષનું વર્ણન કરીને તેમની સ્તુતિ કહી. પરંતુ તેમના ઉત્કર્ષનું યથોચિત વર્ણન કોઈ કરી ન શકે. તે સમજાવવા માટે આપશ્રી આજ્ઞા કહે છે કે ગંગાજી જેવા ભગવદીયોમાં પણ જે ઉત્કર્ષનું સ્થાપન કરી શકે છે એવાં શ્રીયમુનાજીના સંગમથી ગંગાજીના થતા ઉત્કર્ષનું વર્ણન કરીને તે દ્વારા યમુનાજીની સ્તુતિ કરે છે.

યયા ચરણપદ્મજા મુરરિપોઃ પ્રિયમ્ભાવુકા
સમાગમનતોઽભવત્ સકલ-સિદ્ધિદા સેવતામ્ ॥
તયા સદશતામિયાત્ કમલજાસમપત્નીવ યદ્-
હરિપ્રિયકલિન્દયા મનસિ મે સદા સ્થીયતામ્ ॥ ૫ ॥

ભાવાર્થ : જેમની સાથે સમાગમ થતા (સંગમ થતાં) ભગવદ્ ચરણારવિંદમાંથી પ્રકટ થયેલાં ગંગાજી પણ પ્રભુનાં પ્રિયં ભાવુકા એટલે કે પ્રીતિપાત્ર બન્યાં છે અને તેમ થતાં નિજ સેવકોને સકલ સિદ્ધિનું દાન આપનાર બન્યા છે, એવાં શ્રીયમુનાજીની સાથે સમાનતા કરવાને માટે કોઈપણ શક્તિમાન ન હોઈ શકે. તેમ છતાં, જો કોઈ તેમની સમાનતા કરી શકે તો કદાચ તેમની સપત્ની (શોક્ય-લક્ષ્મીજી) કરી શકે; બીજું કોઈ નહીં. શ્રીહરિના ભક્તોના કલેશનો નાશ કરનાર હે યમુનાજી આપ મારા મનમાં નિરંતર સ્થિર રહો.

વિવેચન : ભગવાનનાં શ્રીચરણોમાંથી ગંગાજીનું પ્રાકટય થયું છે. એ જોતાં પ્રભુનાં ચરણકમળ એ કારણ છે. અને ગંગાજી તેનું કાર્ય ગણાયું. કૃષ્ણના ગુણો કાર્યમાં સ્પષ્ટપણે જોવામાં આવે છે. પ્રભુનાં ચરણકમળ પૂર્ણ ગુણવાળાં અને સર્વદોષોથી રહિત છે. ત્રિવિક્રમ પ્રભુ (વામનજી) એ પોતાના ચરણ વડે ત્રણે લોક માપી લીધા. તે સમયે ત્રણે લોકને માપવા માટે તેમણે ઊંચો કરેલો ચરણ બ્રહ્મલોકમાં પહોંચ્યો તેમને જોઈને બ્રહ્માજીએ પોતાના કમંડલમાં રહેલા જળ વડે તેને ધોયો. તેમ કરતાં ભગવદ્ ચરણારવિંદની રજ એ જળમાં સમ્મિલિત થઈ. અને ભગવદ્ ચરણની રજ મિશ્રિત એ જળ બન્યું સ્વર્ગ ગંગા.

પછી એ સ્વર્ગ ગંગા સગર પુત્રોને મુક્તિ આપવા માટે પૃથ્વી ઉપર

પધાર્યા. એવાં એ શ્રીગંગાજીમાં શ્રીહરિચરણના-ભગવદ્ ભક્તોને સર્વ સિદ્ધિ આપવા સહિતના બધા ગુણો છે. તેથી ગંગાજી પણ નિજ ભકતોને સકલ સિદ્ધિ સમર્પિત કરે છે. આ રીતે ગંગાજીનું નિર્દોષપણું અને પૂર્ણગુણપણુ પ્રભુના ચરણથી ઉત્પન્ન થવાને કારણે સ્વયં સિદ્ધિ છે જ. તેમના એવા અલૌકિક ગુણોનો ઉત્કર્ષ મહાભારત, વામન પુરાણ તથા ભાગવત આદિ ગ્રંથોમાં વર્ણવવામાં આવ્યો છે. આ રીતે મર્યાદા માર્ગમાં તો તેમનું માહાત્મ્ય અત્યધિક વર્ણવેલું છે.

પરંતુ તેમનામાં અન્ય પ્રકારનું એટલે કે પુષ્ટિમાર્ગીય માહાત્મ્ય કયારે આવ્યું તે બતાવતાં શ્રીવલ્લભ કહે છે કે ભગવચ્ચરણારવિંદમાંથી પ્રકટ થયેલાં ગંગાજી 'સમાગમનતો' એટલે કે શ્રીયમુનાજી સાથે તેમનો સંગાથ થવાથી 'પ્રિયં ભાવુકા' એટલે કે પ્રભુને પ્રિય અને 'સકલ સિદ્ધિદા' એટલે કે સકલ સિદ્ધિ આપનારાં થયાં છે. યમુનાજી સાથે સંગમ થતાં. યમુનાજીનું એક મહત્વનું ઐશ્વર્ય-તનુ નવત્વ કરાવવાનું ઐશ્વર્ય - ગંગાજીને પ્રાપ્ત થયું છે. પરિણામે તેઓ નિજ સેવકોને ભગવદ્ સેવામાં ઉપયોગી (સેવાપયોગી) દેહ આપવા રૂપી સિદ્ધિ પ્રાપ્ત કરી શક્યાં છે. અર્થાત યમુનાજી સાથે સંગમ થયા પછી તેઓ નિજ ભકતોને (જ્ઞાની છે જે એવા ભકતોને) પ્રભુના સેવકો બનાવી શકયાં છે અને તેમની પાસે પ્રભુને નિવેદન કરાવીને ભગવત્સેવા કરાવવાં લાગ્યાં છે. તેથી તેઓ પ્રભુને પ્રિય બન્યાં.

આ રીતે ગંગાજીમાં પુષ્ટિમાર્ગીય માહાત્મ્ય આવી ગયું. પરિણામે જે રીતે શ્રીયમુનાજી જીવને તનુનવત્વની સિદ્ધિ કરાવી આપીને, પ્રભુના આનંદ માટે (રમણ માટે) નૂતન સૃષ્ટિ પ્રકટ કરે છે, તેમ ગંગાજી પણ તેવું જ કાર્ય કરી શકે છે. ટૂંકમાં ભગવદ્ આવેશ પામીને ગંગાજી પણ ભગવદ્ કાર્યોનું સંપાદન કરાવી શકે છે.

શ્રુતિમાં કહ્યું છે કે જ્યાં સિતા એટલે શ્વેત ગંગાજી અને અસિતા એટલે શ્યામ યમુનાજી નામે બે સરિતાઓનો સંગાથ થાય છે ત્યાં સ્નાન કરનાર જીવને દિવ્ય અલૌકિકત્વ પ્રાપ્ત થાય છે. દિવ્ય અલૌકિકત્વ એટલે ઉપર કહ્યું તેમ પ્રભુ સેવા માટે ઉપયોગી દિવ્ય દેહની પ્રાપ્તિ.

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે કે રાસલીલા પછી શ્રીકૃષ્ણ તથા ગોપીજનોને થાક લાગવાથી તેમના શરીર ઉપર સ્મરશ્રમ જલાણુઓ ઉદ્ભવ્યાં. ત્યાર પછી ભગવાને યમુનાજીમાં જળ -ક્રીડા કરતાં તે જળકણો યમુનાજીના જળ સાથે ભળી ગયાં. ગંગાજીનો યમુનાજી સાથે સંગમ થતા યમુના જળમાં

ભળેલાં તે જળકણો (સ્મર શ્રમ જળાણુઓ) નો ગંગાજીમાં પણ આવેશ થયો. તેમ થતાં સંગમ સ્થળે સ્નાન કરનાર જીવોને, ગંગાજી પણ સાક્ષાત સેવોપયોગી દેહ સંપાદન કરાવી આપીને, તેમની પાસે ભગવદ્ સેવા કરાવે છે. તેથી તેઓ પણ ભગવાનને પ્રિય બન્યાં છે. યમુનાજીના આવેશથી યમુનાજી સદશ્ય કાર્ય શ્રીગંગાજી પણ કરે તો તેમાં શું આશ્ચર્ય !

ગંગાજીનો સંગમ યમુનાજી સાથે થતાં તેઓ મુરારિને પ્રિય થયાં એવું કહેવામાં આવ્યું છે. તો શું આપણે એમ માનવું કે સંગમ થતાં પહેલાં તેઓ ભગવાનને અપ્રિય હતાં ? બધા ટીકાકારો એ પ્રશ્નનો જવાબ હા માં આપે છે. તેઓ કહે છે હા ગંગાજી અપ્રિય હતાં કારણ કે ગંગાજળ તો ભગવાનનું ચરણ પ્રક્ષાલનનું જળ છે. અને ચરણ ધોયેલું જળ ત્યજવા યોગ્ય ગણાય.

પરંતુ મારી મંદ બુદ્ધિ અનુસાર હું એવું વિચારું છુ કે ભગવાનનાં ચરણો ધોયેલું જળ ચરણોદક કહેવાય અને ચરણોદક તો અત્યંત પવિત્ર ગણાય. બ્રહ્માજીએ પ્રભુના પગ ધોયા. તે જળ અત્યંત પવિત્ર બન્યું. સ્વર્ગ ગંગા બન્યું. પગ ધોયેલું જળ પવિત્ર ન હોય તો ભગવાનના ચરણ ધોઈને તે એકઠું કરી રાખવા જેવું અઘટિત કાર્ય બ્રહ્માજી શા માટે કરે ? તેથી ઊલટું એ જળ એટલું બધું પવિત્ર બન્યું કે દેવો અને માનવો બધાજ ભકતો તેને આંખે લગાડે છે, માથે મૂકે છે. તેનું આચમન કરે છે. તેમાં સ્નાન કરે છે. અરે ! દેવાધિ દેવ એવા મહાદેવ તો તે જળને પોતાના મસ્તક ઉપર ધારણ કરી રાખે છે. જો એ જળ પ્રભુને પ્રિય ન હોય તો સૌ આ પ્રમાણે કરે ખરા ? અને કરે તો પ્રભુને ગમે ખરું?

આથી ગંગાજળ ચરણ પ્રક્ષાલનનું જળ હોવાથી, ગંગાજી પ્રભુને અપ્રિય હતાં એવું કહેવાનું મને ઠીક લાગતું નથી. વળી આ પહેલાં કહ્યું છે કે ગંગાજી એ તો ભગવાનના શ્રીચરણકમળરૂપી કારણનું કાર્ય છે; કારણ કે તેઓ શ્રીચરણોમાંથી ઉત્પન્ન થયાં છે. તેથી શ્રીજીનાં ચરણકમળ રૂપી કારણમાં જે નિર્દોષતા, પૂર્ણ ગુણતા અને ભક્તિરૂપતા હોય તે બધી ગંગાજી રૂપી કાર્યમાં હોય જ અને છે જ. તો પછી તે પ્રભુને અપ્રિય કેવી રીતે હોય !

આથી મારી તુચ્છ બુદ્ધિ અનુસાર, યમુનાજી સાથે સંગમ થયો તે પહેલાં ગંગાજી પ્રભુને અપ્રિય હતાં એવું કહેવાને બદલે હું આ પ્રમાણે કહીશ – ''યમુનાજી સાથે સંગમ થતા પહેલાં ગંગાજી, પ્રભુને જેટલાં પ્રિય હતાં તેથી વધુ પ્રિય તેઓ શ્રીયમુનાજી સાથેના સંગમ પછી થયાં. કારણ કે સંગમ પહેલાં તેમનામાં મર્યાદામાર્ગીય માહાત્મ્ય વિપુલ પ્રમાણમાં હતું : પરંતુ સંગમ પછી તેનામાં

પુષ્ટિમાર્ગીય માહાત્મ્ય પ્રચુર માત્રામાં આવી ગયું. તેથી પુષ્ટિ પ્રભુને તેઓ વધુ પ્રિય બન્યાં.

શ્રીયમુનાજી સાથે સંગમ થતાં, ગંગાજીને પુષ્ટિમાર્ગીય માહાત્મ્ય સિદ્ધ થયું છે એ હકીકત છે; અને એ પ્રભાવ શ્રીયમુનાજીનો છે. આવાં અતુલિત પ્રભાવશાળી યમુનાજીનાં યથોચિત ગુણ માહાત્મ્ય આદિનું વર્ણન કોણ કરી શકે? કોઈ પણ નહીં અને જ્યારે તેમના માહાત્મ્યનું વર્ણન જ ન કરી શકાય ત્યાં તેમની બરોબરી કરનાર કોણ હોઈ શકે ? ત્યાં શ્રીમહાપ્રભુજીને લક્ષ્મીજીનો વિચાર આવતાં, આપશ્રીએ કહ્યું, ''કદાચ તેમની બરોબરી (સમાનતા) જો કોઈ કરી શકે તો કેવળ લક્ષ્મીજી જ કરી શકે. કારણ કે લક્ષ્મીજી ભગવાનની પત્ની અને યમુનાજીની સપત્ની છે. અને તેઓ એકલાં જ યમુનાજી જેવાં સૌભાગ્યશાળી છે. તેઓ નિરંતર પ્રભુના હૃદયમાં બિરાજે છે. અને શ્રીહરિની પાદસેવા નિત્ય કરે છે. કદાચ તેમણે શ્રીહરિની પાદસેવા કરવાનો એકાધિકાર જમાવી દીધો છે.

તેમ છતાં, એવાં એ લક્ષ્મીજીને પુષ્ટિમાર્ગીય લીલા સાથે કોઈ સંબંધ નથી. પુષ્ટિ પ્રભુ શ્રીકૃષ્ણની લીલાઓ સાથે તેમનો સંબંધ બહુ સ્વલ્પ છે. કેવળ દ્વારકાલીલામાં તેમનો સંબંધ જોઈ શકાય છે.

વળી લક્ષ્મીજી નિજ ભક્તોનો આધ્યાત્મિક ઉત્કર્ષ સાધી શકતો નથી. તેઓ પોતાના ભક્તોને ઉત્તમ ફલદાન કરી શકતાં નથી. નિજ ભક્તોના કલિ સુલભ દોષોને દૂર કરવાની વાત તો દૂર રહી તેઓ તો તેમને (નિજ ભક્તોને) કલિના પાશમાં ગૂંચવીને - માયા જાળમાં ફસાવીને - તેમનો ભ્રાંત કરે છે. લક્ષ્મીજીના ભક્તોને લક્ષ્મીજી પ્રાપ્ત થતાં તેઓ ભગવાનને ભૂલી જાય છે. લક્ષ્મીજી ભગવાનનાં સ્વપત્ની તો છે જ પરંતુ ઉપર્યુકત કારણવશ કોઈપણ ભક્ત કેવળ લક્ષ્મીજીનો ભક્ત બનતો નથી. તે લક્ષ્મીનારાયણનો ભક્ત બને તો તેની ભ્રાંતિ મટે અને તે આધ્યાત્મિક ઉન્નતિ તરફ પગલાં પાડી શકે.

આ રીતે યમુનાજી અને લક્ષ્મીજી બન્નેનું સૌભાગ્ય સંયમ હોવા છતાં પ્રભુને લક્ષ્મીજી કરતાં યમુનાજી વધુ પ્રિય છે. કારણ કે તેઓ ભગવદ્ કાર્ય કરે છે અને ભગવાનના ભક્તોને ભક્તિભાવ પ્રદાન કરીને તેમની પાસે ભગવદ્ ગુણગાન કરાવી શકે છે.

અહીં શ્રીમહાપ્રભુજીએ યમુનાજીને કલિંદયા કહ્યા છે. કલિંદયા એટલે કલિરૂપી દોષોનો નાશ કરનાર અને એ રીતે ભક્તોને ભક્તના માર્ગે ચલાવનાર.

આવાં અતુલિત ઐશ્વર્ય વાળા હે યમુનાજી ! આપ મારા મનમાં સદા

સ્થિર રહો. (સ્થિતિ કરીને રહો) આ શ્લોકમાં કાલિન્દયા શબ્દ દ્વારા યમુનાજી ''કલિ સુલભ દોષ નિવારક'' નામે પાંચમાં ઐશ્વર્યનું વર્ણન કરવામાં આવ્યું છે.

આ રીતે પાંચમા શ્લોકમાં યમુનાજીનું સાદશ્ય (સમાનતા) કોઈ પણ ધરાવી ન શકે એવું કહીને, તેમના ગુણો આદિનું વર્ણન કરવાની જીવની આસકિત પ્રકટ કરવામાં આવી છે. તો પછી જીવે શું કરવું ? જો એમ છે તો હવે શ્રીયમુનાજીને નમન કરવાની ભાવના જીવમાં જાગે તે માટે પણ ભગવદ્ અનુગ્રહની જરૂર રહે છે. પ્રભુની કૃપા ન થાય ત્યાં સુધી જીવમાં શ્રીયમુનાજીને નમન કરવાની ઈચ્છા જ ઉદ્ભવતી નથી. આથી શ્રીમહાપ્રભુજી છઠ્ઠા શ્લોકની શરૂઆત શ્રીયમુનાજીને નમસ્કાર કરીને કરે છે.

નમોડસ્તુ યમુને સદા તવ ચરિત્રમત્યદ્ભુતં
ન જાતુ યમ-યાતના ભવતિ તે પયઃપાનતઃ ॥
યમોડપિ ભગિનીસુતાન્ કથમુ હન્તિ દુષ્ટાનપિ
પ્રિયો ભવતિ સેવનાત્ તવ હરેર્યથા ગોપિકાઃ ॥ ૬ ॥

ભાવાર્થ : હે યમુને ! આપને સદૈવ નમસ્કાર હો. આપનું ચરિત્ર અતિ અદ્ભુત છે. આપનું પયપાન (જલનું પાન) કરવાથી યમ-યાતના કદી થતી નથી. કારણો-પોતાના ભાણેજો ગમે તેટલા દુષ્ટ હોય તો પણ યમરાજ તેમને કદી ન મારે (યમપાશમાં ન બાંધે); આપની સેવા કરવાથી, જે રીતે કાત્યાયની વ્રત કરનાર કુમારિકા ગોપીજનો પ્રભુને પ્રિય બન્યાં હતાં તે રીતે જીવ પ્રભુને પ્રિય બની જાય છે.

વિવેચન : આ રીતે શ્રીયમુનાજીનું સાદશ્ય (સરખામણી) કોઈથી પણ ન થઈ શકે એવું કહીને તેમનું અધિક વર્ણન કરવાની જીવની અશકિત પ્રકટ કરવામાં આવી છે. જો યથાયોગ્ય વર્ણન ન કરી શકાય તો શું કરવું ? તો હવે શ્રીયમુનાજીને નમસ્કાર કર્યા સિવાય બીજો કોઈ ઉપાય નથી. અને નમન પણ ભગવદ્ અનુગ્રહ હોય તો જ થાય એટલા માટે છઠ્ઠા શ્લોકની શરૂઆત નમોસ્તુ શબ્દથી કરવામાં આવી છે.

યમુનાજી ભક્તોનો ઉત્કર્ષ સાધી આપે છે. અને તેમને ભક્તિદાન આપીને તેમને ઉદ્ધાર કરે છે. આવાં શ્રીયમુનાજી જીવ માત્રને માટે ઉપકારક છે. આપણાં ઉપર જે ઉપકાર કરે તેના ઉપર ઉપકાર કરીને આપણે તેના ઋણમાંથી મુકત થઈ શકીએ છીએ. પરંતુ શ્રીયમુનાજીના અનેક-વિધ ઉપકારોનો યત્કિંચિત બદલો

વાળી શકાતો નથી. તો પછી કરવું શું ? તો કે બે હાથ જોડી મથું નમાવી નમસ્કાર કરવા.

પરંતુ જીવ કદાચ યમુનાજીને નમસ્કાર કરવા ઈચ્છે તો પણ તેના મનમાં યમુનાજીને નમન કરવાની ભાવના થવી અતિ દુર્લભ છે. જીવનું એ સૌભાગ્ય ક્યાંથી કે તે યમુનાજીને નમન કરી શકે ! જીવ કોઈને પણ ત્યારે જ નમન કરી શકે જ્યારે નમન પાત્ર વ્યક્તિના માહાત્મ્યનું જ્ઞાન હોય. જેમકે જીવ ભગવાનને નમન જરૂર કરી શકે છે. જીવસ્તુ ભગવતિ નમનમેય કાર્યં, ન અન્ય. કારણ કે ભગવાનનું માહાત્મ્ય શાસ્ત્રોમાં વર્ણવેલું છે. તેમના માહાત્મ્યનું જ્ઞાન થતાં તેમને નમન કરવાનું જીવ માટે સુલભ બને છે.

પરંતુ યમુનાજીનું માહાત્મ્ય ત્યારે જ જાણી શકાય જ્યારે જીવનો પુષ્ટિ લીલાસૃષ્ટિમાં પ્રવેશ થાય. અને પુષ્ટિલીલાને અનુકૂળ ભાવથી તે સંપન્ન બને. માત્ર એવું થાય ત્યારે જ તે યમુનાજીનું માહાત્મ્ય સમજીને તેમને નમન કરી શકે. આમ, શ્રીયમુનાજીને નમન કરવું તે પણ દુર્લભ કાર્ય છે. તેથી આ શ્લોકના પ્રથમ ચરણમાં યમુનાજીને નમન કરવા રૂપી દુર્લભ સૌભાગ્યની પ્રાપ્તિ માટે શ્રીયમુનાજીની પ્રાર્થના કરવામાં આવી છે. અહીં નમોસ્તુ શબ્દ પ્રાર્થના વાચક બની ગયો છે. અને તેનો અર્થ આ પ્રમાણે સમજવાનો છે – ત્વયિ નમનમપિ દુર્લભં; અતઃ પ્રાર્થ્યતે ।

એટલા માટે તો શ્રીમહાપ્રભુજીએ ‘હે યમુનાજી ! હું આપને નમન કરું છું એવું નથી કહ્યું; પરંતુ શ્રીયમુનાજીને નમસ્કાર હો એવું કહ્યું છે. એવું કહીને આપશ્રીએ સ્પષ્ટપણે કહ્યું છે કે ‘ભગવત્પ્રિયા યમુનાજીને નમન કરવાનું અતિ દુર્લભ છે.’

તવ ચરિત્ર મત્યદ્‌ભુતમ્ – શ્રીકૃષ્ણનું ચરિત્ર અદ્‌ભુત છે, આચાર્યશ્રી નિબંધમાં આજ્ઞા કરે છે – નમો ભગવતે તસ્મૈ, કૃષ્ણાયાદ્‌ભુત કર્મણે. આપશ્રી અદ્‌ભુત કર્મવાળા કૃષ્ણને નમસ્કાર કરવાની આજ્ઞા કરે છે. તેમાં સ્પષ્ટપણે કહ્યું છે કે કૃષ્ણનું ચરિત્ર અદ્‌ભુત છેઃ પરંતુ યમુનાષ્ટકમાં આપશ્રી કહે છે કે તવ ચરિત્ર મત્યદ્‌ભુતમ અર્થાત યમુનાજી, તમારું ચરિત્ર અતિ અદ્‌ભુત છે. અતિ અદ્‌ભુત હોવાથી તેમને નમન કરવાનું કાર્ય દુર્લભ છે. એવું વિચારીને જ આપશ્રી કહે છે. જો શ્રીયમુનાજીને જીવ દ્વારા નમન થઈ શકે તો ભલે તેમને નમન હો.’’

અદ્‌ભુત ચરિત્ર કો’ને કહેવાય ? જેનામાં અસાધનને સાધન બનાવી દેવાની શક્તિ હોય તેનું ચરિત્ર અદ્‌ભુત કહેવાય. કામભાવ એ ભગવદ્ પ્રાપ્તિ

માટેનું સાધન નથી (અસાધન છે) પરંતુ ગોપીજનોએ કામભાવથી ભગવદ્ પ્રાપ્તિ કરી. (ગોપ્યઃ કામવત્) અર્થાત્ ગોપીજનોનો કામભાવ કે જે ભગવદ્ પ્રાપ્તિ માટેના અસાધન રૂપ છે. તેને પ્રભુપ્રાપ્તિ માટેનું સાધન બનાવી દીધું એટલે કે અસાધન એવા કામ દ્વારા વ્રજસુંદરીઓએ ભગવાનને પ્રાપ્ત કરી લીધા. એનું કારણ એ છે કે તેમણે ભગવાનને પોતાની કામભાવનાનો વિષય બનાવ્યા આથી પ્રભુએ કામ રૂપે તેમનામાં પ્રવેશ કર્યો. પરિણામે ગોપીજનોને ભગવદ્ પ્રાપ્તિ થઈ. આવું કાર્ય (ચરિત્ર) અદ્ભુત કહેવાય કે નહીં ?

પરંતુ યમુનાજીનું ચરિત્ર તો અતિ અદ્ભુત છે. એટલે કે કૃષ્ણના ચરિત્રથી પણ વધુ અદ્ભુત છે. જુઓ તો ખરાં - કેવળ યમુનાપાનથી જ તેઓ ફલસિદ્ધિ કરાવી આપે છે. અહીં માહાત્મ્ય જ્ઞાનની કે ભકિતભાવ રાખવાની કોઈ આવશ્યકતા નથી. અજાણ્યો અધર્મી નહાઈ જાય કે અજાણતાં (ભાવ વગર) પણ કોઈ તેનું પયઃપાન (જલપાન) કરી જાય તો પણ તેને 'યમયાતનામાંથી મુક્તિ' રૂપી ઉત્તમ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. આ છે અતિ અદ્ભુત ચરિત્ર.

જીવને તરસ લાગે ત્યારે તે યમુના જળનું પાન કરે. તેમ કરવાથી તેની તરસ છિપાય. જ્યારે તેને તરસ લાગે ત્યારે તે યમુનાજીના માહાત્મ્યને સમજીને અથવા પયપાન કરવાથી હું યમ યાતનામાંથી છુટી જઈશ એવા કોઈ ભાવથી તે યમુના પાન કરતો નથી. તેને તરસ લાગી છે તે છિપાવવા માટે જ તે યમુનાજળનું પાન કરે છે. છતાં અતિ અદ્ભુત ચરિત્રવાળાં યમુનાજી તેને યમ યાતનામાંથી મુક્ત કરે છે.

યમુનાજીના પયઃપાનથી જીવ યમયાતનામાંથી મુકત થાય છે એ બાબતનું કોઈ પ્રમાણ છે ખરું ? તો કે હા; છેઃ ઉત્તમ પ્રમાણ છે. એને તે એ કે શ્રીયમુનાજી સૂર્યની પુત્રી છે. અને તે સૂર્યપુત્ર યમરાજાની નાની બહેન છે. શાસ્ત્રમાં બહેનના બાળકોને (ભાણેજોને) પૂજ્ય માનવામાં આવ્યાં છે. યમુનાજીનું પયઃપાન કરનાર યમુનાજીનાં બાળકો ગણાય. તે બધાં યમરાજાનું ભાણેજો ગણાય. શાસ્ત્રાજ્ઞા પ્રમાણે ભાણેજ અવધ્ય છે. પવિત્ર છે. પૂજ્ય છે. આથી યમરાજા પોતાના ભાણેજોને (યમુનાજીનું પયઃપાન કરવાથી તેમના પુત્ર બનેલા જીવોને) યાતના ન જ આપે. તેઓ તેમને યમપાશથી ન બાંધે એ સ્વાભાવિક છે. (અલબત્ત મામા કંસ આમા અપવાદ રૂપ છે)

આ તો તર્ક પ્રમાણ આપ્યું-લૌકિક ગણાય તેવું છે આ પ્રમાણ. તો એ શાસ્ત્રોક્ત પ્રમાણ આપવું પડશે. શાસ્ત્રમાં (યમુના માહાત્મ્યમાં) કહ્યું છે -

વિનિગ્રાહ્યાસ્ત્વા ભ્રાતર્યે નરાઃ પાપકારિણાઃ । તાનહં તારયિષ્યામિ પ્રાપ્સ્યામિ ચ સુરાલયમ્ અર્થાત્ હે ભાઈ ! જે પાપીજનોને તારે શિક્ષા કરવાની છે. તેમને હું તારીશ. અને તેમને સુરાલયની પ્રાપ્તિ કરાવીશ. આ છે તેમનું અતિ અદ્‌ભુત કાર્ય. પાપીને તો શિક્ષાજ હોય - પરંતુ તેમને તારીને સુરાલયમાં મોકલવાનું કાર્ય કરનારનું ચરિત્ર અતિ અદ્‌ભુત ગણાય.

હકીકત એ છે કે શ્રીયમુનાજીમાં જીવને ભગવદ્ પ્રીતિનું પાત્ર બનાવી દેવાની શક્તિ છે. એ શક્તિ અદ્‌ભુત ગણાય. જે જીવ જ્ઞાન અને ભાવથી હીન હોય, જે માત્ર વાસના અને રસનાનો દાસ હોય, જે જન્મ-મરણનાં પ્રવાહમાં તણાતો હોય, અને જે અવિદ્યાથી ગ્રસ્ત હોય દોષોથી ભરેલો હોય તેવા જીવને પણ યમુનાજી ભગવદ્ પ્રાપ્તિ સંપાદન કરાવી આપે છે. જો કોઈ સર્વ દોષોથી ભરેલો જીવ શ્રીયમુનાજીનો દાસ બની રહે તો યમુનાજીના સ્વામી શ્રીકૃષ્ણનો પ્રિયપાત્ર તે બની જાય એમાં કોઈ સંદેહ નથી. કારણ કે યમુનાજીનો પ્રભુ સાથે નિત્ય અતૂટ સંબંધ હોવાથી, તેના દાસનો અંગીકાર પ્રભુ અવશ્ય કરે.

યમુનાજી તો ભક્તિ સ્વરૂપા છે. ભક્તિરસનું પાન (યમુના જલપાન) કરનાર, ભગવદ્ ભક્ત બને છે. અને ભગવાન પ્રતિજ્ઞાપૂર્વક કહે છે કે ન મે ભક્તાઃ પ્રણશ્યતિ - એટલે કે મારા ભક્તોનો વિનાશ (યમપાશથી બંધન) કદી ન થાય.

કહ્યું છે કે ‘પ્રિયો ભવતિ સેવનાત્ - એટલે કે યમુનાજીની સેવા કરવાથી જીવ પ્રભુને પ્રિય થાય છે. કોઈ તો બતાવો જે આ રીતે પ્રભુને પ્રિય થયો હોય ! તો સાંભળો - પેલાં કાત્યાયની કા વ્રત કરનાર કુમારિકા અનન્યપૂર્વા ગોપીજનોએ યમુનાજીનું સેવન કર્યું. તેમણે યમુના સ્નાન, પાન અને ધ્યાન કર્યું તો તેઓ પ્રભુને પ્રિય બની ગયાં. પ્રભુ પોતે તેમની પાસે પધાર્યા અને પોતાના મિલન આડેના આવરણ રૂપી તેમના વસ્ત્રોનું હરણ કર્યું. પ્રભુએ તેમને શરદ ઋતુમાં મિલનનું વરદાન આપ્યું. અને રાસલીલાની વેણુનું અનંગ વર્ધન ગીત સાંભળવાનો અધિકાર આપ્યો. તેનું એક માત્ર કારણ, એ છે કે તેમણે નિષ્ઠાપૂર્વક શ્રીયમુનાજીનું સેવન કર્યું હતું.

આ શ્લોકમાં ભગવદીયના ઉત્કર્ષમાં અભિવૃદ્ધિ કરવાના સામર્થ્ય રૂપી શ્રીયમુનાજીના છઠ્ઠા ઐશ્વર્યનું નિરૂપણ કરવામાં આવ્યું છે. શ્રીહરિરાયજીનો પણ આવોજ મત છે. પરંતુ શ્રીપુરુષોત્તમજીના મત પ્રમાણે તેમાં શ્રીયમુનાજી નિજ સેવકો માટે ગોપીકાવત્ ભગવદ્ પ્રિયત્વ સંપાદન રૂપી છઠ્ઠું ઐશ્વર્ય છે.

છઠ્ઠા શ્લોકમાં શ્રીયમુનાજીના સ્વરૂપ સામર્થ્યનું અપ્રમાણ પ્રતિપાદન કર્યું. હવે સાતમાં શ્લોકમાં ભગવાનના પ્રિયભાવન બનવા માટે જે આવશ્યક અને વાંછનીય ગુણો છે તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

મમાસ્તુ તવ સન્નિધૌ તનુ-નવત્વમેતાવતા
ન દુર્લભતમા રતિર્ મુરરિપૌ મુકુન્દપ્રિયે ॥
અતોડસ્તુ તવ લાલના સુર-ધુની પરં સઙ્ગમાત્
તવૈવ ભુવિ કીર્તિતા નતુ કદાપિ પુષ્ટિસ્થિતૈઃ ॥ ૭ ॥

ભાવાર્થ : મુકુંદ ભગવાન (મુક્તિ આપનાર ભગવાન શ્રીકૃષ્ણ)નાં હે પ્રિયે ! આપના સાન્નિધ્યમાં મારા દેહને નવત્વની પ્રાપ્તિ થાવ. એટલે કે તે લીલોપયોગી બને તેવું થાવ. કારણકે તેનું નવત્વ થતાં, ભગવાન મુરારિમાં પીતિ થવી એ દુર્લભ વસ્તુ નથી. પરંતુ જ્યાં સુધી તનુ નવત્વની પ્રાપ્તિ નથી થઈ ત્યાં સુધી, હે યમુને, આપની સ્તુતિ કરવામાં અસમર્થ એવો હું, પ્રેમાતિરેકથી તારા ગુણોનું સંકિર્તન કરું તો મારાં એ લાલના (સ્નેહોદ્ગાર, લાડથી ઉચ્ચારાયેલા શબ્દો) ને આપ સ્તુતિ રૂપ માની લો.

આ લોકમાં ગંગાજીનાં ગુણ સંકિર્તન આપની સાથે તેમનો સંગમ થયા પછી જ થવા લાગ્યાં છે. આપના સંબંધ વગરનાં એકલાં ગંગાજીની સ્તુતિ પુષ્ટિભક્તો કદી કરતા નથી.

વિવેચન : મમાસ્તુ તવ સન્નિધૌ તનુ નવત્વ - શ્રીયમુનાજીના તટ નજીક નિવાસ કરનાર, શ્રીયમુનાજીમાં સ્નાન, પાન આદિ કરીને યમુનાજીનું સેવન કરે છે. તેમ કરતાં તે મુક્તિથી પણ અધિક ઉત્તમ એવી ભક્તિ (ભગવદ્ પ્રતિરૂપ ભક્તિ) પ્રાપ્ત કરી શકે છે. વસ્તુતઃ યમુનાજી સાથે કોઈપણ પ્રકારે સંબંધ રાખવાથી જીવ કૃતાર્થ બને છે. શ્રીયમુનાજીના આધિભૌતિક જળ સ્વરૂપની નિકટ સ્થિતિ કરવાથી જ જો આવા અલભ્ય સૌભાગ્યની પ્રાપ્તિ થતી હોય તો તેમના આધિદૈવિક સ્વરૂપની નિકટ જીવની સ્થિતિ થાય તો તેને લીલોપયોગી નૂતન દેહની પ્રાપ્તિ અવશ્ય થાય. એવું સમજીને અહીં એવા નૂતન દેહની પ્રાપ્તિની યાચના કરવામાં આવી છે.

શ્રીહરિરાયજીના મત પ્રમાણે શ્રીમહાપ્રભુજીએ અહીં તનુ નવત્વ પદનો પ્રયોગ કર્યો છે, નવ તનુત્વનો પ્રયોગ કર્યો નથી. તનુ નવત્વ પદ દ્વારા આપશ્રીએ આ જ શરીર નવું બને એવી પ્રાર્થના કરી છે. જો આ શરીરને બદલે નવું શરીર

મળે એવી પ્રાર્થના કરવી હોત તો આપશ્રીએ નવ તનુત્વ પદનો ઉપયોગ કર્યો હોત.

શ્રીગોકુલનાથજીના મત પ્રમાણે તનુ નવત્વ એટલે પૂર્વના દેહની નિવૃત્તિ થવી તે; એનો અર્થ કે પૂર્વ દેહનો નાશ ન થાય; દેહ તો એનો એ જ રહે પરંતુ તે દેહમાં પહેલાં જે લૌકિક ધર્મો રહેતા હતા તેનો લોપ (નિવૃત્તિ) થઈ જાય અને તેમાં અલૌકિક ધર્મોનો આવિર્ભાવ થાય. બ્રહ્મસંબંધ થતાં જીવને નવો જન્મ મળે છે. - દેહ તો એ તો એ જ રહે છે. છતાં નવો (આધિભૌતિક જન્મ છૂટીને તેને બદલે આધ્યાત્મિક) જન્મ મળે છે. એટલે કે સર્વ દોષોની નિવૃત્તિ થઈ જીવ નિર્દોષ બની જાય છે. અને એ નિર્દોષ થયેલ જીવનો બ્રહ્મની સાથે સંબંધ કરાવવામાં આવે છે. બસ, એના જેવું જ અહીં સમજવાનું છે. યમુનાજીના સેવનથી પૂર્વના દેહના બધા લૌકિક ધર્મોની નિવૃત્તિ થાય છે. અને અલૌકિક ધર્મોનો આવિર્ભાવ થાય છે. દેહ બદલાતો નથી. અર્થાત તનુ નવત્વમાં શરીરની સત્તા તો પૂર્વવત રહે છે. પરંતુ તેનામાં રહેલ લૌકિકત્વની નિવૃત્તિ થાય છે. અને તેનામાં અલૌકિકત્વનો ઉદય થાય છે.

એક લૌકિક ઉદાહરણ દ્વારા આ વાત સારી રીતે સમજાઈ જશે. માટીમાંથી બનાવેલ કાચા ઘડામાં જલને ધારણ કરવાનો ધર્મ (શકિત) હોતો નથી. પરંતુ જ્યારે તેને અગ્નિમાં તપાવીને પાકો બનાવવામાં આવે છે ત્યારે તેમાં તેવો ધર્મ (શક્તિ) આવી જાય છે. કાચા અને પાકા ઘડામાં માટી અને આકાર પ્રકાર (રૂપ) તો એ જ રહે છે. છતાં એક સ્વરૂપની નિવૃત્તિ થઈને બીજું નવું સ્વરૂપ તેને મળે છે. એવું જ તનુ નવત્વનું સમજવું.

તનુ નવત્વ પદ દ્વારા એવી પ્રાર્થના કરવામાં આવી છે કે હે યમુનાજી, આપ અમારા પૂર્વ દેહને નૂતનત્વ (નવીનતા) આપો. પૂર્વ દેહનો નાશ થઈને જ જો બીજો નવો દેહ મળવાનો હોય તો આ દેહને નવીનતા (તનુ નવત્વ) આપે એવું કહેવાનો કોઈ અર્થ નથી. અર્થાત યમુનાજીની સન્નિધિથી જે દેહ પહેલાં લીલોપયોગી ન હતો તે દેહને લીલોપયોગી બનાવી દેવાની પ્રાર્થના કરવામાં આવી છે. 'યસ્તુ' શબ્દ પ્રાર્થના વાચક છે. યસ્તુ એટલે થાવ.

અને જે દેહ લીલોપયોગી થાય તો, એટલું થવા માત્રથી જ પ્રભુમાં રતિ થવી દુર્લભ નથી રહેતી; તે સુલભ બની જાય છે. પ્રભુને લીલોપયોગી દેહ પ્રિય થશે જ અને એવો લીલોપયોગી દેહ શ્રીયમુનાજીની સન્નિધિથી જ થઈ શકે. જે રીતે શ્રીગુસાંઈજીની સેવકની કિશોરીબાઈ એવું તનુ નવત્વ મળ્યું હતું તે રીતે.

શ્રીગુસાંઈજીની સેવક એવાં કિશોરીબાઈ ગુજરાતના એક બ્રાહ્મણ કુટુંબમાં જનમ્યાં હતાં. તેમનો પિતા ગુસાંઈજીનો સેવક હતો. તેને બે દીકરી હતી. નાની દીકરીનું નામ કિશોરીબાઈ. પિતાએ પોતાની બન્ને દીકરીઓને ગુસાંઈજીની સેવક બનાવી હતી. તેને કિશોરીબાઈ પ્રિય હતી. તેથી તેની પાસે તે રોજ યમુનાષ્ટકનો પાઠ કરાવતો. પરંતુ કિશોરીબાઈને માત્ર બે જ પંક્તિ યાદ રહી ગઈ હતી.

વિશુદ્ધ મથુરા તટે સકલ ગોપ ગોપી વૃતે ।
કૃપા જલધિ સંશ્રિતે મમ મનઃ સુખં ભાવય ॥

પિતાએ કિશોરીબાઈનો વિવાહ કર્યો. પરંતુ તેનો પતિ મરી ગયો. પછી પિતા પણ મર્યો. કિશોરીની મોટી બહેન તેની દેખરેખ રાખતી હતી. પરંતુ વીસ વર્ષની વયે કિશોરીને શિતળા નિકળ્યા... તેને કારણે તે લુલી-લંગડી બની ગઈ. કાનથી ઓછું સંભળાય. મુખથી સરખું બોલાય નહીં. તે શ્રદ્ધાપૂર્વક આખો દિવસ ઉપર્યુકત અર્ધા શ્લોકનો પાઠ કર્યા કરે.

અને શ્રીયમુનાજીએ તેના મનનું શુભ વિચાર્યું. તેને તનુ નવત્વ આપ્યું. તેનો એ નો એ જ દેહ લીલોપયોગી બનાવી દીધો. સ્વયં યમુનાજી જેની ટહેલ કરતાં તેવા કિશોરીબાઈને તનુ નવત્વ ન મળે તો બીજા કો'ને મળે ? લીલોપયોગી દેહ મળતાં તે સેવા કરી શક્યાં. પ્રભુની પ્રીતિ સંપાદન કરી શક્યાં. બધા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો આ વાત જાણે છે.

તનુ નવત્વનો આવો અર્થ છે. અને શ્રીયમુનાજીની સન્નિધિથી તનુ નવત્વ પ્રાપ્ત થતાં, જીવ પ્રભુનો પીતિ પાત્ર બને છે.

આમ તો પરમાત્મામાં પ્રીતિ થવી એ બહુ દુર્લભ છે. પરંતુ જ્યારે શ્રીયમુનાજી જીવનો દેહને સેવોપયોગી બનાવી દે ત્યારે પોતાના એવા લીલોપયોગી દેહને પ્રભુ સેવામાં રાત્રીનો જીવન, અત્યંત સુલભતાથી, (દુર્લભતાથી નહીં) પ્રભુની પ્રીતિ પ્રાપ્ત કરે છે.

શ્રીયમુનાજીનો નિત્ય સંબંધ (સન્નિધિ) થતાં, ભગવાનમાં રતિ (ભક્તિ) ઉત્પન્ન થવામાં જો કોઈ પ્રતિબંધ આવે તો ભગવાન તે પ્રતિબંધોને દૂર કરે છે. એવો ભાવ લાવવા માટે અહીં મુરરિપુ પદનો પ્રયોગ કર્યો છે. જેમ પ્રભુએ જલના દોષ રૂપ મુર દાનવનું નિવારણ કર્યું હતું તેમ યમુનાજીના સંબંધને કારણે જીવના બધા દોષોનું નિવારણ કરવા આડેના અથવા ભગવદ્ ભક્તિની સિદ્ધિના માર્ગમાં આડે આવતા બધા પ્રતિબંધોનું નિવારણ, અવશ્ય થશે એવું સૂચન મુરરિપુ પદ દ્વારા થાય છે. મુરનો ઉચ્છેદ કરવો એટલે ભક્તિના (પ્રીતિના) માર્ગ

આડે આવતા પ્રતિબંધોને દૂર કરવા. મુર ૧૬,૦૦૦ રાજકન્યાઓની કૃષ્ણ પરત્વેની ભક્તિના માર્ગમાં પ્રતિબંધ રૂપ હતો. તેને મારીને ભગવાને એ પ્રતિબંધ દૂર કર્યો હતો.

અહીં મુકુંદ પ્રિયે પદ યોજવામાં આવ્યું છે. મુકુંદ એટલે મોક્ષ દેનાર. મોક્ષનો અર્થ મુક્તિ લઈએ તો પણ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ મુક્તિની કામના કદી ન કરે. એને જે ભગવાન કેવળ મુક્તિ આપે તેવા ભગવાનની સેવા ન કરે. તે તો ભક્તિ આપનાર ભગવાનને ભજે તો પછી અહીં મુક્તિદાતા (મુકુંદ)ની પ્રિયે એવું શા માટે કહ્યું છે ? હું જાણું છું ત્યાં સુધી ગો. શ્રીગોકુલનાથજીએ આ વાત સમજાવી છે. મુક્તિ એટલે સ્વર્ગવાસ કે કેવળ મોક્ષ નહીં; પરંતુ મુક્તિ એટલે પોતાના અન્યથા રૂપને છોડીને પોતાના (સ્વ) રૂપને પામવું તેનું નામ મુક્તિ. અર્થાત અહંતા મમતાથી પ્રેરાયેલ સ્વરૂપને છોડીને ભગવાનના અંશ રૂપ, દાસરૂપ સ્વરૂપને પાળવું તેનું નામ મુક્તિ. આ અર્થમાં મુકુંદનું નામ લેવાનું છે. શ્રીમહાપ્રભુજીએ એજ અર્થ કર્યો છે - શિક્ષાશ્લોકમાં અંતે શ્રીભગવદ્ વાકય તરીકે કહ્યું છે -

મુક્તિર્હિત્વાન્યથા રૂપમ્ સ્વરૂપેણ વ્યવસ્થિત ।

આવી મુક્તિ મળે એટલે ભક્તિની પ્રાપ્તિ થઈ ગણાય. દાસત્વ ભક્તિના પાયામાં રહેલી મૂળભૂત ભાવના છે. તેથી અહીં મુક્તિ અને ભક્તિ સમાનાર્થી શબ્દો બની ગયા છે.

મુક્તિ (મોક્ષ) આપે છે ભગવાન સહજમાં; પરંતુ તે ભક્તિ આપે છે. જવલેજ કોઈને. અર્થાત મુક્તિ આપવી એ પ્રભુની સહજ પ્રવૃત્તિ છે. પરંતુ શ્રીયમુનાજી એ મુકુંદની પ્રિયા છે. તેમની પ્રિયાના અનુરોધથી, તેના સેવકોને ભગવાન ભક્તિનું દાન કરવા માટે બાધ્ય બની જાય છે. નિજ પ્રિયતમાનો અનુરોધ થાય પછી તેનો પ્રિયતમ તેને માટે શું ન કરે ? તેથી એમ સમજવું કે શ્રીયમુનાજીના કૃપાપાત્ર સેવકોને ભગવદરતિ (ભક્તિ) રૂપી સૌભાગ્યની પ્રાપ્તિમાં ન તો કોઈ પ્રતિબંધ છે કે ન કોઈ વિલંબ છે. પુષ્ટૌ નૈવ વિલંબયેત ।

અતોસ્તુ તવ લાલના - તનુ નવત્વ રૂપી સંપત્તિ મેળવી આપનાર અને ભગવદીયત્વનું સંપાદન કરાવી આપનાર એટલે કે સ્વતંત્ર રૂપે ભક્તિ દાન કરવામાં સમર્થ એવી હે યમુના ! અત્યારે તો હું અલૌકિક ધર્મોથી સર્વથા રહિત છું. તેમ છતાં જ્યાં સુધી મારા આ લૌકિક ભાવ યુકત દેહમાંથી લૌકિક ભાવોની નિવૃત્તિ ન થાય (અને અલૌકિક ભાવોથી યુકત નવો દેહ ન મળે) ત્યાં સુધી મેં આપનું

પ્રેમાતિશયપૂર્વક કરેલ ગુણ સંકીર્તન (એટલે કે લાલના) ને જ આપ સ્તુતિ રૂપે સ્વીકારો.

માહાત્મ્ય જ્ઞાનપૂર્વક કરેલ ગુણ સંકિર્તનને સ્તુતિ કહેવામાં આવે છે; પરંતુ કેવલ પ્રેમાવેશમાં નીકળી ગયેલ ઉદ્‌ગારો, શબ્દોને સ્તુતિ ન કહેવાય. તેને તો માત્ર લાલના કહેવાય. પરંતુ આપનો મહિમા અનંત હોવાથી આપની સ્તુતિ કરવાનું જીવ માટે અશકય છે. અને લાલના રૂપી ગુણોનું કીર્તન પણ જે હું કરી રહ્યો છું તે પણ આપની કૃપાથી જ થાય છે.

સુરધુની પરં સંગમાત્ તવૈવ ભુવિ કીર્તિતા - ઉપર કહ્યું કે શ્રીયમુનાજીનો મહિમા અનંત હોવાને કારણે તેમની સ્તુતિ કરવાનું શકય નથી. અને યમુનાજી સાથેના સંગમને કારણે ગંગાજીમાં પણ તનુ નવત્વ રૂપી ફલ પ્રદાન કરવાની શક્તિ છે. તો પછી, શ્રીગંગાજીની સ્તુતિ કરીને એ જ ફળ શા માટે પ્રાપ્ત ન કરવું ?

તેનો ઉત્તર એ છે કે યમુનાજી સાથેના સંગમથી, ગંગાજીમાં તનુ નવત્વ પ્રદાન કરવાની અલૌકિક શક્તિ આવી છે. તેથી એકલાં ગંગાજીની સ્તુતિ કરવાથી ફલપ્રદાન થતું નથી. પુષ્ટિમાર્ગમાં યમુનાજીથી અલગ ગંગાજીની ન તો સ્તુતિ થાય છે, ન તેમનો મહિમા ગવાય છે. એટલા માટે કહ્યું છે કે 'ન તુ કદાપિ પુષ્ટિ સ્થિતૈઃ'

પુરાણોમાં ગંગા-માહાત્મ્યનું સંકીર્તન કરવામાં આવ્યું છે. પરંતુ તે કેવળ ગંગાજીનું જ - શ્રીયમુના સાથે ભળેલ ગંગાજીનું નહીં. ગંગાજી જે સિદ્ધિઓ (મોક્ષ દાન જેવી) આપે છે તે બધી મર્યાદા માર્ગીય સિદ્ધિઓ છે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો માટે એ બધી સિદ્ધિઓનું કશું મહત્વ નથી. પુષ્ટિમાર્ગીયોને મોક્ષ ન ખપે. પુષ્ટિમાર્ગ નો નિઃસાધન જીવોને, સહજમાંજ પ્રભુનો અનુગ્રહ કરાવનાર પુષ્ટિપ્રભુ શ્રીકૃષ્ણનો સાક્ષાત્કાર કરાવે છે. ભજનાનંદ પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળો જીવ જો યમુનાજીની સ્તુતિ કરે તો તેને ભજનાનંદની પ્રાપ્તિ અવશ્ય થાય. એટલા માટે પુષ્ટિમાર્ગીય જીવોયમુનાજીની સ્તુતિ કરે છે. અને મર્યાદામાર્ગીય જીવો કેવળ ગંગાજીની સ્તુતિ કરે છે. કારણ કે મર્યાદામાર્ગીય જીવોને યમુનાજીના સ્વરૂપનું જ્ઞાન નથી. ભગવાનનાં સર્વ અંગો સાથે જેમનો સંબંધ થયો છે (જળક્રિડા દ્વારા) એવી સ્મર-શ્રમ-જલ રૂપા શ્રીયમુનાજીનું સ્વરૂપ તો પુષ્ટિ લીલાસ્થ જીવ હોય તે જ જાણી શકે.

શ્રીહરિરાયજીના મત અનુસાર આ શ્લોકમાં ભગવદ્ પ્રિયત્વ સંપાદન રૂપી ઐશ્વર્યનું વર્ણન છે. શ્રીપુરુષોત્તમજીના મત પ્રમાણે આમાં તનુ-નવત્વ-

સંપાદનરૂપી ઐશ્વર્યનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

આ પ્રમાણે શ્રીયમુનાજીના સંબંધથી સર્વને માટે વંદનીય એવા શ્રીગંગાજીની સ્તુતિ થાય છે. આ હકીકત શ્રીયમુનાજીનો પ્રભાવ અને પ્રતાપ બતાવે છે. એવા પ્રતાપી શ્રીયમુનાજીની સ્તુતિ કરવા કોણ સમર્થ બની શકે ? આ પ્રમાણે શ્રીયમુનાજીની સ્તુતિની અશકયતા અને સ્વયં લક્ષ્મીજીથી પણ શ્રીયમુનાજીની ઉત્કૃષ્ટતા બતાવતાં શ્રીમદાચાર્યાચરણ આજ્ઞા કરે છે -

સ્તુતિં તવ કરોતિ કઃ કમલજા-સપત્નિ ! પ્રિયે !
હરેર્ યદનુસેવયા ભવતિ સૌખ્યમ્ આમોક્ષતઃ ॥
ઈયં તવ કથાધિકા સકલ-ગોપિકા-સઙ્ગમ-
સ્મરશ્રમ-જલાણુભિઃ સકલ-ગાત્રજૈઃ સઙ્ગમઃ ॥ ૮ ॥

ભાવાર્થ : કમલજા કહેતાં લક્ષ્મીજીનાં સપત્ની એવાં શ્રીયમુને ! આપની સ્તુતિ કોણ કરી શકે ? (કોઈ નહીં). કારણ કે પહેલાં શ્રીહરિનું સેવન (સેવા) કરીને પછી શ્રીલક્ષ્મીજીનું સેવન કરવાથી જીવને મોક્ષ પર્યંતનું સુખ પ્રાપ્ત થાય છે. પરંતુ આપની આ કથા (માહાત્મ્ય સંકીર્તનની કથા) બધા કરતાં વધુ ઉત્તમ છે. રાસલીલા બાદ સકલ વ્રજભકતો સાથે પ્રભુએ જ્યારે જલક્રિડા કરી ત્યારે પ્રભુને અને વ્રજભકતોને થયેલ શ્રમને કારણે તેમનાં શરીર ઉપર ઉભરાઈ આવેલ જલકણોનો જેમાં સંયોગ થયો છે એવાં આપનાં (યમુનાજીનાં) જલમાં સ્નાન કરતા ભક્તોનાં બધાં અંગોનો સમાગમ તે સ્મર શ્રમ જલાણુઓ સાથે થાય છે. પરિણામે તેમને લીલા પ્રાપ્તિ થયાનો અનુભવ થાય છે.

વિવેચન : શ્રીયમુનાજીની સ્તુતિ કરવા કોઈ સમર્થ નથી. શ્રુતિ કહે છે, ''યતો વાચો નિવર્તન્તેઽપ્રાપ્ય મનસા સહ'' એટલે કે વાણી જ્યાંથી મન સાથે પહોંચ્યા વિના જ પાછી ફરે છે. એનો ભાવ એ છે કે વાણી એને મન ત્યાં પહોંચી શકતા ન હોવાને કારણે રસ સ્વરૂપ (રસો વૈ સઃ) પુરુષોત્તમની સ્તુતિ કરવા કોઈ સમર્થ નથી. કારણ કે શ્રીયમુનાજીના માહાત્મ્યને સમજવા માટે ત્યાં ગયેલ વાણી અને મન પણ ત્યાં પહોચ્યાં વિના પાછા ફરે છે.

યમુનાજીની સ્તુતિ કોઈ કરી શકે તેમ નથી. એનું બીજું કારણ એ છે કે યમુનાજી કમલજા-સપત્ની એટલે કે લક્ષ્મીજીની શોકય છે. શોકયોનો સ્વભાવ પરસ્પરથી વિરૂદ્ધ હોય એવું માનવામાં આવ્યું છે. લક્ષ્મીજી પ્રમાણસિદ્ધિ બ્રહ્માનંદ સ્વરૂપ છે. અનુ યમુનાજી પ્રમેયાનંદ રૂપ છે. લક્ષ્મીજી પ્રમાણસિદ્ધ બ્રહ્માનંદ

સ્વરૂપ હોવાથી વેદવાકયોના પ્રમાણથી તેમના માહાત્મ્યનું વર્ણન કરી શકાય છે. પરંતુ યમુનાજી પ્રમેયાનંદ સ્વરૂપ એટલે કે પુષ્ટિ લીલા સ્થિત હોવાથી વેદાદિ પ્રમાણો પર છે પરિણામે કોઈપણ પ્રમાણથી તેમની સ્તુતિ થઈ શકતી નથી.

જેનો જેટલો ભગવત્સંબંધ તેટલી તેની સ્તુતિ માટેની યોગ્યતા. ભગવાન સાથે જેનો સહેજ પણ સંબંધ ન હોય તેની સ્તુતિ કોઈ કયારેય કરતું નથી. વળી જેનો જેટલો ભગવાન સાથે ન્યૂનાધિક સંબંધ હોય તેના પ્રમાણમાં તેની ન્યૂનાધિક સ્તુતિ થાય છે. જેનો ભગવત્સંબંધ અધિક હોય તે અધિક સ્તુતિપાત્ર અને જેનો ભગવત્સંબંધ ન્યૂન (ઓછો) હોય તે ન્યૂન સ્તુતિપાત્ર બને છે. લક્ષ્મીજીનો નિવાસ સદા સર્વદા ભગવાનના હૃદયમાં જ છે. તેમનો ભગવદ્ સંબંધ સતત અને અતિશય વધુ છે. આથી લક્ષ્મીજી અતિશય સ્તુતિપાત્ર બન્યાં છે.

શ્રીયમુનાજીનો સંબંધ પણ ભગવાન સાથે સતત (લીલાસ્થલી હોવાથી) રહે છે અને તે લક્ષ્મીજીના જેવા સૌભાગ્ય વાળાં છે. પરંતુ તેમનું પુષ્ટિમાર્ગીય માહાત્મ્ય મન અને વાણીથી સમજી શકાય તેવું ન હોવાથી તેમની સ્તુતિ કરી શકાતી નથી.

કમલજા સપત્ની પ્રિયે - લક્ષ્મીજી અને યમુનાજી બન્નેનું સમાન સૌભાગ્ય છે. એ બાબતમાં બન્નેમાં સમાનતા છે. તે મળતાં શ્રીયમુનાજી લક્ષ્મીજી કરતાં અધિક શા માટે ગણાય છે ? તેનું કારણ એ છે કે લક્ષ્મીજી ભગવાન સાથેના નિકટ સંબંધની બાબતમાં અને સૌભાગ્ય સંપન્ન હોવાની બાબતમાં જ યમુનાજી સાથે સમાનતા ધરાવે છે; અન્ય બાબતોમાં નહીં.

પ્રભુ પ્રિયત્વની બાબતજ લો. યમુનાજી માટે પ્રિયા શબ્દ વાપર્યો છે. લક્ષ્મીજી માટે એ શબ્દ ભાગ્યે જ વપરાયેલ હોય છે. હકીકતમાં ભગવદ્ પ્રિયત્વની બાબતમાં લક્ષ્મીજી તેનાથી વંચિત છે. ભગવાને (ભાગવતમાં) દુર્વાસા મુનિને કહ્યું છે -

નાહમાત્માન માશાસે મદ્ ભક્તૈઃ સાધુર્ભિવિના ।
શ્રિયં ચાત્મનાર્કીં રાજન ! એષાં ગતિરહં પરમ્ ॥

એટલે કે મારા સાધુ ભક્તો સિવાય મને સ્વયં મારામા અને મારી અત્યંત નિકટ રહેલી લક્ષ્મીમાં પણ રૂચિ નથી.'' આ રીતે વિચારતાં લક્ષ્મીજી મર્યાદા ભકતો કરતાં પણ ન્યૂન છે એવું સાબિત થાય છે. જો તેમ છે તો પુષ્ટિમાર્ગમાં સ્થિત ભગવદ્ પ્રિયા શ્રીયમુનાજી પ્રતિ ભગવદ્ પ્રિયતાની બાબતમાં લક્ષ્મીજીનું શું સ્થાન હોઈ શકે ?

આ રીતે શ્રીયમુનાજી લક્ષ્મીજીથી અધિક છે. એ પ્રમાણ સહિત સાબિત થાય છે. એટલું જ નહીં ફલ પ્રદાનની દૃષ્ટિથી પણ યમુનાજી લક્ષ્મીજીથી શ્રેષ્ઠ છે. એ વાત સમજવા માટે એ જાણવું જરૂરી છે કે તે બન્ને કેવા પ્રકારનાં ફલનું દાન કરી શકે છે.

હરેર્યદનું સેવયા ભવતિ સૌખ્યમા મોક્ષતઃ અર્થાત પહેલાં શ્રીહરિની સેવા કર્યા પછી લક્ષ્મીજીની સેવા કરવાથી મોક્ષ પર્યંતનું સુખ પ્રાપ્ત થાય છે. એમાં નારાયણની સેવા કર્યા પછી લક્ષ્મીજીની સેવા કરવાની છે. તેથી નારાયણની સેવા મુખ્ય છે અને લક્ષ્મીજીની સેવા ગૌણ છે.

એ રીતે કરેલ લક્ષ્મીજીની સેવાથી મોક્ષ પ્રાપ્તથાય છે. પરંતુ તેનાથી શ્રીપુરુષોત્તમ સાથે સાયુજ્ય પ્રાપ્તિનું ફલ પ્રાપ્ત થતું નથી. તેનાથી તો માત્ર સાલોકય, સાર્ષ્ટિ અને સામિપ્ય એ ત્રણ પ્રકારના મોક્ષ જ પ્રાપ્ત થાય છે. ભક્તિમાર્ગીય રીતે ભગવાનની સેવા કરવાથી જ ચોથા પ્રકારનો એટલે કે સાયુજ્ય મોક્ષ પ્રાપ્ત થાય છે; બીજી કોઈ રીતે નહીં. શ્રીમદાચાર્યે સ્પષ્ટપણે આ વાત કહી છે – આદિમૂર્તિઃ કૃષ્ણ એવ સેવ્યઃ સાયુજ્ય કામ્યયા અર્થાત સાયુજ્યની કામના કરવાવાળાએ આદિમૂર્તિ કૃષ્ણની જ સેવા કરવી. તે સિવાય બીજી કોઈ રીતે સાયુજ્ય ફલ પ્રાપ્તિ થતી નથી.

ઉપર કહ્યું તેમ ભગવાનની સેવા કર્યા પછી લક્ષ્મીજીની સેવા કરવાથી સાલોકય આદિ ફળ મળે. પરંતુ જો ભગવાન વિના કેવળ લક્ષ્મીજીની સેવા કરવામાં આવે તો તે ફળ (મોક્ષ) પણ પ્રાપ્ત ન થાય. પુરુષોત્તમ વિના લક્ષ્મીજીની સેવા એ તો કેવળ વિભૂતિની સેવા છે. વિભૂતિરૂપ લક્ષ્મીજીની સેવા કરવાથી તેઓ પોતાના ભકતને ધન સંપત્તિનું દાન કરે. પરંતુ મોક્ષ પ્રાપ્ત કરાવી ન શકે. અને ધન પ્રાપ્ત કરાવીને તેઓ જીવને વિષયાસકત બનાવી દે છે; સંસારમાં તેની આસક્તિ વધારી દે છે. પરિણામે મોક્ષ પ્રાપ્તિમાં અવરોધક બને છે. સંસાર પ્રત્યેની આસક્તિ મોક્ષ પ્રાપ્તિમાં વિઘ્નકર્તા છે.

તેથી ઊલટું યમુનાજી કેવું ફલ પ્રદાન કરે છે તેની કથા જાણવી જરૂરી છે. ઈયં તવ કથાધિકા – દ્વારા એ સમજવાનું છે કે યમુનાજી દ્વારા ફલદાનની એ કથા અધિક ઉત્તમ છે. ઉત્તમ એટલા માટે છે કે યમુનાજી સાયુજ્ય પ્રકારના મોક્ષ કરતા પણ અધિક ઉત્તમ એવા ભજનાનંદને પ્રાપ્ત કરાવી આપ છે. હરિના ભક્તો મોક્ષને પણ ઇચ્છતા નથી. તેઓતો ભજનાનંદ પામવા ઈચ્છે છે. અને યમુનાજી તેમને ભજનાનંદ (સ્વરૂપાનંદ) પ્રાપ્ત કરાવી આપે છે તે કેવી રીતે તેની કથા

સાંભળો -

રાસેશ્વર રસરૂપ ભગવાન શ્રીકૃષ્ણે રાસેશ્વરી રાધા તથા રસરૂપા સકલ ગોપીજનો સાથે રાસલીલા, રતિક્રિડા તેમજ જલક્રીડા આદિ ક્રીડાઓ કરી છે. સર્વ ગોપીકાઓ સાથે સંગમ થતાં અર્થાત તેમને સ્મરનો શ્રમ પહોંચવાથી સ્વેદ જલના અણુઓ (કણો) ઉત્પન્ન થયા. એ બધા સ્મર શ્રમ જલાણુઓ ગોપીજનો અને ગોપીજન વલ્લભ (કૃષ્ણના) ગાત્રો ઉપર ઉત્પન્ન થયાં છે. ત્યાર પછી તે બધાંએ જલક્રીડા કરી ત્યારે તે બધાં સ્મર શ્રમ જલાણુઓનો સંગમ યમુનાજીના જલ સાથે થયો. વાસ્તવમાં શ્રીયમુનાજી આ સ્વેદજલના સંગમ રૂપે છે. તે ભગવાનનું કેલિસલિલજ છે. યમુના માહાત્મ્યમં તેનો ઉલ્લેખ કેલિસલિલેતિ નામથી જ થયો છે. આ પ્રમાણે સર્વથી ઉત્તમ વિલક્ષણતા શ્રીયમુનાજીમાં છે. તેથી તે સદા ભગવદ્ રસથી પૂર્ણ રહે છે. તેઓ ભગવદ્ રસ પૂર્ણ હોવાથી નિજ ભક્તોને પણ તેઓ ભગવદ્ રસનું દાન કરી શકે છે.

તેથી યમુનાજીના જે ભક્તો યમુના જળમાં સ્નાન કરે તેમનાં બધાં ગાત્રો સાથે યમુનાજીમાં એક રૂપ બનેલાં સ્મર શ્રમ જલાણુઓ (સ્વેદ જલકણો)નો સંગમ થાય છે. પરિણામે તેઓ ભગવદ્ રસ સાથે સંબંધ પામે છે.

લક્ષ્મીજી સાયુજ્ય મુક્તિ સિવાય બાકીની ત્રણે પ્રકારની મુક્તિનું દાન કરી શકે છે. પરંતુ ત્યારે જ જ્યારે તેમની સેવા ઠાકુરજીની સવા કર્યા પછી અથવા ઠાકુરજી સહ સેવા કરવામાં આવે તોજ. પરંતુ યમુનાજી તો સ્વતંત્ર રીતે ભગવદ્ રસનું (ભક્તિ રસનું) દાન કરી શકે છે.

આ રીતે ઈયં તવ કથાધિકા શબ્દો દ્વારા યમુનાજીના સર્વોતોધિક ઉત્કર્ષની કથા કહેવામાં આવી છે. વૈકુંઠમાં સ્થિત શ્રીહરિના વક્ષઃસ્થળ રૂપ એક જ અવયવ સાથેનો સંબંધ રાખનાર લક્ષ્મીજીની અપેક્ષાએ શ્રીહરિના રોમે રોમ સાથે સંબધ રાખનારા શ્રીયમુનાજીની આ કથા બહુ વિચક્ષણ છે. શ્રીયમુનાજી દ્વારા જે રસ પ્રાપ્ત થાય છે તે રસની સામે સકલ બ્રહ્માંડની બધી રસનીધિ કેવળ રસાભાસ સમ ભાસે છે.

આ શ્લોકમાં પ્રભુ-શ્રમ-જલ-સંબંધી યુકત એવાં શ્રીયમુનાજીના અંતરંગ ગૂઢ સ્વરૂપની અભિવ્યકિત ત્રણ વિશેષણોથી થાય છે. (૧) સકલ ગોપિકા સંગમ, (૨) સ્મર શ્રમ જલાણુભિઃ અને (૩) સકલ ગાત્રજૈઃ સંગમ. ટૂંકમાં શ્રીયમુનાજી પરમ કાષ્ઠાપન્ન પુષ્ટિમાર્ગની અંતરંગ ભગવદીયા છે. તે હંમેશા સ્મર શ્રમ જલ બિંદુ રૂપી રસથી પરિપૂર્ણ રહે છે. તેથી નિજ સેવકોને તે, એ રસની

અનુભૂતિ કરાવી શકે છે.

શ્રીહરિરાયજીના મત પ્રમાણે આ શ્લોકમાં શ્રીયમુનાજીના તનુનવત્વ સંપાદન રૂપ ઐશ્વર્યનું નિરાકરણ કરવામાં આવ્યું છે. અને શ્રીપુરુષોત્તમજીના મત પ્રમાણે શ્રીહરિના લીલાકાલિન શ્રમ-જલ-બિંદુઓ સાથેના સંબંધનું સંપાદન કરાવવા રૂપી ઐશ્વર્યનો ઉલ્લેખ છે.

આ રીતે કલિદોષ હારિણી - પરોપકારીણી, અષ્ટવિધ ઐશ્વર્યધારિણી, સકલ સિદ્ધિ પ્રદાયિની શ્રીયમુનાજીની સ્તુતિ રૂપ આ યમુનાષ્ટકમ્‌નો પાઠ કરવાથી મળતા ફળનું નિરૂપણ અંતિમ શ્લોકમાં કરવામાં આવ્યું છે -

તવાષ્ટકમ્ ઈદં મુદા પઠતિ સૂરસૂતે ! સદા
સમસ્ત-દુરિત-ક્ષયો ભવતિ વૈ મુકુન્દે રતિઃ ॥
તથા સકલ-સિદ્ધિયો મુરરિપુશ્ચ સન્તુષ્યતિ
સ્વભાવ-વિજયો ભવેદ્ વદતિ વલ્લભઃ શ્રીહરેઃ ॥ ૯ ॥

ભાવાર્થ : હે સૂર્યના પુત્રી (યમુનાજી), તમારા આ સ્ત્રોત-અષ્ટકનો પ્રસન્ન ચિત્તે પાઠ કરનારનાં બધાં પાપોનો ક્ષય થાય છે. અને ભગવાન મુકુંદમાં તેની નિશ્ચયપણે રતિ થાય છે. અને મુકુંદમાં રતિ પ્રાપ્ત થવાથી તેને સર્વાત્મભાવ આદિ બધી સિદ્ધિઓ આપમેળે પ્રાપ્ત થઈ જાય છે. તે ઉપરાંત મુરરિપુ ભગવાન સહિત તેમનો સ્વામિની વર્ગ પણ સંતુષ્ટ થાય છે. એટલું જ નહીં સ્વભાવનો વિજય થાય છે. એવું શ્રીહરિને પ્રિય શ્રીવલ્લભ કહે છે.

વિવેચન : યમુનાષ્ટકમ્‌ના આ અંતિમ શ્લોકમાં 'તવાષ્ટકમ્ ઈદં' પદ છે. તેનો અર્થ છે. ''તમારું આ અષ્ટક'' તેનો ભાવ એ કે હે યમુનાજી, તમારી સ્તુતિ કરતાં ઘણાં અષ્ટકો રચાયાં છે અને રચાશે; પરંતુ તમારા અષ્ટક (જે શ્રીમહાપ્રભુજીએ રચ્યું છે અષ્ટક) નો પાઠ કરવાથી તેમાં બતાવેલ ફલ પ્રાપ્તિ અવશ્ય થશે. ખાસ કરીને આઠમાં શ્લોકમાં તવ કથાધિકા સ્મર શ્રમ જલાણું સાથે સંગમ થતાં ભગવલ્લીલાનો અનુભવ થવો તે - ફલની પ્રાપ્તિ અન્ય કોઈ અષ્ટક દ્વારા થતી નથી. જગદ્ ગુરુ આદ્ય શંકરાચાર્યજીએ પણ શ્રીયમુનાજીનું સ્તોત્ર રચ્યું છે. પરંતુ જે સ્તોત્રમાં શ્રીયમુનાજીના યથાર્થ સ્વરૂપનો પરિચય કરવામાં આવ્યો હોય તે સ્તોત્ર દ્વારા જ બધાં ફલ પ્રાપ્ત થઈ શકે.

શ્રીવલ્લભ વિરચિત યમુનાષ્ટકમ્‌નો પાઠ, પ્રસન્ન ચિત્તે નિત્ય નિયમપૂર્વક કરવાથી એના નવમા શ્લોકમાં ગણાવેલ પાંચ ફળ તો નિશ્ચિત રૂપે પ્રાપ્ત થશે. (૧) સમસ્ત દુરિતોનો ક્ષય થશે, (૨) મુકુંદમાં રતિ થશે, (૩) સકલ સિદ્ધિઓની

પ્રાપ્તિ થશે, (૪) મુરરિપો સંતોષ પામીને જીવના ભક્તિભાવ આડે આવતા બધા અંતરાયોને દૂર કરશે અને (૫) સ્વભાવનો વિજય થશે.

સમસ્ત દુરિત ક્ષયો – બધાં દુરિત એટલે કે પાપોનો ક્ષય થાય. શ્રુતિ કહે છે – ''નરાણાં ક્ષીણ પાપાનાં કૃષ્ણે ભક્તિ પ્રજાયતે'' એટલે કે જેનાં પાપો ક્ષીણ થયાં છે એવા જીવોને કૃષ્ણભક્તિ અવશ્ય પ્રાપ્ત થાય છે.

બ્રહ્મસંબંધ કરવાથી બધા દોષો (પાપો)ની નિવૃત્તિ આપોઆપ થાય છે. એવું જ અહીં સમજવું. જે જીવ આ અષ્ટકનો પાઠ કરે તેનાં બધાં પાપો ક્ષીણ થઈ જાય છે અને જેનાં પાપોની નિવૃત્તિ થઈ છે એવો જીવ સહેજમાં ભગવદ્ ભક્તિ પ્રાપ્ત કરી લે છે. જ્યાં સુધી જીવમં પાપ રહે ત્યાં સુધી તેમાં એ પાપ ભગવદ્ ભક્તિની પ્રાપ્તિમાં પ્રતિબંધરૂપ બની રહે છે. પરંતુ જેવાં તે નષ્ટ થયાં કે તરત જ, નિષ્પાપ એવો જીવ ભગવદ્ ભક્તિ પામે છે.

શ્રુતિ એવું પણ કહે છે કે ''જ્ઞાનાગ્નિઃ સર્વ કર્માણિ ભસ્મસાત્કુરૂતે યથા – એટલે કે જ્ઞાન રૂપી અગ્નિ વડે (મનુષ્યનાં) બધાં કર્મો (પાપકર્મો) ભસ્મસાત થઈ જાય છે. તાત્પર્ય એ કે જ્ઞાનાગ્નિ વડે જીવનાં બધાં પાપકર્મોની નિવૃત્તિ અવશ્ય થાય છે. પરંતુ જ્ઞાનપ્રાપ્તિ બહુ કષ્ટ સિદ્ધ છે. અને તે પ્રાપ્ત કરવામાં સમય પણ ઘણો લાગે છે. પરંતુ આ અષ્ટકનો પાઠ કરવાથી જીવનાં બધાં પાપો સઘળા નાશ પામે છે. અને તેમાં ઘણો ઓછો સમય લાગે છે. તેથી જ્ઞાન પ્રાપ્તિ દ્વારા પાપોનો નાશ કરવા કરતાં આ અષ્ટકનો પાઠ કરીને પાપોનો નાશ કરવો એ જીવ માટે સરળ અને સહજ હોવાથી તે વધુ ઉત્કૃષ્ટ છે.

મુકુંદે રતિ : મુકુંદમાં રતિ થાય છે. જેનાં પાપ નષ્ટ થયાં હોય તેની પ્રીતિ મુકુંદમાં થાય એ સ્વાભાવિક છે. મુકુંદ એટલે મોક્ષદાતા, પ્રભુ. સાધારણ રીતે મુકુંદ ભગવાન સર્વને મોક્ષનું દાન કરે છે. પરંતુ અષ્ટકનો પાઠ કરનાર ઉપર પ્રસન્ન થઈને તે તેને ભક્તિ (રતિ)નું દાન કરે છે. આ અષ્ટકનો પાઠ કરનાર ઉપર તે શા માટે પ્રસન્ન થાય છે ? એટલા માટે કે શ્રીયમુનાજી તેની પ્રિયા છે. યમુનાજી પ્રભુને નિત્ય પ્રિય છે. અને અતિશય પ્રિય છે. તેથી પોતાની પ્રિયતમાના (શ્રીયમુનાજીના) ઉત્કર્ષનું દાન કરનાર (યમુનાષ્ટકમ્‌નો પાઠ કરનાર) ઉપર, ભક્તોના પ્રતિબંધોને દૂર કરનાર મુરરિપુ, અવશ્ય પ્રસન્ન થાય અને પ્રસન્ન થઈને તે, એ પાઠ કરનારને મુક્તિને બદલે ભક્તિ આપે તેમાં શું આશ્ચર્ય !

તયા સકલ સિધ્ધયો : આ સ્તોત્રનો પાઠ કરવાથી તેનો પાઠ કરનાર ઉપર ભગવાન પ્રસન્ન થઈને તેને શું ફળ આપે ? ભગવાન પ્રસન્ન થાય તો તેને મનવાંછિત

ફળ આપે. જીવ માગે કે ન માગે પરંતુ ભગવાન તેને સકલ સિદ્ધિઓનું દાન કરે. લૌકિક સિદ્ધિઓનું નહીં; પરંતુ અલૌકિક સિદ્ધિઓનું દાન કરે. યમુનાજીને પણ સકલસિદ્ધિ હેતુ નામથી ઓળખાવવામાં આવ્યા છે. એવી આઠ અલૌકિક સિદ્ધિઓ પ્રાપ્ત કરીને જીવ ભગવલ્લીલાઓનો અનુભવ કરી શકે અને તેની ભગવદ્ રતિ દૃઢ થાય.

મુરરિપુશ્ચ સંતુષ્યતિ : અર્થાત મુર દાનવનો દુશ્મન એવો મુરારિ સંતુષ્ઠ થઈને, આ અષ્ટકનો પાઠ કરનાર ઉપર પ્રસન્ન થાય છે. અને તેને ભગવદ્ પ્રાપ્તિ કરાવે છે, તેવા જીવના ભગવદ્ પ્રાપ્તિના માર્ગમાં અંતરાય દૂર બનતા બધા પ્રતિબંધોને તે દૂર કરે છે.

ભગવાનમાં જેનું મન નિરૂદ્ધ થયું હતું એવી ૧૬,૦૦૦ રાજકન્યાઓને કૃષ્ણની પ્રાપ્તિમાં અતરાય રૂપ એવા મુર દાનવને ભગવાને હણ્યો. અને પોતાની પ્રાપ્તિમાં રહેતા અંતરાયો દૂર કર્યા. પરિણામે તેકન્યાઓને કૃષ્ણની પ્રાપ્તિ થઈ. તાત્પર્ય એ કે આ અષ્ટકનો પાઠ કરવાથી સંતુષ્ટ થયેલ ભગવાન મુરારિ એ પાઠ કરનારના ભગવદ્ પ્રાપ્તિ આડેના બધાં પ્રતિબંધો દૂર કરે છે.

આ પદમાં 'ચ' અક્ષર છે. ચ એટલે પણ. તેનો ભાવ એ છે કે કેવળ મુરારિ એકલા નહીં પણ ભગવાનની બીજી બધી સ્વામિનીજીઓ પણ અષ્ટકનો પાઠ કરનાર જીવ ઉપર પ્રસન્ન થાય છે. ભગવાન તેના ઉપર એટલા માટે પ્રસન્ન થાય છે કે જીવ ભગવાનની પ્રિયતમાની સ્તુતિ કરે છે અને આ અષ્ટકનો પાઠ કરે છે. સ્વામિનીજીઓ તેના ઉપર એટલા માટે પ્રસન્ન થાય છે કે તેમને (કાત્યાયની વ્રત કરનાર કુમારિકાઓને) પણ યમુનાજી અત્યંત પ્રિય છે. યમુનાજીનું સેવન કરવામાંથી તેમને (કુમારિકાઓને) ભગવદ્ પ્રાપ્તિ થઈ અને પછીથી રાસોત્સવમાં ભગવદ્ અનુભૂતિ પામવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. જેના સેવન અને સાન્નિધ્યથી તેમને આવું મહદ્ સૌભાગ્ય પ્રાપ્ત થયું તેવા યમુનાજી તેમને શા માટે પ્રિય ન હોય? અને પોતાને જે અત્યંત પ્રિય હોય તેના ગૌરવનું ગાન કરનાર ઉપર અને તેના ઉત્કર્ષનું ગીત ગાનાર ઉપર તે શા માટે પ્રસન્ન (સંતુષ્ટ) ન થાય ? ટૂંકમાં મુરરિપુશ્ચ સંતુષ્યતિનો અર્થ છે - મુરારિ અને સ્વામિની વર્ગ બન્ને સંતોષ પામી પ્રસન્ન થાય છે. અને જેની ઉપર તેઓ પ્રસન્ન થાય તેને માટે ભક્તિભાવ અત્યંત સુલભ બનાવી દે તેમાં શી નવાઈ ? એવો જીવ, ભગવદ્ પ્રાપ્તિ અત્યંત સરળતાથી કરી શકે છે.

સ્વભાવ વિજયો ભવેદ્ - અર્થાત સ્વભાવનો વિજય થાય છે. કો'ના

સ્વભાવનો વિજય થાય છે ? (૧) યમુનાજીના સ્વામી મુરારિનો કે યમુનાષ્ટકમ્નો નિત્ય પાઠ કરનાર યમુનાજીના ભક્તોના સ્વભાવનો વિજય થાય છે ? તો કે બન્નેના સ્વભાવનો વિજય થાય છે. કેવી રીતે ?

પહેલાં મુકુંદ ભગવાનના સ્વભાવનો વિજય થાય છે. મુકુંદ ભગવાન જ્યારે જીવ ઉપર પ્રસન્ન થાય ત્યારે તેઓ તેને મોટે ભાગે તો મુક્તિનું દાન કરે છે. મુકુંદ શબ્દનો અર્થ આ પ્રમાણે કરવામાં આવે છે - મોક્ષ (મુકં) દદાતિ ઈતિ મુકુંદ એટલે કે મોક્ષ દેનારને મુકુંદ કહે છે. મોક્ષ આપવો એ મુકુંદનો સ્વભાવ છે. ભગવાન પ્રસન્ન થાય ત્યારે જીવને મોક્ષ (મુક્તિ) આપે, ભક્તિ નહીં. ભક્તિને તો અપ્રાપ્ય ગણવામાં આવી છે. ભગવાન સાથે સંબંધ કરાવનાર ભાવને ભક્તિ કહેવામાં આવે છે. એવો ભાવ સહજ સાધ્ય નથી; તે તો વિરલ છે. વિરલ છે તેથી સદેય છે.

જેના ઉપર પ્રભુ તુષ્ટ (પ્રસન્ન) થાય તેને તે મુક્તિ આપે છે. પરંતુ જેના ઉપર અતિશય તુષ્ટ થાય (સંતુષ્ટ થાય) તેને તેઓ ભક્તિ આપે છે. સ્વભાવથી જ મોક્ષનું દાન કરનાર મુકુંદ પોતાને અતિશય પ્રિય એવાં શ્રીયમુનાજીના ગુણોનું સંકિર્તન થતું સાંભળીને અત્યંત સંતોષ પામે છે. અને પોતાના સ્વભાવથી વિપરીત તેઓ તે જીવને વિરલ અને તેથી અદેય એવી ભક્તિનું દાન કરી તેને કૃતાર્થ કરે છે. આ રીતે ભગવાનના સ્વભાવમાં પરિવર્તન થાય છે.

હવે જીવના સ્વભાવનું પરિવર્તન કેવી રીતે થાય તે જોઈએ. જીવમાં પ્રભુના સત્ ચિત્ (સચ્ચિદાંશ) અંશનો આવિર્ભાવ છે. એને આનંદાંશ તિરોહિત રહેલો છે. એટલા માટે તેને જીવ કહેવામાં આવે છે, આત્મા નહીં. જીવભાવને આ રીતે સમજાવ્યો છે - આનંદાશસ્તુ પૂર્વમેવ તિરોહિત યેન જીવભાવ એટલે કે આનંદાંશ જેનામાં તિરોહિત છે (એવો આત્મા) તેને જીવભાવ કહેવામાં આવે છે. અવિદ્યાને કારણે આત્મામાં જીવભાવ આવે છે. અર્થાત અવિદ્યા એ જ જીવનો સ્વભાવ છે. એટલા માટે તો જીવને સ્વભાવથી દુષ્ટ કહેવામાં આવ્યો છે. જીવાઃ સ્વભાવતઃ દુષ્ટાઃ - જીવ સ્વભાવથી (અવિદ્યાને કારણે) દુષ્ટ છે. યાદ રાખો સ્વરૂપથી (મમૈવાંશો - પ્રભુનો અંશ હોવાથી) તે દુષ્ટ હરગીજ નથી. સ્વરૂપથી તો તે ભગવાનનો અંશ છે.

એવો સ્વભાવથી દુષ્ટ જીવ જો શ્રીયમુનાષ્ટકમ્ નો નિત્ય પ્રતિ પાઠ પ્રેમપૂર્વક પ્રસન્ન ચિત્તે (મુદા) કરે તો, શ્રીયમુનાજી પ્રત્યે અત્યંત પ્રીતિ ધરાવનાર અને શ્રીયમુનાજીના પ્રેમથી વિવશ બનેલ ભગવાન, તેના ઉત્કર્ષનું ગીત (યમુનાષ્ટકમ્નો

પાઠ) સાંભળીને તે જીવના હૃદયમાં આવિર્ભુત થાય છે. અને ભગવાન તો આનંદ માત્ર કર પાદ મુખોદરા દિ છે; ભગવાન તો પૂર્ણાનંદ છે. જીવના હૃદયમાં પૂર્ણાનંદનો આવિર્ભાવ થતાં તેનામાં રહેલી પેલી પંચ પર્વાત્મક અવિદ્યા ભાગી જાય છે. તેમ થતાં જીવના જીવપણાની નિવૃત્તિ થાય છે. જીવ કૃતાર્થ થઈ જાય છે. તેના દુષ્ટ સ્વભાવમાં પરિવર્તન થતા તે ભગવદ્ ભાવાવેશ વાળો બને છે. તેના સ્વભાવનો વિજય થાય છે.

હવે એકજ વાત સમજવાની બાકી રહે છે. 'સ્વભાવમાં પરિવર્તન કરાવી આપવું એ દુ:સાધ્ય કાર્ય છે. એવું દુ:સાધ્ય કાર્ય કેવળ એક સ્તોત્ર (યમુનાષ્ટકમ્) નો પાઠ કરવાથી સિદ્ધિ થાય એવું માની શકાય ખરું ? અર્થાત્ સ્વભાવ વિજયોભવેત્ એ ભાવ માટેનું કોઈ પ્રમાણ છે ખરું ? તો કે હા; શાસ્ત્રમાં આવા વાકયોને પ્રમાણ માનવામાં આવ્યું છે. ''આપ્તવાકયમેવ પ્રમાણમ્'' જે આર્ષદષ્ટાએ જે સત્યની પ્રતિતી પોતે જાતે કરી હોય તે સત્યને જો તે પોતે વ્યકત કરે તો તેના એ શબ્દો આપ્ત વાકય કહેવાય. ભગવાન સાથે નિત્ય સંબંધ રાખનાર જ ભગવાનના સ્વરૂપને જાણી શકે અને તે જાણ્યા પછી પોતાના અનુભૂતિને તે વાણી દ્વારા વ્યકત કરી શકે.

શ્રીમદ્ વલ્લભને સાક્ષાત પ્રભુનો નિત્ય સંબંધ છે. આપ શ્રીકૃષણસ્યમ્ ગણાય છે. આપ શ્રીહરિના વલ્લભ (પ્રિય) છે. અને આપશ્રી પોતે જ કહે છે ''વદતિ વલ્લભ શ્રીહરે:'' એટલે કે શ્રીહરિને પ્રિય વલ્લભ આ કહે છે. અને શ્રી વલ્લભ જે કહે છે તે પ્રમાણ છે. તેમના કથનમાં સત્યત્વની પ્રતીતિ થવી એ શ્રદ્ધાનો વિષય છે; એ બુદ્ધિનો વિષય નથી. આપ્ત વાકયનું પ્રમાણત્વ શ્રદ્ધા જનિત છે. અને જીવમાં શ્રદ્ધાનો ઉદય થવો એ ભગવદ્ અનુગ્રહ વિના સંભવિત નથી. ભગવદ્ અનુગ્રહ ઉપર દેશ, કાલ કે કર્મ આદિ કશાનું નિયંત્રણ ન હોઈ શકે, અને નથી જ. આટલું સમજશો તો 'વદતિ વલ્લભ શ્રીહરે' ને પ્રમાણ (આપ્ત વાક્ય) માની શકશો.

અહીં શ્રીયમુનાષ્ટકમ્નું વિવરણ પુરું થાય છે. ગુરુદેવની (શ્રીવલ્લભની) કૃપાથી એ થઈ શકયું છે. તો બોલો.

શ્યામસુંદર શ્રીયમુને મહારાણી કી જય....
જય શ્રીકૃષ્ણ....

(શ્રીશાંતિલાલ મહેતા)

॥ શ્રીહરિઃ ॥

॥ શ્રીયમુનાષ્ટકમ્ ॥

(શ્લોકાર્થ અને વિવેચન સહિત)

(વિવેચન કર્તા : ગો.શ્રીશ્યામમનોહરજી-કિશનગઢ-પાર્લા-મુંબઈ)

(હીન્દી આવૃતિનો અનુવાદ : શ્રીરમેશભાઈ પંચાસરા)

મૂલમ્ :-

નમામિ યમુનામહં સકલસિદ્ધિહેતુંમુદા
મુરારિપદપંકજસ્ફુરદમંદરેણુત્કટામ્ ॥
તટસ્થનવકાનનપ્રકટમોદપુષ્પામ્બુના
સુરાસુરસુપૂજિતસ્મરપિતુઃશ્રિયં બિભ્રતીમ્ ॥ ૧ ॥

અન્વય શ્લોકાર્થ :-

સાક્ષાત્ ભગવત્સેવોપયોગિ દેહપ્રાપ્તિ, ભગવલ્લીલાઓનું અવલોકન, તદ્સાનુભાવ, સર્વાત્મભાવ વગેરે સકલ સિદ્ધિઓને આપવાવાળી (સકલસિદ્ધિહેતું)

જલદોષરુપ મુરના શત્રુના ચરણકમળોમાં શોભાયમાન તેમજ સેવોપયોગી દેહ વગેરે પ્રાપ્ત કરવામાં તત્પર, તે ઉપરાંત પણ વ્રજસુંદરીના સમુહના ચરણોની રજ જલમાં સારી રીતથી સમાઇને એકમેક થઇ જવાથી, જલની સરખામણીમાં રેણુઓનો સમુહ જેમાં વધારે પડતો છે એવા (મુરારિપદપંકજસ્ફુરદમન્દરેણુત્કટામ્)

આનાથી દોષનો ભય તથા ભગવત્પ્રાપ્તિમાં વિલમ્બ નહીં થાય એ પણ સુચિત કર્યું. અને આપના બંને કિનારાઓ ઉપર આવેલા વનોમાં થતાં પુષ્પની ગંધથી સુગંધિત જલથી સુર તથા અસુરો દ્વારા સારી રીતે પુજાયેલા કામદેવના પિતા એવા શ્રીકૃષ્ણની શોભાને ધારણ કરવાવાળા (તટસ્થનવકાનનપ્રકટમોદ પુષ્પામ્બુના સુરાસુરસુપુજિત સ્મરપિતુઃ શ્રિયં બિભ્રતીમ્)

વિવિધ પ્રકારની લીલામાં ઉપયોગી શ્રીકાલિન્દીની સ્તુતીની ઈચ્છાથી ગોકુલેશ શ્રીકૃષ્ણને જેવી રીતે જીવ નમન સિવાય કાંઈ કરી શકતો નથી, તેવી જ રીતે શ્રીયમુનાજીને પણ નમન સિવાય બીજું કાંઈ શકય નથી. અને કેમકે ભગવાને યમુનાજીને અષ્ટવિધ ઐશ્વર્યનું દાન પણ કરેલું છે. એટલા માટે આઠ જ શ્લોકો દ્વારા સ્તુતિ કરતા પહેલાં શ્રીમદાચાર્યચરણ દ્વારા નમન પણ કરવામાં આવેલું છે. અને જ્યારે આવા સકલસિદ્ધિ યમુનાજીને માત્ર નમન કરવાનો પણ અવસર

પ્રાપ્ત થઇ જાય ત્યારે મનમાં આનંદનો સંચાર કેમ ન થાય ? અને તે નમન પણ પાછું જ્યારે આપના સાક્ષાત્ દર્શન સહિત હોય ત્યારે તો કહેવાનું જ શું હોય ? કેમકે સમાન રુપા હોવાના કારણે શ્રીયમુનાજીના દર્શન શીઘ્ર જ સ્મરપિતા (શ્રીકૃષ્ણ)નુ પણ સ્મરણ કરાવીને એમના વિષયક ભાવને ઉત્પન્ન કરી દે છે. (યમુનામહં મુદા નમામિ) ।

વિવેચન :- શ્રીપુરુષોત્તમજીએ વિવૃત્તિની ઉત્થાનિકામાં કહ્યું છે ''અથ શ્રીમત્પ્રભુચરણાઃ શ્રીમદાચાર્યાણાં સ્વસ્યચાવતારપ્રયોજનં તત્ર શ્રીયમુનાયાઃ નિર્વાહકત્વાદષ્ટકરણં ચાનુસંધાય શ્રીયમુનાષ્ટકવિવૃતિં વિચ્ચયિષ્યન્તસ્તત્સાફલ્યાય શ્રીમદાચાર્યાન્ ક પ્રાર્થયન્તિ વિશ્વોદ્ધારાર્થમિતિ'' શ્રીયમુનાજી સકલસિદ્ધિઓનું દાન કરનારા છે, કેમકે ભગવાને એમને અષ્ટવિધ ઐશ્વર્યનું દાન કરેલું છે. તેમના સમાન ધર્મવાળા જ આચાર્યચરણ છે અને આચાર્યચરણનું જ બીજું સ્વરૂપ શ્રીપ્રભુચરણ (શ્રીગુસાંઇજી) છે. આમ પણ સંપ્રદાયમાં બંનેનું જ ભાષ્યકર્તૃત્વાદિ રુપથી આચાર્યત્વ પ્રમાણિત છે. એટલા માટે પ્રભુચરણ વિરચિત વિવૃત્તિને આપણે યમુનાષ્ટકથી અલગ નથી કરી શકતા. એમનાથી અલગ-અર્થની કલ્પના એવી જ હશે જેવી કે શ્રીમદાચાર્ય દ્વારા વિરચિત નિબન્ધકારિકાઓનો કોઈ એમના જ દ્વારા વિવૃત પ્રકાશના અર્થથી અલગ-અર્થની કલ્પના કરે. એટલા માટે શ્રીહરિરાયજીએ કહ્યું છે કે ''આચાર્યવર્યસ્વરુપમેતત્સજાતીયત્વેન નિરુપયન્તઃ''। પરંતુ શ્રીપુરુષોત્તમજીએ શરૂઆતમાં જ ખુલાસો કરી દીધો છે કે ''સદૈવ તદર્થં વા સદા તદર્થમેવ વા કૃપયન્તુ'' એટલે કે સર્વદા જ વિશ્વોદ્ધારાર્થ અથવા સર્વદા વિશ્વોદ્ધારાર્થ જ કૃપા કરતા રહો, આવી પ્રાર્થના પ્રભુચરણ શ્રીમદાચાર્યચરણને પણ કરી રહ્યા છે. આવી રીતે આપના પ્રાકટયનું પણ પ્રયોજન જણાવી દીધું. અહીં કૃષ્ણાવતાર, યમુનાજી અને આ પિતા પુત્ર, આમ આ ચારેયના સમાનધર્મો હોવાથી અભેદ બતાવવામાં આવી રહ્યો છે. પુષ્ટિમાર્ગમાં અંગીકૃત જીવોનો ઉદ્ધાર એ આ ચારેયનો સમાન ધર્મ છે. જેવી રીતે ભગવાન સ્વયં વિરહનું દાન કરીને ભાવવૃદ્ધિ કરે છે તેવી જ રીતે શ્રીયમુનાજી પણ પોતાના દર્શન માત્રથી સમાનરૂપવાળા હોવાના કારણે ભગવત્સ્મૃતિને ઉત્પન્ન કરી (વિરહનું દાન કરી) ભાવવૃદ્ધિ કરે છે. અને જેમ શ્રીયમુનાજી કરે છે તેમ જ આપ બંને પિતાપુત્ર પણ બ્રહ્મસંબંધ કરાવીને તાપકલેશના પ્રદાન દ્વારા (વિરહના દાન દ્વારા) દૈવીજીવો માટે ભાવવર્દ્ધક છે. આ બધી વાતો પ્રભુચરણોએ પોતાની

વિવૃત્તિની શરૂઆતના મંગલ શ્લોકમાં આચાર્યચરણોને વિશ્વોદ્ધારાર્થ આવિર્ભૂત કહીને અને પોતાનું નામ વિઠ્ઠલ ગ્રહણ કરીને, (જેનો અર્થ થાય છે જ્ઞાન રહિતનો જેઓ અનુગ્રહ દ્વારા ઉદ્ધાર કરે છે) સમજાવી દીધું છે, આવો શ્રીપુરુષોત્તમજીનો અભિપ્રાય છે. શ્રીહરિરાયજીએ આચાર્યચરણના પક્ષમાં ઉદ્ધારનો અર્થ ભગવદાસકિતના સંપાદન દ્વારા પ્રપંચ (જગત)થી જીવોને અલગ કરવાના રૂપમાં બતાવેલો છે. ભગવાન અને યમુનાજી દ્વારા લીલાસૃષ્ટિમાં સ્થિત જીવોનો ઉદ્ધાર અને આચાર્ય તથા પ્રભુચરણો દ્વારા પ્રભુના પરોક્ષ હોવાથી આધુનિક (અત્યારના) જીવોનો ઉદ્ધાર થાય છે.

યમુનાષ્ટક ષોડશગ્રંથની શરૂઆતમાં મંગલાચરણના રૂપમાં સ્થિત છે, પરંતુ માત્ર આટલું જ પ્રયોજન નથી હોઈ શકતું, કેમ કે વિધ્નનિવારણ અથવા ગ્રંથની સમાપ્તિને માટે, અથવા આચાર્ય સ્વરૂપ માહાત્મ્યથી વિધ્ન વગેરેનો પ્રસંગ જ ન હોવાથી, અને સર્વજ્ઞતા હોવાને લીધે, સમાપ્તિ વગેરેનું પણ જ્ઞાન સુલભ હોવાના લીધે, શિષ્ટાચારનો નિર્વાહ અથવા બીજું પણ કોઇ પ્રયોજન માનવામાં આવે તો ઘણું કરીને બાલબોધમાં 'નત્વા હરિમ્' વગેરે રૂપથી ભગવન્નમસ્કાર રુપ મંગલાચરણ છે જ, તો પછી યમુનાષ્ટકના સ્વતંત્ર ગ્રંથ રચવાનું પ્રયોજન શું ? અને તે પણ બીજી કોઈ રીતે ન કરીને શ્રીયમુનાજીની સ્તુતિના રુપમાં જ કરવું, આ બધી વાતોનો વિચાર ગો.શ્રીદ્વારકેશજીએ ''યમુનાષ્ટકમાદૌતુ .... સેવનં શ્રીવ્રજેશસ્ય તદ્ગ્રન્થાનાં ચ પાઠનમ્'' આ કારિકાઓમાં સંપૂર્ણ રુપથી ષોડશગ્રંથોના વિષય, પ્રયોજન, ઉપક્રમ ઉપસંહાર અને સંગતિ વગેરેના નિરુપણ દ્વારા કર્યો છે. શ્રીમદાચાર્યચરણ સ્વયં યમુનાષ્ટકનું જે કાંઈપણ અતિરિકત પ્રયોજન છે તેને આગળ ઉપર દુરિતક્ષયપૂર્વક મુકુન્દ-રતિ-સિદ્ધિ, સ્વભાવ-વિજય, ભગવત્તોષ, આમ ત્રણ પ્રયોજન ગણાવે છે. આના સિવાય પણ ઉપરોકત કારિકાઓના અર્થનું અનુસંધાન આપણે અહીં કરી લેવું જરૂરી છે. શ્રીદ્વારકેશજી સર્વપ્રથમ કહે છે કે કૃષ્ણ તો નિરપેક્ષ છે. એટલા માટે જીવના અધિકારની સિદ્ધિ માટે યમુનાષ્ટકથી ષોડશગ્રંથનો પ્રારંભ થાય છે કેમકે અવતારદશામાં તો સ્વયં સ્વરુપદર્શન માત્રથી ઉદ્ધાર થઇ જાય છે, પરંતુ અનવતાર દશામાં દૈવી જીવોના ઉદ્ધારનો માર્ગ નામાત્મક ગ્રંથ જ છે. ''તસ્માત્સર્વપ્રયત્નેન દૈવૈઃ કર્તવ્યમેવ હિ, સેવનં શ્રીવ્રજેશસ્ય તદ્ગ્રન્થાનાં ચ પાઠનમ્ ।'' અને આવી રીતે જ્યારે અધિકાર સિદ્ધિ થઇ જાય છે, ત્યારે કર્તવ્યની જાણકારી માટે સંક્ષેપમાં પુરુષાર્થનું નિરુપણ ''બાલબોધ'' ગ્રંથમાં કરવામાં આવશે અને સાધ્ય સાધનરુપથી પુરુષાર્થની

સારી રીતે જાણકારી મળી જાય પછી ‘‘સિદ્ધાન્ત મુકતાવલી’’માં સેવાના સ્વરૂપનું નિર્દેશન થશે. એ સેવા બાહ્ય અને આન્તરના ભેદથી બે પ્રકારની હોય છે. આમ સેવાના નિર્વાહ માટે શ્રીમદાચાર્યચરણોએ ‘‘સિદ્ધાન્ત રહસ્ય’’ કહ્યો. સિદ્ધાન્ત રહસ્યમાં સમર્પણથી બાહ્ય પદાર્થોની શુદ્ધિ થઈ જશે, આમ કહીને આન્તર શુદ્ધિને માટે ‘‘નવરત્ન’’ કહેવો પડયો. તદન્તર અંતઃકરણને સંબોધિત કરીને ‘‘અન્તઃકરણપ્રબોધ’’ ની રચના કરી. આવી રીતે બાહ્યાભ્યંતર શુદ્ધિ પ્રાપ્ત કરાવીને તેના નિર્વાહને માટે ‘‘વિવેકધૈર્યાશ્રય’’ની રચના કરી. પરંતુ આશ્રયતો ચિત્તના દોષો રહે ત્યાં સુધી સ્થિર નથી થઇ શકતો એટલે ‘‘કૃષ્ણાશ્રય’’ ગ્રંથની રચના કરી. આવી રીતે આશ્રયની સ્થિરતા સિદ્ધ થઈ જાય ત્યારે ‘‘ચતુઃશ્લોકી’’માં સ્વમાર્ગીય ધર્માર્થકામમોક્ષનું નિરુપણ કર્યું. તદન્તર ત્રણેય ‘‘પુષ્ટિ, પ્રવાહ, મર્યાદા’’ ના ભેદનું નિરુપણ કરવા માટે એ જ નામનો ગ્રંથ રચ્યો. આ પ્રકારે ભકિત પ્રકરણનું નિરુપણ થઇ જવાથી ભકિતની વૃદ્ધિને માટે ‘‘ભકિતવર્ધિની’’ ગ્રંથ પછી જલના ભેદના રુપમાં ભકતોના ભેદનું નિરુપણ કર્યું. આમ શ્રોતા અને વકતાના ભેદના રુપથી ‘‘જલભેદ’’ અને ‘‘પંચપદ્યાનિ’’ નામના બે ગ્રંથો દ્વારા શ્રોતા અને વકતાના ભેદને સ્પષ્ટ કર્યા. ભકિતવર્ધિનીમાં ત્યાગને જે ભકિતવર્ધક કહ્યો, ત્યાં ત્યાગના વિવેકને માટે ‘‘સંન્યાસ નિર્ણય’’ કહેવો પડયો. ભાવની સિદ્ધિ માટે ભાવના જ સાધન છે. એટલા માટે વ્રજસ્થોના ભાવનું નિરુપણ ‘‘નિરોધલક્ષણ’’માં કર્યું. આ રીતે પંદર ગ્રંથોમાં ઉદ્વેગ પ્રતિબન્ધના કારણોની સાધનોથી નિવૃતિ સમજાવીને, ભાવ સિદ્ધ થઇ જાય ત્યારે, ફલનું નિરુપણ ‘‘સેવાફલ નિરુપણ’’ માં કરવામાં આવે છે. આ રીતે સંપૂર્ણ ષોડશગ્રંથના સમગ્રરુપથી તાત્પર્ય ગ્રહણ કરવાથી, યમુનાષ્ટકની ‘‘અર્થ’’ રુપતા અને સેવાફલની ફલ નિરુપતા હોવાથી ‘ઈતિ રુપતા’’ સુસ્પષ્ટ થઈને ઉપક્રમ-ઉપસંહાર વગેરેના વિચારવાથી આનું ભકિતશાસ્ત્રત્વ સિદ્ધ થાય છે. તેમજ તાદશી ભક્તિનો અધિકાર પણ કેમકે પુષ્ટિભક્તિની ભગવત્પ્રાપ્તિમાં અવાન્તર વ્યાપારરુપતા છે, જ્યારે કે મુખ્ય સાધનતા તો ભગવત્કૃપા જ છે. એ ભગવાન ભલે કેટલાય પણ કર્તુમ અકર્તુમ અન્યથાકર્તુમ સમર્થ હોય, પરંતુ પ્રભુચરણ કે પછી આચાર્યચરણ કે પછી યમુનાજીના દ્વારા જ્યારે કોઈ નિવેદિત જીવ હોય, તો તેના ઉપર ચોક્કસ કૃપા કરે જ છે, અને જ્યારે તે કૃપા કરે છે ત્યારે જીવમાં પુષ્ટિભક્તિનો આવિર્ભાવ થઈ જ જાય છે. જેવી રીતે ઠંડક માટે પંખો એક સાધન છે, છતાં પણ સ્થિર પંખો હવા નથી આપતો પણ ફરતો પંખો જ હવા આપે છે. આવી રીતે માત્ર

અનુગ્રહ નહીં, પરંતુ ભગવદ્વિષયક ભક્તિનો પ્રાદુર્ભાવ કરતો અનુગ્રહ જ, મોટાભાગે અનવતાર દશામાં ભગવત્પ્રાપ્તિમાં હેતુ બની જાય છે. આ જ વાત આગળ ઉપર ‘‘તવાષ્ટકમિદંમુદા’’ વગેરે દ્વારા કહેવામાં આવશે. આ રીતે યમુનાષ્ટક ઉપક્રાન્ત કરવામાં આવે છે એટલે કે અહીં સુધી ઉપક્રમ થયો.

જેમકે હું પહેલા કહી ગયો, તે પ્રમાણે હવે અહીંથી પ્રભુચરણ વિરચિત યમુનાષ્ટક વિવૃત્તિનું વિવેચન થશે, કેમકે યમુનાષ્ટકનો તો એ જ અર્થ છે, જે વિવૃત્તિમાં કહેવાયેલો છે એથી જ વિવૃત્તિનું જ વ્યાખ્યાન શ્રીહરિરાયજી વગેરે બધા ટીકાકારોએ કર્યું છે - જો કે સ્વતંત્ર લેખન તેના અનુસાર દોષરૂપ તો ન ગણાય, છતાં પણ

‘વિવિધ લીલોપયોગિનીમ્ સ્તુત્ય’ જેમની સ્તુતિ કરવામાં આવે - શ્રીયમુનાજીને - ‘‘ભગવાનની વિવિધ લીલાઓમાં ઉપયોગિની’’ આવા વિશેષણથી પ્રભુચરણ વિશેષિત કરે છે. હકીકતમાં તો આ સ્તુત્યની સ્તુતિમાં પ્રયોજક રુપ- જે રુપના કારણે કોઈને સ્તુતિ કરવા માટે યોગ્ય સમજવામાં આવે - નો ઉલ્લેખ છે. આનાથી એ પણ ધ્વનિત થાય છે કે આ સ્તોત્રની સ્તુતિથી સ્તુતિ કરનારા ઉપર પ્રસન્ન થઈને લીલાસંબંધ કરાવશે. કેમ કે અર્થ-જ્ઞાનપૂર્વક આનો પાઠ કરવાથી ભક્તિ અને તેમાં આવતા પ્રતિબંધોની નિવૃત્તિ, બીજા પણ અન્ય જે સહાયીભૂત પરિકર છે એમનું સંપાદન, અને છેલ્લે ઉદ્ધારનું જે રુપ કહેવું છે તે ભજનાનંદની પ્રાપ્તિઓ, આ બધુ સિદ્ધ થશે. આ સૂચન કરવા માટે જ સ્તોતવ્ય શ્રીકાલિંદીનું સ્વરૂપ, એમની ઉપકારિતા, એમની દયાલુતા વગેરેને બતાવવા માટે અને જેમકે આગળ કહેવામાં આવશે કે એમનું સ્વરૂપ પણ પ્રભુ-સદશ જ છે - તેથી જેમ ભગવાનને માટે ‘‘દૈન્યં તત્તોષ કારણમ્’’ કહેવાયેલું છે તે જ રીતે યમુનાજીની, નમન રુપ દૈન્ય પ્રકટ કરવા માટે જ પહેલાં ભગવાન સાથે સદશતા બતાવવા માટે પહેલાથી જ નમામિ કહીને બંને વાતોને સૂચિત કરી દીધી, કેમકે ભગવાન માટે જીવ નમનથી વધારે કાંઈપણ નથી કરી શકતો, આ વાત નિબંધમાં પણ કહેલી છે. આમ શરૂઆતમાં નમનથી જ ભગવત્-સમાન ધર્મત્વની સ્વ-દૈન્યની સાથે-સાથે જ ઘોષણા થઈ ગઈ. પરંતુ ફલની અપેક્ષાએ અતિ ઉત્કટ હોવાના કારણે નમન માત્ર કરીને અટકી જવું ન જોઈએ, પરંતુ કોઇક એવા ધર્મોનું ગાન કરીને સ્તુતિ કરવામાં આવે કે ફલાકાંક્ષાને પણ સૂચિત કરી દે. અહીં ફલ છે પ્રભુલીલા-દર્શન, તેથી વિવિધ લીલોપયોગિનીના રુપમાં સ્તુતિ કરવામાં આવે તો ચોકકસ રૂપે ફલદાન શીઘ્રતાથી સંભવે છે. યમુનાજીનું વિવિધ

લીલોપયોગિનીત્વ શ્રીહરિરાયજીના મત પ્રમાણે, સ્વરૂપ અને ગુણ, સર્વાત્મભાવ અને કામભાવ, શાસ્ત્રીયતા અને અશાસ્ત્રીયતાના ભેદથી અનેક પ્રકારની ભગવાનની સ્વામિનીઓ સાથે જે લીલાઓ છે, તે લીલાઓમાં અલૌકિક દેહ પ્રાપ્ત કરાવી આપવો, પ્રભુ-સંબંધ પ્રાપ્ત કરાવવો અને ભાવનો પ્રાદુર્ભાવ કરવો વગેરે રુપ છે, એટલે કે આવા કાર્યો કરવાના લીધે યમુનાજી જેવા વિવિધ લીલાપયોગિની બીજુ કોણ હોઈ શકે છે.

કાલિંદીના મૂલરુપ હોવાના કારણે યમુનાને પણ ''કાલિંદી'' કહી શકાય છે. જેમ યશોદાસુત કૃષ્ણને પણ ભાગવતમાં ''દેવકી જઠર ભૂ...., દેવકી સુત પદાંબુજ...''' ઇત્યાદિ મૂલરુપ હોવાના કારણે કહેવાયેલા છે અથવા ''કલિ દોષં ઘતિ ખંડયતિ'' આ વ્યુત્પત્તિથી પ્રભુના સંબંધમાં પ્રતિબન્ધરુપ દોષોનું નિવારણ કરનારા હોવાના કારણે પણ ''કાલિંદી'' આ નામ યમુનાજીનું હોઈ શકે છે.

'કાલિન્દીની સ્તુતિની ઈચ્છાથી' વગેરેમાં, જેમ શ્રીગોકુલપતિને નમન સિવાય કાંઈપણ અધિક કરી નથી શકાતુ, તેવી જ રીતે અહીં પણ હોવાને લીધે નમન જ શરૂઆતમાં કરવામાં આવે છે. આમ કહ્યું, પરંતુ સ્તુતિની ઈચ્છાથી નમન કરવું એમાં મુખ્ય આશય એ છે કે નમન દ્વારા દૈન્ય પ્રકટ થતું હોવાથી વિશેષાધિકારની પ્રાપ્તિ થાય છે અને એ પ્રાપ્ત થઈ ગયા પછી જ સ્તુતિ અથવા પ્રાર્થના કરી શકાય છે. શ્રીહરિરાયજીએ ''ભગવાન પોતાના રસાત્મક રુપ અને રસાત્મિકા લીલાઓ પ્રકટ કરવા માટે સર્વાત્મભાવવાળા ભકતોમાં પ્રાદુર્ભુત થઈને તે-તે લીલાઓ કરે છે. ત્યાં તેઓ પોતાની ઈચ્છાથી જ સર્વથા ભકતાધીનતા પણ સ્વીકારી લે છે.. આમ ભગવાનની બધી જ ક્રિયાઓ ભકતેચ્છા-પૂરણાર્થ જ થઈ જાય છે, તેના અધિન હોવાના કારણે જ તેના સિવાય બધી જ વસ્તુઓની અસ્ફૂર્તિ ભગવાનમાં પણ થઈ જાય છે, અન્યથા રસાત્મકતા ન આવી શકે અને આ રીતે આ બધા પ્રકાર ભગવાનના સહજ ઐશ્વર્યના વિરોધી જ છે. આવી સ્થિતિમાં લીલાસૃષ્ટિમાં ઐશ્વર્યકાર્ય-સામર્થ્ય, જેવી રીતે પહેલાં કહ્યું તેમ વિવિધ-લીલાપયોગીની, સ્વામિની-ભગવત્સંબંધિની શ્રીયમુનાજીને આપી દે છે અને સ્વયં તો રસાત્મક હોવાથી ભકતની ઈચ્છિત લીલાઓમાં વ્યાપ્ત થઈ અન્ય સ્ફૂર્તિ રહિત જ થઈ જાય છે. આ રીતે ભગવદ્ ઐશ્વર્યયુકત હોવાના કારણે જ ભગવાની જેમ શ્રીયમુનાજીને પણ જીવ નમન સિવાય બીજું કાંઈપણ નથી કરી શકતો.... આ વાત ''ભગવતાષ્ટવિધૈશ્વર્ય કાલિંદ્યૈ દત્તમ્'' આ પંક્તિના આશયરુપ, કહેલા આશયરુપ

જ લીધી છે. પરંતુ શ્રીપુરુષોત્તમજી, કેવલ અષ્ટવિધ ઐશ્વર્યદાનથી સમાનતા હોવાના કારણે ભગવાનની જેમ અહીં પણ નમનથી અતિરિકત બીજું કાંઈ પણ શકય નથી, આ આપણા (પ્રભુ-ચરણ) દ્વારા વિવૃત આશયમાં ગમક- એટલે કે આ જ અહીં આશય છે. બીજો કોઈ વિવશેષ હેતુ આમાં નથી - આ શબ્દોનું તાત્પર્ય સમજાવે છે. કેમકે માત્ર આઠ જ શ્લોકોથી સ્તુતિ કરવામાં આવી છે. તેથી સમાન સંખ્યાનું ''ભગવત્સમાન ઐશ્વર્ય એટલે કે ભગવત્સમાનમાં જ તાત્પર્ય છે. અષ્ટવિધ ઐશ્વર્ય, અણિમા વગેરેરુપ તો નથી હોઈ શકતું, કેમકે પુષ્ટિમાર્ગીય સકલ સિદ્ધિઓનું દાન અણિમા વગેરે સિદ્ધિવાળા સનકાદિ ઋષિ પણ નથી કરી શકતા. તેથી અષ્ટવિધ ઐશ્વર્ય પુષ્ટિમાર્ગીય ઐશ્વર્ય છે જેની ગણના શ્રીહરિરાયજી ક્રમશઃ (૧) સકલ સિદ્ધિના દાનનું સામર્થ્ય (૨) ભગવદ્‌ભાવને વધારવાનું સામર્થ્ય (૩) ભગવત્સંબંધી જે પ્રતિબંધક છે એના નિરાકરણપૂર્વક એવી શુદ્ધિ પ્રાપ્ત કરાવવી, જે ભગવદનુભાવ કરવા માટે યોગ્ય બનાવે એટલેકે ભુવન પાવનનું સામર્થ્ય (૪) ભગવત્સમાન ધર્મો હોવાના કારણે કોઇપણ પ્રયત્ન વગર જ ભગવત્સંબંધ પ્રાપ્ત કરાવવાનું સામર્થ્ય (૫) જે જીવ ભગવાનને પ્રિય બની જાય છે, એના કલિદોષોના નિવારણનું સામર્થ્ય (૬) સ્વયં શ્રીયમુનાજીના સેવનથી જેમ ગોપિકાઓમાં ભગવદ્‌પ્રિયતા આવી તેવી જ રીતે બીજા જીવોમાં પણ ભગવત્પ્રિયત્વ પ્રાપ્ત કરાવવાનું સામર્થ્ય (૭) તનુનવત્વ એટલે કે નુતન તનુ પ્રાપ્ત કરાવવાનું સામર્થ્ય (૮) લીલા સામયિક પ્રભુશ્રમ-જણકણ સંબંધ સંપાદકત્વ, આ રૂપોથી કરે છે. પરંતુ ત્રણેય ટીકાકારોના મત મુજબ આ બધુ યથાધિકાર લીલા સૃષ્ટિસ્થ જીવોના માટે જ છે. આધુનિક (હાલના) પોતાના દાસજનો માટે શ્રીપુરુષોત્તમજીના અભિપ્રાયથી આ યમુનાષ્ટકના પાઠથી, આગળ કહેવામાં આવનારા ફલને ભગવદિચ્છાનુસાર એક અથવા બે જ પ્રકટ કરી દે છે. અને શ્રીહરિરાયજીએ આ બધા ઐશ્વર્ય ફકત લીલાસૃષ્ટિસ્થ જીવોના ફલદાનને માટે જ છે, કેમકે ત્યાં જ એમનો અધિકાર છે, અત્યારના જીવોને તો બધું જ આચાર્યચરણો દ્વારા જ પ્રાપ્ત થાય છે, આમ કહ્યું છે. પ્રભુચરણોએ સકલસિદ્ધિઓના વિવરણમાં સાક્ષાત્ ભગવત્સેવોપયોગી દેહપ્રાપ્તિ જે કહી, ત્યાં સાક્ષાત્ પદથી સ્વરુપ વગેરેનું પરંપરારૂપે સેવન કરવામાં અલૌકિક દેહની જરૂર નથી પરંતુ નિવેદનાખ્ય બ્રહ્મસંબંધ સંસ્કારથી સંસ્કૃત લૌકિક દેહની જ છે, કેમકે ત્યાં ભગવાન આવરણ સહિત બિરાજમાન છે, તેથી જીવને સાક્ષાત્ સ્પર્શ સંભવ નથી જ્યારે કે લીલાપ્રવેશ થાય ત્યારે તો ભગવદ્ દર્શન

સ્પર્શનાદિ સુખનો અનુભવ થાય છે, તેથી સાક્ષાત્ સેવોપયોગી દેહની જરૂર છે, આવું જણાય છે. આજ રીતે પુષ્ટિમાર્ગમાં ભગવદ્લીલા અવલોકન પણ સિદ્ધિ છે અને તે જેવી રીતે યોગિઓને સ્વયોગ સામર્થ્યથી અતીંદ્રિય વસ્તુ દર્શન સામર્થ્ય પ્રાપ્ત થાય છે, એવી જ રીતે એતન્માર્ગીને પણ શ્રીયમુના સેવનથી ગુણાતીત પ્રભુ લીલાવલોકન રુપ સિદ્ધિની પ્રાપ્તિ થાય છે. સર્વાત્મભાવ પણ એક મહાન સિદ્ધિઓમાંથી છે અને તેના માટે પણ યમુનાજીની કૃપા આવશ્યક છે અને તેથી એ જ યમુનાને જ્યારે નમન કરવામાં આવી રહ્યું હોય, ત્યારે તે 'મુદા' કેમ ન થાય.

આવી જ રીતે શ્રીયમુનાજીને ત્રણ વિશેષણોથી વર્ણિત કરવામાં આવી રહ્યા છે જેમકે (૧) સકલસિદ્ધિ હેતુમ્ (૨) મુરારિપદપંકજસ્ફુરદમન્દરેણુત્કટામ્ (૩) તટસ્થનવકાનન......શ્રીયં બિભ્રતીમ્, આમાં પહેલા વિશેષણનું વિવેચન થયું.

હવે બીજા વિશેષણમાં શ્રીપુરુષોત્તમજીના મત પ્રમાણે જીવોમાં જો દોષોની અધિકતા હશે તો કદાચ ''દૈન્ય'' દયા ન પણ પેદા કરે - અને લોકમાં તો એવું જ જોવામાં આવે છે - આવી સ્થિતિમાં એટલે કે દોષોના રહેવાથી કેવલ સ્તુતિથી શું લાભ ? પરન્તુ ખરેખર સ્થિતિ એવી નથી, કેમકે યમુનાનું તો સ્વરુપ જ અલગ છે અને આ વિલક્ષણતા આપણને બીજા વિશેષણના પ્રભુચરણોએ કરેલા વિવરણથી જ સ્પષ્ટ થઈ જાય છે. પ્રભુચરણોએ કહ્યું છે ''જલના દોષરુપ મુરના શત્રુ, પ્રભુના પાદ પંકજોથી શોભાયમાન અને સેવોપયોગિ દેહને પ્રાપ્ત કરાવવામાં ચતુર, (પરંતુ તે પણ જો ઓછું હોય તો કદાચ કોઇ અક્ષમ સમજી લે, તેથી કહ્યું અમન્દાઃ) વ્રજ સુંદરીવૃંદ ચરણરેણુના સાહિત્યથી શ્રીયમુનામાં, જલની સરખામણીમાં અધિક થઈ ગયો હોય આવી રેણુઓના સમુહ, એના રહેતા અને એને પ્રાપ્ત કરવાથી દોષોનો ભય અથવા ભગવત્પ્રાપ્તિમાં અંતરાયનો પ્રશ્ન ઉપસ્થિત જ કયાં થાય છે ? વાત તો એ છે કે, જે શિષ્યને ગુરુચરણ રજોભિષેક રૂપ પ્રસાદ મળી જાય અને તે પણ યમુનાજી (જેના નામનો જ અર્થ શ્રીદ્વારિકેશજીએ ''યમુ-ઉપરને, યમયતિ જીવાન્ ભગવત્સમીપે રમયતિ'' કર્યો છે, એટલેકે જે સ્વયં પ્રભુની પ્રાપ્તિ કરાવી આપવામાં ચતુર હોય) જેના દ્વારા, ત્યારે તો પુછવું જ શું ? અને ગોપીજનને જ તો આ માર્ગમાં ગુરુ કહ્યા છે. તેથી જરૂર આ તો શિષ્યના પરીક્ષામાં યોગ્ય પૂરવાર થવાના લક્ષણ નથી શું ? જીવની સૌથી મોટી યોગ્યતા ''ભગવદીયત્વેન પરિસમાપ્ત સર્વાર્થાઃ'' માં કહેવામાં

આવેલી ભગવદીયતા જ છે. આમેય આનાથી વધારે (એટલે કે સિવાય કે ભકતના ‘‘હું ભગવાનનો છું’’ આ અભિમાનના ‘‘હું આ ભકતનો છું’’ આ અભિમાન ભગવાનમાં જાગી જાય), યોગ્યતા કઈ માની શકાય છે ? પરન્તુ આ પણ ચોક્કસ ત્યારે જ આવે છે જ્યારે એક વખત પણ જીવ એમ કહી દે કે ‘‘હું તારો’’ ત્યારે તે કહી દે છે ‘‘અહં ભકત પરાધીનઃ’’ આવી વિલક્ષણ ભગવદીયતા ખરેખર વ્રજસુંદરીવૃંદ-ચરણરેણુ-સાહિત્ય દ્વારા અમંદીભૂત યમુનારજના આશ્રયથી જ આવે છે.

ત્રીજુ વિશેષણ તટસ્થનવકાનન..... માં ‘‘સ્મરપિતુઃ’’ એમ કહ્યું, આ સ્મર-જનકતા માત્ર પ્રદ્યુમ્નના પિતા હોવાના કારણે કહેવામાં આવેલી છે એમ નથી, કેમ કે એવું માની લેવાથી ‘‘સ્મરપિતુઃ’’ પદ કહીને શ્રીકૃષ્ણ સાથે સામ્ય દેખાડવામાં કોઈ પ્રયોજન જ નથી રહી જતું, કેમકે પ્રદ્યુમ્નનું પિતૃત્વતો યમુનામાં સંગત નથી થતું. હવે જો કહેવાયેલા પદનું સામ્ય બતાવવામાં પ્રયોજન જ નથી, આ ફકત શ્રીકૃષ્ણને જ કહેનારૂ પદ છે. આમ કહીએ તો એમ પણ કહી શકાય છે કે તો પછી ‘‘સ્મરપિતુઃ’’ આ જ પદ કેમ કહેવામાં આવ્યું ‘‘વ્રજપતિ’’ વિ. જેવા બીજા પણ પદ રાખી શકાતા હતા. એટલા માટે પ્રભુચરણ આજ્ઞા કરે છે કે જલદર્શન ભગવત્સ્મારક પણ છે અને ભાવજનક પણ; આ વાત બતાવવા માટે જ ‘‘સ્મરપિતુઃ’’ આ પદ કહેલું છે. ભગવદ્દર્શન જેમ ભગવત્ વિષયક ભાવનો આવિર્ભાવ કરે છે તેમ જ શ્રીયમુનાજીનું દર્શન જેમ ભગવત્ વિષયક ભાવનો આવિર્ભાવ કરે છે તેમ જ શ્રીયમુનાજીનું દર્શન પણ ભગવદ્ભાવજનક છે, કેમકે એમનું પણ સ્વરૂપ ભગવત્ સદશ જ છે. એટલા માટે જેમ ભગવન્મુખ શ્રીચંદ્રનું સકૃત (   ) પણ ‘સાક્ષાત્કાર’ જીવને જેમ મુખશ્રીચંદ્રચાતકત્વને પહોંચાડી દે છે. તેવી જ રીતે સમાનરુપા હોવાના કારણે એમના સ્વરુપનો સાક્ષાત્કાર ભગવદ્સ્મારકત્વેન ભગવત્ વિષયક ઉત્કટ સ્નેહાવિર્ભાવક છે, આ રીતે ખરેખર જ એ સ્મરપિતા શ્રીકૃષ્ણની શ્રીને ધારણ કરેલા છે એટલા માટે આ મુરારિપદ .... અને તટસ્થનવકાનન.... વિશેષણોનો ક્રમશઃ દોષ નિવર્તકત્વ અને ભાવ જનકત્વ રુપ શ્રીયમુનાજીના બે ધર્મોનું (એટલે કે દોષોનું નિવારણ કરનારા છે, ભગવત્સંબંધી ભાવ એટલે કે સ્નેહને પ્રગટ કરનારા છે), આ રીતે નિરુપણ કરવાથી એમની સકલ સિદ્ધિ દાતૃતા, સકલ સિદ્ધિઓને આપવાનું સામર્થ્ય, ઉપર કહેલા બે ધર્મો, દોષ નિવર્તકત્વ, અને ભાવજનકત્વ રૂપી સહકારિયોને મેળવી, સ્વયં નિરતિશયતા ને પ્રાપ્ત કરી લે છે.

આ રીતે સકલ સિદ્ધિ હેતુત્વરૂપ પ્રથમ ઐશ્વર્યનું વર્ણન આ પહેલા શ્લોકમાં કરવામાં આવ્યું. ફલતઃ પુષ્ટિમાર્ગમાં અનુગ્રહ જ નિયામક છે બીજા કોઈ સાધન ઉપર અવલંબીત નથી, આ વાત સમજી લેવી જોઈએ.

મૂલમ્ :- **કલિન્દગિરિમસ્તકે પતદમન્દપૂરોજ્વલા ।**
વિલાસગમનોલ્લસત્પ્રકટગણ્ડશૈલોન્નતા ॥
સઘોષગતિદન્તુરા સમધિરુઢદોલોત્તમા ।
મુકુન્દરતિવર્ધિની જયતિ પદ્મબન્ધોઃસુતા ॥૨॥

શ્લોકાન્વયાર્થ :- અતિ દૂરસ્થ રવિમંડલથી કલિન્દ નામના પર્વતના શિખર ઉપર પડવાના કારણે ઉત્પન્ન થતા ફીણ તથા જલપ્રવાહથી ઉજ્જ્વલ (કલિન્દગિરિમસ્તકેપતદમન્દપૂરોજ્વલા) આ આવિર્ભાવનો પ્રકાર કહ્યો. ઉંચી નીચી શિલાઓ ઉપર આરોહણ અવરોહણ જ વિલાસગતિ રૂપ છે, ત્યાં પ્રવાહના વેગથી ઉપર ઉછાળીને અને આ રીતે પ્રકટ થવાના કારણે બધા જોઈ શકે એવા શિલાખંડોને કારણે ઉન્નત જેવા દેખાઈ રહેલા (વિલાસગમનોલ્લસત્પ્રકટગંડ શૈલોન્નતા) ઉપરથી પડી રહેલાની શોભાના કથન બાદ ભૂમિ ઉપરની ગતિની શોભા કહેવામાં આવે છે. ''સઘોષ ....'' થી અહિં 'દન્તુર' શબ્દનો અર્થ વિવિધ વિકારના રૂપમાં કહેવામાં આવે છે. જયદેવજીએ પણ **'વિપુલમુલકભરદન્તુસ્તિમ્ કેતકી દન્તુરિતારા'** કહ્યું જ છે, વ્રજજન, ગોવૃન્દ વગેરેની વિવિધ ગતિથી જે વિવિધ વિહારવાળા હોય એવા, (ઘોષશબ્દ વ્રજ (ગામ) અને શબ્દ આમ બંને જ અર્થમાં વપરાય છે) બહુ મોટી નહીં એવી શિલાઓ ઉપરથી પસાર થવાથી જાણે ઉત્તમ પ્રકારની પાલખીમાં સરખી-રીતે બેસી ગયા હોય, એવા **(સઘોષગતિદન્તુરાસમધિરુઢદોલોત્તમા)** ત્યાંથી ભૂમિ ઉપર આવીને મુકુન્દમાં રતિ-સ્નેહ વધારવાવાળા બની ગયા **(મુકુન્દરતિવર્ધિની)**, કેમકે રસાકર કમળના મિત્ર સુર્યની પુત્રી છે ને ? તેથી સ્વયં પણ રસાત્મિકા કેમ ન હોય ? આવી - રસાત્મિકા મુકુન્દરતિવર્ધિની પદ્મબન્ધુ સૂર્યની સુતા (પુત્રી) સંપૂર્ણ ઉત્કર્ષ સાથે બિરાજમાન છે. **(પદ્મબન્ધોઃસુતા જયતિ)**

વિવેચન :-

આઠ પ્રકારના ઐશ્વર્યમાંથી પ્રથમ **''સકલ સિદ્ધિહેતુત્વ''** રુપ ઐશ્વર્યનું વર્ણન કરી હવે બીજા શ્લોકમાં બીજું ઐશ્વર્ય **''ભગવદ્ભાવવર્ધકત્વ''**નું વર્ણન કરવામાં આવે છે. પ્રથમ ઐશ્વર્ય સકલસિદ્ધિહેતુત્વના બે સહકારી ધર્મ કહેવામાં આવેલા હતા, **'દોષનિવર્તકત્વ'** અને **'ભાવજનકત્વ'** પ્રથમ ધર્મ

''કાલિન્દી'' આ નામ સૂચિત કરવામાં આવેલું હતું. અને બીજો ધર્મ યમુનાજી, સ્મરપિતાની શ્રીને ધારણ કરનારા છે, આમ ભગવાનના સરખાપણાથી સૂચિત કર્યા હતા હવે તે ભાવ ઉત્પન્ન થઈને વધશે કે નહીં ? વધશે તો કેવી રીતે વધશે ? વગેરે પ્રશ્નો રહેવાથી ચિત્ત સમાહિત નથી થઈ શકતું, પરન્તુ શ્રીયમુના નિરતિશય દયાળુ છે. ભગવત્શ્રીને ધારણ કરીને કેવલ ભગવદ્રતિનો સંચાર જ જીવના હૃદયકમલમાં નથી કરતા પરંતુ રસાકર સખા સૂર્યની પુત્રી સ્વયં પણ રસાત્મક છે. એટલા માટે સૂર્ય તો રસાકર કમળનો મિત્ર થઈને પ્રસ્ફુટન (ખીલવવાનું કાર્ય) માત્ર કરે છે. જ્યારે શ્રીયમુનાજીતો જીવના હૃદયને ભગવદ્રસનું આકર ( ) પણ પોતે જ બનાવે છે. રસના સંચારને વધારીને પ્રસ્ફુટન પણ પોતે જ કરે છે, કેમકે **'રસૌ વૈ સઃ'** શ્રુતિમાં કહેલા પ્રમાણે રસરુપ શ્રીકૃષ્ણના ગુણધર્મોને ધારણ કરીને, પોતે પણ રસાત્મિકા થઈ ગયા છે; એટલા માટે પુષ્ટિમાર્ગમાં જ્યાં સુધી ભગવદ્વિમુખતાનો દોષ દૂર નથી થઈ જતો અને ભગવદ્ભાવ પ્રાદુર્ભૂત નથી થઈ જતો ત્યાં સુધી સિદ્ધિઓનો પ્રશ્ન જ પેદા નથી થતો, એટલા માટે પ્રથમ ઐશ્વર્યએ આ બંને **''દોષ નિવર્તકત્વ''** અને **''ભાવજનકત્વ''** ને પોતાના સહકારી બનાવ્યા અને હવે તેનાથી પણ આગળ વધીને **''ભાવવર્ધકત્વ''** બીજું ઐશ્વર્ય જ છે અને એ જ ઐશ્વર્ય આ બીજા શ્લોકમાં વર્ણન કરાયેલું છે.

શ્રીદ્વારકેશજી કહે છે કે ''ભગવાનનો આવિર્ભાવ જેમ કૃષ્ણાવતારમાં અલૌકિક છે તેવી જ રીતે શ્રીયમુનાજીનો પણ અલૌકિક જ છે. જેમ ત્યાં ભગવાન વાસુદેવના ગૃહમાં અવતીર્ણ નન્દ-ગૃહમાં આવીને ભક્તોને આધીન થઈ ગયા. એવી જ રીતે યમુનાજી પણ સૂર્યમંડલવર્તી નારાયણના આનંદમય હૃદયથી આવિર્ભૂત થઈ કલિન્દ ઉપર આવ્યા અને ''કલિન્દનન્દના'' કહેવાયા. (એટલે કે અહીં પણ પિતૃદ્વયતા સૂચિત કરી) અને ત્યાર પછી વ્રજમાં આવીને ભક્તાધિન થઈ ગયા. શ્રીહરિરાયજીના મત મુજબ આટલી જ સમાનતા નથી પરંતુ જેવી રીતે કૃષ્ણાવતાર પ્રસંગમાં વરદાનને માટે વસુદેવ દેવકીની સામે આવિર્ભૂત થઈને, અને જેમ તપથી અથવા પૂર્વાનુભૂત ભગવદ્વિરહના કારણે જેમ બંનેના તાપાત્મક હૃદયમાંથી આવિર્ભૂત થયા, તેવી જ રીતે અહીં પણ સૂર્યમંડલાન્તર્વર્તી નારાયણના આનંદમય હૃદયમાંથી દ્રવીભૂત રસાત્મિક થઈને આવિર્ભૂત થઈ, તેવી જ રીતે તાપાત્મકરવિમન્કલથી કલિન્દ ઉપર આવી, જેમ તે લીલાસ્થાનમાં સર્વાત્મભાવવાળા ભકતોથી અધિન થયા, તેવી જ રીતે આ પણ થયા. પાદ્મયમુનામાહાત્મ્યના વચનોને રજુ કરતા પુરુષોત્તમજીએ એક સુંદર વચન

આપ્યું છે. **''રસોય: પરમાધશિ સચ્ચિદાનન્દક લક્ષણમ્ । બ્રહ્મેત્યુપનિષદ્ગીતસ્તદેવ યમુનાસ્વયમ્ ॥''** ભાષ્યના આનન્દમયાધિકરણીય દ્વિતીય વર્ણનમાં ''યો વૈદ નિહિતં ગુહાયાં પરમે વ્યોમન્'' ના અર્થમાં 'પરમ' શબ્દનો ''પર: મિયતે અસ્મિન્'' આ વ્યુત્પત્તિ અનુસાર અક્ષરબ્રહ્મ અર્થ કર્યો છે એ જ આધારાર્થક સપ્તમી વિભક્તિ પ્રમાણે અહીં પણ પરમ અક્ષર એટલે કે અક્ષર બ્રહ્મભગવદ્ધામ રૂપ આધાર છે જેમનો એવા **''સત્યંજ્ઞાનમનન્ત બ્રહ્મ''** શ્રુતિ મુજબ શ્રીકૃષ્ણ જેમને **''રસો વૈ સ:''** પણ કહેવામાં આવે છે, એજ (એટલે કે એવું જ શ્રીયમુનાજીનું સ્વરૂપ છે) તેથી જ આ શ્લોકના વ્યાખ્યાનમાં પુરુષોત્તમજી, નદીપણું જ્યારે બીજી નદિઓમાં પણ સમાન છે તો પછી અહીં જ શું વિશેષતા છે ? આ પ્રશ્નના ઉત્તરરૂપમાં, આધિદૈવિક સ્વરૂપમાં એમનું વૈશિષ્ટ્ય બતાવવા માટે જ દ્વિતીય શ્લોકની અવતરણિકા રૂપ ગુસાંઈજીના **''આવિર્ભાવ પ્રકારમાહુ:''** આ શબ્દોનું પ્રયોજન બતાવે છે, પુરુષોત્તમજી કહે છે, આધિદૈવિકસૃષ્ટિનું, દેવતાવિગ્રહધિકરણીય **''શબ્દ ઈતિ ચેત્-''** આ સૂત્ર અનુસાર 'વેદાધારતા' સિદ્ધ કર્યું છે અને આ સંદર્ભમાં સૂર્યની વેદરૂપતા તૈત્તિરીય બૃહન્નારાયગોપનિષદ્ માં **''આદિત્ય વા એષ: એતન્મંડલં તપતિ''** અહિં આ અનુવાકમાં કહેલી છે. આદિત્ય મંડલાન્તસ્થિત પુરુષની પર બ્રહ્મરૂપતા 'અન્તરસ્તદ્ધર્માધિકરણ'માં વ્યાસજીએ સ્વયં નિર્ણીત કરી છે, બીજા પણ પદ્મ-પુરાણના વચનોથી કલિન્દકૃત પ્રાર્થના વગેરેનું સૂચન કરી એ બતાવવામાં આવ્યું છે કે અહિં વર્ષાની જેમ સૂર્યરશ્મિઓથી જ ઉત્પત્તિ થાય એવું નથી પરન્તુ આદિત્યસ્વરૂપથી છે. આ રીતે સૂર્યના આગમન અને વેદાધારત્વના ખુલાસાથી આધિદૈવિકતા દ્દઢ કરી. તેથી જ પ્રભુચરણ, અતિદૂર રવિમંડલથી ગિરિમસ્તક ઉપર પડવાના કારણે ફીણ અને પ્રવાહથી ઉજ્જ્વલ જેવા પ્રતીત છે એટલેકે વસ્તુત: સ્વરૂપત: તો શ્યામાપ્રિયા પણ શ્યામા જ છે આ ધ્વનિત કરી મૂલકારિકાસ્થ **'પતદમન્દપૂરોજ્જ્વલા'** માં પ્રતિધ્વનિત કરી રહ્યા છે.

આ રીતે ઉજ્જ્વલતાને આગન્તુક બાહ્ય બતાવવા માટે પ્રવાહની અમન્દતા જે વર્ણિત કરવામાં આવી એ અમન્દતાના વર્ણન માટે હવે દ્વિતીય વિશેષણ **''વિલાસગમનોલ્લસત્પ્રકગંડશૈલોન્નતા''** થી કરી રહ્યા છે. (પાદ ટિપ્પણી પ્રથમ વિશેષણ-કલિન્દ... પૂરોજ્જ્વલા) **''ઉચ્ચનીચશૈલારોહાવરોહૌ વિલાસગતિ રૂપૌ''** ઉંચા નિચા શિલાખંડો ઉપર આરોહણ અવરોહણ કરતા કરતા આગળ વધવું જ તો ગતિમાં વિલાસ દેખાડે છે. પણ અમન્દતા હજુ

આટલા થી જ મન્દ નથી થઈ જતી. આ અમન્દતા સ્વયં પણ એટલી અમન્દ છે કે, આરોહણ અવરોહણ ક્રમમાં પડતા વિલાસગમનથી ઉલ્લાસ એટલે શોભા પ્રાપ્ત કરતા કયારેક-કયારેક પ્રવાહના વેગથી ઉપર સુધી ઉછાળીને એટલા માટે બધાથી જોઈ શકાય એવા પ્રકટ શિલાખંડોના કારણે સ્વયં પણ જાણે ઉન્નત જેવા હોય, જાણે એટલી અધિરાઈમાં હોય કે સ્વયં પણ ઉછળતા ઉછળતા જ આવી રહ્યા છે, આ જ તો અમન્દતાની અમન્દતા છે.

આ રીતે ઉપર ઉછળવામાં જે શોભા છે તેનું વર્ણન કરી વિષમભૂમિ ઉપરની ગતિની શોભાને **“સઘોષગતિદન્તુરા”** થી કહેવામાં આવે છે. કોષમાં ‘દન્તુર’ શબ્દ માટે **“દન્તુરં તૂન્નતાન્નાતમ્”** આમ કહેવાયું છે. પરંતુ ઉકતાર્થ દ્વિતીય વિશેષણ **“વિલાસ... શૈલોન્નતા”** માં કહેવાઈ ગયું છે. તેથી તેનો તે અર્થ ફરી-ફરી નથી આવી શકતો એટલા માટે દન્તુર શબ્દનો લાક્ષણિક અર્થમાં અભિપ્રાય બતાવવા માટે પ્રભુચરણ, દન્તુરશબ્દથી વિવિધવિકારસ્વરૂપ અર્થ લેવાનું વિધાન કરે છે. વિકારનું તાત્પર્ય રસાનુકુલ બાહ્યાભ્યન્તરધર્મ (જેને રસશાસ્ત્રમાં ‘ભાવ’ કહેવામાં આવે છે) માં છે. સઘોષ નો અર્થ ટીકાકારોએ અનેક પ્રકારે કર્યો છે. સ્વયં ‘ઘોષ’ શબ્દ પણ બે અર્થોનો ઘોતક છે. જેમકે મૂલમાં જ **“ઘોષઃ શબ્દો વ્રજોવા”** કહેવાયું છે. એટલા માટે ‘સઘોષ’ માં પણ બે પ્રકારના સમાસના આશ્રયણથી શબ્દના અર્થમાં ‘ઘોષ સહિત’, અને વ્રજના અર્થમાં સમાન છે. ઘોષ જેમનું એવા ‘વ્રજજન’ આવો અર્થ પ્રાપ્ત થાય છે. ઉકત દ્વિતીય અર્થમાં જ પ્રથમ સમાસ પ્રમાણે પણ સઘોષ શબ્દને લઈને શ્રીદ્વારિકેશજી કહે છે કે વ્રજને છોડીને જે અન્યત્ર કયારેય પણ ન જતા હોય એવા વ્રજજન એમને ‘સઘોષ’ કહેવામાં આવે છે (પાદટિપ્પણી-જે સર્વદા ઘોષ સાથે હોયતે ‘સઘોષ’ આ વ્યુત્પત્તિથી) શ્રીયમુનાજીને, વ્રજજન અને ગોવિન્દની ક્રિડા માટે પર્યટન કરવાથી જે પોતાનામાં વિવિધ ભાવ પેદા થાય છે તેથી વિવિધ ભાવ-વિકાર વતી કહ્યું. પરંતુ આ અર્થ પુરુષોત્તમજી કહે છે, ગૌણપક્ષમાં છે કેમકે વ્રજજનોનો સંબંધ તો સમભૂમિ ઉપર આવે છે તેથી અહિં વિષમભૂમિ ઉપર એમના ન હોવાથી ‘સઘોષ’નો અર્થ, ‘ઘોષ’ એટલે શબ્દ, એના સહિત જે ગતિ તે ‘સઘોષગતિ’ અને એનાથી જે વિવિધભાવવાળા એવા શ્રીયમુનાજી આ અર્થ લેવો જોઈએ. શ્રીહરિરાયજી આ પક્ષના વિવરણમાં, જેમ પોતાના પ્રિયની સન્મુખ જતી પ્રિયા અન્તરૂદ્ગતરજોગુણજનિતકામાવેશવશાત્ કદાચિત્ ગાન પણ કરતી જાય તે પ્રમાણે શ્રીયમુનાજી પણ મોટેથી અવાજ કરતા જઈ રહ્યા છે એમ

માને છે. આમ શબ્દપક્ષમાં વ્યાખ્યાન થયું. પરંતુ બંને પક્ષોને સંગ્રહીત કરી શકાય છે કેમકે સિદ્ધાન્તમાં બધી લીલાઓને નિત્ય માનવામાં આવી છે તેથી મૂલ ધામમાં પણ વ્રજ સમ્બન્ધ તો રહે જ છે. છતાં પણ ઉત્તમ પક્ષ તો દ્વિતીય જ છે.

વ્યાકરણ નિયમાનુસાર સઘોષગતિદન્તુરા સમધિરુઢ દોલોત્તમા અને અસમધિરુઢદોલોત્તમા આમ બંને રીતે પાઠ બને છે. પ્રભુચરણ, બંને પ્રકારથી અર્થ ઘટાવીને અને સઘોષ .... આ વિશેષણનો પણ સપિડિત અર્થ કરીને **‘‘અનતિસ્થૂલશિલાસુગતિશોભયા અસમધિરુઢે વ સમધિરુઢદોલોત્તમા’’** આમ વ્યાખ્યાન કરે છે. પુરુષોત્તમજી આના વિવરણમાં, અનતિસ્થૂલ-મોટી-શિલાઓ ઉપર ઊંચા-નિચા થતા થતા પસાર થવું અને એ ગમનના ઘોષથી જે સિઞ્જન (   ) નૂપુર ઝણકાર જેવી ધ્વનિ હોવી તે નિરતિશય શોભાસ્પદ છે એ શોભાના કારણે સ્વયં સમધિરૂઢા થયેલા હોવા છતાં અસમધિરૂઢાની જેમ પ્રતીત થઈ રહ્યા છે જાણે શિવિકા-મ્યાના-રુઢા હોવા છતાં પણ સમાન સૌભાગ્ય વાળાઓનો સાથ મળી જવાથી પોતે પણ પાદચારિણી જ બની ગયા હોય એમ કહ્યું છે. અહીં આશય એ છે કે, યદ્યપિ આધિદૈવિક સ્વરૂપથી, ઊંચી નીચી શિલાઓ ઉપર વહી રહેલા પોતાના આધિભૌતિક રૂપ ઉપર આરોહણ કરીને જ ગમન કરી રહ્યા છે. તેથી સમધિરુઢદોલોત્તમા જ છે. તો પણ ગતિશોભા રૂપ જે ઘોષ થઈ રહ્યો છે તે એવું પ્રતિત કરાવે છે કે જાણે કોઈક પગથી નુપુરોને વગાડતા વગાડતા જઈ રહ્યા હોય તેના લીધે સમધિરુઢદોલોત્તમા પણ અસમધિરુઢદોલોત્તમા જેવા બની ગયા છે. શ્રીહરિરાયજી, ભગવાનના સન્મુખ એટલે કે ભગવલ્લીલાસ્થલ તરફ જઈ રહ્યા છે તેથી ભગવદ્‌ભાવ વિવશતા એવી આવી ગઈ છે કે ગમનમાત્રની તો સ્ફૂર્તિ છે પણ આરોહણીય દોલાની સ્ફૂર્તિ કયાંથી હોઈ શકે ! તેથી આરોહણીશિવિકાની અસ્ફૂર્તિ એટલી વધી ગઈ છે કે જાણે સ્વયં અસમધિરુઢદોલોત્તમા જ હોય, આમ એક જુદા જ પ્રકારથી ભાવ નિર્દેશન કરે છે.

હવે અન્તમાં **‘‘જયતિ પદ્‌મબન્ધોઃ સુતા’’** ‘સુતા’ આ વાકયાંશથી આ શ્લોકમાં **‘પદ્‌મબન્ધોઃ સુતા’ આ જયતિ આ ક્રિયાની કર્તા જેવા પ્રતિત થવાના કારણે વિશેષ્ય જ પ્રતિત થાય છે અને બીજા પાંચેય (૧) કલિન્દગિરિમસ્તકે પતદમન્દપૂરોજ્જ્વલા (૨) વિલાસગમનોલ્લસત્પ્રકટગણ્ડશૈલૌન્નતા (૩) સઘોષગતિદન્તુરા (૪) સમધિરુઢદોલોત્તમા**

(૫) મુકુન્દરતિવર્ધિની આ વિશેષણ જેવા પ્રતિત થાય છે. જ્યારે કે સ્તુત્ય યમુના તો અહીં દ્વિતીય ઐશ્વર્યશાલિની છે, એ દ્વિતીય ઐશ્વર્ય છે. **''ભગવદ્ભાવવર્ધકત્વ''** અને કેમકે તે **''મુકુન્દરતિવર્ધિની''** આ વિશેષણથી કહેવાઈ રહ્યું છે તેથી અહીં મુકુન્દરતિવર્ધિની જ વિશેષ્ય છે બીજા પાંચેય વિશેષણ, ઉપકારી ધર્મ છે, જેમ પ્રથમ શ્લોકમાં સકલસિદ્ધિહેતુત્વરૂપ ધર્મના (૧) દોષનિવર્તકત્વ અને (૨) ભાવજનકત્વ રૂપ સહકારી ધર્મ કહેવામાં આવ્યા હતા તેજ પ્રમાણે અહીં આ પાંચેય વિશેષણ મુકુન્દરતિવર્ધિની આ વિશેષ્ય રૂપ ધર્મના સહકારી કે પછી ઉપકારી ધર્મ છે. જેમકે અતિદૂર રવિમંડલથી ગિરિમસ્તક ઉપર આવીને પણ રોકાયા વગર નિરતિશય ઉત્સાહથી નિરોધલીલાસ્થલ તરફ દોડી જવું એ પણ લક્ષ્યૈકતા ન હોઈને તેમાં પણ સ્વપર પ્રયોજન સાધન કરતા કરતા જેમ રવિ અન્ધકારાદિ બધા પ્રતિબન્ધોને નિરસ્ત કરતા કરતા રસ સંચારપૂર્વક કમળને ખિલાવીને મધુપ સ્થિતિપાન નિરોધ વગેરે કરી દે છે. તેવી જ રીતે શ્રીયમુનાજી પણ જીવના હૃદયકમળમાં ભગવદ્રસના સંચારપૂર્વક પ્રસ્ફૂટન એટલે કે ભગવત્ભાવવર્ધન કરીને એના શેષત્વ સંપાદપૂર્વક લીલાક્ષીરાબ્ધિશાયી લક્ષ્મીસહસ્ત્ર લીલા સેવ્યમાન શ્રીકૃષ્ણને, જો હૃદયગુહા છે તો ચિત્તવૃત્તિનિરોધાભ્યાસી યોગી બનાવી દે છે અને જો હૃદય કમળ છે તો તે લોભી કારેરતનારે ભૌરાંને ત્યાં ભક્તના હૃદયકમળમાં એના પ્રસ્ફૂટિત હોવા છતાં પણ નિરુદ્ધ કરી દે છે એટલા માટે **''મુકુન્દરતિવર્ધિની જયતિ''**.

મૂલમ્ : **ભુવં ભુવનપાવનીમધિગતામનેકસ્વનૈઃ**
પ્રિયાભિરિવ સેવિતાં શુકમયૂરહંસાદિભિઃ ।
તરંગભુજકંકણ પ્રકટમુક્તિકાવાલુકા-
નિતમ્બતટસુન્દરીં નમત્ કૃષ્ણતુર્યપ્રિયામ્ ॥૩॥

શ્લોકાન્વયાર્થ :- ભુવનને પાવન કરવાવાળા (ભુવન પાવનીમ્) આ યમુના ભુવનપાવની છે. એટલા માટે તો ભૂમિ ઉપર આવ્યા છે. (ભુવમધિગતા) આ જ ભૂમિ ઉપર આવેલા હોવાના જ ધર્મોનો ''ભુવમ્'' વગેરેથી ઉલ્લેખ કરવામાં આવે છે. જ્યાં જે ઉચિત હોય તેવું જ ત્યાં કરવાવાળા, એવા જ પ્રિયાઓ એટલે કે પ્રિય સખિઓ જેમ જે અનેક પ્રકારના સ્વન-શબ્દ બોલતા શુક, મયુર અને હંસાદિ એમના દ્વારા આ યમુના સેવિત છે. **''આ શુકમયૂરહંસાદિ વિભાવાદિ સામગ્રી રૂપ છે''(પ્રિયાભિરિવ અનેકસ્વનૈઃ**

શુકમયૂરહંસાદિભિઃ સેવિતામ્) એમના તીર ઉપર ચમકતી રેણુથી ઉત્પન્ન શોભા અને રેણુનું સ્વરૂપ પણ **''તરંગભુજકંકણ''** થી કહેવાય રહ્યું છે. તરંગો જ્યારે તીર ઉપર આવીને ફેલાઈ જાય છે, ત્યારે તીર ઉપર રહેલી રેણુ મોતી જેવી દેખાય છે. પણ ખરેખર તો તે રેણુ છે જ નહીં ભલે લોકમાં એવું દેખાતું હોય, પરંતુ તરંગો જે છે તે ભુજારૂપ છે. એ ભુજાઓમાં જે કંકણ છે એમાં સ્પષ્ટ જ દેખાતી જે મુકિતકા એટલે મુકતાફળ-મોતી- એ જ તો રેણુ જેવા દેખાઈ રહ્યા છે અને તેને યુકત જે નિતમ્બ એ જ તો ઉંચા ઉઠેલા જેવા તટપ્રદેશ છે, એ તટપ્રદેશથી જેમનું સૌંદર્ય નિરતિશય છે. આ વિશેષણથી ભગવાનમાં સ્નેહાતિશય કહેલું છે - **(તરંગભુજકંકણપ્રકટમુકિતકાવાલુકા નિતંબતટસુન્દરીમ્)** આવા કૃષ્ણના ચતુર્થપ્રિયાને નમસ્કાર કરો. **(નમતકૃષ્ણતુર્યપ્રિયામ્)**

વિવેચન : દ્વિતીય શ્લોકમાં ભગવદ્ભાવવર્ધકત્વ રૂપ દ્વિતીય ઐશ્વર્યનું વર્ણન કરેલા **''રતિર્દેવાદિવિષયા ભાવ ઇત્યભિધીયતે''** ભાવનું એટલે કે રતિ સ્નેહનું છે. શ્રીપુરુષોત્તમજી કહે છે કે ઉકત દ્વિતીય ઐશ્વર્ય દઢીકરણ માટે જ રતિજનક એટલે કે ભગવદ્વિષયક સ્નેહને આવિર્ભૂત કરનારા ધર્મોનું નિરૂપણ અહીં આગળ ઉપર અભિલષિત છે. દ્વારિકેશજી આપની ઉત્થાનિકામા કહે છે કે ભગવાન જ્યારે રમણાર્થ અવતીર્ણ થયા ત્યારે શ્રીયમુનાજી પણ અવતીર્ણ થયા. મુકુન્દરતિવર્ધિની ખરા ને ! **'મુકુન્દરતિવર્ધિની'** ના ખુલાસામાં શ્રીહરિરાયજીએ એક સુંદર અર્થ આપ્યો છે, આપ કહે છે - આ ઉભયસમ્બન્ધી છે, મુકુન્દની રતિ સ્વામિનીમાં વધારી દે છે. અને સ્વામિનીની મુકુન્દમાં, એથી જ શ્રીદ્વારિકેશજી કહે છે **'તદુપયોગિન્યવતીર્ણા'** પોતાના આ સ્વભાવના કારણે જ તો આપ રમણમાં ઉપયોગિની છે. રમણ રતિપૂર્વક છે અને રતિ છે. 'સ્થાયીભાવ' સ્થાયીભાવ વિભાવાનુભાવ સંચારીભાવથી નિષ્પન્ન થાય છે, ત્યારે જ શ્રૃંગારાવિભાર્વ થાય છે, આ જ શ્રૃંગારાવિર્ભાવ માટે અપેક્ષિત ધર્મોને **'ભુવમ્'** વગેરે શબ્દોથી કહેવામાં આવે છે. એથી જ શ્રીહરિરાયજી કહે છે કે **''ભુવ્યાગમનં હિ ભગવતો રતિવર્ધનાયતૈત્ર ચ યે ધર્માસ્તદનુકૂલા અપેક્ષ્યન્તે વિભાવાદિસામગ્રી સેવિકાસાહિત્ય સ્વરુપ સૌન્દર્યાદયસ્તમિત્યર્થઃ।''** અર્થાત્ પૃથ્વી ઉપર આગમન ભગવત્સમ્બન્ધથી રતિના વર્ધનના માટે છે ત્યાં અપેક્ષિત ધર્મ છે. રતિવર્ધનમાં અનુકૂલ જે હોય જેમકે વિભાવાદિ સામગ્રી, સેવિકા, સાહિત્ય સ્વરૂપ, સૌન્દર્યાદિ તેવી જ રીતે ધર્મોનું ભુવમ્ વગેરેથી વર્ણન કરવામાં આવી રહ્યું છે.

‘ભુવનપાવનીમ્’ ભુવનનો અર્થ છે લીલા-સૃષ્ટિસ્થ અને અતિરિકત સર્વલોક, એમને ભગવદ્ભાવથી જે કોઈપણ અન્યભાવ હોય એનાથી રહિત કરવા અને ભગવત્સેવા કરવા યોગ્ય દેહનું સંપાદન કરવું આ જ તો ભુવનને પાવન એટલે કે શુદ્ધ કરવું છે. આ શુદ્ધિ પણ પુષ્ટિમાર્ગીય છે કે દેવ ભગવદ્ભાવથી જે કોઈપણ અન્ય ભાવ હોય તેનાથી રહિત થાય અને ભગવત્ સેવા યોગ્ય દેહ થાય એટલે કે બની જાય. આ શોધન ચાતુર્યને જ અહીં ઐશ્વર્ય કહેલું છે. જેને અમે પહેલાં ભગવત્ સમ્બન્ધ પ્રતિબન્ધ નિરાસપૂર્વક ભગવત્ સમ્બન્ધનુભવ યોગ્યતા માટે શુદ્ધિ સમ્પાદન સામર્થ્યના રૂપમાં અર્થાત્ ‘ભુવન પાવનીત્વ’ રૂપ ઐશ્વર્ય સમ્બન્ધાનુભવ યોગ્યતા માટે શુદ્ધિ સમ્પાદન સામર્થ્યના રૂપમાં કહી ગયા છીએ, આ જ તૃતીય ઐશ્વર્ય આ તૃતીય શ્લોકમાં વર્ણવાયેલું છે.

રસશાસ્ત્રકારોના મતાનુસાર વિભાવાનુભાવસંચારીભાવથી રસની નિષ્પતિ થાય છે. પ્રકૃતિમાં રતિ એટલે કે ભગવત્સ્નેહ રસ છે, આ જ અહીં સ્થાયીભાવ છે. અને આને જ પરાનુરકિતરૂપ ભકિત પણ કહેવામાં આવે છે. વિભાવના બે ભેદ માનવામાં આવે છે. આલમ્બન વિભાવ અને ઉદ્દીપનવિભાવ. આલમ્બન વિભાવ પ્રભુ અને સ્વામિની છે. શુકાદિ ઉદ્દીપન વિભાવ છે એથી જ દ્વારિકેશજી આગળ જઈને કહે છે કે શુક વાચિકી સેવા કરે છે. મયૂર (મોર) કાયિકી ઈત્યાદી. આ બધી સામગ્રીઓ દ્વારા ભગવદ્રતિ દઢ થાય છે, રસ નિષ્પન્ન થાય છે, એટલા માટે આને વિભાવ કહ્યો. આ બધું જ યમુનાજી સિદ્ધ કરી દે છે, કેમ કે આ જ પ્રયોજનથી તો એમનું સૂર્યમંડલમાંથી અવતરણ છે.

‘તરંગભુજકંકણ’ માં અલૌકિક આભૂષણોનું વર્ણન કરવામાં આવેલું છે. પ્રભુચરણ આજ્ઞા કરે છે કે **“ભગવતિ સ્નેહાતિશયો વિશેષણોનોકત:’** એટલે કે આ વિશેષણથી ભગવાનમાં સ્નેહાતિશયનું વર્ણન છે. શ્રીહરિરાયજી આ પંકિતના વિવરણમાં કહે છે કે સ્નેહાતિશય એટલા માટે છે કે બંને સજાતીય છે અને બંનેની સજાતીયતા, બંને અપ્રાકૃતાખિલા કલ્પ-ભૂષણભૂષિત છે, એટલા માટે છે. જયારે ભૂષણ જ અપ્રાકૃત હોય ત્યારે ભૂષિતની અપ્રાકૃતતાનું પુછવાનું જ શું ? એટલા માટે શ્રીહરિરાયજી તર્ક પણ આપે છે કે અપ્રાકૃતનો અપ્રાકૃત વસ્તુમાં નિરતિશય સ્નેહ હોવો સર્વથા ઉચિત એટલે કે સ્વાભાવિક જ છે. શ્રીપુરુષોત્તમજી **‘સ્નેહોતિશયો વિશેષણેન ઉકત:’** આ પ્રભુચરણોકિતમાં **‘વિશેષણેન’** આ એકવચનના પ્રયોગનો અભિપ્રાય સ્પષ્ટ કરે છે કે ‘વિશેષણેન’ આ એકવચનથી બીજા જે બે વિશેષણ છે **(૧) ભુવમધિગતાંભુવનપાવનીમ્**

(૨) પ્રિયાભિરિવાનેકસ્વનૈઃ શુક મયૂર હંસાદિભિઃ સેવિતામ્ આનાથી ફકત સ્નેહ સમજણમાં આવે છે. જ્યારે કે આ ત્રીજા **'તરંગ ભુજકંકણ સુન્દરીમ્'** વિશેષણથી સ્નેહાતિશય સમજવામાં આવે છે એટલે કે અહીં આ વિશેષણમાં બીજા બેને બદલે કોઈ ખાસ અવસ્થા પ્રયુકત સ્નેહાતિશયતા સમજમાં આવી રહી છે, અહીં થોડો તર્ક પણ ધ્વનિત થાય છે, તે એ કે જો યમુનાજીનો ભગવાનમાં સ્નેહ ન હોત તો મૂલધામ છોડીને ભગવદ્વિચારિત ભુવનપાવાત્મક કાર્ય માટે પૃથ્વી ઉપર ન આવત અને આવીને પણ લીલાર્થ સર્વ સામગ્રીઓની સાથે ન હોત, અને જો સ્નેહાતિશય ન હોત તો વર્ણવેલા પ્રકારના તટવાળા કેવી રીતે હોત? તેથી સમજમાં આવે છે કે ભગવાનમાં એમનો નિરતિશય સ્નેહ છે. આ રીતે અનુમાનથી પણ ભગવદ્રતિવર્ધકતા એમની દઢ હતી. કેમકે ભગવાનમાં એમનો સ્નેહ નિરતિશય છે. તેથી આપ ભગવદ્અભિલષિત કાર્ય માટે જ અવતરિત છે. લીલાર્થ અવતરિત પ્રભુને અભિલષિત કેવળ સ્વાનન્દાનુભવદાન જ છે. **'નૃણાં નિશ્રેયસીર્થાય વ્યકિતર્ભગવતો નૃપઃ'** તેથી તે આનન્દાનુભવમાં કારણીભૂત ભગવદ્નુગ્રહ ભગવદ્વિષયક સ્નેહનો આવિર્ભાવ થવાથી જ થાય છે અને એ સ્નેહ-રતિ-નીવર્ધિકા આ યમુનાજી છે. શ્રીપુરુષોત્તમજી કહે છે કે આનાથી એક બીજી વાત ધ્વનિત થાય છે તે એ કે આધિદૈવિક સ્વરૂપનું ભગવદવતાર પછી અવતરણ છે અને ભગવલ્લીલામાં જ એનો આવિર્ભાવ છે.

અંતમાં **''નમત કૃષ્ણતુર્યપ્રિયામ્''** કહ્યું. અહીં તુર્યપ્રિયત્વ કેવી રીતે હોઈ શકે છે ? મૂલ ભાગવતમાં જ **''કાલિંદીતિ સમાખ્યાતા વસામિ યમુના જલે''** એટલે કે 'યમુનાજલમાં' આમ અલગથી યમુના નામનો ઉલ્લેખ અને પોતાનું નામ પણ 'કાલિંદી એમ કહી અલગ જ રીતિથી કહેવાથી કાલિંદી અને યમુનાનો ભેદ તો સ્પષ્ટ જ છે અને આ બંનેમાં આધિદૈવિક આધિભૌતિક ભાવ છે એટલે કે કાલિંદી એ આધિદૈવિક સ્વરૂપ છે અને યમુના શબ્દથી આધિભૌતિક સ્વરૂપ કહેવાયું છે. આવી શંકાઓનું સુબોધિનીમાં જ ઉપપત્તિ સાથે ખંડન કરી દીધું છે અને શ્રીરુકમણિ વગેરે ત્રણેયને લઈને તો એમની ચતુર્થતા કહી નથી શકાતી તેથી સાત્વિક, રાજસ અને તામસ આ ત્રણેયને લઈને ગુણાતીતના રૂપમાં ચોથા આપ છે આ જ સ્ફૂટ થાય છે. અહીં આવી શંકા તો કરી જ નથી શકાતી કે જ્યારે આપનું મહિષિઓમાં જ અન્તર્ભાવ નથી ત્યારે પ્રિયાત્વ કેવી રીતે હોઈ શકે છે અને વિના પ્રિયાત્વ ચતુર્થપ્રિયાત્વ કેવું ? વસ્તુસ્થિતિ એ છે કે યમુનામાહાત્મ્યના યમુનાભિષેક અધ્યાયમાં પહેલા ભગવતકૃત આશ્લેષાદિનું વર્ણન

કરીને પછી **'યમુનાપ્રચ્યુતેમૈવ સુસંસ્કૃતત્પાથ શિક્ષિતા..'** વગેરે વર્ણન કરવામાં આવ્યું ત્યાર પછી 'અપ્રિબ્રહ્મહણ: પાપમય નેષ્યસિ સેવિતા સમ્રરાજાન્તુ સાન્નિધ્યં ન તેપૃક્ષ્યામિ કાર્હિચિત્' આ રીતે આ વચનોમાં ભગવાનના સર્વદા સ્વસાન્નિધ્યરૂપ વરદાનથી પ્રિયાત્વની જેમ તુર્યપ્રિયાત્વ પણ સિદ્ધ જ છે. હરિરાયજીના મત મુજબ વ્રજમાં ભગવદ્ભોગ્યા સ્વામિની વગેરે ચતુર્વિધ છે. એમાં પ્રથમ તો અન્યપૂર્વા અને અનન્યપૂર્વાના ભેદથી પર સર્વવિલક્ષણા ભગવાનના મુખ્ય સ્વામિની, બીજા સર્વાત્મભાવવતી ગોપગૃહમાં સ્થિત શ્રુતિરૂપા પ્રૌઢાઓ, ત્રીજા વ્રજસ્થ અનન્યપૂર્વા જે વિવાહના અભાવમાં પણ વસન (વસ્ત્ર)ના આદાનથી સ્વકીયા કરી લેવામાં આવ્યા એવા કુમારિકાઓ અને ચોથા શ્રીયમુના. આમનામાં પણ ક્રીડા વ્યાજથી સર્વાંગ સમ્બન્ધ સમ્પાદન દ્વારા સ્વતંત્રેણ જ ક્રીડા છે – આ રીતે તુર્યત્વ કહ્યું અને આ જ અભિપ્રાયથી તૂર્યપ્રિયાત્વ કહેવામાં આવે છે નહીં કે તુર્યભાર્યાત્વ. શ્રીદ્વારિકેશજી આને વધુ સ્પષ્ટ કરી દે છે કે વ્રજમાં ભગવદ્ભોગ્યા મુખ્ય સ્વામિનીઓ ચાર છે જેમાં શ્રીરાધિકાયુયસ્થ તામસભાવતી છે, શ્રીચંદ્રાવલી યૂથસ્થ રાજસભાવવતી છે, કુમારિકા યૂથસ્થ સાત્વિકભાવવતી છે અને ચોથા શ્રીયમુનાયૂથસ્થ ગુણાતીત છે. આ યૂથ સ્વામિનીઓમાં આમનું તુર્યત્વ (ચતુર્થપણું) માનેલું છે.

આ રીતે ભગવત્ સમ્બન્ધમાં આવતા પ્રતિબન્ધોના નિરાકરણપૂર્વક ભગવદનુભવ યોગ્યતામાં કારણ એવી શુદ્ધિના સમ્પાદનના સામર્થ્યરૂપ **''ભુવન પાવનીત્વ''**

મૂલમ્ : **અનન્તગુણભુષિતે શિવવિરંચિદેવસ્તુતે ।**
ઘનાઘનનિભેસદા ધ્રુવપરાશરાભીષ્ટદે ॥
વિશુદ્ધમથુરાતટે સકલગોપગોપીવૃતે ।
કૃપાજલધિસંશ્રિતે મનમન:સુખં ભાવય ॥૪॥

શ્લોકાન્વયાર્થ : આ યમુનાજી ભગવાનના સમાનધર્મોવાળા છે. તેથી એવા જ વિશેષણોથી વર્ણિત કરવામાં આવી રહ્યા છે, જે ભગવાન્ અને યમુનાજીના માટે સમાનરૂપથી કહી શકાય છે. એથી આ શ્લોકમાં જેટલા પણ વિશેષણ છે એને આધારાર્થક સપ્તમી વિભકિતના અર્થમાં માનવાથી એ પ્રભુ માટે થઈ જાય છે અને સંબોધનરૂપ માનવાથી પ્રભુપ્રિયા માટે થઈ જાય છે.

(પ્રભુપક્ષમાં) :- અનન્તગુણોથી ભૂષિત **(અનન્તગુણભૂષિતે)** શિવ

બ્રહ્મા વગેરે દેવો દ્વારા જેમની સ્તુતિ કરવામાં આવતી હોય એવા **(શિવવિરંચિદેવસ્તુતે)** ઘનાઘન શબ્દ નિપાતરૂપ છે અને ઘન સમુદાયનો વાચક છે એટલે કે ઘનસમૂહ કાન્તિવાળા **(ઘનાઘનનિભે)** ધ્રુવ અને પરાશરને અભીષ્ટનું દાન કરવાવાળા **(ધ્રુવપરાશરાભીષ્ટદે)** વિશુદ્ધ મથુરા સદૈવ જેમની નિકટ છે એવા **(વિશુદ્ધમથુરાતટે)** અને સમગ્ર ગોપ-ગોપાંગનાઓથી શોભિત **(સકલગોપગોપીવૃતે)** નિરવધિ કૃપાપુંજ હરિમાં **(કૃપાજલધિસંશ્રિતે)** સર્વદા હે શ્રીયમુનાજી આપ મારા મનની પ્રીતિનું સંપાદન કરો. **(સદા મમ મનઃ સુખં ભાવય).**

(યમુના પક્ષમાં) :- અનન્તગુણોથી ભૂષિત **(અનન્તગુણભૂષિતે)** શિવ વિરંચિ વગેરે દેવો પણ જેમની સ્તુતિ કરતા હોય એવા **(શિવવિરંચિદેવસ્તુતે)** હે શ્રીયમુને ! આપના જ તીર ઉપર ધ્રુવ વગેરેને પ્રભુના દર્શન થયા હતા એથી આપ જ ધ્રુવપરાશરાભીષ્ટદા છો. **(ધ્રુવપરાશરાભીષ્ટદે)** અને વિશુદ્ધ મથુરા પણ આપના જ તટ ઉપર સ્થિત છે. **(વિશુદ્ધમથુરાતટે)** આપ સમગ્રગોપગોપાંગનાઓથી શોભિત છો **(સકલગોપગોપીવૃતે)** આટલું જ નહીં પરંતુ બીજી નદીઓ જ્યાં લૌકિક સમુદ્રમાં મળે છે ત્યાં આપ તો સાક્ષાત્ કૃપાના સમુદ્ર શ્રીવ્રજેશમાં સંશ્રિત છો **(કૃપાજલધિસંશ્રિતે)** એથી હે ઘનશ્યામરૂપા શ્રીયમુના **(ઘનાઘનનિભે)** આપ મારા મનના સુખનો વિચાર કરો અર્થાત્ સર્વદા પ્રભુમાં મારા મનની પ્રીતિનું સંપાદન કરો **(સદા મમ મનઃ સુખં ભાવય).**

વિવેચન : શ્રીહરિરાયજીના મત મુજબ તામસ પ્રમેય અને તામસફલ પ્રકરણ ભગવાનના ઐશ્વર્યાદિ છ ગુણોનું વર્ણન થયું છે. તે અનુસાર છ ગુણ અને સાતમાં સ્વયં આમ સપ્તવિધ સ્વરૂપ વર્ણન થયું છે અને બરાબર તે જ પ્રમાણે અહીં પણ **(૧) અનન્તગુણભૂષિતે (૨) શિવવિરંચિદેવસ્તુતે (૩) ઘનાઘનનિભે (૪) ધ્રુવપરાશરાભીષ્ટદે (૫) વિશુદ્ધમથુરાતટે (૬) સકલગોપગોપીવૃતે** આમ છ વિશેષણ અને સાતમા **કૃપાજલધિસંશ્રિતે** એ વિશેષ્યથી સપ્તવિધ સ્વરૂપ વર્ણન છે. પરંતુ શ્રીપુરુષોત્તમજીના મત મુજબ વિશેષ્ય **'ઘનાઘનનિભે'** છે અને **'કૃપાજલધિસંશ્રિતે'** વિશેષણ જ. એથી મૂલાન્વયમાં પણ બંને જ રીતથી વર્ણન કરવામાં આવ્યું છે. બંને જ ઉપપન્નતર છે.

જો કે વિસ્તાર થશે છતાં પણ પ્રસંગના રસાસ્વાદન માટે અહીં આપણે ભગવાનના તે ઉપપ્રકરણ ઉપર લક્ષ્યપાત કરવો અભીષ્ટ છે.

સત્તરમાં અધ્યાયમાં શુકદેવજીએ શરદ્દનું વર્ણન કર્યું તેના અનન્તર અઢારમાં અધ્યાયમાં સ્ફુટરૂપથી ગોપિકાઓની પ્રભુમાં આસક્તિનું વર્ણન વીસ શ્લોકોથી કરવામાં આવ્યું. તેમાં પ્રથમ શ્લોકમાં વૃન્દાવનમાં પ્રવેશનું વર્ણન છે અને બીજો શ્લોક આસકિતના ઉદ્બોધનના વર્ણનનો છે. શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે કે આસકિત પ્રેમપૂર્વક થાય છે અને જ્યારે ભગવદ્વિષયક સ્નેહને જ ભગવાન જ આવિર્ભૂત કરે છે તો આસકિતનું ઉદ્બોધન પણ તો તેઓ જ કરશે એટલે કે બીજું કોણ કરી શકે છે. અને આમ જ્યારે ગોપિકાઓની ભગવાનમાં આસકિત ઉદ્બુદ્ધ (જાગૃત) થઈ ત્યારે વિરહભારથી ભગવદનુગ્રહૈકલભ્ય ભગવત્સ્વરૂપાનુભવ અને ભગવત્લીલાનુભવ હૃદયના પાત્રમાંથી વર્ણનના રૂપમાં ઉપરથી ઉભરાઈ ગયો. પરંતુ નટવરવપુનુ કોઈ વર્ણન કરે પણ કેવી રીતે ? આમ વર્ણન થયું ન થયું ત્યાં સુધીમાં સર્વભૂત મનોહર વેણુરવ કાનોમાં પડી ગયો અને પછી ગોપિકાઓ એનું જ વર્ણન કરવા લાગી ગયા. આ રીતે રૂપનું વર્ણન કરતા કરતા જ્યારે **'ધન્યાસ્તુ મૂઢમતયોપિહરિણ્ય એતા' 'દ્રષ્ટ્વાતપે વ્રજશૂન્ સહરામગૌપૈ:'** એટલે કે શ્લોક સંખ્યા ૧૧ થી ૧૬ સુધી વેણુનું વર્ણન કર્યું ત્યારે આચાર્યચરણ આજ્ઞા કરે છે કે આ શ્લોકોમાં હરિણીઓ, અપ્સરાઓ, ગાયો, પક્ષિવૃન્દ, નદિઓ અને મેઘમાલા આ બધા ક્રમશઃ ઐશ્વર્યાદિ છ ગુણોના બોધક છે. મૂલ ભાગવતમાં જે ગોપીજન વર્ણન કરી રહ્યા છે કે ''ખરેખર મૂઢમતિવાળી આ હરિણાંગનાઓ અત્યન્ત ભાગ્યશાલિની છે જેમણે પોતાના કૃષ્ણસાર મૃગો સાથે પ્રેમપૂર્વક સમીપસ્થ વિલક્ષણ તથા અવર્ણનીય વેષધારી નન્દનન્દન કૃષ્ણને જોઈને તથા વેણુનાદને સાંભળીને કૃષ્ણના દ્વારા કરવામાં આવેલી પ્રશંસાનો સ્વીકાર કર્યો.'' અહીં શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે કે ''આજ તે ઈશ્વરનું ઐશ્વર્ય છે કે જે એને જાણે એ તો પૂજે જ પરંતુ જે ન જાણે તે પણ એટલે કે મૂઢ પણ પૂજે તેથી ચતુર વ્યકિત સમજી જાય છે કે અહિં નિરૂપાધિક ઐશ્વર્ય છે. આ રીતે અહીં ભગવદૈશ્વર્યનું વર્ણન થયું. શ્રીહરિરાયજી કહે છે કે એ જ ઐશ્વર્ય **''અનન્તગુણભૂષિતે''** દ્વારા કહેવામાં આવેલું છે.

જો કે અહીં મૂઢકૃત પૂજાદિનું વર્ણન નથી, તો પણ **'અનન્તસ્ય નિત્યસ્યરાસોત્સવાદિષુ બહુરૂપસ્ય વા યે ભગવતઃ ગુણાઃ ભકતકાર્યસાધકત્વાદયઃ તૈઃ ભૂષિતેત્યર્થઃ'** એટલે કે એ અનંતના નિત્યના અથવા રાસોત્સવ વગેરે સમયે જેમણે અનેક પ્રકારના રૂપ લીધા હતા એવા ભગવાન્ના ભકતકાર્યસાધકત્વ વગેરે જે ગુણ છે એ ગુણોથી યમુનાજી પણ

વિભૂષિત છે. એટલે કે આ રીતે સતત સર્વ ભગવદ્‌ગુણોથી યુકત યમુનાજીમાં જ્યારે **"ગુણાઃ સર્વત્ર પૂજ્યન્તે"** આ વાકય પ્રમાણે અને **"પૂજ્યો હિ ભગવાન્ તદ્‌ગુણોશ્ચ"** આ આચાર્યચરણોકિત પ્રમાણે પણ પૂજ્યતામાં કારણીભૂત ગુણ તો છે જ તેથી પૂજનીય ગુણ જ્યારે છે તો પૂજા તો અવશ્ય થશે જ, આ રીતે **"ઈશ્વર પૂજ્યતે લોકે મૂઢૈરપિ યદા તદા નિરુપાધિકમૈશ્વર્ય વર્ણયન્તિ મનીષિણઃ"** આ કારિકામાં નિરૂપિત ભગવાનનો ઐશ્વર્યરૂપી ગુણ પણ કહેવાયેલા **"અનન્તગુણભૂષિતે"** આ વિશેષણથી સુવ્યકતતયા નિરૂપિત થયો.

શ્રીપુરુષોત્તમજીના મત મુજબ આ ચતુર્થ શ્લોકની ઉત્થાનિકામાં **"ભગવદ્‌સમાનધર્મત્વં જ્ઞાપયિતુ..."** આ શબ્દોનો એ આશય છે કે તૃતીય શ્લોકમાં તુર્યપ્રિયા કહીને જે એમનું ગુણાતીત્વ સૂચિત કર્યું એના સમર્થન માટે અને ભુવનપાવનીત્વ રૂપના નિર્ધારણાર્થ ચતુર્થ શ્લોક છે. આ જ્યારે ભગવત્‌સમાનધર્મા જ છે તો ગુણાતીત અને ભુવનપાવનીત્વ હોવામાં આશ્ચર્ય પણ શું ? ભગવત્ સમાનધમૃતા પ્રભુ અને યમુના બંનેના માટે સમાન રૂપથી પ્રયુકત થઈ શકે એવા વિશેષણોના પ્રયોગથી બતાવવામાં આવી છે. આના પછી **"પ્રભૌ સમમ્યન્તાનિ વિશેષણાતિ"** આ પંકિતના આશયના વિવરણમાં શ્રીપુરુષોત્તમજી કહે છે કે શ્રીયમુનાજીની ભગવત્‌સમાનધર્મના કેવલ સમાન સંખ્યાવાળા વિશેષણોથી જ સૂચિત નથી થતી પરંતુ પદાર્થસામ્યથી પણ આશય એ છે કે કેવલ વિભકિતઓમાં અન્તર છે. વ્યાકરણના નિયમાનુસાર એક જગ્યાએ પુલિંગમાં આધારાર્થક સપ્તમી વિભકિતનો પ્રયોગ છે અને બીજી જગ્યાએ સ્ત્રીલિંગમાં સંબોધનાર્થક પ્રથમા વિભકિત છે. અર્થમાં કોઈ ભેદ નથી એટલે કે સ્વરૂપતઃ બંને પ્રભુ અને સ્વામિનીના રૂપમાં ભિન્નતયા દર્શન આપવા છતાં પણ અભિન્ન જ છે. પ્રથમ વિશેષણમાં અભિસામર્થ્યરૂપ ઐશ્વર્યગુણ, સંખ્યા અને કાલ દષ્ટિથી અપરિછિન્ન-અનન્ત હોવાના કારણે કહેવામાં આવેલ છે.

શ્રીદ્વારિકેશજી આ વિશેષણોના પ્રભુપરક અને શ્રીયમુનાજીપરક આમ બંને પક્ષોમાં અલગ અર્થ બતાવે છે. આદ્યપક્ષમાં અનન્ત અપાર જે અલૌકિક ગુણ એમનાથી ભૂષિત શ્રીકૃષ્ણમાં મારા મનની પ્રીતિ કરો આવો અર્થ છે. દ્વિતીયમાં અનન્ત-ભગવાન્‌ના જે ભકતમનોરથપૂરકત્વ વગેરે જે ગુણ છે એનાથી હે શ્રીયમુને ! આપ વિભૂષિત છો, આવો અર્થ છે.

દ્વિતીય વિશેષણ **"શિવવિરંચિદેવસ્તુતે"** માં વીર્યરૂપ દ્વિતીયગુણનું વર્ણન છે. શ્રીહરિરાયજીના મત મુજબ વેણુગીતના સુબોધિની કારિકાના **"વીર્યં**

દેવેષુ તત્રાપિ સ્ત્રીષુ તત્રાપિકામતઃ સાન્નિધ્યે પૂરુષાણાંચ મૂર્છા તેન તતોમહત્'' આ વાક્યમાં નિરૂપિત વીર્ય વર્ણનના પ્રકારથી જ છે. વેણુગીત પ્રકરણના બારમા શ્લોકમાં ગોપિકાઓ વર્ણન કરી રહી છે. ''વનિતોત્સવ ચારુવેષને ધારણ કરવાવાળા શ્રીકૃષ્ણને નિરખીને અને એમના દ્વારા વગાડવામાં આવેલા વેણુના વિચિત્રગીતને સાંભળીને વિમાનોમાં વિહાર કરવાવાળી અપ્સરાઓનો કામાતિરેકથી વિવેક નષ્ટ થઈ ગયો અને સૌન્દર્યભિવૃદ્ધ્યર્થ કેશપાસમાં ગુંથાયેલો પુષ્પ સમુહ ખરી પડયો, નીવિબન્ધની ગાંઠ ખુલી ગઈ તથા તેઓ બધી મૂર્છિત થઈ ગઈ।'' આચાર્યચરણની આ શ્લોક ઉપરની કારિકાના વિવરણમાં નિર્ભયરામભાઈ કહે છે કે **''કૃષ્ણં નિરિક્ષ્ય''** આ શ્લોકમાં મનુષ્યરૂપમાં દેખાઈ રહેલા ભગવાનના દર્શન કરીને કામવશાત્ પુરૂષોની નજીક જ હોવા છતાં પણ દેવાંગનાઓ મૂર્ચ્છિત થઈ ગઈ એથી જ અહીં મહદ્વીર્યનું વર્ણન અભિપ્રેત છે. પહેલાની જેમ અત્યારે પણ જો કે એવો પ્રસંગ અહીં નથી તો પણ આચાર્યચરણ ઉકતકારિકામાં **''વીર્યદેવેષુ''** એટલે કે વીર્ય દેવોમાં છે. અને આ વીર્યવાન દેવોમાં મુખ્ય છે શિવવિરંચિ. તેથી આવા મુખ્ય દેવો દ્વારા પણ જે શ્રીયમુનાજીની સ્તુતિ કરવામાં આવી હોય તો પછી એમના (યમુનાજીના) વીર્યનું તો કહેવું જ શું ? આમ આ વિશેષણથી એટલે કે **''શિવવિરંચિદેવસ્તુતે''** થી વીર્યનું વર્ણન થયું. શ્રીપુરુષોત્તમજીના મત મુજબ **''સવનશસ્તદુપધાર્ય સુરેશાઃશક્રશર્વપરમેષ્ઠિપુરોગાઃ''** આ વાકયમાં વર્ણિત દેવતાઓ ઉપર વિજયરૂપ વીર્ય જ આ દ્વિતીય વિશેષણમાં પણ વીર્ય છે.

તૃતીય ''ઘનાઘનનિભે'' આ શ્રીહરિરાયજીના મત મુજબ વિશેષણ છે જ્યારે કે શ્રીપુરુષોત્તમજીના મત મુજબ આ વિશેષ્ય જ છે આ અમે પહેલાં પણ કહી ગયા છીએ. આને તૃતીય વિશેષણ માનીને તૃતીય ગુણ યશના-વર્ણન પરક અર્થ કરતા શ્રીહરિરાયજી કહે છે કે અહીં સર્વવિસ્મારક અર્થાત્ જેનાથી બધું જ કાંઈ ભુલાઈ જવાય એવા સ્વરૂપ સૌંદર્ય અને વિશ્વજીવનત્વ વગેરે રૂપોનું નિરૂપણ અર્થાત્ **''યશો યદિ વિમૂઢાના પ્રત્યક્ષાસકિતવારણાત્ સ્વધર્મે યોજયેત્ તેષુ તદા ભવતિ નાન્યથા''** આ કારિકામાં વર્ણિત યશનું વર્ણન છે. મૂલ વેણુગીતમાં ગોપીજનોના વચન આ પ્રકારે છે. ''શ્રીકૃષ્ણના મુખમાંથી નીકળેલા વેણુગીતને સાંભળીને કે જે અમૃતરૂપ છે જેને ગાયો પોતાના ઉંચા કરેલા કર્ણપુરોથી પી રહી છે અને એમના આંચળમાંથી સ્રવતા દુધના કવલ (   )થી જેમનું મુખ ભરાઈ ગયા છે એવા વાછરડાઓ પોતાની આંખોમાં અશ્રુકણોના

આવી જવાથી હૃદયમાં જ ગોવિંદનો સ્પર્શાનુભવ કરતા રહી ગયા.'' શ્રીમદાચાર્યચરણ અહીંયા આજ્ઞા કરે છે કે વિમૂઢ ગાયોની પણ પ્રત્યક્ષ ઘાસ વગેરેમાં જે આસકિત છે તેને ત્યાંથી દૂર કરવી અને અમૃતરૂપ સ્વધર્મનું ત્યાં યોજન કરવું આ જ તો ભગવાનનો યશ છે. પુનઃ શબ્દતઃ અહીં પ્રત્યક્ષ આસકિતના વારણનો ઉલ્લેખ ન હોવા છતાં પણ તે પ્રત્યક્ષાસકિતવારણમાં કારણીભૂત ધર્મ કે પછી સ્વરૂપ સૌન્દર્ય જે સર્વવિસ્મારક છે જેનાથી વિશ્વ જીવનત્વ છે એ ગુણધર્મોનું જ ''ઘનાઘનનિભે'' આ પદ દ્વારા સૂચન હોવાથી શ્રીહરિરાયજીના મત મુજબ અહીં યશનું વર્ણન વિવક્ષિત છે.

શ્રીપુરુષોત્તમજીના મત મુજબ તો આગળ કહી ગયા છીએ કે આ વિશેષણ છે જ નહીં પરંતુ વિશેષ્ય છે. પ્રભુચરણ વિવૃત્તિમાં **''શ્યામે તાદશીતિ વા''** જે કહી રહ્યા છે એમના વિવરણમાં પુરુષોત્તમજી કહે છે કે ભગવાનનો શ્યામવર્ણ શ્રુતિમાં **''શ્યામાચ્છબલં પ્રપદ્યે શબલાચ્છ્યામં પ્રપદ્યે''** આ વચનથી સિદ્ધ છે એથી જ આ અર્થના નિશ્ચાયક **''અથવા શૂન્યવદ્ગાઢ''** આ નિબંધની કારિકામાં શ્યામવર્ણને ભગવત્સ્વરૂપથી અભિન્ન જ કહેવામાં આવેલું છે. એથી જ જ્યારે આ વિશેષણોનું પ્રભુ પરક વ્યાખ્યાન કરે છે ત્યારે **''ઘનાઘનનિભે''** પદનું વિશેષ્ય હોવું સુસ્પષ્ટ જ છે. પ્રભુપ્રિયા યમુનાજીના પક્ષમાં જ્યારે આ વિશેષણોનો અન્વય કરે છે ત્યારે પણ **''ઘનાઘનનિભે''** આ જ પદ વિશેષ્ય છે. આમાં હેતુ એ છે કે ભાગવતમાં **''તતશ્ચ કૃષ્ણેપવને કૃષ્ણાયાહસ્તતરલે''** વગેરે વચનોમાં કૃષ્ણા પદ નામના રૂપમાં પ્રયુકત થયું છે. અને ઘનાઘનનિભે પદ આ જ કૃષ્ણા નામનું સ્મરણ કરાવે છે એટલા માટે બરાબર જ છે કે જ્યારે આપણે આ વિશેષણોનું યમુના-પરક વ્યાખ્યાન કરીએ ત્યારે આને જ વિશેષ્ય માનીને કરીએ. ઘનાઘનનિભા, કૃષ્ણા, શ્યામા આ બધા એક જ અર્થના દ્યોતક છે. એથી જ પ્રભુચરણોએ પણ ''શ્યામે તાદશીતિ વા'' નો પ્રયોગ કર્યો.

પ્રાયો બતામ્બ વિહગામુનયો વનેસ્મિન્ કૃષ્ણેક્ષિતં તદુર્દિત કલવેણુગીતમ્ । આરુહ્ય યે દ્રુમભુમન્ રુચિરપ્રવાલાન્ શ્રૃણ્વન્તિ મીલિતદ્રશો વિગતાન્યવાચઃ ।।

નેત્રોને બંધ કરીને અન્યવિષયક વાણીવ્યવહાર બંધ કરીને રૂચિરપ્રવાલવાળા વૃક્ષો ઉપર બેઠેલા અને ભગવાનના દ્વારા બજાવેલા વેણુનાદને સાંભળવાવાળા વિહંગો (પક્ષીઓ)ના રૂપમાં પ્રાયઃ મુનિવૃન્દ જ છે.

શ્રીમદાચાર્યચરણોએ અહીં શ્રીનું વર્ણન કર્યું છે. ઉપનિષદમાં ''યદા ખલુ વૈ પુરૂષઃ શ્રિયમશ્નુતે વીણાસ્મૈ વાદ્યતે'' આમ કહેવાયેલું છે પરન્તુ આ પ્રકારની શ્રી જેમના સેવકોને પ્રાપ્ત હોય એવા સ્વામીની શ્રીનું તો કહેવું જ શું ? પ્રકૃત (હકીકત) માં સ્વયં પ્રભુ જ પોતાના સેવકોની શ્રીનું નિદર્શન કરાવવા માટે એમને વેણુનાદ સંભળાવી રહ્યા છે. પરન્તુ તે સેવકો જેમણે સ્વયં પરબ્રહ્મ વેણુનાદ સંભળાવી રહ્યા છે. પુનઃ પોતાના સ્વામીની મહત્તાના પરિચાયક (   ) છે. આ વિલક્ષણ અન્યોન્યાશ્રયતા છે અથવા પરબ્રહ્મની વિરૂદ્ધધર્માશ્રયતા. શ્રીહરિરાયજીના મત મુજબ **''ધ્રુવપરાશરાભીષ્ટદે''**

આ વિશેષણમાં એવી જ શ્રીનું વર્ણન છે. અહીં સ્વસેવક ધ્રુવ જેમને શ્રીયમુનાજી દ્વારા ઐશ્વર્યની પ્રાપ્તિ થઈ અને પરાશર મુનિ જેમને જ્ઞાનની પ્રાપ્તિ થઈ. આ રીતે ઐશ્વર્ય અને જ્ઞાનનો ભોગ કરનારા સેવકોના ઉલ્લેખથી શ્રીયમુનાજીની મહતી શ્રીનું વર્ણન સૂચિત કર્યું. એથી જ **''શ્રિયો હિ પરમાકાષ્ઠા સેવકાસ્તાદૃશા યદિ''** આ સુબોધિની કારિકામાં વર્ણિત શ્રી જ અહીં પણ વિવક્ષિત છે. પુરુષોત્તમજીના મત મુજબ ધ્રુવ પરાશરને પણ અભિષ્ટ દાન શ્રીયમુનાજીએ જ કર્યું છે અને આ જ એમનો યશ છે. આમ યશનું વર્ણન કરે છે.

પાંચમાં પદ **''વિશુદ્ધમથુરાતટે''** માં બંનેજ જ્ઞાનનું વર્ણન કરે છે. પ્રભુચરણ વિવૃત્તિમાં **''વિશુદ્ધમથુરા તટે યસ્યાઃ નિકટે વા યસ્ય''** સમાસનિદર્શન કરે છે અર્થાત્ વિશુદ્ધમથુરા જેમના તટ પર છે એવા શ્રીયમુના અથવા આ વિશેષણોના પ્રભુપરક વ્યાખ્યાનમાં તટ પદ લાક્ષણિક થઈને વિશુદ્ધ મથુરા જેના નિકટમાં છે એવા શ્રીકૃષ્ણ આવો અર્થ દ્યોતિત કરે છે. આ નિકટતા **''મથુરા ભગવાન્ યત્ર નિત્યં સન્નિહિતો હરિઃ''** આ વચનમાં કહેવાયેલા નિત્યસન્નિધાનરુપ છે. અહીં વિશુદ્ધ પદથી જ્ઞાન સૂચિત થાય છે. શ્રીમદ્ભાગવતમાં કહેવામાં આવેલું છે કે ''અત્યારે ભગવાન્ મુકુન્દના ગીતને શ્રવણ કરીને પાણીના ભંવરથી લક્ષિત કામાતિરેકથી જે નદિઓના વેગ નાશ પામ્યા અને તેઓ આલિંગન સ્થગિત પાદયુગલને કમલનો ઉપહાર લઈને પોતાના તરંગોના હાથોથી ગ્રહણોત્સુક છે. શ્રીમદાચાર્યચરણ જ્ઞાનનું લક્ષણ સ્વભાવ વિજયના રુપમાં જૂએ છે. સ્વભાવના જેટલું જ જ્ઞાનનું સાચું સ્વરૂપ છે. વેગવતી નદિઓએ પોતાના વેગના સ્વભાવને છોડીને અથવા પોતાના જલવેગને ભગવદ્વિષયક કામવેગમાં પરિવર્તિત કરી દીધા જે સ્વભાવ વિજય સિવાય શકય નથી અને જે નદિઓ ભગવત્

સેવાર્થ પોતાના તરંગ રૂપી હાથોથી કમલનો ઉપહાર ભગવાનને આપવા ઈચ્છે છે. તે ભગવદ્ચરણોને ગ્રહણ કરવાની લાલસાવાળી નદિઓ શું સેવિકા નથી ? શું તેઓ ભગવદ્સ્વરૂપના લાવણ્યને, માધુર્યને નથી જાણતી ? અને જો જાણી લીધું છે તો ચોક્કસ જ એમણે સાચા આશ્રયને પણ જાણી લીધો છે અને તેઓ પરમજ્ઞાનવતી છે. હવે જેમની સેવિકાઓ આવી જ્ઞાનશાલિની છે તો આવા પ્રભુનું જ્ઞાન વસ્તુતઃ સર્વોત્કૃષ્ટ છે. સ્વભાવવિજયથી વધીને કોઈ શુદ્ધિ નથી અને એ શુદ્ધિ જ્યારે શ્રીયમુનાજીના સાન્નિધ્યમાત્રથી મથુરામાં છે તો તે સુસ્પષ્ટ છે કે વસ્તુતઃ **''વિશુદ્ધમથુરાતટે''** આ વિશેષણ જ્ઞાનોત્કર્ષનું જ દ્યોતક છે.

''સકલગોપગોપીવૃતે'' આ પદમાં શ્રીહરિરાયજી વૈરાગ્યનું વર્ણન કરે છે અને શ્રીપુરુષોત્તમજી શ્રીનું. ભાગવતમાં વર્ણન કરેલું છે કે ''વ્રજના પશુઓને બલરામ અને ગોપોની સાથે ચરાવતા અને વેણુગીત ગાતા ભગવાન શ્રીકૃષ્ણનું દર્શન કરી પ્રેમભારથી મેઘે પોતાના શરીરથી કુસુમવૃષ્ટિપૂર્વક એમના ઉપર છાંયા કરી'' આની કારિકામાં શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે કે વૈરાગ્યનો ઉત્કર્ષ ત્યાં જ છે જ્યાં સ્વસર્વસ્વનિવેદનપૂર્વક ભગવદ્ચરણારવિન્દમાં પ્રીતિ હોય અથવા ભગવત્સેવા. પુષ્ટિમાર્ગમાં ભગવત્સેવા જ વૈરાગ્ય છે. શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે કે **''ઉત્કર્ષશ્ચાપિ વૈરાગ્યે હરેરપિ હરિર્યદિ''** એટલે કે હરિનો પણ હરિ જ્યારે જીવ બની જાય ત્યારે ઉત્કૃષ્ટ વૈરાગ્ય કહેવાય છે. હરિ પદનુંતાત્પર્ય છે સર્વદુઃખહર્તા. એ દુઃખહર્તાના, પરબ્રહ્મના, જ્યારે હરિ એટલે કે દુઃખહર્તા બની જાય, આ પુષ્ટિમાર્ગીય વિલક્ષણતા છે. અહીં બ્રહ્મ કયારેક શ્રમિત થઈ જાય છે અને કયારે ક્ષુધીત (ભૂખ્યો) પણ. અને આ રીતે જ્યારે તડકામાં ભગવાનને ગાય ચરાવતા જ્યારે મેઘે શ્રમિત જોયા તો એ આતપશ્રાન્ત પ્રભુ ઉપર આતપત્ર બની ગયો. આતપત્રનો અર્થ છે જે આતપ તડકાથી પ્રાણ છુટકારો અપાવે. આ રીતે મેઘે હરિના પણ દુઃખ અર્થાત શ્રમનું હરણ કર્યું. અર્થાત્ ભગવત્સેવા રત થયો અને હરિનો પણ હરિ બન્યો. અને આ જ પુષ્ટિમાર્ગીય વૈરાગ્ય છે. અને આ જ વૈરાગ્ય શ્રીહરિરાયજીના મત મુજબ અહીં **''સકલગોપગોપીવૃતે''** આ વિશેષણમાં વર્ણ્ય છે.

શ્રીહરિરાયજી કહે છે કે પરોક્ષમાં પણ જે ભકત યથાકથંચિત્ ભગવત્ સંબંધની જ આકાંક્ષા કરતા રહે છે એવા ભકતોને શ્રીયમુનાજીની પાસે જ ભગવત્સમ્બન્ધ અનુભૂત થાય છે અને આ જ આશયથી શ્રીયમુનાજી સદાય આવા ભકતોથી સંવલિત રહે છે અને એ ભકતો છે ગોપાંગનાઓ. ગોપાંગનાઓનો

આ સતત સંગ નિરૂપાધિક ભગવત્સમ્બન્ધી ભાવોના કારણે થાય છે. તેથી સર્વદા ભગવત્ પ્રીતિથી શ્રીયમુનાજી ભગવાનનો ભકતો સાથે અને ભકતોનો ભગવાન સાથે સમ્બન્ધ કરાવતા રહે છે. ભકતોને માટે આપ માન વગેરે દોષોના નિવારણપૂર્વક તાપને હરે છે. ભગવદ્ વિરહાતપજા છે. આ બધી ભગવત્સેવાઓના કારણે જ અહીં મહાન્ વૈરાગ્ય નિરૂપિત થયું. ભગવત્પાદ મૂલમાં આસકત, સંત્યજય સર્વ-વિષય, ભકતોના પણ આપ ગુરુ છે. જે ભકતોએ ભગવત્ ચરણારવિન્દમાં આસકિતના કારણે અન્ય બધા વિષયોનો ત્યાગ કરી દીધો છે એવા વિરકતોના ગુરૂ અવિરકત કેવી રીતે હોઇ શકે છે. એમને તો ચોકકસ જ ભગવદનુરકત થવાનું છે. જેને પુષ્ટિમાર્ગમાં વિરકત કહેવાય છે. પુષ્ટિમાર્ગમાં ભગવાનથી અતિરિકત યાવત્ વિષય અનુરકિતના અયથાર્થ અન્યથા અને ક્ષુદ્ર આલંબન છે. વસ્તુતઃ શ્રીવ્રજેશ જ બધાની સર્વ વિષય અનુરકિતના યથાર્થ, સ્વાભાવિક અને મહાન આલંબન થઈ શકે છે. જેને ખરેખર અનુરકિતનું આ આલંબન મળી જાય છે તો અન્ય વિષયમાં વિરકત થઈ જવું એટલું સ્વાભાવિક છે કે જેટલું ‘‘જેહિ મધુકર અમ્બુજ રસ ચાખયો કયો કરિલ ફલ ભાવે’’ અને ‘‘સૂરદાસ પ્રભુ કામધેનુ તજિ છેરી કૌન દુહાવે, મેરો મન અનત કહાં સુખ પાવે’’ આમ શ્રીહરિરાયજીના મત મુજબ અહીં વૈરાગ્યનું વર્ણન થયું.

શ્રીપુરુષોત્તમજીના મત મુજબ અહીં **‘‘ચકાસ ગોપીપરિષદ્ગતેર્ચિતસ્ત્રૈલોકયલક્ષ્મ્યૈકપદં વપુર્દધત્’’** આ શ્લોકમાં વર્ણિત શ્રીનું વર્ણન છે. અહીંની સુબોધિનીમાં શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે ‘‘ચારે બાજુ ગોપિકાઓ બેઠેલી હતી અને ત્યાં સભાપતિ હતા ભગવાન્, એથી જ ગોપીકાઓએ એમની અર્ચના કરી. તદન્તર ભગવાને એમના માટે ત્રણેય લોકમાં જે પણ લક્ષ્મીરૂપ ઈન્દ્રાદિપદ છે તે તે લક્ષ્મીભોકતા જેમને એક-એક ઈકાઈ જેવા પદના અંશનો ઉપભોગ કરે છે એવું વપુ (સંપૂર્ણ) ધારણ કર્યું’’ આ ગોપી પરિષદની શ્રીનું જ અહીં **‘‘સકલગોપગોપીવૃતે’’** માં વર્ણન અભિપ્રેત છે. અહીં સકલ પદનો પણ એક વિશિષ્ટ આશય છે, બતાવે છે. તે એ કે શ્રીયમુનાજીનું સકલગોપગોપીઓથી આવૃત હોવું એ બતાવે છે કે કયાંય પણ પરસ્પર ઈર્ષ્યા વગેરેના કોઈ મનોભાવ નથી કેમકે શ્રીયમુનાજી ચતુર્થપ્રિયા છે. એટલે કે ગુણાતીત છે. આ પહેલા પણ કહેવાઈ ગયું હતું અને ફરી પાછુ એક વખત અહીં સમર્પિત કરવામાં આવ્યું.

અન્તિમ પદ **‘‘કૃપાજલધિસંશ્રિતે’’** જે શ્રીહરિરાયજીના મત મુજબ

વિશેષ્ય છે અને શ્રીપુરુષોત્તમજીના મત મુજબ અંતિમ ગુણ વૈરાગ્યના વર્ણનપરક વિશેષણ છે. જેવી રીતે પુરુષોત્તમજીએ નામના સ્મારક હોવાથી ઘનાઘનનિભે ને વિશેષ્ય માન્યુ તેવી જ રીતે શ્રીહરિરાયજી પણ એને ગુણ કે ધર્મનું વર્ણન કરનાર ન હોઈને સાક્ષાત્ સ્વરૂપ વર્ણન કરનારૂ હોવાને કારણે વિશેષ્ય માને છે. શ્રીહરિરાયજી કહે છે કે ''આ રીતે છ વિશેષણોથી છ ધર્મોનું નિરૂપણ કરી હવે સાતમામાં ધર્મી સ્વરૂપનું વર્ણન કરે છે.પુલ્લિંગના પ્રયોગાનુસાર આ બધા પદ જ્યાં શ્રીકૃષ્ણના વાચક છે એ અર્થમાં નિરવધિકૃપાયુકત પ્રભુનું સ્વરૂપ જ વર્ણિત થઈ રહ્યું છે, કેમકે કરૂણા પ્રભુમાં સદા સર્વદા આવિર્ભૂત રહેનારો ધર્મ છે તેથી સ્વરૂપમધ્યપાતી છે અર્થાત્ સ્વરૂપની જેમ જ કહી શકાય છે. અન્ય ધર્મો પણ જો કે નિત્ય છે તો પણ તે તે લીલામાં જ પ્રકટ થાય છે જ્યારે કે કરૂણા તો સદા જ પ્રકટ રહે છે તેથી સ્વરૂપ જ છે આમ પ્રભુપરક કરતી વખતે અર્થ થશે. ''કૃપાનો સમુદ્ર જે કૃષ્ણમાં સર્વદા સંશ્રિત છે, છલકાતો રહેતો હોય એવા શ્રીકૃષ્ણમાં અને યમુનાજીના પક્ષમાં'' કૃપાના સાગર રૂપ અર્થાત્ નિરવધિ કૃપાયુકત જે વ્રજેશ એમાં શ્રીયમુનાજી સંશ્રિત છે અર્થાત્ અભેદરૂપથી બિરાજી રહ્યા છે મુખ્ય સ્વામિનીની જેમ, અર્ધનારીનરની જેમ'' આવો અર્થ સમજવો જોઇએ. શ્રીપુરુષોત્તમજીના મત મુજબ વિરકત જ કૃપાલુ હોય છે રાગી નહીં. કેમકે રાગ લોભ રૂપ છે. **''નાહમાત્માનમાશાસે મદ્ભક્તૈઃ સાધુભિર્વિના''** આ વાકયમાં ભકતોના વિના સ્વયં પોતાનામાં પણ જે વૈરાગ્યનું નિરુપણ કર્યું છે, એ જ વૈરાગ્ય ભગવત્સંશ્રિત હોવાના કારણે શ્રીયમુનાજીમાં પણ આવી જ જાય છે કેમકે અભેદેન બિરાજમાન જે છે. સમુદ્રમાં સંશ્રિત નદીનું સમુદ્રના ગુણોથી સંક્રાન્ત હોવું સ્વાભાવિક જ છે. આમ આમના મત મુજબ આ અંતિમ વિશેષણમાં અંતિમ વૈરાગ્ય ગુણનું વર્ણન થયું.

આ રીતે આ ચોથા શ્લોકમાં ''ભગવત્ સમાન ધર્મા હોવાના કારણે અનાયાસ ભગવત્ સમ્બન્ધ સંપાદનનું સામર્થ્ય'' રૂપ ચતુર્થ ઐશ્વર્યનું વર્ણન થયું.

મૂલમ્ :- **યયા ચરણપદ્મજા મુરરિપોઃ પ્રિયંભાવુકા,**
સમાગમનતોભવત્ સકલસિદ્ધિદા સેવતામ્ ।
તયા સદૃશતામિયાત્ કમલજા સપત્નીવ યત્,
હરિપ્રિયકલિન્દયા મનસિ મે સદા સ્થિયતામ્ ।।૫।।

શ્લોકાન્વયાર્થ :- હવે ભગવદીયોનો પણ ઉત્કર્ષ જ્યારે શ્રીયમુનાજીના જ કારણે છે ત્યારે એમના તો ઉત્કર્ષનું વર્ણન કયાં સુધી કરી શકાય, આ

બતાવવા માટે કહે છે કે ગંગાજીને ભકિતમાર્ગીય એટલા માટે કહેવામાં આવે છે કારણ કે તેઓ ભગવાનના ચરણકમલમાંથી પ્રગટ થયા છે. જો કે પહેલાં પુરાણોમાં પણ ગંગાજીનો અન્યાન્ય સંગતિઓના કારણે ઉત્કર્ષ કહીને ભગવાન સાથે પણ સંગત હોવાના લીધે ઉત્કર્ષ કહેવામાં આવ્યો પરંતુ તે ''સા રાજન્ દર્શનાદેવ બ્રહ્મહત્યાયહારિણી''એટલે કે તે ગંગાજી દર્શન માત્રથી બ્રહ્મહત્યાના પાપને દૂર કરી દે છે વગેરે રૂપમાં જ્યારે કે અહીં આ રૂપથી કહેવામાં આવી રહ્યું છે કે આવા નિર્દોષપૂર્ણ ગુણા ગંગાજી પણ છે હે યમુને જે આપ સાથેના સમાગમન-મિલન થવાથી મુરરિપુ હરિના પ્રિયંભાવુકા-પ્રિય કાર્યને કરવાવાળા થયા **(યયા સમાગમનતઃ ચરણપદ્મજા મુરરિપોઃ પ્રિયંભાવુકા અભવત્)** અને એથી જ જેઓ તે ગંગાજીનું સેવન કરે છે એમના માટે સકલસિદ્ધિદા એટલે કે સકલસિદ્ધિઓને આપવાવાળા પણ થયા **(સકલસિદ્ધિદા સેવતામ્)** આવા આપની સમાનતાવાળા કોણ હોઈ શકે છે, જો હોઈ શકે છે તો કમલજા લક્ષ્મી જ કેમકે તેઓ તો ભગવત્પત્નિ હોવાના કારણે સપત્ની-સોત જેવા જ છે, 'જેવા' એટલા માટે કે ત્યાં પણ આપ તો પ્રિયા છો **(તયા કમલજા-સદૃસતામિયાત્ યત્સપત્નીવ)** આપ ભક્તાનુગુણા છો કેમકે આપ હરિપ્રિય-ભક્તોના કલિ-દોષનું ખંડન કરો છો. એમને હટાવો છો. **(હરિપ્રિયકલિન્દયા)** હે હરિપ્રિયકલિન્દે! આપ મારા મનમાં હંમેશા સ્થિત રહો **(મનસિ મે સદા સ્થીયતામ્).**

વિવેચન :- પાંચમા શ્લોકની વિવૃત્તિનો પ્રારંભ કરતા પ્રભુચરણોએ સર્વ-પ્રથમ 'અથ' શબ્દનો પ્રયોગ કર્યો છે. આ 'અથ' શબ્દ ગ્રંથના આરંભના અર્થમાં નથી પરંતુ અર્થાન્તપરોક્રમ એટલે કે વિષયાન્તરનું પ્રતિપાદન હવે અભિલષિત છે આજ અર્થમાં 'અથ' શબ્દનો વિન્યાસ કરવામાં આવેલો છે.

ચાલી રહેલો વિષય હતો શ્રીયમુનાજીના ઉત્કર્ષનું વર્ણન. પરંતુ આ રીતના વર્ણનનો તો કયારેય અંત જ નથી આવી શકતો કેમકે એમનો ઉત્કર્ષ નિરવધિક છે. જ્યારે ઉત્કર્ષની કોઈ સીમા જ નથી તો કયાં સુધી તેનું વર્ણન કરી શકાય. જે સંખ્યા અનંત છે એને આપણે કઈ-કઈ સંખ્યાથી વધારે બતાવતા રહીએ ? એનો કોઈ અંત જ નથી હોઈ શકતો. છતાં પણ એ આવશ્યક હોય છે કે જ્યાં સુધી આપણે ગણી શકીએ, ગણીએ અને પછી સમજીએ કે જેટલું આપણે ગણ્યું તે તો તે અકલ્પનીય અનંતતાના અંશનો પણ અંશ છે અને વળી અનંત શું છે આ પ્રશ્નને ઉભો જ રહેવા દઈએ. આ રીતે જે નિરવધિક ઉત્કર્ષ છે એને કેવલ દશ્યમાન ઉત્કર્ષ આ નિરવધિક ઉત્કર્ષથી ન્યૂન છે એમ જાણી શકાય છે.

આ કોનાથી કેટલો વધારે છે એ પણ જાણી નથી શકાતું. શ્રીયમુનાજીનો ઉત્કર્ષ પણ નિરવધિક છે. તેથી લોકદષ્ટ બધા ઉત્કર્ષોથી કેટલો વધારે છે એ જાણી શકાતું નથી. આમ અન્યાન્ય ઉત્કર્ષોની અવધિ બતાવવા માત્રથી એમના ઉત્કર્ષની નિરવધિકતા વિચારી શકીએ છીએ પરંતુ નિરવધિકતાની બાબતમાં 'કેટલી નિરવધિકતા' આ પ્રશ્ન પૂછી નથી શકાતો તેથી અન્ય ઉત્કર્ષોની શું અવધિ-સીમા છે એ રીતે 'અન્યોત્કર્ષાવધિ' રૂપ વિષયાંતર અહીંથી થઈ રહ્યો છે અને એ જ અર્થમાં 'અથ' શબ્દનો પ્રયોગ થયો છે.

પ્રભુચરણ આજ્ઞા કરે છે કે ભગવદીયોનો પણ ઉત્કર્ષ જ્યારે આમના જ કારણે છે તેથી આમના ઉત્કર્ષનું વર્ણન કોણ કરી શકે છે ? અહીં મૂલમાં 'ભગવદીયાનામપિ' એટલે કે 'ભગવદીયો'નો પણ આમ કહેલું છે. શ્રીહરિરાયજી કહે છે કે સર્વાધિક ઉત્કર્ષ છે 'ભગવદીયતા'. આ ઉત્કર્ષ ભગવદનુગ્રહૈકલભ્ય જ છે. તાત્પર્ય છે કે સ્વયં ભગવાન.

ભગવાન જ જેમનામાં ભગવદીયતાનું સંપાદન કરે છે, એવાઓમાં પણ શ્રીયમુનાજી થોડો વધારે ઉત્કર્ષાધાન કરી દે છે આ સૂચિત કરવા માટે 'અપિ' એટલે કે 'પણ' શબ્દ પણ ભગવદીયોની સાથે લગાડવામાં આવ્યો છે.

'ચરણપદ્મજા' ગંગાજી અહીં ચરણજા કહેવાના બદલે ચરણપદ્મજા કહ્યું એનો આશય શ્રીહરિરાયજીના મત મુજબ એ છે કે જેમ કમળમાંથી બ્રહ્માની ઉત્પત્તિ, પ્રપંચમાં ભગવત્ક્રીડાને માટે ભગવદાજ્ઞાનુસાર પ્રપંચની રચના માટે થઈ, તેમ જ આ ગંગાજી પણ, સ્વગત ભગવાનની ચરણરેણુદ્વારા સેવામાં ઉપયોગી દેહના સમ્પાદનપૂર્વક ભગવાનની ભક્તિમાર્ગને પ્રકટ કરવાની ઈચ્છાને જાણીને ભગવાનની ક્રીડા માટે, ભગવદીયજનોનો આવિર્ભાવ કરે છે. અહીં ભગવાનને બ્રહ્માને તો આજ્ઞા આપવી પડી પરંતુ ગંગાજી તો ભગવાનના હાર્દ-અભિપ્રાયને જાણે છે કેમકે એમનો ભગવાન સાથે સક્ષાત્ સંબંધ છે. એટલા માટે ગંગાજીને ભગવદાજ્ઞાની આવશ્યકતા નથી. હાર્દિક અભિપ્રાયને જાણનારાઓ માટે લોકમાં પણ તો આજ્ઞાની જરૂરિયાત હોતી જ નથી. આવા ચરણપદ્મજા ગંગાજી ભક્તિમાર્ગીય છે. સિદ્ધાન્તતઃ નિર્દોષપૂર્ણ ગુણ ભગવત્ચરણારવિન્દોને ભક્તિરૂપ માનવામાં આવેલા છે. ચરણમાંથી પ્રકટ થવાના કારણે જ નિર્દોષપૂર્ણ ગુણો અને ભક્તિનું પણ ગંગાજીમાં સંક્રમણ થાય છે. કેમકે કારણના ગુણોનું કાર્યમાં સંક્રમણ થવું એટલે કે આવી જવું એ એક સ્વાભાવિક નિયમ છે. એથી જ આ ભાવથી જે ગંગાજીનું સેવન કરે છે એમનામાં પણ ભક્તિનો પ્રાદુર્ભાવ

થાય છે. **'તેન ભકિતમાર્ગીયા'** અહીં 'તેન'નો મતલબ **'ચરણપદ્મજા'** હોવાથી આ કરવામાં આવ્યો છે. શ્રીપુરુષોત્તમજી કહે છે કે આગળ ઉપર જે ગંગાજીને 'પ્રિયંભાવુકા' કહેવામાં આવશે ત્યાં વ્યાકરણ નિયમાનુસાર, અપ્રિયા ગંગાજી પણ યમુનાજી સાથે મળવાથી પ્રિયા બન્યા આ અર્થ નિકળે છે. **''સમાગમન તો મિલન તો પ્રિયંભાવુકા અભવત્''** અહીં **'અપ્રિયતા'** ભૌતિક રૂપથી ચરણક્ષાલન રૂપ જલ હોવાના કારણે કહેવાયેલા છે તેથી જ **'તેન ભક્તિમાર્ગીયા'** અહીં **'તેન'** આ પદથી એમના ભકિતમાર્ગીય હોવામાં હેતુ કહેવામાં આવી રહ્યો છે. આ હેતુના શ્રીપુરુષોત્તમજીના મત મુજબ નિર્દોષપૂર્ણગુણ ભકિતરૂપ ભગવત્ચરણનું જ માહાત્મ્ય છે એટલે કે ચરણપદ્મજા હોવાના કારણે જ ગંગાજી પણ ભકિતમાર્ગીય છે.

શ્રીદ્વારિકેશજી કહે છે કે **''ભગવદીયાનામિતિ બહુવચનેન લક્ષ્મીગંગાસરસ્વતીતુલસ્યો જ્ઞેયાઃ''** એટલે કે ભગવદીયોના આ બહુવચનના પ્રયોગથી લક્ષ્મી, ગંગા, સરસ્વતી અને તુલસી અભિપ્રેત છે. ત્યાં લક્ષ્મી પદ્મજા છે. ગંગાજી અને તુલસીજી ચરણપદ્મજા છે અને સરસ્વતી મુખપદ્મજા છે. ભગવદીય સર્વોત્કૃષ્ટ હોય છે, જેમ કોઈ મહાન રાજાના સેવક બીજા સામાન્ય માણસો કરતાં ઉત્કૃષ્ટ હોય છે, ત્યારે સર્વેશ્વર ભગવાનના સેવક ભગવદીય પણ સર્વેશ્વરના સેવક હોવાથી સર્વોત્કૃષ્ટ કેમ ન હોય ? આશય એ છે કે આવા સર્વોત્કૃષ્ટ ગંગાજી વગેરે તે-તે ભગવદીયોનાં પણ શ્રીયમુનાજી કાંઈક અધિક ઉત્કર્ષનું આધાન કરી દે છે. દાતા અને દાનાર્થી નિરપેક્ષ અને સાપેક્ષ હોય છે. નિરપેક્ષ જ હકીકતમાં તો મહાન છે.

''નિર્દોષપૂર્ણગુણાપિ યથા ત્વયા સહ સમાગમનતો મિલનતો હરેઃ તથા અભવત્'' અહીં શ્રીહરિરાયજીના મત મૂજબ શ્રીયમુનાજી પુષ્ટિમાર્ગીય છે. સર્વાંગસમ્બન્ધિની છે, ભગવાન મુરરિપુના ભકતોના અનેકવિધ પ્રતિબન્ધોનું નિવારણ કરવાવાળા છે અને એથી જ ભકતોના દુઃખને હરી લેવાના સ્વભાવવાળા શ્રીહરિના પ્રિયંભાવુકા છે. જેમ એ સાક્ષાત્ સેવોપયોગી દેહના સમ્પાદન દ્વારા સેવકોની સૃષ્ટિ કહે છે, જે સેવકો દ્વારા કરવામાં આવેલી સેવા પ્રભુને નિરતિશય પ્રિય છે. એટલે કે સાક્ષાત્ પરંપરયા દરેક પ્રકારથી પ્રભુના પ્રિયનું ભાવન કરતા હોવાના કારણે 'પ્રિયંભાવુકા' છે. આ જ રીતે શ્રીગંગાજી શ્રીયમુનાજીથી સંગત હોવાના કારણે સાક્ષાત્ સેવોપયોગી દેહના સમ્પાદન દ્વારા સેવકોની સૃષ્ટિ કરવાથી એ જ રીતે આપ પણ પ્રિયંભાવુકા કહેવાય છે. શ્રીહરિરાયજી કહે છે કે એમાં

કોઈ આશ્ચર્યની વાત નથી કારણ કે જે જેમાં સમાવિષ્ટ થાય છે તો ત્યાં તેનું કાર્ય પણ થવા લાગે છે. જેમ ભગવદાવિષ્ટ ભક્તોના રાસપ્રકરણમાં ભગવદ્કાર્યોને કરવા. સકલસિદ્ધિદા યમુનાજીના ગંગાજીમાં આવિષ્ટ થવાથી જ ગંગાજી પણ ભગવત્સેવકોને માટે 'સકલસિદ્ધિદા' થયા.

જોકે શ્રીમદાચાર્યચરણના પ્રાદુર્ભાવના પહેલા પણ ગંગાજીનો અન્યાન્ય સંગતિઓના કારણે ઉત્કર્ષ કહેવાયેલો છે પરંતુ તે પુષ્ટિમાર્ગીય નથી કેમકે અહીંયાનો ઉત્કર્ષ, પુરુષાર્થ અથવા સાધન અને ફલ થોડા વિલક્ષણ છે. અહીં ધર્મ છે ભગવદાસ્ય, અર્થ છે સ્વયં હરિ, કામ ભગવદ્દર્શનલાલસા છે અને મોક્ષ છે ભગવદીયત્વ. તેથી બીજે-બીજે પ્રસિદ્ધ ઉત્કર્ષનો અહીં કોઈ ઉપયોગ નથી. તે ઉત્કર્ષ બ્રહ્મહત્યા વગેરે પાપોને ધોઈ નાખવાના સામર્થ્ય રૂપ હોઈ શકે છે કે પછી અન્ય પણ આ પ્રકારના અનેકવિધ ઉત્કર્ષ કહી શકાય છે પરંતુ જેમના પુરુષાર્થરૂપ અર્થ ભગવાનજ હોય તો તેઓ તો 'સ્વર્ગાપવર્ગનરકેષ્વપિ તુલ્યાર્થ દર્શિનઃ' છે. અને પાપ તો નરકથી વિશેષ કોઈ ફલ નથી આપતા. પુષ્ટિમાર્ગીય ઉત્કર્ષ તો એ છે કે શ્રીયમુનાજીના સંગમથી ગંગાજીમાં આવે છે જેનું નિરુપણ શ્રીઆચાર્યચરણ કરે છે અથવા આવા અન્ય પણ પુષ્ટિમાર્ગીય તત્ ઉત્કર્ષ હોય.

''પૂર્વ ગંગાયાઃ અન્યઃસંગનિજનિતમુત્કર્ષમુક્ત્વા'' અહીં 'અન્યસંગતિ'નું વિવરણ શ્રીપુરુષોત્તમજીએ વિસ્તૃતરૂપથી આપ્યું છે જેમ શિવજરાદિ સંગતિજનિત ઉત્કર્ષ. આના સિવાય વામનપુરાણમાં પણ હીમાલયની એક ઉમાથી પણ મોટી પુત્રી બ્રહ્મશાપથી નદી બનીને સત્યલોકમાં વહે છે જેનો આર્ષરામાયણમાં ગંગાજીના રૂપમાં નિર્દેશ છે. પંચમ સ્કન્ધમાં પણ **''સાક્ષાદ્ યજ્ઞલિંગસ્ય વિષ્ણોર્વિક્ર્મતોઃ વામપાદનખર્ભિન્તોર્ધ્વકટાહવિવર''** વગેરે ઉલ્લેખથી વામનાવતાર વિષ્ણુના નખથી ઉત્પન્ન એક ગંગાનું વર્ણન છે આ જ રીતે એક અન્ય પુરાણના માહાત્મ્યમાં શિવવિવાહને વખતે સ્વાપરાધથી લજ્જિત બ્રાહ્મણો માટે શિવજીએ સઘળા જલોના સારરૂપ જલ બ્રાહ્મણોને આપ્યું જે પાછળથી ત્રિવિક્રમ ચરણક્ષાલનથી ગંગાના રૂપમાં પ્રસિદ્ધ થયું અને શિવજટા મૂટથી ભગીરથ અને ગૌતમ દ્વારા પૃથ્વી ઉપર લાવવામાં આવ્યું છે. મહાભારતમાં પણ **''વિષ્ણોઃ પાદાચ્છિ શુભારાત્ ધ્રુવાચ્ચ સોમાત્ સૂર્યાન્મેરુ રુપાચ્ચ વિષ્ણોઃ સમાનીતા શિવ મૂર્ધ્ને હિમાદ્રિમ''** વગેરે રૂપથી અવતરણ ક્રમ મળે છે. આ રીતે તત્તદ્ ક્ષેત્રોના સંબંધથી તત્તદ્ પુરાણોમાં તત્તત્ વ્યકિતઓ દ્વારા વર્ણિત ઉત્કર્ષનું વર્ણન ઉપલબ્ધ થાય છે. પરંતુ પુષ્ટિમાર્ગીય ઉત્કર્ષનું વર્ણન તો

શ્રીમદાચાર્યચરણોએ જ કર્યું છે.

આ રીતે અહીં યમુના સંગમથી ગંગામાં બે ગુણોનું આધાન બતાવવામાં આવ્યું એક **'સકલસિદ્ધિદાતૃત્વ'** અને બીજું **'ભગવત્ પ્રિયંભાવુકત્વ'** જોકે **''સિતાસિતે સરિતે યત્ર સંગતે તત્રાપ્લુતાસો દિવમુત્પતન્તિ યે વૈ તન્વાં વિસૃજન્તિ ધીરાસ્તે જનાસો અમૃતત્વં ભજન્તિ''** આ શ્રુતિમાં પણ શ્રીયમુના સંગમથી ગંગાનું સેવકોને સકલસિદ્ધિઓનું દાનનું સામર્થ્ય કહેવાયેલું છે પરંતુ સંગમથી **'પ્રિયંભાવુકત્વ'** ફકત આચાર્યચરણોના વાકયનું જ પ્રમેય છે. પુરુષોત્તમજી કહે છે કે **''અતસ્તદેતૈરેવ વાક્યૈઃ સિધ્યતીતિ તત્ર પ્રમાણાન્તરં નોપન્યસ્તમ્''** એથી જ હરિરાયજીએ તો અહીં સુધી કહ્યું છે કે નિજાચાર્યચરણના પ્રાદુર્ભાવ પહેલો શ્રીયમુનાજીના આવા સ્વરૂપનું જ્ઞાન જ ન હતું એથી જ વર્ણન ન થઈ શકયું એટલે કે ગંગાના આમનાથી સંગત થવાના કારણે જે ભકતોને માટે સકલસિદ્ધિદાતૃત્વ રૂપ ઉત્કર્ષ થયો તે પણ ઘણું કરીને વર્ણ્ય ન થઈ શકયો, સાક્ષાત્ શબ્દોમાં 'સકલસિદ્ધિદા' નો એક સુંદર અર્થ શ્રીદ્વારિકેશજીએ આપ્યો છે કે **''સહ કલાભિઃ વર્તતે ઇતિ સકલઃ પુરુષોત્તમઃ તસ્ય સિદ્ધિઃ પ્રાપ્તિઃ તસ્યા દાત્રી સકલસિદ્ધિદા''** એટલે કે જે પોતાની સમસ્ત કલાઓની સાથે યુકત હોય તે સકલ એટલે કે પુરુષોત્તમ, એમની સિદ્ધિ એટલે કે પ્રાપ્તિ એનું જે દાન કરતા હોય તે **'સકલસિદ્ધિદા'.**

''એતાદૃશ્યા ત્વયાસહ સદૃશતા'' અહીં 'એતાદૃશ્યા'ના વિવરણમાં શ્રીહરિરાયજી એક સુંદર અર્થ આપે છે અને તે એ છે કે આ શ્રીયમુનાજી એવા છે કે સંબંધમાત્રથી સ્વસમાનગુણનું સમ્પાદન કરે છે તેથી આવા શ્રીયમુનાજી સાથે કોની સદૃશતા એટલે કે તુલના કરી શકાય ? કોઈની જ નહીં. હાં લક્ષ્મીની તુલના આમનાથી કદાચિત થઈ શકે છે કેમકે તેઓ પણ તો ભગવત્ પત્ની છે જેમ શ્રીયમુનાજી વસ્તુસ્તુ એમની પણ તુલના શ્રીયમુનાજી સાથે નથી થઈ શકતી. શ્રીદ્વારિકેશજી કહે છે કે લક્ષ્મી કોઈને પણ પુષ્ટિમાર્ગીય લીલાસ્થ ભકતોને માટે અનુગુણ નથી બનાવતા જેવી રીતે શ્રીયમુનાજીએ ગંગાજીને બનાવી દીધા એથી જ લક્ષ્મીજીનું અને આમનું સાપત્ન્યાભાવ-સોતપણું હોવા છતાં પણ સર્વદુ:ખહર્તા ભગવાનના પ્રિય ભકતોના દોષોને દૂર કરવાવાળા હોવાના કારણે શ્રીયમુનાજી અને લક્ષ્મીજીમાં કોઈ સરખમણી નથી થઈ શકતી. બંનેમાં મહાન વૈલક્ષણ્ય છે. એથી આમના સમાન કોઈ છે જ નહીં ! જેઓ સમ્બન્ધમાત્રથી અન્યને પણ ભકતોને માટે સ્વસમાન ઉપકારક બનાવી દે તો સ્વયં કેવા ઉપકારક

હશે આ જ આશયથી આ પ્રાર્થના **(મનસિ મે સદા સ્થીયતાં)** છે.

શ્રીહરિરાયજી કહે છે કે ભગવત્પત્ની હોવાના કારણે જ લક્ષ્મીનું સપત્નીત્વ-સોતપણું છે નહીં કે પુષ્ટિમાર્ગીય લીલાસંબંધ અથવા ભકતાનુગુણત્વના કારણે પરંતુ પત્નીત્વ હોવા છતાં પણ શ્રીયમુનાજીતો પ્રિયા પણ છે. શ્રીપુરુષોત્તમજી કહે છે કે કાર્યથી કારણનું અનુમાન થાય છે અહીં જે **''તત્રાપિ ભવતી પ્રિયા''** આનાથી 'અતિપ્રિયતા' બતાવવામાં આવી રહી છે એમાં કાર્યના જ્ઞાનથી કારણનું અનુમાન જ પ્રમાણ છે આજ આશયથી શ્રીપ્રભુચરણ **'હરિપ્રિયકલિન્દયા'** આનું વિવરણ કરે છે કે અહીં 'ભકતાનુગુણતા' કહેવાઈ રહી છે. લક્ષ્મી અને લક્ષ્મીની અંશરૂપાઓ કે એમના આવેશવાળી જ્યારે સાપત્ન્યભાવથી એકબીજા સાથે ઈર્ષ્યા વગેરેથી યુકત થઈ જાય છે ત્યારે શ્રીયમુનાજી એનું નિવારણ કરી દે છે કેમકે આપ ગુણાતીત છે અને આજ 'અતિપ્રિયતા' માં હેતુ છે. 'ભકતાનુગુણતા' શ્રીયમુનાજીની એમના ભકતોના દોષનું નિવારણ કરનારા હોવાના કારણે, શ્રીહરિરાયજી કહે છે.

''મનસિ મે સદા સ્થીયતામ્'' અહીં મન કેમકે સઘળા ભાવોનો આધાર છે તેથી પૂર્વોકત ધર્મવતી શ્રીયમુનાજીની જો ત્યાં સતત સ્થિતિ થાય તો મનોભાવ પણ બધા નિર્દોષપૂર્ણ ગુણ થઈ જશે અને આ રીતે સ્થિત થવાથી શ્રીયમુનાજીના આવેશથી આપણા માટે પણ ભગવત્ પ્રિયત્વરૂપ ફલ આપવા વાળી પ્રાર્થના ઘોતિત થઈ.

અહીં આ શ્લોકમાં સ્વતંત્રરૂપથી સંબોધન નથી કરવામાં આવ્યું તેથી પહેલાં આપવામાં આવેલ સંબોધન વાચક પદોનો જ અહીં પણ અન્વય કરવો જોઈએ. એટલે કે ચતુર્થશ્લોકમાં જે 'અનન્તગુણભુષિતે' થી થી લઈને **'કૃપાજલધિસંશ્રિતે'** સુધીના જ સંબોધનોનો અહીં પણ અન્વય કરવો જોઈએ એવો શ્રીપુરુષોત્તમજીનો અભિપ્રાય છે. શ્રીદ્વારિકેશજી એક અતિરિકત 'હે પ્રિયે' રૂપ સંબોધનનો અધ્યાહાર કરે છે. **'હરિપ્રિયકલિન્દયા'** આમાં પ્રતિપાદિત રૂપથી જ મનમાં સ્થિત થવાની પ્રાર્થના છે તેથી ઉકત રૂપથી જ સંબોધનવાચક **'હરિપ્રિયકલિન્દે'** એવો પણ અધ્યાહાર કરી શકાય છે.

આ રીતે અહીં ભગવત્ પ્રિય કલિનિવારણકત્વ રૂપ પાંચમા ઐશ્વર્યનું વર્ણન કરવામાં આવ્યું.

મૂલમ્ : નમોસ્તુ યમુને સદા તવ ચરિત્રમત્યદ્ભુતે
ન જાતુ યમયાતના ભવતિ તે પયઃ પાનતઃ ।

યમોપિ ભગિનીસુતાન્ કથમુ હન્તિ દુષ્ટાનપિ
પ્રિયોભવતિ સેવનાત્ તવ હરેર્યથા ગોપિકાઃ ॥૬॥

શ્લોકાન્વયાર્થ :- હે શ્રીયમુને ! આપના માટે નમન સિવાય કાંઈપણ કરી શકાતું પણ નથી. ખરેખર તો આપને નમન કરી શકવું પણ દુર્લભ હોવાથી, આપને નમન કરવા માટે આપને જ પ્રાર્થના કરવી પડે કે આપને નમન થાય અને એ પણ સદા સર્વદા. **(હે યમુને સદા નમોસ્તુ)** આપનું ચરિત્ર અતિ અદ્‌ભૂત છે **(તવ ચરિત્રમત્યદ્‌ભુતમ્)** આપના પય-દુધ અથવા જલનું પાન કરવાથી કયારેય પણ યમયાતના ભોગવવી પડતી નથી. **(તે પયઃપાનતઃ જાતુ યમયાતના ન ભવતિ)** કેમકે ભલે દુષ્ટ પણ કેમ ન હોય પરંતુ પોતાની બહેનના પુત્રો એટલે કે ભાણેજોને યમ પણ કેવી રીતે મારી શકે છે **(યમોપિ દુષ્ટાનપિ) ભગિનીસુતાન્ કથમુ હન્તિ** આપના સેવનથી હરિને પ્રિય બની જાય છે, જેવી રીતે ગોપિકાઓ થઈ હતી **(તવ સેવનાદ્ ગોપિકાઃયથા તથા હરેઃ પ્રિયો ભવતિ).**

વિવેચન :- આ રીતે પૂર્વ શ્લોકમાં શ્રીયમુનાજીના સમાન કોઈ નથી એ બતાવીને એમની અવર્ણનીયતાનું સમર્થન કરવામાં આવ્યું. હવે છઠ્ઠા ઐશ્વર્યનું વર્ણન અહીંથી પ્રારંભ થાય છે.

શ્રીપ્રભુચરણ આજ્ઞા કરે છે કે આવા શ્રીયમુનાજીને 'નમન' સિવાય કાંઈપણ કરી શકાતું નથી આ જ આશયથી **''નમોસ્તુ''(યાનિ 'નમન હો' એવી પ્રાર્થના)** આમ કહેવામાં આવી રહ્યું છે. શ્રીપુરુષોત્તમજી કહે છે કે પ્રારંભમાં **'નમામિ'** થી નમન કરવામાં આવ્યું ત્યાર પછી **'નમત'** કહીને ઉપદેશ પણ આપવામાં આવ્યો, એટલે કે આનાથી નમની દુર્લભતાનું સૂચન તો થઈ જાય છે. દુર્લભ વસ્તુ જ તો પ્રાર્થ્ય હોય છે. એટલે કે જેને આપણા પ્રયત્નોથી ન મેળવી શકીએ ત્યારે આપણે તે વસ્તુ માટે સમર્થની સામે પ્રાર્થના કરીએ છીએ. તેથી આચાર્યચરણના **'નમોસ્તુ'** આ શબ્દોનું પ્રભુચરણોએ જે તાત્પર્ય લીધું છે તે બરાબર નથી આવી શંકા કરવી નિર્મૂલ છે. કારણ કે ભગવત્કૃપાંકુર વગર તો શ્રીયમુનાજીને નમન કરવું પણ અશકય છે. ત્યારે નમનથી અતિરિકતનો તો પ્રશ્ન જ પેદા નથી થતો. તેથી અહીં 'નમન હો' આ પ્રાર્થના જ છે. એટલે કે કરવામાં આવી રહી છે. અને આ આશયથી શ્રીપ્રભુચરણની પ્રારંભિક પંકિતઓનું તાત્પર્ય ગ્રહણ કરવું જોઈએ.

શ્રીહરિરાયજી કહે છે કે શ્રીયમુનાજી ભકતોના ઉત્કર્ષને વધારે છે. ભકતાનુગુણા છે અને એવા અવર્ણનીય અનુપમ મહિમાવાળા છે કે આપ જ્યારે

ઉપકાર કરી દે છે તેનો પ્રત્યુપકાર કરવો અસંભવ જ છે. હા, યથાકથંચિત્ આવા વિલક્ષણ માહાત્મ્યનું જ્ઞાન થવાથી નમસ્કાર કરવા માત્રનું સૌભાગ્ય તો પ્રાપ્ત અવશ્ય થઈ શકે છે. જીવને માટે ભગવાનને નમસ્કાર કરવાનો અવસર તો, ભગવન્ માહાત્મ્યના શાસ્ત્રોથી પણ જાણી શકવાના કારણે, પ્રાપ્ત થઈ પણ શકે છે પરન્તુ શ્રીયમુનાજીના ઉકતવિધ સ્વરૂપનું ભાન તો, લીલાસૃષ્ટિમાં પ્રવેશ થયા પછી આવી વિલક્ષણ 'ભાવ સમ્પત્તિ' પ્રાપ્ત થવાથી જ, ઉકતવિધભાવથી 'નમન' પણ દુર્લભ છે.

એક અન્યોન્યાશ્રયની સ્થિતિ એટલે કે એમની કૃપા થવાથી ભગવત્કૃપા અને ભગવત્કૃપા થવાથી એમની આમ 'દુર્લભ' હોવાના બદલે આ તો 'અલભ્ય' થઈ રહી છે. પરંતુ પુરુષોત્તમજી આ દુર્લભતાના સંદર્ભમાં કહે છે કે ભગવાનની કૃપાના અંકુર વિના પણ અહીં શ્રદ્ધા ઉત્પન્ન થવી એ અશકય છે એથી જ 'નમન'ની દુર્લભતા કહેવામાં આવી રહી છે. આશય એ છે કે પ્રથમતઃ ભકિતના બીજભાવ જેનાથી પુષ્ટિમાર્ગીય જીવની મર્યાદામાર્ગીય અને પ્રવાહમાર્ગીય જીવથી વિલક્ષણતા થાય છે. તે અનુસાર પ્રભુકૃપા થાય છે કે જીવને એના વિલક્ષણ ચરિત્રનું જ્ઞાન થાય, એમના પરમોત્કર્ષનું જ્ઞાન થાય, ત્યારે જ તો તે નમનમાં પ્રવૃત્ત થઈ શકે છે; ત્યારે એમની કૃપાથી જીવ ભગવાનને વિશેષ પ્રિય થઈને ભગવાનના વિશેષાનુગ્રહનું પાત્ર બની શકે છે. અન્યથા ભગવદ્કૃપાંકુર વિના એવી શ્રદ્ધા જાગી જ નથી શકતી. શ્રીપુરુષોત્તમજી કહે છે **''નમનમપોત્યતિદુર્લભત્વાત્ તદર્થમપિ કૃપાપેક્ષિતેતિ પ્રાર્થનૈવાર્થઃ ઈતિ ભાવઃ''** એટલે કે નમન પણ એક અતિ દુર્લભ વસ્તુ છે એથી જ એમના માટે ચોકકસ રૂપથી કૃપાની અપેક્ષા છે, આ જ કારણ છે કે અહીં બીજો અર્થ નથી થઈ શકતો પરંતુ 'નમોસ્તુ' આ શબ્દોથી પ્રાર્થના જ કરવામાં આવી રહી છે. વસ્તુતઃ પ્રભુકૃપા વિના ઉત્કર્ષ જ્ઞાન નથી થઈ શકતું અને ઉત્કર્ષ જ્ઞાન વિના નમન કેવી રીતે અહીં એક શંકા કરી શકાય છે કે 'નમન હો' આ રીતનું વાકય જેમ પ્રાર્થના માટે કહેવામાં આવે છે એ રીતે પ્રાર્થનાથી અતિરિકત અર્થમાં પણ કહી શકાય છે, તો પછી પ્રાર્થના જ અહીં શા માટે માનવી જોઈએ. અને આ જ શંકાને લક્ષ્યમાં રાખીને શ્રીપ્રભુચરણ આજ્ઞા કરે છે **''અદ્ભુતત્વમેવાગ્રે ઉપપાદિતમ્''.** શ્રીપુરુષોત્તમજીના મત મુજબ અહીંથી આગળ જે ચરિત્રનું અદ્ભુતપણું બતાવ્યું છે તેને અને અહીંના નમનને પણ પ્રાર્થનાની આવશ્યકતા છે આવો અર્થ સમન્વિતરૂપથી સમજાવા લાગશે.

આ જ અદ્‌ભુતતાની વ્યાખ્યા કરતા શ્રીહરિરાયજી કહે છે કે ભગવાનને ‘અદ્‌ભુતકર્મા’ કહેવામાં આવે છે. **“કૃષ્ણાયાદ્‌ભુતકર્મણે”.** આ ભગવાનની અદ્‌ભુતતા છે કે તેઓ અસાધનને પણ સાધન બનાવી દે છે. જેમ કે કામ, ભય, દ્વેષ વગેરે ભગવત્પ્રાપ્તિમાં ખરેખર કોઈ સાધન ન હતા પરંતુ પ્રમેયબલને પ્રકટ કરી પ્રભુએ એને પણ સાધન બનાવી દીધા. પોતે જ કામના વિષય બની ગયા એટલે કે પ્રભુના કામના આલંબન બનવાથી, કામમાં બનવાથી ભગવત્પ્રાપ્તિમાં જે સાધન ન હતા એવો ‘કામ’ પણ ભગવાનને પ્રાપ્ત કરાવનારો બની ગયો. **‘ગોપ્ય: કામાદ્...”** ગોપી શું કરી શકે છે જ્યારે પ્રભુ સ્વયં એવા રૂપમાં દર્શન આપે છે તેથી તેવા ‘ભાવ’ સ્વત: ઉત્પન્ન થઈ જાય છે પરંતુ કહેવામાં આવ્યું **“ગોપ્ય:કામાદ્”.** તાત્પર્ય એ છે કે ભગવાન અસાધનને પણ સાધન બનાવી લે છે પોતાના સ્વરૂપબલથી. **“યમેવૈષ વૃણુતે તેન લભ્ય:” “કર્તુંમકર્તુંમન્યથાકર્તું સમર્થ:”.**

વિષય ચાલતો હતો કે ભગવાન અદ્‌ભુતકર્મા છે પણ અહીં તો “તવ ચરિત્રમત્યદ્‌ભુતમ્” છે કેમકે કોઈપણ ભાવ વગર અને જો કદાચિત કેવલ તરસ લાગવાથી જ પીવામાં આવેલ એવુ અસાધન પય: પાન ફલસાધક બની જાય છે. છતાં પણ તેને સાધન કહી નથી શકાતું. આ જ અદ્‌ભુતતા છે. તરસ લાગવાથી કરવામાં આવેલું શ્રીયમુના જલપાનમાં કાંઈ ભાવની પ્રધાનતા થોડી હોય છે કે એને સાધન કહી શકાય. કહેવામાં આવે છે કે યમયાતનાને તો ભગવન્નામથી પણ તોડી શકાય છે તો પછી અદ્‌ભુતતા કઈ છે. શ્રીહરિરાયજી કહે છે કે કયારેક નામાપરાધ થઈ જવાના કારણે અધિકારી ગુરુવિમુખતા અને દુ:સંગનું વર્જન ત્યાગ ન કરી શકયો હોય તો, કેમકે આ જે બે ગુરુવિમુખતા અને દુ:સંગત્યાગ અંગ છે, નામશ્રવણમાં આ અંગોના સિદ્ધ ન થવાથી, અંગી પણ સિદ્ધ નહીં થાય કે થશે. પરંતુ અહીં આવું કાંઈપણ નથી કેમકે તરસ લાગવામાં અને જલપાન કરવામાં નામગ્રહણની જેમ કોઈ કઠિન પ્રયત્નરૂપ અંગની જરૂરીયાત નથી તેથી અંતર છે. ભગવદ્ વિષયક કામાદિભાવની તો ચર્ચા ઉપસ્થિત જ નથી થતી. પરંતુ જે ભાવરહિત, સાધનરહિત, અનેક જન્મોથી ભટકી રહેલા બધા જિહ્વોપસ્થપરાયણ જીવ છે જેમને યમુનાજીના સ્વરૂપનું જ્ઞાન પણ નથી, આવા ભૂલેચૂકે તરસ લાગે ત્યારે શ્રીયમુના જલપાન કરી લે છે તેનાથી ભગવાનનો એમના ઉપર ન્યુનાધિકસ્નેહ થઈ જ જાય છે અને આટલી મોટી યોગ્યતાના સંપાદનને માટે શ્રીયમુનાજી ભાવની પણ અપેક્ષા નથી રાખતા, આનાથી વધારે

અદ્ભુતતા બીજી કઈ હોઈ શકે છે ?

પયઃ પાનથી યમયાતના નથી થતી તેમ કહેવામાં આવી રહ્યું છે એને સિદ્ધ કેવી રીતે કરી શકાય આ એક પ્રશ્ન પેદા થાય છે. શ્રીપુરુષોત્તમજીએ પ્રકારાન્તરથી શાસ્ત્રવચનોનું ઉદ્ધરણ આપ્યું છે.

ગંડૂશમાત્રમપ્યમ્બુ પીત્વા ભવતિ સોમપાઃ ।
સમકૃત્વાશ્ય સમૈવ સોમસંસ્થાઃ સમાપ્નુપાત્ ॥
વિગ્રિાહ્યાસ્ત્વયા ભ્રાતર્યે નરાઃ પાપકારિણઃ।
તાનહં તારયિષ્યામિ પ્રાપ્સ્યામિ ચ સુરાલયમ્ ॥

પરંતુ એક બીજો સંદેહ થયો કે બની શકે છે કે શ્રીયમુનાજીના અનુરોધથી યમ કદાચ પાપ કરનારાઓને યાતના ન આપે પરંતુ છેવટે જે કાર્ય ને માટે તે નિયુકત છે એનો સર્વથા તો ત્યાગ નથી થઈ શકતો, વચલો રસ્તો એ જ હોઈ શકે છે કે અલ્પદંડ આપીને જીવને છોડી દેવામાં આવે. પરંતુ આ સંદર્ભ ફરી પાદ્મ શ્રીયમુના માહાત્મ્યમાંથી યમ અને શ્રીયમુનાનો એક સુંદર વાર્તાલાપ શ્રીપુરુષોત્તમજીએ રજૂ કર્યો છે - **''યમુને કૃપયા પાપાનવશ્યં તારયિષ્યામયિ ત્વયા દયા કાર્યા નિર્દયે નિગ્રહોતરિ ।''** એટલે કે શ્રીયમુનાજી ચોકકસપણે જીવને તારી શકે છે. આમ કહીને યમે પોતાને નિર્દયનિગૃહીતા કહીને શ્રીયમુનાજી પાસે દયાની યાચના કરી જેના જવાબમાં શ્રીયમુનાજીએ આશ્વાસન આપ્યું કે **''દશભિશ્ચ ચતુર્ભિશ્ચ તર્પયિષ્યન્તિ નામભિઃ । તેન હિંસાપરોડપિ ત્વં ધૃતકલ્પો ભવિષ્યસિ । નિરાતંકા ભવિષ્યન્તિ ભવતો યેપિ પાપિનઃ।''** અહીં શ્રીયમુનાસ્નાનપૂર્વક નામગ્રહણ કરીને તર્પણ કરવાથી શ્રીયમુનાજી કહે છે કે હિંસા પર પણ આયુપ્રદ થઈ જશે. યમને માટે જીવને નરકમાં પટકી દેવા એ જ એની હિંસા હોય છે અને તેમાંથી બચાવી લેવો એ જ એને આયુપ્રદાન કરવું છે. શ્રીપુરુષોત્તમજી કહે છે કે આ બધું શ્રીયમુનાવાકયથી જ સિદ્ધ છે તો પછી બીજા પ્રમાણોની જરૂર શું છે. ધ્યાન આપવું જોઈએ કે આ પક્ષમાં કેવલ તરસથી શ્રીયમુના જલપાન કરવાથી યમયાતનાનું નિવારણ નથી બતાવવામાં આવી રહ્યું પરંતુ અહીં ભાવ અને જ્ઞાન આ પક્ષમાં અપેક્ષિત છે. પરંતુ શ્રીહરિરાયજીનો પક્ષ તો ભાવ કે પછી જ્ઞાનની અપેક્ષા નથી માનતો એથી જ શ્રીહરિરાયજી તર્કાશ્રયપૂર્વક સાધન કહે છે. અહીં એ વિકલ્પ કરવામાં આવ્યો છે કે ફકત તરસના કારણે કરવામાં આવેલા પયઃ પાનથી કોઈ પુણ્ય નથી થતું અને ન તો પાપોનો નાશ પણ. તો પછી યમયાતના કેવી રીતે મટી શકે છે અને પુણ્ય વગર

અથવા પાપના નાશ વગર ફકત પયઃપાનથી યમયાતનાની નિવૃતિ બીજે કયાંય પણ જોવા કે સાંભળવામાં પણ નથી આવી. મૂલમાં **"યમોપિ ભગિનીસુતાન્"** માં અપિ શબ્દના સ્વારસ્યથી શ્રીહરિરાયજી કહે છે કે આ કથન ઉપરોકત શંકાના નિવારણ માટે જ છે. સૂર્યની પુત્રી હોવાના કારણે શ્રીયમુના યમની બહેન છે. અને એમાંય પણ યમની ઉત્પત્તિ પછી પ્રગ થયા હોવાના કારણે નાની બહેન છે. પોતાની નાની બહેનની વાતને ઉંચી રાખે આના સિવાય યમ પણ બીજું શું કરી શકે છે. આવા શ્રીયમુનાજીનું જે પયઃ પાન કરે છે તેઓ તેના (શ્રીયમુનાજીના) પુત્ર જ બની જાય છે. અહીં **'પયઃ'** શબ્દનો અર્થ દૂધ અને જલ બંને થાય છે. જલના અર્થમાં પણ પાન કરવાથી પૂજત્વ આવી જ જાય છે.

પાંચભૌતિક દેહમાં અન્ય ચાર તત્ત્વોની સરખામણીમાં જલ તત્ત્વની જ મુખ્યતા છે એથી જ છાન્દોગ્ય ઉપનિષદ્‌માં કહેવામાં આવ્યું છે કે **"પંચભ્યામાહુતાવાયઃ પુરુષવચસો ભવન્તિ ।।"**

આમ પુત્રમાં કદાચ કોઈ દોષ હોય તોપણ શું થયું છેવટે છે તો એ યમની બહેનનો જ પુત્ર. તે ચોક્કસ યમ માટે માન્ય છે. શ્રીદ્વારિકેશજી કહે છે કે તેઓ દુષ્ટ હોઈ શકે છે તો પણ તે (યમ) સ્નેહવસાત્ એનું કાંઈ ખરાબ નહીં ઈચ્છે. છેવટે પોતાની બહેનની સંતતિનો અપકાર કરવાથી લોકોપવાદનો ડર પણ તો લાગશે જ. સૌથી મહત્વની વાતતો એ છે કે તેઓ શ્રીયમુના જલપાનથી જ અતિ શુદ્ધ થઈ જાય છે અને તે (યમ) તેનો અપકાર નથી કરતો.

અહીં સુધી દોષનિવારણ કરવા માત્રની અદ્‌ભુતતા કહેવામાં આવી તેથી આ ફકત દુઃખ નિવૃત્તિમાત્રનું પ્રતિપાદન થયું. પુરુષાર્થનો ઉત્તરાર્ધ નિત્યસુખ પ્રાપ્તિ છે અને એજ હવે ફલસમ્પાદન ને લઈને અદ્‌ભુતતાના વર્ણનથી અભિલષિત છે.

શ્રીહરિરાયજી કહે છે કે જે જીવોને ભગવાને અંગીકાર કર્યા છે, એ જીવોની ભગવદુકત સાધનોથી ભગવાનમાં પ્રીતિનું વર્ણન શાસ્ત્રોમાં મળી શકે છે પરંતુ ભગવાન સ્વયં જીવોમાં, જે અવિદ્યા વગેરે દોષોથી ઘેરાયેલા છે તેમાં પ્રીતિ કરે આ તો અતિ વિચિત્ર વાત છે. નિર્દોષનું સદોષો સાથે રમણ કે સ્નેહ દુર્લભ ઉદાહરણ છે. શ્રીયમુનાજી પુષ્ટિમાર્ગીય છે અને આજ વાત છે. એમના સેવનથી, સર્વભાવેન એમના અધિન થવાથી અને પોતાના ચિત્તને તેમના અધિન કરવાથી જ્યારે જીવ એમનો બની જાય છે તો ભગવાન પણ એ વિચાર કરીને કે આ જીવ શ્રીયમુનાજીના આશ્રયે છે. પોતે પણ સ્નેહ કરવા લાગે છે, આપણ એક અદ્‌ભુતતા

છે. આ અનુભવ સિદ્ધ પણ છે. ભાગવત દશમ ફલપ્રકરણના દ્વિતીયાધ્યાયમાં ભગવાનના અંતર્ધ્યાન થવાથી પ્રભુની લીલાઓનું અનુકરણ કરવાવાળી બધી ગોપીઓ જ્યારે શ્રીયમુના તટ ઉપર આવ્યા અને ભગવદ્‌ભાવથી ગાન કરવા લાગ્યા ત્યારે જ એ કહી શકાયું કે **''મનોરથાન્તં શ્રુતયો યથા યયુ:''** અને ત્યારેજ એમને પરમાનંદ નંદનંદનના દર્શન થઈ શકયા. વ્રતચર્યાના પ્રકરણમાં પણ શ્રીયમુનાજીના સેવનથી **''મયેમા રંસ્યથ ક્ષપા:''** નું ફલ પ્રાપ્ત કરી શકયા.

અહીં મૂલમાં **'હરેર્યથા ગોપિકા:'** અહીં 'ગોપિકા:' શબ્દના બહુવચનનું તાત્પર્ય, શ્રીદ્વારિકેશજી, પૂર્વનિર્ધારિત ચારેય યૂથોના સ્વામિની અને ગોપીજનોની વિવક્ષામાં જ બતાવે છે.

જેમ ચતુર્વિધ ગોપિકાઓમાં ભગવાનની પ્રીતિ શ્રીયમુનાજીના કારણે થઈ એમ જ એમના અન્ય સેવક પણ ભગવાનને પ્રિય થઈ શકે છે. શ્રીપુરુષોત્તમજી કહે છે કે ઉદાહરણીય ભગવદ્ પ્રિયતાતો ગોપીજનોની જ છે.

ભગવાનના તો અનેક ભકત હતા કે થયા છે પણ જ્યારે ભગવાનને પ્રિય ભકતની ચર્ચા નીકળી ત્યારે પ્રભુએ પોતાની પ્રગાઢ પ્રીતિનો ઉલ્લેખ ગોપીજનોને લઈને જ કર્યો. આનાથી આ જ ફલિત થાય છે કે ભગવાનને નિરવધિક પ્રિય ભકત તો ગોપીજનો જ છે. એથી જ ભગવાનને પ્રિય જો થવું હોય તો તેવી જ રીતે જેમ ગોપિકાઓ હતા ''પ્રિય ભવેન દૃષ્ટાન્તશ્ચાયમ્''.

આ રીતે શ્રીપુરુષોત્તમજીના મત મુજબ અહીં ''ભગવત્ પ્રિયત્વ સમ્પાદકત્વરુપ'' અને શ્રીહરિરાયજીના અને શ્રીદ્વારિકેશજીના મત મુજબ ''ભગવદીયોત્કર્ષાધાયકત્વરુપ'' છઠ્ઠા ઐશ્વર્યનું વર્ણન થયું.

મૂલમ્ : **મમાસ્તુ તવ સન્નિધૌ તનુનવત્વમેતાવતા**
ન દુર્લભતમા રતિર્મુરરિપૌ મુકુન્દપ્રિયે ।
અતોસ્તુ તવ લાલના સુરધુની પરં સંગમાત્
તવૈવ ભુવિ કીર્તિતા ન તુ કદાપિ પુષ્ટિસ્થિતૈ: ॥૭॥

શ્લોકાન્વયાર્થ : હે મુકુન્દપ્રિયે ! આવશ્યક દૈહિક ધર્મના પણ આપનાથી સંબંધ થવાથી મુકિતથી પણ મહાન ભકિતની પ્રાપ્તિ થાય છે. તો પછી યમયાતના ન થાય એમાં શંકા શું હોય ? આપની સન્નિધિમાં તનુનવત્વ એટલે કે લીલોપયોગિદેહની પ્રાપ્તિ – એટલે કે પૂર્વ દેહની નિવૃત્તિ થઈ જાય છે; પરંતુ એ પણ આપના કરવાથી જ થાય છે બીજી કોઈપણ રીતે નહીં. આ જ કારણ છે કે ''આપની સન્નિીધિમાં મારૂં તનુનવત્વ થાય'' આમ પ્રાર્થના કરવામાં આવી રહી

છે. **(તવ સન્નિધૌ મમ તનુવત્વમ્ અસ્તુ)** આ શરીરના પરિવર્તન માત્રથી જ મુરરિપુમાં રતિ થવી એ દુર્લભતમા નથી રહી જતી પરંતુ તનુનવત્વથી સુલભ થઈ જ જાય છે. કદાચિત્ પ્રતિબન્ધકના રહેવાથી પણ જલદોષરૂપ મુરનું નિવારણ કરવામાં આવ્યું તેવી જ રીતે આપના સંબંધને જોઈને સઘળા દોષોનું નિવારણ કરશે. એથી જ તો 'મુરરિપુ' કહીને ભગવાનને બોલાવવામાં આવી રહ્યા છે. **(એતાવતા મુરરિપૌ રતિઃ ન દુર્લભતમા)** એટલે જ્યાં સુધીમાં વિદ્યમાન લૌકિક દેહની નિવૃત્તિ થાય ત્યાં સુધી આપની આ સ્તુતિરૂપા લાલના થાય પરંતુ એ તો આપની કૃપાથી જ કરી શકાય છે, અન્યથા નહીં. એના માટે પણ આ પ્રાર્થના છે. **(અતઃ તવ લાલના અસ્તુ)** ગંગાજીનું પણ ફલદાન સામર્થ્ય આપના સંબંધના કારણે માનવામાં આવેલું છે. તેથી કહેવામાં આવે છે કે સુરધુનીની સ્તુતિ તો થઈ પણ આપની સાથે સંગમ હોવાના કારણે જ. આપથી અલગ હોય તો નહીં. પરંતુ પુરાણોમાં કયાંક-કયાંક એકલા ગંગાજીની સ્તુતિ પણ જોવામાં આવે છે. તેથી સ્તુતિની વિશેષતા એ કહેવામાં આવી રહી છે કે મર્યાદામાર્ગીઓ દ્વારા એકલા ગંગાજીની પણ સ્તુતિ થઈ શકે છે. કેમકે એમને આપના સ્વરૂપનું જ્ઞાન નથી. જ્યાં સુધી પુષ્ટિમાર્ગીઓનો પ્રશ્ન છે, તો તેઓ તો આપના સ્વરૂપને સારી રીતથી ઓળખે છે. તેથી આપના સંબંધને લઈને જ ગંગાજીની સ્તુતિ કરે છે. **(સુરધુની ભુવિ કીર્તિતા, પરંતવ સંગમાદ્ એવ (અન્યથા તુ) પુષ્ટિસ્થિતૈઃ ન કદાપિ કીર્તિતા) ।**

વિવેચન :- છઠ્ઠા શ્લોકના વિવરણનાં અન્તમાં શ્રીપુરુષોત્તમજી કહે છે **''એતાવદન્તં વ્યાખ્યાનં પ્રભૂણામ્, અગ્રે તદાજ્ઞામ શ્રીગોકુલનાથાનામ્''** એટલે કે છઠ્ઠા શ્લોક સુધી શ્રીપ્રભુચરણ કૃત વ્યાખ્યાન છે અને ત્યાર પછી શ્રીગોકુલનાથજી કૃત વ્યાખ્યાન શ્રીપ્રભુચરણ આજ્ઞા કરવામાં આવેલું છે. આ આજ્ઞા સ્વરચિત વિવૃત્તિને પૂર્ણ કરવાની જ હશે. એટલા માટે ગ્રંથના ઉપસંહારમાં પ્રભુચરણના નામનો જ ઉલ્લેખ છે અને સંભવ છે કે વ્યાખ્યાયેય પદાર્થ પણ સૂચિત કર્યો હોય કે 'તાતતણો પ્રતિબિમ્બ' શ્રીગોકુલનાથજી નો અતિરિકત (જૂદો) આશય કેવી રીતે હોઈ શકે છે ? હા, ભાષાશૈલીમાં ચોક્કસ અંતર સુસ્પષ્ટ જોવામાં આવી રહ્યું છે. સંભળાય છે કે શ્રીપુરુષોત્તમજીને એવો અભ્યાસ થઈ ગયો હતો કે લેખદર્શન માત્રથી તેઓ ઓળખી જતા હતા કે શ્રીઆચાર્યચરણનો લેખ છે કે શ્રીપ્રભુચરણનો લેખ છે કે પછી બીજા કોઈનો. આ બધા હસ્તાક્ષરોના સાક્ષાત્ દર્શનથી જ સહજ થઈ શકે છે. પરંતુ અહીં આ અનુમાનિત નથી કારણ

કે શ્રીપ્રભુચરણની આજ્ઞાથી લખવામાં આવ્યું છે એવો પણ ઉલ્લેખ છે.

'ભગવત્ પ્રિયત્વસમ્પાદકત્વ' રૂપ ઐશ્વર્ય, જે શ્રીપુરુષોત્તમજીના મત મુજબ છઠ્ઠા શ્લોકમાં જ વર્ણિત થઈ ગયું હતું તેનું અહીં વર્ણન શ્રીહરિરાયજીને માન્ય છે અને એનાજ અનુસાર **'તનુનવત્વસમ્પાદકત્વ'** રૂપ ઐશ્વર્ય શ્રીપુરુષોત્તમજીનું. તેઓ કહે છે કે આ રીતે સ્વરૂપસામર્થ્યનું વર્ણન કરીને ભગવાનને પ્રિય થવામાં ઉપાયોની વાત છે, એની જ પ્રાર્થના આ શ્લોકમાં કરવામાં આવી રહી છે એટલે કે લીલોપયોગિદેહ, જેને નૂતનદેહ કહેવો જોઈએ, એના વિષયમાં આ પ્રાર્થના છે અને જેને આપવાની સામર્થ્યનું જ અહીં આ શ્લોકમાં એમના મત મુજબ સાતમાં ઐશ્વર્ય રૂપમાં કહેવામાં આવી રહ્યું છે.

આ જ પ્રાર્થનાના વર્ણન માટે શ્રીગોકુલનાથજી, **''આવશ્યકદૈહિકધર્મેપિ...''** આ પંકિતને અવતરિત કરી રહ્યા છે. 'આવશ્યક દૈહિકધર્મ' પદથી શ્રીયમુનાતીરવાસ રૂપ શ્રીયમુનાસેવન અને શ્રીયમુના જલપાનને લેવું એ પણ અપેક્ષિત છે. જોકે શ્રીયમુનાજી જલપાનના માહાત્મ્યનું વર્ણન પહેલાં પણ થઈ ગયું છે પરંતુ તે શ્રીપ્રભુચરણ વિવૃત્તિમાં નહીં. એટલા માટે શ્રીપુરુષોત્તમજી કહે છે કે પહેલાં પણ શ્રીયમુના સેવન અને પયઃ પાનના ફલદ હોવાનું ઉપપાદન કરવામાં આવ્યું પરંતુ વ્યાખ્યાનમાં નહીં, માત્ર કારિકામાં જ. તેથી અહીં પાછુ વ્યાખ્યાનમુખથી અનુવાદ થઈ રહ્યો છે. આ રીતે તરીવાસ પ્રયુકત શ્રીયમુનાસેવન અને પયઃપાન રૂપ જે ફલબુદ્ધિથી નહીં પરંતુ દૈહિકધર્મના રૂપમાં કરવામાં આવ્યું હોય. એમનો પણ શ્રીયમુનાજી સાથે સંબંધ થવાથી મુકિતથી પણ અધિક ફલરૂપ ભકિતની પ્રાપ્તિ થાય છે તો પછી યમયાતના ન થાય એમાં શંકા જ શું હોય એથી જ શ્રીયમુનાજીનું સાન્નિધ્ય જ પ્રાર્થનીય છે. કે શ્રીયમુનાજીના આધિદૈવિકરૂપની સન્નિધિમાં ભૌતિકરૂપની વચ્ચે સન્નિધાનથી લીલોપયોગી નૂતન દેહની પ્રાપ્તિ, જેને **'તનુનવત્વસિદ્ધિ'** કહેવામાં આવી રહ્યું છે, તે થાય. આ તનુનવત્વ યજ્ઞોપવીત સંસ્કાર દ્વારા દ્વિજ શરીરમાં જેમ એક વિલક્ષણ યોગ્યતા આવી જાય છે તે પ્રમાણે નહીં પરંતુ પૂર્વદેહની નિવૃત્તિ થઈને અભીષ્ટ દેહાન્તરની પ્રાપ્તિ જ છે.

દેહ ધર્મ તરસ વગેરેથી પ્રયુકત થઈને જે પયઃપાન કરવામાં આવે છે એનું તો આગલા શ્લોકમાં જ વર્ણન થઈ ગયું છે. સંભવતઃ આ જ કારણથી , શ્રીહરિરાયજીના મત મુજબ અહીં 'આવશ્યક દૈહિકધર્મ' પૂર્વશ્લોકમાં વર્ણિત પયઃપાન નથી પણ, જેમકે તેઓ કહે છે, એક દેહથી દેહાન્તરની પ્રાપ્તિ વૈકુંઠાદિમાં

સેવાના ફલસ્વરૂપે થાય છે એવી શ્રીમદાચાર્યચરણોની પણ સેવાફલ ગ્રંથમાં ઉકિત છે. તે મુજબ આ જ સેવોપયોગિ દેહનો પણ શ્રીયમુનાજી સાથે સંબંધ થવાના કારણે એટલે કે શ્રીયમુનાજીનું સાન્નિધ્ય પ્રાપ્ત થવાથી (અહીં શ્રીહરિરાયજી પ્રણીત ટિપ્પણીમાં **'દૈહિકોપિ'** અને **'દૈશિકેપિ'** આમ બે પ્રકારના પાઠ છે અને તેના અનુસાર જ અનુવાદ પણ કરવામાં આવી રહ્યો છે) પયઃપાન રૂપ દૈહિકસંબંધ થવાથી અથવા તીરવાસ રૂપ દૈશિક સંબંધ થવાથી એટલા જ સમ્બન્ધ માત્રથી, મુકિત પણ જેની આગળ તુચ્છ અનુભવાય એવી, ભકિતની પ્રાપ્તિ થયા પછી તો યમયાતના ન થાવની શંકા પેદા જ કયાંથી થાય ? આજ વિવક્ષિત સંદર્ભ છે.

'તવ સન્નિધૌ' નું તાત્પર્ય, શ્રીહરિરાયજી બતાવે છે કે જયાં દુષ્ટસન્નિધાનથી શ્રીયમુનાજી પોતાના આધિદૈવિક રૂપથી તિરોહિત ન થઈ ગયા હોય ત્યાં જ શ્રીયમુના સન્નિધાનમાં તનુનવત્વ થાય છે.

'પૂર્વદેહ નિવૃત્તિ' પણ શ્રીહરિરાયજીના મત મુજબ શ્રીપુરુષોત્તમજીને અભિપ્રેત, પૂર્વ શરીરની સર્વથા નિવૃત્તિ અને બીજા જ દેહની પ્રાપ્તિ આ નથી, પરંતુ યજ્ઞોપવીત સંસ્કાર અને દ્વિજ શરીરના ન્યાયાનુસાર, અથવા એમનું પોતાનું ઉદાહરણ છે - માટીનો ઘડો એટલે કે જેમ તપાવવાથી કાચા માટીના ઘડામાંથી જેમ મૃત્વ-કાચાપણું નીકળી જાય છે એજ પ્રમાણે શ્રીયમુનાસાન્નિધ્યથી દેહની પ્રાકૃતતા અથવા સેવામાં સાક્ષાત્ ભગવત્ દર્શન સ્પર્શનની અયોગ્યતા નીકળી જાય છે. અન્યથા સર્વથા નૂતનદેહ થવાથી જુના દેહની નૂતનતા થોડી કહી શકાય છે જ્યારે કે અહીં પૂર્વતનું એટલે કે આજ દેહના નવત્વ-નૂતન થવાનું વિધાન કરવામાં આવી રહ્યું છે. આને શ્રીદ્વારિકેશજીએ એકદમ સુસ્પષ્ટ કરી દીધું છે. તેઓ કહે છે કે **"પશ્યતિ તે મે રુચિરાવતંસપ્રસન્નવક્ત્રારુણલોચનાનિ । રુપાણિ દિવ્યાનિ વરપ્રદાનિ સાકં વાચં સ્પ્રહણીયાં વદન્તિ ॥"** આ તૃતીય સ્કન્ધના ભાગવતના વચનાનુસાર નિત્ય લીલાસ્થ જીવોને જેવો ભગવદ્સંયોગ પ્રાપ્ત થાય છે તેવો જ જેમનાથી પ્રાપ્ત થઈ શકે એવો નૂતનદેહ જ અહીં અભિલષિત છે. આ નૂતનતાની આ જ વિશેષતા છે કે આ પ્રાકૃત દેહથી જે ભગવત્સેવા થાય છે ત્યાં સેવ્યસ્વરૂપ આવરણ સહિત બિરાજમાન હોય છે જ્યારે કે આવા દેહની પ્રાપ્તિથી આ દેહના નૂતન થઈ જવાથી સેવ્યસ્વરૂપ અને દેહની વચ્ચે કોઈ આવરણ નથી રહી જતું. 'પૂર્વદેહનિવૃત્તિ' ને પણ શ્રીદ્વારિકેશજી સ્ફુટ કરે છે, જેમ 'નિવૃતિ'થી અહીં 'દૂર થઈ જવું' વિવક્ષિત નથી પરંતુ

''નિતરાં વૃત્તિઃ વર્તનમીત નિવૃત્તિઃ'' આ વ્યુત્પત્તિ પ્રમાણે લીલોપયોગી દેહનો નાશ નહીં પણ વિલક્ષણ સ્થિતિ જ અર્થ છે. અન્યથા, જેમ કે પહેલાં કહી ગયા છે તેવા નૂતનદેહની જ પ્રાર્થના કરવામાં આવી હોત દેહના નવત્વની નહીં. આને જ સ્ફુટતર કરતા તેઓ કહે છે કે તપાવ્યા વગરના માટીના ઘડામાં જલધારણનું સામર્થ્ય નથી હોતું, પણ તપાવવાથી એ જ ઘડામાંથી માટીનું કાચાપણું પણ નીકળી જાય છે અને જલધારણ સામર્થ્ય પણ આવી જાય છે. બરાબર એ જ પ્રમાણે જીવનો શ્રીયમુનાજીની સાથે સંબંધ થયા પહેલાં, જ્યાં પ્રભુ કોઈપણ આવરણ વગર બિરાજમાન હોય (આનું વિસ્તારથી વિવેચન શ્રીલાલુભટ્ટજીના પ્રમેયરત્નાર્ણવમાં છે) એવી ભગવત્ લીલાનુભાવનું સામર્થ્ય નથી હોતું. શ્રીયમુનાજીના સાન્નિધ્યથી આ સંબંધથી પાકા ઘડાની જેમ જેવી રીતે ત્યાંથી કાચાપણું દૂર થઈ જાય છે તે જ રીતે દેહમાંથી લૌકિકત્વ નિવૃત્ત થઈ જાય છે. લૌકિકત્વની સાથે-સાથે લૌકિક દેહ પણ નિવૃત્ત થઈ જશે આવી શંકા વ્યર્થ છે. કેમકે લૌકિકત્વ પારિભાષિક પણ હોઇ શકે છે અથવા લૌકિક દેહના દોષોનું વાચક છે. પણ **''એતાવતા શરીરપરિવર્તનમાત્રેણૈવ મુરરિપૌ રતિદુર્લભતમા ન ભવતિ''** અહીંના તાત્પર્યનું વિવેચન કરતાં શ્રીપુરુષોત્તમજી કહે છે કે પૂર્વદેહની નિવૃત્તિ અને નૂતનદેહની પ્રાપ્તિ આમ બે બે પ્રાર્થનાને બદલે આ જ દેહની નૂતનતાની પ્રાર્થના શા માટે કરવામાં નથી આવી રહી. અહીં કારણ એ છે કે જો આ જ દેહની નૂતનતાની પ્રાર્થના શા માટે કરવામાં નથી આવી રહી. અહીં કારણ એ છે કે જો આ જ દેહની નૂતનતાની પ્રાર્થના કરવામાં આવે તો તેની પ્રાપ્તિથી જો કે ભગવાન્માં રતિ (પ્રેમ) તો દૂર્લભતમા નહીં રહી જાય પણ લીલાનુભવની જો આકાંક્ષા હોય તો તે તો દુર્લભ જ રહેશે. એથી જ દેહની નૂતનતાને માટે પ્રાર્થના નથી કરવામાં આવી રહી. શ્રીદ્વારિકેશજી આ પંક્તિનો આશય, હીન અને મધ્યમ અધિકારિઓને પણ ઉત્તમ અધિકારીઓને માટે જે ઉપયુકત ફલ છે તેને આપવાના સામર્થ્યવાળા શ્રીયમુનાજીની કૃપા જ દુર્લભ છે અને જો કૃપા થઈ જાય છે તો કાંઇપણ દુર્લભતમ નથી રહી જતું, આ બતાવે છે.

કદાચિત પ્રારબ્ધ દોષવશાત્ ભગવદીયોનો કોઈ અપરાધ થઈ જાય તો ભગવત્ કૃત પ્રતિબન્ધ થઈ જાય છે. જે સર્વથા અપ્રતિહાર્ય છે એટલે કે જેના નિવારણનો કોઈપણ ઉપાય ન હોય. અને આવી સ્થિતિમાં ''રતિદુર્લભતમા'' નથી રહી જતા. આ કથનની કયાં સુધી ચરિતાર્થતા હોઇ શકે છે આ જ શંકાના સમાધાન માટે મૂલમાં, કદાચિત્ પ્રતિબન્ધના રહેવા છતાં પણ જેમ જલદોષરુપ

મુરનું નિવારણ પ્રભુએ કર્યું તે પ્રમાણે શ્રીયમુનાજીનો સંબંધ થવાથી બધા દોષોનું નિવારણ કરશે કેમકે જેના ઉપર શ્રીયમુનાજીની કૃપા હોય તેના ઉપર પ્રભુકૃપા ચોક્કસ થાય છે. આમ કહેવામાં આવ્યું કેમકે મુકુંદપ્રિયા ખરાને ! ‘મુકુંદ’ શબ્દનો અર્થ થાય છે મુકું-મોક્ષનું, દદાતિ-દાનકરનાર હોય, એવાની પ્રિયા ‘મુકુંદપ્રિયા’ શ્રીયમુનાજી મુકુન્દપ્રિયા છે. એથી જ મુકુન્દનું સામર્થ્ય એમનામાં પણ છે તેથી શ્રીયમુનાજી જ્યારે કૃપા કરે છે તો મુકુંદ હકીકતમાં મુકુંદ થઈ જાય છે. પુષ્ટિમાર્ગનાં મોક્ષ છે. **“વિષ્ણોરનુચરત્વં હિ મોક્ષમાહુઃ મનીષિણઃ”** આ પદ્મપુરાણોકત વાકયમાં કહેવાયેલ પરબ્રહ્મ વિષ્ણુની અનુચરતા-અનુચર હોવું. અથવા જ્યાં અપરાધ થાય છે ત્યાંથી જ અપરાધની નિવૃત્તિ પણ થાય છે તેથી ભગવદીયોનો અપરાધ થાય તો ભગવદીયોની પ્રસન્નતાથી જ એની નિવૃત્તિ થઈ શકે છે. વૃક્ષના મૂળમાં જલસિંચન કરવાથી તે ડાળી-પાંદડા સુધી પહોંચી જાય છે એવી જ રીતે સર્વભકત શિરોમણી શ્રીયમુનાજીના પ્રસન્ન થવાથી બધા ભકતો પ્રસન્ન થઈ જશે.

શ્રીપુરુષોત્તમજી **‘મુકુન્દપ્રિયે’** આ સંબોધનનું એક સુંદર તાત્પર્ય બતાવે છે કે મુકુંદ હોવાના કારણે મોક્ષ આપવો તો એમનો સ્વભાવ જ છે (અહીં મોક્ષ શબ્દ પુષ્ટિમાર્ગીય મોક્ષનો વાચક નથી) પરંતુ શ્રીયમુનાજીના અનુરોધથી અલૌકિક સેવોપયોગિદેહનું ભગવાન દાન કરશે. આ જ આકાંક્ષાના ઘોતન માટે ‘મુકુંદપ્રિયે’ કહીને સંબોધન કરવામાં આવી રહ્યા છે. આ જ કારણથી જ્યાં સુધી આધુનિક શરીર કે એની લૌકિકતા નિવૃત્ત નથી થતી ત્યાં સુધી એની પ્રાપ્તિને માટે સ્તુતિ થઈ શકે. આ જ પ્રાર્થનીય છે. અહીં મૂલ કારિકામાં ‘લાલના’ કહેવામાં આવ્યું છે અહીં શ્રીહરિરાયજી કહે છે કે માતા પ્યારથી પોતાના બાળકોની પ્રશંસા કરતી રહે છે અને તે પણ લાલના છે પરંતુ તે ગુણકીર્તન નથી કહી શકાતું. તે જ રીતે આ પણ લાલના જ છે, ગુણકીર્તન નહીં આ શંકાના નિરસન માટે લાલનાને ‘સ્તુતિરૂપા’ કહેવામાં આવી રહ્યું છે.

માત્ર શ્રીયમુનાજીની સ્તુતિથી જ નહીં પણ ગંગાજીની પણ સ્તુતિથી તનુનવત્વની પ્રાપ્તિ થઈ શકે છે. તેથી ગંગાજીની જ સ્તુતિ કેમ ન કરવામાં આવી તેના માટે કહેવામાં આવ્યું કે સ્વતંત્રરૂપથી ગંગાજી જે ફલ આપે છે તે પુષ્ટિમાર્ગીય નથી અને જે ફલ પુષ્ટિમાર્ગીય છે તેને ગંગાજી સ્વતન્ત્રરૂપથી નથી આપતા પણ શ્રીયમુનાજીના સંબંધને કારણે જ. એથી જ પુષ્ટિમાર્ગમાં અગ્રણી વ્રજભકતોએ કેવલ ગંગાજીનું કીર્તન કયારેય કર્યું હોય એવું ભાગવતમાં મળતું નથી.

આ રીતે શ્રીપુરુષોત્તમજીના મત મુજબ **'તનુનવત્વ'** અને શ્રીહરિરાયજીના મત મુજબ **'ભગવત્ પ્રિયત્વ'** ના દાનના સામર્થ્યરૂપ ઐશ્વર્યનું આ સાતમાં શ્લોકમાં વર્ણન થયું.

મૂલમ્ : **સ્તુતિં તવ કરોતિ કઃ કમલજાસપત્નિપ્રિયે**
હરેર્યદનુસેવયા ભવતિ સોખ્યમામોક્ષતઃ ।
ઈયં તવ કથાધિકા સકલગોપિકાસંગમ
સ્મરશ્રમજલાણુભિઃ સકલગાત્રજૈઃ સંગમઃ ॥૮॥

શ્લોકાન્વયાર્થ :- સર્વત્ર ભગવાનના સંબંધથી જ સ્તુતિયોગ્યતા આવે છે. ભગવાનનો સંબંધ લક્ષ્મીજીથી વધારે કયાં હોઈ શકે છે પરંતુ શ્રીયમુનાજી તો લક્ષ્મીજીના સપત્ની છે એટલે કે એમના સમાન સૌભાગ્યવાળા છે **(કમલજાસપત્નિ).** લક્ષ્મીજીની સ્તુતિ લોકમાં જોવામાં આવે છે અને એમના સમાન હોવાથી શ્રીયમુનાજીની પણ સ્તુતિ સર્વથા થઈ શકે છે પણ તેઓ શ્રીલક્ષ્મીજીથી ભગવાનને અધિક પ્રિય છે. **(પ્રિયે)** બધાને માટે વંદનીયા ગંગાજીની સ્તુતિ પણ જ્યારે શ્રીયમુનાજીના સંબંધને લઈને કરવામાં આવે છે ત્યારે કેટલે સુધી કોઈ આમની સ્તુતિ કરી શકે છે. **(સ્તુતિં તવ કઃ કરોતિ)** ફકત લક્ષ્મીજીની સેવા જોકે મોક્ષ વિરોધી છે છતાં પણ ભગવાનને મુખ્ય માનીને પ્રાપ્તિ થઈ શકે છે પરંતુ ભજનાનંદની તો કયારેય પણ નહીં **(યત્ હરેઃ અનુસેવયા આમોક્ષતઃ સુખં ભવતિ)** ''ભગવાનની મહિમાના અમૃતસમુદ્રમાં પણ એકાદ બિન્દુના આસ્વાદથી જ પરમભાગવત જન દ્રષ્ટશ્રૃત વિષયોને, જેમાં ખરેખર સુખરૂપતા ન હોવા છતાં પણ સુખલેશતાનો આભાસ થાય છે. તેને સર્વથા ભુલાવી દે છે. - ''આ ભાગવતોકિત છે. વિવક્ષિત શ્રીયમુનાજીની કથા પણ સર્વવિધ મોક્ષોની સરખામણીમાં અધિક છે. એથી જ આ કથાના રસિકોને પણ મોક્ષેચ્છાની પણ ગંધ નથી સોહાતી. **(ઈયં તવ કથા અધિકા)** સકલ ગોપિકાઓના સંગમથી નીકળતો જે સ્મરશ્રમ તેનાથી ભગવદ્વિગ્રહ ઉપર સમાગત સ્વેદજલ કણોથી શ્રીયમુનાજીનો સંગમ થયો છે અને ખરેખર તો તે શ્રમસ્વેદરૂપ છે જ નહીં પણ સર્વ અવયવોમાં ફેલાયેલા વિવિધ સંગમ રસના ઉચ્છલિત થઈ જવાથી બહાર આવનારા રસબિન્દુ જ છે, પરમકાષ્ઠાપન્ન જે પુષ્ટિપુષ્ટિમાર્ગ છે તેમાં અંતરંગ ભકત હોવું, સર્વદા આ રસથી પૂર્ણ હોવું ભકતાનુગુણ હોવું અને આ લીલામાં મધ્યપાતી હોવું આ બધું આ વિશેષણોનું કાર્ય છે અને જેમકે શ્રીયમુનાજી સ્વયં આ રસથી પરિપૂર્ણ છે તેથી માત્ર પોતાનું ભજન કરનારાઓને

પણ તેઓ આ રસનું દાન કરે છે એટલે કે જીવને પણ ઉકત રસનો સંગમ પ્રાપ્ત થાય છે અને આ જ લક્ષ્મી વગેરે બધાથી વિલક્ષણતા છે. **(સકલગાત્રજૈઃ સકલગોપિકાસંગમસ્મરશ્રમજલાણુભિઃ સંગમઃ ભવતિ).**

વિવેચન :- ઐશ્વર્યનું નિરૂપણ કરનાર અંતિમ આઠમા શ્લોકમાં હવે શ્રીહરિરાયજીના મત મુજબ તનુનવત્વ સાધકત્વ અને શ્રીપુરુષોત્તમજીના મત મુજબ 'લીલાસામયિકપ્રભુશ્રમજલકણસમ્બન્ધસમ્પાદકત્વ' રૂપ આઠમા ઐશ્વર્યનું વર્ણન આરંભ થાય છે. આની પહેલાં કહેવામાં આવ્યું હતું કે શ્રીયમુનાજી જીવને ભગવાનના પ્રિય બનાવી દે છે. હવે પૂર્વશ્લોકમાં પ્રાર્થિત જે તનુનવત્વ એનો પ્રકાર અને એનાથી જીવને સમ્પન્ન કરવાના સામર્થ્યને હેતુના રૂપમાં પ્રદર્શિત કરવા માટે આ વર્ણન કરવામાં આવી રહ્યું છે એટલે કે વિશેષતઃ આ જ એક ગુણને લઈને કહી શકાય છે કે એમના ઉત્કર્ષનો કોઈ અંત નથી.

શ્રીહરિરાયજી કહી રહ્યા છે કે રસરૂપ પરમાનન્દરૂપ પ્રભુની સ્તુતિનો અંત નથી આવી શકતો. કેમકે એમની મહિમા અનંત છે. સ્વયં શ્રુતિ પણ તો કહે છે ''યતો વાચો નિવર્તન્તે'' બ્રહ્મ કેટલું છે, કેવું છે એને કહેવા માટે પ્રવૃત્ત વાણીને ગમે તેટલી દૂર સુધી કેમ ન જાય, પાછુ વળવું પડે છે. એ જ વાત શ્રીયમુનાજીના સંબંધમાં પણ કહી શકાય છે. શ્રીપુરુષોત્તમજી કહે છે કે સાતમા શ્લોકમાં ગંગાજીથી પણ અધિક માહાત્મ્યનું જે વર્ણન કરવામાં આવ્યું તે મુજબ શ્રીયમુનાજીની ગંગાજીથી અધિક સ્તુત્યતા હોઈ શકે છે પણ પાંચમા શ્લોકમાં જે લક્ષ્મીજીથી અધિક ઉત્કૃષ્ટતર માહાત્મ્યનું વર્ણન **''તત્રાપિ ભવતિ પ્રિયા''** કહીને જે કરવામાં આવ્યું તદનુસાર લક્ષ્મીજીથી પણ અધિક સ્તુત્યતાનો આગ્રહ હોય તો એ વિચારણીય બની જાય છે કે આવું કેમ ? એમ કહી શકાય છે ગંગાજીની સરખામણીમાં શ્રીયમુનાજીનો ભગવાન સાથે અધિક સંબંધ છે અને કયાંય પણ ભગવાનના સંબંધને લઈને જ તો સ્તુત્યતા આવે છે. આમ અધિક સંબંધથી અધિક સ્તુત્યતા હોઇ શકે છે. પરંતુ લક્ષ્મીજીતો સ્વયંપણ સ્વામિની છે તેથી એમનાથી અધિક સ્તુત્યતા કેવી રીતે કહી શકાય ? આટલું જ નહીં પણ પાંચમા શ્લોકમાં જે 'અતિપ્રિયતા' કહેવામાં આવી છે કે તેઓ ભગવાનને અતિ પ્રિય છે કેમકે તેઓ ભકતોના માનને દૂર કરે છે તે પણ બીજા ગુણાતીત ભકતોમાં સંભવ છે, કલિનિવારણના સામર્થ્યને લઈને જો કહેવામાં આવે તો તે પણ બીજે સાધારણરૂપે હોઈ શકે છે. તેથી નિશ્ચિત નિર્ધારણ નથી થતું કે શ્રીલક્ષ્મીજીથી અધિક સ્તુત્યતાનો નિશ્ચય કેવી રીતે કરવો. આ જ સંદેહને દૂર કરવા માટે આ

શ્લોકનો આરંભ છે. આ શાસ્ત્રીય પ્રસિદ્ધિ સિદ્ધ તથ્ય છે કે શ્રીગંગાજી શ્રીલક્ષ્મીજીથી અધિક જીવોનો ઉપકાર કરે છે અને આવા શ્રીગંગાજીથી અધિક માહાત્મ્ય હોવાથી શ્રીલક્ષ્મીથી અધિક માહાત્મ્ય પણ ઘણું કરીને સિદ્ધ થઈ જાય છે. આ રીતે 'તનુનવત્વ'ની પ્રાપ્તિને માટે શ્રીયમુનાજીની જ સ્તુતિ અપેક્ષિત છે.

અને શ્રીદ્વારિકેશજીએ ઘણું વધારે સ્ફુટ કહી દીધું છે. તેઓ કહે છે કે શ્રીપુરુષોત્તમના સંબંધને લઈને જ લૌકિક અને વૈદિક ઉત્કર્ષ હોય છે અને ઉત્કર્ષ વર્ણન એ જ તો સ્તુતિ છે. **''તેજ: કીર્તિરૈશ્વર્યહોસ્ત્યાગ: સૌભગં ભગ: વીર્યં તિતિક્ષા વિજ્ઞાનં યત્ર તત્ર સ મેશક:''** આ અને ગીતાના **''યદ્યદ્ વિભૂતિમત્સત્વં''** વગેરે વાકયોથી સર્વત્ર ઉત્કર્ષ ભગવાનની સાથેના સંબંધને લઈને જ આવે છે એ સિદ્ધ થાય છે. સ્થાવર વસ્તુથી લઈને બ્રહ્મા સુધી કોઈનો પણ ભગવત્સંબંધ લક્ષ્મીજીથી અધિક નથી કેમકે સર્વદા પુરુષોત્તમ વક્ષસ્થિતિ બીજા કોને પ્રાપ્ત છે ? પણ પ્રિયા હોવાથી આ જ વાત શ્રીયમુનાજીને માટે પણ કહી શકાય છે. શ્રીદ્વારિકેશજી કહી રહ્યા છે કે વ્રજના ચતુર્વિધ સ્વામિનિઓ વ્રજલીલામાં જ સર્વવિધ સુખોનો અનુભવ કરે છે. અન્યત્ર સઘળી લીલાઓ એમને વિપ્રયોગાનુભવ જ કરાવે છે. અને જ્યારે લક્ષ્મીજી તો વ્રજલીલામાં પણ સુખાનુભવ કરે છે. **'તાસામાવિર્ભૂત'** આ કારિકાના વ્યાખ્યાનમા પંચાધ્યાયી સુબોધિનીમાં કહેવામાં આવ્યું છે ''વ્યાપિવૈકુંઠરુપથી ાટલા સમય સુધી લક્ષ્મીજીની સાથે રમણ કરીને ભગવાન એ જ રૂપથી પ્રાદુર્ભૂત થયા'' આ જ રીતે ગોપીગીતની પ્રથમ કારિકામાં **''શ્રયત ઈંદિરા''** ના વ્યાખ્યાનમાં કહેવામાં આવ્યું છે કે લક્ષ્મીજી 'કયારે અવસર પ્રાપ્ત થાય' આવી આશાથી વ્રજભૂમિનું સેવન કરતા રહે છે. ચાલી રહેલો વિષય એ હતો કે શ્રીયમુનાજી વ્રજમાં ચતુર્થપ્રિયાના રૂપમાં અને દ્વારિકામાં ચતુર્થ મહિષીન રૂપમાં પ્રભુના સંયોગસુખનો અનુભવ કરતા જ રહે છે. આ રીતે શ્રીયમુનાજીથી અતિરિકત સ્વામિનિઓને તો એકએક વખત જ રમણ છે જ્યારે કે શ્રીયમુનાજીને સ્વામિની હોવા છતાં લક્ષ્મીજીની જેમ સૌભાગ્ય હોવાથી સર્વદા જ પ્રભુસંગ રહે છે.

આ રીતે લક્ષ્મીજી સાથે એમની સમાનતા શોધવા જતા જેમ લક્ષ્મીજીની સ્તુતિઓ ઉપલબ્ધ થાય છે તે પ્રમાણે આમની પણ સ્તુતિ હોઈ શકે છે. આ શંકાના નિવારણને માટે મૂલમાં શ્રીયમુનાજીને 'કમલજાસપત્ની' કહેવામાં આવી રહ્યા છે.

શ્રીદ્વારિકેશજી કહે છે કે લક્ષ્મીજીથી અધિક શ્રીયમુનાજીનું પ્રિય હોવું

અવતાર દશા અને અનવતારદશા આમ બંનેમા અનવરત લીલા સંબંધને લઈને જાણી શકાય છે. શ્રીલક્ષ્મીજી સર્વપત્નિઓમાં મુખ્ય છે એથી જ વક્ષને પોતાનો નિવાસ બનાવી શકયા. બાકીના બધા તેમના અંશરૂપા હોવાથી એમના અધિન છે. જ્યારે શ્રીયમુનાજી તો એમના સમાન સૌભાગ્યવાળા હોવાના કારણે એમના અંશરૂપા ન હોઈને સપત્ની છે અને આ પ્રિય બન્યા વિના કેમ સંભવે ? શ્રીલક્ષ્મીજીથી પણ અધિક પ્રિય હોવું પણ આ રીતે સમજવું જોઈએ. **''નાહમાત્માનમાશાસે મદ્‌ભક્તૈઃ સાધુભિર્વિના । શ્રિયં ચાતયન્તિકીં બ્રહ્મણ્યેષાં ગતિરહં પરા''** અહીં મર્યાદામાર્ગીય ભકતોને માટે પણ અધિક પ્રિય હોવાનો ઉલ્લેખ છે તો અનુગ્રહ માર્ગીય ભકતશિરોમણી શ્રીયમુનાજીના અધિકપ્રિય હોવામાં સંદેહ હોય જ શું શકે ?

આ સાપત્ન્યભાવનું વિવેચન કરતા શ્રીહરિરાયજી કહે છે કે શ્રીલક્ષ્મીજીનું સ્વરૂપ એ બ્રહ્માનંદનું છે જે પ્રમાણાસ્પદ હોય છે. અતઃ પ્રમાણભુત વેદાદિવાકયોથી શ્રીલક્ષ્મીજીના માહાત્મ્યનું નિરૂપણ સંભવ છે જ્યારે કે શ્રીયમુનાજી તો પુષ્ટિલીલાસ્થ છે તેથી પ્રમેયાનંદરૂપા છે જેને ''યતો વાચો નિવર્તતે'' આ વાકયમાં વાણીથી અગોચર મહિમાવાળા કહેવામાં આવ્યા છે એટલે કે જે પ્રમાણાતીત છે. આ બંનેના આ જ વિરોધી સ્વભાવથી એમનામાં સાપત્ન્ય ભાવ છે. એથી જ બંનેમાં સ્વાતંત્ર્યેણ સામ્ય હોવા છતાં પણ શ્રીયમુનાજીના પ્રિયા હોવાના કારણે શ્રીલક્ષ્મીજીના દ્દષ્ટાંતથી એમની મહિમાનો વિચાર નથી થઈ શકતો.

આ રીતે પ્રમાણવિચારથી ઉત્કૃષ્ટતર માહાત્મ્ય વર્ણન સહેતુક વર્ણિત કરવામાં આવ્યું. આ ઉત્કૃષ્ટતયા પ્રમેય, સાધન અને ફલના વિચારથી પણ સિદ્ધ થાય છે અને એના માટે જ હવે શેષ ગ્રંથભાગની પ્રવૃત્તિ છે.

વેદ, ગીતા, સૂત્ર અને ભાગવત સિદ્ધાન્તમાં પ્રમાણ છે અને પ્રમેય **''પ્રમેયં હરિરેવૈકા''** પ્રમાણે હરિ જ છે, સાધન છે. **''તત્સિદ્ધયૈ તનુવિત્તજા''** માં વિવક્ષિત સેવા, આજ રીતે **''ભગવાનેવ હિ ફલં''** એટલે કે ફલ સ્વયં ભગવાન જ છે. શ્રીદ્વારિકેશજી કહે છે કે આ રીતે શ્રીહરિ પ્રમેયની સેવાના પશ્ચાત્ શ્રીલક્ષ્મીજીની સેવા-સાધનથી એમના પ્રસન્ન થવાથી ફલ પ્રાપ્ત થાય છે તે મોક્ષ છે જેને **''સાલોકય સાર્ષ્ટિસામીપ્યસારુપ્યૈકત્વમપ્યુત દીપમાનંન ગૃહણન્તિ વિના મત્ સેવનં જનાઃ''** આ વાકયમાં ભગવદીયોને માટે અનીપ્સિત ફલ કહેવામાં આવ્યું છે. ફકત આ મોક્ષ પર્યંત સુખની પ્રાપ્તિ આ સાધનને અપનાવવાથી થાય છે જ્યારે કે અપેક્ષિત છે તેનાથી કયાંય અધિક 'ભજનાનંદ'

સુખની પ્રાપ્તિ. ભજનાનંદની પ્રાપ્તિને માટે નિબંધમાં કહેવામાં આવ્યું છે કે **''આદિમૂર્તિઃ કૃષ્ણ એવ સેવ્યઃ સાયુજ્યકામ્યયા''** એટલે કે આ પુરુષોત્તમની સેવાથી જ પ્રાપ્ત થાય છે. મૂલમાં ''હરેર્યદનુસેવયા'' આમ **'હરેઃ'** અને 'સેવયા' આ પદોથી એટલે કે પોતાનાથી અતિરિકત હરિની સેવાની અપેક્ષા તો બની જ રહે છે. અને તેમ છતાં પણ ફલ પ્રાપ્ત થશે મોક્ષ જે અભીષ્ટ નથી આમ પોતાનાથી અતિરિકત સાધન અને પ્રમેયની સરખામણીમાં સિદ્ધ થઈ અને તે પણ મધ્યમ ફલની પ્રાપ્તિને માટે.

અહીં લક્ષ્મીજીના બંને રૂપોનો પ્રભેદ જ્ઞાતવ્ય છે. પ્રથમ તો સાલોકયાદિ મોક્ષસુખને દેવાવાળા સર્વદા ભગવાનની સાથે બિરાજમાન રહે છે અને દ્વિતીય પ્રભુથી અલગ કેવલ વિભૂતિ રૂપા જે ભજન કરવાથી ધનાદિસમ્પદાપ્રદા છે. આ સંપદા મહાવિઘ્નકારી છે. આનું તો ન હોવું જ શ્રેયસ્કર છે. કહ્યું પણ તો છે કે **''અઘનોયં ધનં પ્રાપ્ય માધન્નુચ્ચૈર્નમાં સ્મરેત્ ઈતિ કારુણિકો નૂનં ધનં મે ભૂરિ નાદદ્ધાત''** શ્રીદ્વારિકેશજી કહે છે કે આ ધન ભગવત્સમરણને પણ વિસ્મૃત કરાવી દે છે. એનાથી આસુરાવેશ થાય છે, સંસારાસકિત થાય છે અને છેલ્લે તે જીવ પ્રમત્ત થઈ જાય છે. એથી જ મૂલમાં કહેવામાં આવ્યું છે કે કેવલ શ્રીલક્ષ્મીજીનું ભજન તો મોક્ષનો નાશ કરનારૂ છે તે ધન જે વિષયાસકિત પેદા કરતું હોય વૈરાગ્યનો નાશ કરનારૂં હોય તો સમજી જવું જોઈએ કે વિભૂતિરૂપા શ્રીલક્ષ્મીજી કાંઈક પ્રસન્ન થઈ ગયા છે એટલે કે પ્રભુકૃપામાં હજુ કાંઈક વિલંબ છે. પ્રભુ સાથે શ્રીલક્ષ્મીજીના ભજનથી સાલોકયાદિ મોક્ષની પ્રાપ્તિ થાય છે એમ જે કહ્યું એના ઉપર શ્રીહરિરાયજી કહે છે કે જે શ્રીલક્ષ્મીજીના કૃપાપાત્ર છે એમને વૈકુંઠમાં સાલોકયાદિ સુખ પ્રાપ્ત થાય છે નહીં કે સ્વયં લક્ષ્મીજીની જેમ પુરુષોત્તમનું નિત્યસંયોગરૂપ સાયુજ્ય, કેમકે એનો તો તેઓ સ્વયં ભોગ કરે છે. પોતાને ભોગવવાની વસ્તુ બીજાને આપવા માટે મોટાભાગે કોઈ ઈચ્છતુ નથી. એથી જ બાલબોધમાં કહેવામાં આવ્યું છે **''લોકેપિ યદ્ પ્રભુઃ ભુંકતે તન્ન યચ્છતિ કર્હિચિત્''** !

આ રીતે પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલના વિચારથી શ્રીયમુનાજીની સરખામણીમાં શ્રીલક્ષ્મીજીની ન્યુનતા બતાવવામાં આવી હવે શ્રીયમુનાજી તનુનવત્વનું સમ્પાદન કેવી રીતે કરે છે એ બતાવવા માટે પ્રમાણાદિના વિચારથી ઉત્કર્ષ કહેવામાં આવી રહ્યો છે. **''ઈયં તવ કથાધિકા''** વગેરે અવશિષ્ટ ગ્રથાંસ દ્વારા.

ખરેખર શ્રીયમુનાજીની કથા અધિક જ છે કેમકે શ્રીલક્ષ્મીજીની જેમ તેઓ અનભીષ્ટફલ-ઓછામાં ઓછું પુષ્ટિમાર્ગીયને માટે તો ચોક્કસ નથી આપતા અને કેવલ એમનું ભજન કરવાથી મોક્ષના જ વિઘાતક બની જાય છે. પણ શ્રીલક્ષ્મીજી, જે કેવળ એક સ્થળ વક્ષ ઉપર જ નિવાસ કરે છે તેની સામે પ્રભુના સકલગાત્રથી સંબંધ એવા શ્રીયમુનાજીની કથાને અધિકતા તો હોય જ પરંતુ એનાથી પણ અધિક વાત એ છે કે જે જીવ એમનો આશ્રય મેળવી લે છે તે પણ સકલગોપિકા સંગમ સ્મર શ્રમ જલાણુઓના માધ્યમથી જે જલાણુ સકલગાત્ર ઉપર ઉભરાઈ આવ્યા હતા પ્રભુ સાથે પણ સંગમ થઈ જાય છે. આ ભગવત્સંયોગાનુભવના આનંદ સમક્ષ મોક્ષાનંદની ગણના પણ શું થઈ શકે છે. શ્રીદ્વારિકેશજી કહે છે કે જેમ કાચા ઘડાને અગ્નિમાં પકાવવાથી તે પાકીને જલધારણમાં સમર્થ થઈ જાય છે તે જ રીતે જીવના પણ દેહમાં ભગવદ્ રસાનુભવ ધારણનું સામર્થ્ય આવી જાય છે. ‘તનુનવત્વ’ આવી જાય છે એટલે કે લીલાસૃષ્ટિ માં કોઈપણ પ્રકારનાં આવરણથી રહિત પ્રભુની દર્શન, સ્પર્શ, શ્રવણાનુભવની યોગ્યતા આવી જાય છે. આ સુખ સાલોકયાદિમાં કયાં ? આ જ શ્રીયમુનાજીનું મહાન આધિકય છે. શ્રીહરિરાયજી કહે છે કે મોક્ષમાં ભગવાન અને જીવની વચ્ચે ‘ભેદેન સ્થિતિ’ નથી રહેતી તેથી સર્વાત્મભાવથી લક્ષ્ય રસકથાના રસિકોને આવા મોક્ષની જ્યાં સ્પષ્ટરૂપથી ભેદપૂર્વક રસાસ્વાદ પ્રાપ્ત ન થતો હોય, તેવી ઈચ્છાની ગંધ પણ સુહાતી નથી. ઉકત કથાનો ઉલ્લેખ શ્રીયમુનામાહાત્મ્યમાં પણ છે જેનો શ્રીપુરુષોત્તમજીએ ‘કેલિસલિલા’ આ નામને ઉદ્ધૃત કરીને ઉલ્લેખ કર્યો છે. એટલું જ નહીં પરંતુ ત્યાંજ ‘બ્રહ્મવિદ્યાસુધાવહા’ આ નામમાં પણ ભગવાનની જલક્રીડાના સમયે ગંડુષાદિના પડવાથી બ્રહ્મવિદ્યારૂપા ભગવન્મુખસુધા શ્રીયમુનાજીમાં વહે છે આવા સ્ફુટ ઉલ્લેખનો ઉલ્લેખ પણ કર્યો છે. શ્રીપુરુષોત્તમજી કહે છે કે જોકે શ્રમજલ અથવા ગંડૂષજલનો સંબંધ લીલાસામયિક જ છે તો પણ રેહેંટેની જેમ સાગરથી ફરી ફરી સૂર્યમંડળ અને ત્યાંથી ફરી ભૂમંડલ ઉપર ફરી પુનરાગમન થતું રહેવાથી અત્યારે પણ શ્રીયમુનાજીનું એ જ માહાત્મ્ય સમજવું જોઈએ.

મૂલમાં જે આ કહ્યું છે કે જલાણુ વસ્તુતઃ શ્રમસ્વેદરુપ નથી પણ ઉચ્છલિત વિવિધસંગમ રસનાજ જે સર્વ અવયવમાં વ્યાપ્ત છે તે બહાર આવનારા બિન્દુ છે. આ વિષયમાં શ્રીદ્વારિકેશજી પ્રમાણ આપે છે કે જો ખરેખર એવું જ હોય તો એમને ‘સકલગાત્રજાઃ’ ન કહેવામાં આવત કેમકે સ્વેદ, કેશ, નખ વગેરે સ્થળ

ઉપર ઉપલબ્ધ ન થાત તેથી તેઓ રસરૂપ જ છે.

''આ વિશેષણોથી પરમકાષ્ઠાપન્ન પુષ્ટિ પુષ્ટિમાર્ગમાં અંતરંગ ભકત હોવું, સર્વદા આ રસથી પૂર્ણ હોવું, ભકતોના મનોરથની પૂર્તિમાં સહાયક હોવું, આ લીલાઓમાં મધ્યપાતી હોવું વગેરે સૂચિત કરવામાં આવે છે'' આને શ્રીદ્વારિકેશજીએ યથાક્રમ સુંદર રીતિથી સમજાવ્યું છે. તેઓ કહે છે કે 'સકલગોપિકાસંગમઃ' આ વિશેષણ પુષ્ટિમાર્ગમાં અંતરંગ ભકત હોવું બતાવે છે **''સ્મરશ્રમજલાણુભિઃ''** આ વિશેષણ સર્વદા આ રસથી પૂર્ણ હોવાનું બતાવે છે, આ જ રીતે 'સકલગાત્રજૈઃ' આ વિશેષણથી ભકતાનુણતા વિવક્ષિત છે અને 'સંગમઃ'થી લીલામાં મધ્યપાતી હોવું 'આદિ' પદનું સ્વારસ્ય શ્રીદ્વારિકેશજી કહે છે કે શ્રીયમુનાજી સમાન સૌભાગ્યવાળા હોવાના કારણે વિરુદ્ધ સ્વભાવવાળા છે શ્રીલક્ષ્મીજી કેવલ એમનું ભજન કરવાવાળાને સ્વર્ગ વગેરની લાલચથી ભગવદ્‌વિમુખ કરી દે છે તેવું શ્રીયમુનાજી નથી કરતા કેમકે સપત્ની છે. લોકમાં પણ બે સોતોમાં પરસ્પર વિરુદ્ધ સ્વભાવ જોવામાં આવે છે. જો કે ભગવાનની આ પ્રતિજ્ઞા છે કે **''મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે''** તો પણ રસવિવશ પ્રભુએ પોતાના અષ્ટવિધ ઐશ્વર્ય શ્રીયમુનાજીમાં સ્થાપિત કર્યા છે એથી જ શ્રીયમુનાજીના જે અનન્ય ભકત છે એમને શ્રીયમુનાજી તનુનવત્વનું દાન કરે છે. જેમના દ્વારા પૂર્વોકત આનંદાનુભવ થાય છે. લોકમાં પણ તો જોવામાં આવે છે કે કોઈ મહારાજાના મોટા અધિકારી પણ આજ્ઞા લીધા વગર નાનુસુનું કામપણ નથી કરી શકતા ! અને નાના અધિકારી પણ આજ્ઞાથી મોટા-મોટા કાર્ય પણ કરતા હોય છે. અખિલ લોકનિયંતા ભગવાનના પ્રાણપ્રિયા શ્રીયમુનાજી પણ પ્રભુની આજ્ઞાથી આ ભજનાનંદને લુંટાવતા રહેવાનું કાર્ય કરતા હોય એમાં વળી શું આશ્ચર્ય ?

આ રીતે એ બતાવ્યું કે ભગવત્ પ્રિયા કમલજાસપત્ની શ્રીયમુનાજીની સ્તુતિનો કોઈ અંત નથી આવી શકતો કેમકે શ્રીલક્ષ્મીજી તો મોક્ષ સુધીનો જ આનંદ પ્રદાન કરી શકે છે અને તે પણ હરિની સાથે ભજન કરે ત્યારે જ્યારે કે આમની તો કથા જ અધિક છે કે તેઓ જીવને જલલીલા સામયિક ભગવદ્રસાનુભાવ જ કરાવી દે છે જેને શ્રીહરિરાયજીએ તનુનવત્વ સંપાદન કહ્યું છે.

મૂલમ્ : તવાષ્ટકમિદં મુદા પઠતિ સૂરસૂતે સદા
સમસ્તદુરિતક્ષયો ભવતિ વૈ મુકુન્દે રતિઃ ।

તયા સકલસિદ્ધયો મુરરિપુશ્ચ સન્તુષ્યતિ્
સ્વભાવવિજયો ભવેદ્વદતિ વલ્લભઃ શ્રીહરેઃ ।।૯।।

શ્લોકાન્વયાર્થ :- હે સૂર્યના પૂત્રી (સૂરસૂતે) આપની સ્તુતિ કરનારા જોકે બીજા દ્વારા વિરચિત સ્તોત્ર પણ છે તો પણ વિવક્ષિત ફ્લ કેમકે આજ સ્તોત્રના પાઠથી થાય છે કેમકે એમાં આપના આવા સ્વરૂપનું નિરૂપણ કરવામાં નથી આવ્યું. તેથી જે આપના આ અષ્ટકનો આનંદપૂર્વક હંમેશા હંમેશા પાઠ કરે છે એમના સમસ્ત પાપ નાશ પામે છે. **(તવ ઈદમ્ અષ્ટકં યઃ સદા મુદા પઠતિ તસ્ય સમસ્તદુરિતક્ષયો ભવતિ)** ન કેવળ દુરિતક્ષય થાય છે પરંતુ તેની સાથે મોક્ષને આપનારા મુકુન્દમાં એની રતિ પણ થાય છે જેમ કે કહેવામાં આવ્યું છે કે **''નરાણાંક્ષીણપાપાણાં કૃષ્ણે ભકિતઃ પ્રજાયતે''** મુકુ મોક્ષનું દાન કરતા હોય તે મુકુન્દ. તેથી સાધારણતયા બધાને મોક્ષ જ કેમ પ્રદાન ન કરતા હોય પરંતુ આપની સ્તુતિના પાઠથી ભકિત જ પ્રદાન કરશે નહીં કે મોક્ષ એવા આપ છો કે ભગવાનના સ્વભાવને પણ બદલી દો છો. **(ભવતિ વૈ મુકુન્દે રતિઃ)** આ મુકુન્દમાં થયેલી રતિ, રતિના પહેલાં કહેવાયેલી સર્વાત્મભાવ વગેરે સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. **(તયા સકલ સિદ્ધયો)** કયારેક પ્રતિબન્ધક વિદ્યમાન પણ હશે તો આ સ્તોત્રના પાઠથી મુરરિપુ ભગવાને જેમ દોષરૂપ જે મુર હતો એના દ્વારા નિરૂદ્ધ કન્યાઓના ભગવત્પ્રાપ્તિ સુખમાં પડેલા પ્રતિબન્ધોનું નિવારણ કરીને આ કન્યાઓને અંગીકૃત કર્યા તે જ રીતે આ પાઠથી પણ સંતુષ્ટ થઈને પ્રતિબન્ધનિરાસ દ્વારા જીવને અંગીકાર કરશે. **(મુરરિપુશ્ચસન્તુષ્યતિ)** આના સિવાય સ્વભાવની પણ વાસનાસહિત પરાવૃત્તિ થઈ જશે એટલે કે દુષ્ટસ્વભાવવાળો વ્યકિત પણ ઉત્તમસ્વભાવવાળો થઈ જશે **(સ્વભાવવિજયો ભવેદ્)** સાક્ષાત્ પ્રભુના સ્વરૂપથી સંબંધ કોઈ પણ વાતને સાક્ષાત પ્રભુની સબન્ધિ વ્યકિત જ જાણી શકે છે બીજા કોઈ નહીં. આપ પણ સાક્ષાત્ પ્રભુસ્વરૂપ સંબંધી છો અને સ્વ (શ્રીમદાચાર્યચરણ) થી અતિરિકતોનો સાક્ષાત્ શ્રીગોકુલેશ સાથે સમ્બન્ધ ની એટલા માટે જ શ્રીગોકુલેશ સાથે સમ્બન્ધિત અન્ય વાતોનું પણ સ્વરૂપજ્ઞાન થવું કઠિન છે. જ્યારે કે હું (શ્રીમદાચાર્યચરણ) તો સ્વયં શ્રીહરિનો પ્રિય સમ્બન્ધી છું. તેથી આપના (શ્રીયમુનાજીના સમ્બન્ધિત જે કાંઈપણ નિરૂપણ કરું છું કે આ પાઠથી અનેક તપસાધ્ય એવા ફલની પ્રાપ્તિ પણ કેવલ આ સ્તોત્રના પાઠ માત્રથી થશે. આ પ્રાપ્ત કથન છે, પ્રમાણરૂપ છે, તેથી નિઃસંદિગ્ધ છે. **(શ્રીહરે:વલ્લભઃ વદતિ).**

વિવેચન :- આ રીતે આઠ શ્લોકમાં અષ્ટવિધ ઐશ્વર્યનું વર્ણન શ્રીયમુનાજીના ઉત્કર્ષ વર્ણન અને એ વર્ણનની અશકયતા બતાવતા કરવામાં આવ્યું. હવે આ સ્તોત્રના પાઠના ફલનું નિરૂપણ આ નવમા શ્લોકમાં કરવામાં આવી રહ્યું છે.

જોકે બીજા પણ સ્તોત્ર શ્રીયમુનાજીની સ્તુતિપરક ઉપલબ્ધ થઈ શકે છે પરંતુ આ સ્તોત્રનું જે વૈશિષ્ટય છે તે અસાધારણ છે અને તે આ રૂપમાં છે કે આના પાઠથી ભગવત્પ્રાપ્તિમાં પ્રતિબન્ધકરૂપ જે જીવના દોષ છે તે નિવૃત્ત થઈ જાય છે અને આ રીતે સઘળા પાપોનો નાશ થઈને ભગવાનમાં પ્રેમભકિત ઉત્પન્ન થાય છે. આ ભકિત અતિશય દુર્લભ છે તો પણ શ્રીયમુનાજીની કૃપાથી સુલભ થઈ શકે છે અન્યથા સ્વયં પ્રભુને માટે પણ કહેવામાં આવ્યું છે કે **''મુકુન્દો ભકિત દદાતિ કર્હિંચિત્ સ્મ ન ભકિતયોગમ્''** એટલે કે મુકુ-મોક્ષના દાતા મુકુન્દ પણ ભકિતયોગનું દાન સરળતાથી નથી કરતા. આમાં તાત્પર્ય એ છે શ્રીયમુનાજીના સ્તુતિથી સંતુષ્ટ થવાથી ભગવાન પણ પોતાના સ્વભાવને છોડીને ભકિતનું દાન કરે છે. આ રીતે પાપોનો નાશ પછી ભગવાનમાં ભકિત થાય છે તે ભકિતની પહેલાં સર્વાત્માવાદિ બધી સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે મુર રિપુ ભગવાન સંતુષ્ટ થાય છે ફકત આટલું જ નહીં પણ સ્વામિનિઓ પણ પ્રસન્ન થાય છે કેમકે લોકમાં પણ તો પોતાની સ્તુતિના બદલે પોતાના પ્રિયજનની સ્તુતિ નિરતિશય પસંદ આવે છે. શ્રીદ્વારિકેશજી અહીં મૂલથી અતિરિકત એક બીજો આશય 'સકલસિદ્ધિ' પદનો બતાવે છે અને તે એ કે સકલસિદ્ધિ એટલે કે સર્વાત્મભાવ વગેરે નહીં પણ ગોપિકાઓ જ સકલસિદ્ધિઓ છે કેમકે સકલનું તાત્પર્ય છે પોતાની કલાઓ સહિત જે સ્થિત હોય એવા પુરુષોત્તમ એમના રમણની સિદ્ધિ જેમનાથી થાય તે 'સકલસિદ્ધિ' કહેવાશે. પ્રભુના રમણની સિદ્ધિ ગોપિકાઓથી થાય છે તેથી ગોપિકાઓ અને પુરુષોત્તમ બંને જ સંતુષ્ટ થશે. મૂલમાં સ્પષ્ટ રૂપથી **''સકલસિદ્ધયઃ પૂર્વોકતાઃ સર્વાત્મભાવાદયો ભવન્તીતિ શેષઃ''** કહ્યું છે.

'મુરરિપુશ્ચ' અહીં અંતમાં આવતો **'ચ'** નું એક સુંદર તાત્પર્ય શ્રીદ્વારિકેશજીએ આ પણ બતાવ્યું છે કે શ્રીયમુનાજી પ્રભુનો આશય અત્યન્ત જાણે છે તેથી એમના સ્તોત્રના પાઠથી બધા પ્રતિબન્ધોને નિરાસ કરનારા તુષ્ટ થાય છે અને જેમ કુમારિકાઓ ઉપર યમુનાતટ ઉપર પ્રસન્ન થઈને સુખદાન કર્યું તેવી જ રીતે કોઈક ને કોઈક પોતાના આનંદનો અનુભવ પ્રભુ કરાવશે જ આટલું

જ નહીં પરંતુ શ્રીયમુનાષ્ટકના પાઠથી પ્રસન્ન થવાથી કોઈપણ આવરણથી અનાવૃત પ્રભુની લીલામાં મધ્યપાતી જીવ ઉપર સ્વામિનિઓ પણ પ્રસન્ન થાય છે નહીં કે મુરલિકા માટે જેમ ઈર્ષ્યાળુ, જે મુરલિકા ભગવાનને પ્રિય થઈને એમના ભોગ્ય ફલમાં ભાગ પડાવે છે. કહેવાઈ ગયું છે કે શ્રીયમુનાજી એ બધાના કલિના નિવારણ કરે છે જે ભગવાનને પ્રિય લાગે છે તેથી બધા ભકતોની પ્રસન્નતામાં કારણભૂત છે.

આ રીતે મુકુન્દના મોક્ષદાનના સ્વભાવને બદલીને એમને ભકિતદાતા બનાવી દે છે. તો પછી જીવના સ્વભાવને બદલી નાખે એમાં તો વાત જ શું કરવાની ! જીવનો સ્વભાવ પણ નિશ્ચય જ બદલી દે છે. વિદ્વન્મંડનમાં કહેવામાં આવ્યું છે કે **''આનન્દાંશસ્તુ પૂર્વમેવ તિરોહિતો યેન જીવભાવઃ''** આનન્દાંશના તિરોધાન થવાથી જીવભાવ આવે છે. અવિદ્યાનો સંબંધ થવાથી જીવમાં ભગવાનથી બહિર્મુખતા આવે છે તે આના પાઠ કરનારના હૃદયમાં જ્યારે કૃપયા પ્રભુ આવિર્ભૂત થાય છે અને ત્યારે આન્તરિકતનુનવત્વ સમ્પન્ન થઈને તે બહિર્મુખતા દૂર થઈ જાય છે અથવા સ્વભાવનો અર્થ માની લેવામાં આવે તો તેને સ્વતંત્રાથી પ્રવૃત્ત કરવાના સામર્થ્યને વિજય કહી શકાય છે. અથવા 'સ્વ' પદનું તાત્પર્ય જીવથી માંડીને એમનો 'ભાવ' એટલે કે શ્રીગોકુલના પ્રાણપ્રિય પ્રભુની સેવા જે જીવનો સહજ ધર્મ છે એમાં વિવિધ પ્રકારથી જય-ઉત્કર્ષ-પણ સ્વભાવ વિજય કહેડાવી શકે છે. વિવૃત્તિમાં વિજય નો પર્યાય 'પરાવૃત્તિ' આપેલો છે એનો વિશદ અર્થ શ્રીદ્વારિકેશજી આપે છે **''પરા અત્યન્તમ્ આવૃતિઃ અસકૃત્સેવનં સમ્પૂર્ણં સેવા અધિકારસિદ્ધિઃ''** એમનું કહેવું છે કે મૂલતઃ આ સેવાફલ ગ્રંથમાં કહેવામાં આવનારી ''અલૌકિક'' સામર્થ્યરૂપ ફલની પ્રાપ્તિ જ છે. જો કે બહિર્મુખતાદોષની નિવૃત્તિ થાય છે આ અર્થવાળા પક્ષમાં 'વિજય' પદના 'વિ' ઉપસર્ગનું તાત્પર્ય કર્મવાસનાઓ નિઃશેષ થઈ જાય છે એ છે પરંતુ આ સેવાધિકાર સિદ્ધિવાળા પક્ષમાં 'વાસના' પદનું તાત્પર્ય અનેક પ્રભુ સમ્બન્ધી મનોરથોથી છે. પરંતુ આ અર્થોમાં મૂલમાં કહેવાયેલી **''દુષ્ટસ્વભાવોપ્યુત્તમસ્વભાવો ભવતિ''** આ પંકિતનો અન્વય નથી બેસતો. ખરેખર શ્રીદ્વારિકેશજીના પક્ષ મુજબ એનો સમ્બન્ધ બહિર્મુખતા દોષ નિવૃત્તિ થાય છે આ જ કલ્પથી છે. શ્રીહરિરાયજીએ પણ 'સ્વભાવવિજય' ના ત્રણ અર્થ બતાવ્યા છે. જેમ કે ''કામમયોયં પુરુષઃ'' આ શ્રુતિ મુજબ કામભાવ જે જીવનો સ્વભાવ જ છે તેની નિવૃત્તિ થાય છે સર્વાત્મભાવની સિદ્ધિથી. બીજો અર્થ છે સાત્વિક વગેરે

સ્વભાવનં સ્વાધીન થઈ જવું. જેથી લીલામાત્રમાં જેવી રીતે ઉપયોગી હોય તેવી પ્રવૃત્તિ કરી શકાય અને તે સ્વરૂપતઃ ગુણાતીત થવાથી જ સંભવ છે. ભગવદ્ધર્મના પ્રવેશ થવાથી માન અભિમાન વગેરે સ્વભાવોના આવી જવાની સંભાવના રહે છે અને તે દૈન્યભાવ સિદ્ધિથી દૂર થાય છે. પુષ્ટિમાર્ગના વિચારથી આ સ્વભાવ દોષરૂપ જ છે. એથી જ મૂલની ''દુષ્ટસ્વભાવ''વાળા પણ ઉત્તમસ્વભાવવાળા બની જાય છે આ ઉકિત સંગત થઈ જાય છે.

આ અશ્રુતપૂર્વ વાસ્તવિકતામાં પ્રમાણના રૂપમાં આપ્તતા બતાવવા માટે શ્રીઆચાર્યચરણોએ સ્વનામનો ઉલ્લેખ કર્યો છે. આથી પુરૂષ તે હોય છે કે જે યથાદૃષ્ટાર્થવાદી હોય એટલે કે જેવું જુએ તેવું જ કહેતો હોય બીજી રીતે નહીં. અહીં આ વિષયની આપ્તતા શ્રીમદાચાર્યચરણની જ છે કે આ લીલાસૃષ્ટિસ્થ જીવોના ફળને જોઈને આપે સાધનનું નિર્ધારણ કર્યું છે. મૂલમાં જે **''સાક્ષાત્ શ્રીપુરુષોત્તમ સમ્બન્ધી યતોહમતો વદામીત્યર્થઃ''** કહેવામાં આવ્યું છે ત્યાં 'સાક્ષાત્' પદનું તાત્પર્ય એ છે કે નિસ્સાધન જે ગજરાજ હતા. એના ઉદ્ધારને માટે એના દૈન્યને જોઈને પ્રાદુર્ભૂત થયા એટલા માટે ત્યારે પ્રભુને પુષ્ટિમાર્ગીય કહેવામાં આવ્યા. કોઈપણ સાધનનો વિચાર કર્યા વિના કેવલ દૈન્યને જોઈને જે પ્રાદુર્ભૂત થયા પરંતુ તો પણ એ સાક્ષાત્ પ્રાદુર્ભાવ ન હતો કેમકે વિશુદ્ધસત્વના વ્યવધાન સહિત આવિર્ભાવ થયો હતો જ્યારે કે અહીં સાક્ષાત્ સમ્બન્ધ છે કેમકે કેવલ હરિ સાથે સમ્બન્ધ ન બતાવીને શ્રીહરિ સાથે સમ્બન્ધ બતાવવામાં આવી રહ્યો છે. સૌન્દર્ય વગેરે રસાનુભાવક ધર્મ પુષ્ટિમાર્ગમાં જ પ્રકટ થાય છે. આવા પુષ્ટિમાર્ગીય પ્રભુના પ્રિય સમ્બન્ધી હોવાના કારણે શ્રીઆચાર્યચરણના વચનમાં આપ્તતાનો સંદેહ કરીને ભ્રાન્તિના ગાઢવનમાં પુષ્ટિપથના પથિકોને ભટકવું ન જોઈએ. ધાવન્ નીમીલ્ય વા નેત્રે પતેન્ન સ્ખલેદિહ...

અત્ર કિંચિદયુકતં યન્મયોકતં સ્વલ્પબુદ્ધિના ।
ક્ષામ્યન્તુ તન્નિજાચાર્યાઃ કિંકરે નિજવંશજે ॥

★★★

શ્રીયમુનાષ્ટકમ્

આવિર્ભૂત વૃન્દાવનપ્રિય શ્રીમદાચાર્યચરણ સર્વોદ્ધારાર્થ શ્રીકૃષ્ણચન્દ્રની વિવિધલીલામાં ઉપયોગી એવાં શ્રીયમુનાજીની સ્તુતિ કરે છે. યમુનાષ્ટક શરું કર્યાં પહેલાં, આપણે યમુનાષ્ટક રચનાર શ્રીમદાચાર્યચરણનું સ્વરૂપ જાણવા પ્રથમ યત્ન કરીએ, શ્રીયમુનાષ્ટકની વિવૃત્તિમાં શ્રીવિટ્ઠલેશજી ઉપર યોજેલા 'સર્વોદ્ધારાર્થમ્' અને ''આવિર્ભૂત વૃન્દાવન પ્રિયાઃ'' એ બે શબ્દ વડે શ્રીમદાચાર્યચરણના સ્વરૂપનું નિરૂપણ કરે છે. શ્રીમદાચાર્યચરણના પ્રાર્દુભાવનું મુખ્યપ્રયોજન વિશ્વાદ્ધાર જ છે. વિશ્વ શબ્દ અત્ર સંકુચિતવૃત્તિ છે, એટલે વિશ્વ શબ્દનો અર્થ સામાન્ય રીતે 'સર્વ' એવો થાય છે, પણ અત્ર પુષ્ટિમાર્ગમાં અંગીકૃત 'સર્વ જીવો' એવો થાય છે. શ્રીમદાચાર્યચરણનો પ્રાદુર્ભાવ પ્રાણીમાત્રનો ઉદ્ધાર કરવા નથી. પણ માત્ર પુષ્ટિમાર્ગમાં અંગીકૃત જીવોનો જ ઉદ્ધાર કરવા છે. શ્રીમદ્‌ભગવત ગીતામાં વર્ણવેલા આસુરીયોનિમાં ઉત્પન્ન થયેલા પ્રભુદ્રોહી મૂઢજનો જેમને નિરંતર અધમાધમ ગતિની જ પ્રાપ્તિ થાય એવી પ્રભુની ઇચ્છા છે તેમનો ઉદ્ધાર કરવામાટે શ્રીમદાચાર્યચરણનો પ્રાદુર્ભાવ છે જ નહિ; તેથી વિશ્વનો અર્થ અત્ર પ્રાણીમાત્ર અથવા સર્વપ્રાણીઓ એવો થતો નથી, પણ માત્ર ''પુષ્ટિમાર્ગમાં અંગીકૃત સર્વ જીવો'' એવો જ થાય છે. તેથી પુષ્ટિમાર્ગીય સર્વ જીવોનો ઉદ્ધાર કરવો શ્રીમદાચાર્યચરણના પ્રાર્દુભાવનું પ્રયોજન છે.

પુષ્ટિમાર્ગીય જીવોનો ઉદ્ધાર કરવો એ માત્ર શ્રીમદાચાર્યચરણનો જ ધર્મ નથી પણ પુષ્ટિપ્રભુ પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણ, શ્રીયમુનાજી તથા શ્રીમદાચાર્ય એ ત્રણેનો સામાન્ય ધર્મ છે. એટલે આ તે ત્રણે પુષ્ટિમાર્ગીય જીવોનો ઉદ્ધાર કરે છે. શ્રીકૃષ્ણે વ્રજમાં પ્રકટ થઈ સાક્ષાત્ વ્રજજનોનો ઉદ્ધાર કર્યો. શ્રીયમુનાજીએ પણ વ્રજજનોને પ્રભુનો સમ્બન્ધ કરાવી. પ્રભુનું પ્રાકટ્ય કરાવી તેમનો ઉદ્ધાર કર્યો. અને આચાર્યચરણે પણ આધુનિક પુષ્ટિમાર્ગીય ભક્તોને બ્રહ્મસમ્બન્ધ કરાવી તેમનો ઉદ્ધાર કર્યો આ પ્રમાણે પુષ્ટિમાર્ગીય જીવોનો ઉદ્ધાર કરવો એ ત્રણેનો સામાન્ય ધર્મ છે. ભેદ માત્ર આટલો જ છે કે શ્રીકૃષ્ણ તથા શ્રીયમુનાજીએ લીલાસ્થ વ્રજજનોનો ઉદ્ધાર કર્યો. અને શ્રીમદાચાર્યચરણે આધુનિક જીવોનો પ્રભુપારોક્ષ્યમાં જ ઉદ્ધાર કર્યો.

આ ત્રણે અંગીકૃત જીવોના પ્રભુ પરનાં ભાવની વૃદ્ધિ પણ કરે છે. શ્રીકૃષ્ણ પોતે અંગીકૃત જીવોને વિરહ આપી, વિરહાવસ્થામાં નિરંતર પોતાનું સ્મરણ કરાવી તેમના ભાવની વૃદ્ધિ કરે છે, શ્રીયમુનાજી તેમને દર્શન આપી, દર્શનથી નિજસ્વામીનું સ્મરણ કરાવી તેમના ભાવની વૃદ્ધિ કરે છે અને આચાર્યચરણ શરણમન્ત્રનું દાન કરતાં તેમને

પ્રભુના વિરહનું ભાન કરાવે છે અને વિરહથી ઉત્પન્ન થતા તાપ, ક્લેશ આદિનું સ્મરણ કરાવી ભાવની વૃદ્ધિ કરે છે. આ પ્રમાણે શ્રીકૃષ્ણ, શ્રીયમુનાજી તથા આચાર્યચરણ ત્રણે ભક્તોના ભાવની વૃદ્ધિ કરાવી તેમનો ઉદ્ધાર કરે છે.

ઉદ્ધાર શબ્દનો અહીં ભક્તિદાન પૂર્વક પ્રપઞ્ચથી પૃથક્કરણ એવો અર્થ થાય છે. એટલે વસ્તુતઃ સર્વાત્મભાવમાટે જ આ શબ્દ યોજવામાં આવ્યો છે. ભગવાન્ પ્રતિ નિરૂપધિસ્નેહયુક્ત ભક્તિ તે સર્વાત્મભાવ; તેથી આવી નિરૂપધિસ્નેહયુક્ત ભક્તિનું પુષ્ટિમાર્ગીય જીવોને, અંગીકાર કરી દાન કરવું એ શ્રીમદાચાર્યચરણના પ્રાદુર્ભાવનું મુખ્ય, પ્રયોજન સિદ્ધ થયું સર્વાત્મભાવનું દાન કરવું તે મુખ્ય પ્રયોજન છે. તેથી પ્રાર્દુભાવનાં અન્યગૌણ પ્રયોજનો પણ છે એમ સમજવું કર્મમાર્ગ પ્રવર્તન માયાવાદ ખંડન બ્રહ્મવાદમંડન વગેરે આચાર્યવર્યના પ્રાદુર્ભાવના ગૌણ પ્રયોજનો છે આ પ્રયોજનો ગૌણ છે અને પુષ્ટિમાર્ગીય જીવોનો ઉદ્ધાર કરવો. એ મુખ્ય પ્રયોજન છે કારણ કે માયાવાદખણ્ડનાદિ કરવાનું કારણ પણ ભક્તિ કરવા યોગ્ય શુદ્ધ અન્તઃકરણવાળા દૈવીજીવોને માયાવાદની દુષ્ટ યુક્તિઓથી ભ્રમ ન થાય અને તેઓ નિરંતર પ્રભુની શુદ્ધ પ્રેમથી ભક્તિ કરવામાં તત્પર રહે તે જ છે. આ પ્રમાણે મુખ્ય પ્રયોજન સિદ્ધ કરવામાં જ માયાવાદખણ્ડનાદિ આવશ્યક હોવાથી, શ્રીવિટ્ઠલેશજી તેને માત્ર સૂચવી. મુખ્ય પ્રયોજન પુષ્ટિમાર્ગીય જીવોના ઉદ્ધારનું જ નિરૂપણ કરે છે.

શ્રીમદાચાર્યચરણના પ્રાદુર્ભાવના પ્રયોજનનું એક શબ્દથી નિરૂપણ કરી ''આવિર્ભૂત વૃંદાવન પ્રિયાઃ'' એ શબ્દથી તેમના સ્વરૂપનું પ્રતિપાદન કરે છે.

૧. આ શબ્દથી વ્રજજનોના હૃદયોમાંથી લીલા કરવા આવિર્ભૂત થયેલા અખિલ વૃંદાવનના પ્રિય, સદાનંદ શ્રીકૃષ્ણરૂપ જ આચાર્યચરણ છે એમ ફલિત થાય છે. અત્ર પ્રભુમાં તથા આચાર્યચરણમાં પ્રભુની લીલા પ્રકટ કરવી એ સામાન્ય ધર્મ પ્રતીત થાય છે. ભગવાન્ પોતે રસાત્મકલીલા પ્રકટ કરવા પ્રાદુર્ભૂત થયા તેમજ શ્રીમદાચાર્યચરણ પણ શ્રીમદ્‌ભાગવત પર શ્રીસુબોધિનીજી નામની વિવૃત્તિ રચી, ભગવાનની લીલા પ્રસિદ્ધ કરવા આવિર્ભૂત થયા તેથી આચાર્યચરણ શ્રીકૃષ્ણરૂપ જ છે અને તે બેમાં તારતમ્ય નથી.

૨. અથવા વૃંદાવન જેને અતિપ્રિય છે તેવી આવિર્ભાવ પામેલી ગોપિકાઓ સમાન શ્રીમદાચાર્યચરણ છે. ગોપિકાઓને વૃંદાવન અતિપ્રિય હતું. કારણ કે વૃંદાવનમાં રહેવાથી પ્રભુનો વિરહ થયો તો પણ તેમણે તે તજ્યું નહીં. અત્ર શ્રીમદાચાર્યચરણને ગોપિકાઓ સમાન કહ્યા છે. કારણ કે ગોપિકાઓમાં તથા આચાર્યવર્યમાં પ્રભુપર અતિશયભાવ એ સમાન ધર્મ છે. પ્રભુપ્રાકટ્ય સમયે ગોપિકાઓ જેમ અત્યન્ત ભાવથી

પ્રભુની સેવા કરતાં હતા તેમજ શ્રીમદ્દાચાર્યચરણ પણ પ્રાકટ્યાવસ્થામાં ઉત્તમ રીતે પ્રભુની સેવા કરતા હતા. પ્રભુપર ગોપિકાઓ જેવો જ તેમનો ભાવ હતો. આ સામાન્યધર્મ ભાવવડે જ તેમને અત્ર ગોપિકાસમાન ગણ્યા છે. તેથી તેઓ ગોપિકારૂપ નથી. પ્રથમ અવલોકન કર્યા પ્રમાણે શ્રીમદ્દાચાર્યચરણ શ્રીકૃષ્ણરૂપ જ છે પણ આ ભાવરૂપી સમાનધર્મવડે અત્ર ગોપિકાસમાન ગણ્યા છે આજ આશયથી સર્વોત્તમસ્તોત્રમાં પણ આચાર્યવર્યનું ''તત્સારભૂતરાસ્ત્રીભાવપૂરિત વિગ્રહઃ'' એવું અભિધાન છે. વસ્તુતઃ ભગવાન્ રસ છે.

એ શ્રુતિ પ્રમાણે શ્રીમદ્દાચાર્યચરણ આ ભાવરૂપ રસાત્મક ભગવાન્ પોતે જ છે. સર્વોત્તમસ્તોત્રમાં વર્ણવ્યા પ્રમાણે શ્રીકૃષ્ણના આસ્ય અથવા મુખારવિન્દ રૂપ હોવાથી શ્રીકૃષ્ણ રૂપ જ છે. શ્રીયમુનાજીનું સ્વરૂપપણ રસાત્મક જ છે. અને તેથી ભગવતદ્રૂપ જ છે.

પદ્મ પુરાણમાં શ્રીયમુનાજીના માહાત્મ્યમાં પરમાધાર સચ્ચિદાનન્દલક્ષણ રસ જેનું ઉપનિષદ્ બ્રહ્મ કહી ગાન કરે છે તે શ્રીયમુનાજી પોતે જ છે એમ સ્પષ્ટ છે. આવી રીતે શ્રીકૃષ્ણ. શ્રીયમુનાજી અને શ્રીમદ્દાચાર્યચરણ એ ત્રણે એક જ સ્વરૂપ છે એમ સિદ્ધ થાય છે શ્રીયમુનાજી પ્રભુસ્વરૂપ છે તો પણ પ્રભુની પ્રાકટ્યાવસ્થામાં સ્વામિની ભાવવડે સ્ત્રીરૂપ હોય છે. અને ભગવાનની સર્વલીલાનો અનુભવ કરે છે. શ્રીમદ્દાચાર્યચરણ પણ પ્રભુસ્વરૂપ હોવા છતાં પ્રાકટ્યાવસ્થામાં સ્વામિનીભાવથી સેવાદિ કરે છે અને તેથી જ સ્વામિની સ્વરૂપ કોઈવાર કહેવાય છે. વિરહાવસ્થામાં જેમ શ્રીયમુનાજી શ્રીવ્રજસિમન્તિનીજીઓને પોતાના દર્શનથી સુખ આપવા ભગવત્સ્વરૂપ થાય છે, તેમજ શ્રીમદ્દાચાર્યચરણ પણ નિજસેવકોને સ્વરૂપ સમ્બન્ધીસુખનું દાન કરવા ભગવદ્રૂપ થાય છે.

અથવા પોતપોતાના હૃદયમાં બહાર આવિર્ભાવ પામેલું વૃંદાવન જેને પ્રિય છે તેવી ગોપીકાઓ સમાન શ્રીમદ્દાચાર્યચરણ છે. અત્ર શ્રીમદ્દાચાર્યચરણ અને ગોપિકાઅન્તઃસ્થ લીલા કરતાં બહિર આવિર્ભૂત લીલાનું અધિક પ્રિયત્વ એ સમાનધર્મ છે અન્તઃસ્થલીલા કરતાં બહિર આવિર્ભૂત લીલાના અનુભવથી અધિકાધિક આનન્દની પ્રાપ્તિ થાય એ નિઃસન્દિગ્ધ છે. તેથી જ અન્તઃસ્થ વૃંદાવન કરતાં બહિર આવિર્ભૂત વૃંદાવન શ્રીવ્રજસિમન્તિનીજીઓ ને અધિક પ્રિય છે, તેમજ શ્રીમદ્દાચાર્યચરણને પણ શ્રીસુબોધિનીજીઆદિ ગ્રન્થોવડે લીલાનું આવિષ્કરણ જ પ્રિય છે. આ સમાનધર્મવડે અત્ર શ્રીમદ્દાચાર્યચરણને પ્રભુસ્વરૂપ હોવા છતાં વ્રજાંગનાસમાન ગણવામાં આવ્યા છે.

આ પ્રમાણે શ્રીમદ્વિટ્ઠલેશજીએ આપેલા શ્રીમદ્દાચાર્યચરણના સ્વરૂપના સંક્ષિપ્ત વર્ણનનું અવલોકન કરી. પ્રભુસ્વરૂપ શ્રીમદ્દાચાર્યચરણ વિરચિત ગ્રન્થરત્ન શ્રીયમુનાષ્ટકનો

આપણે પ્રારંભ કરીશું.

નમામિ યમુનામહં સકલસિદ્ધિહેતું મુદા
મુરારિપદપઙ્કજસ્ફુરદમન્દરેણુત્કટામ્ ।।
તટસ્થનવકાનનપ્રકટમોદપુષ્પાંબુના
સુરાસુરસુપૂજિતસ્મરપિતુઃ શ્રિયં બીભ્રતીમ્ ।।૧।।

સકલસિદ્ધિ આપનારા મુરારિના ચરણકમલની સ્ફુરતી અસંખ્ય રેણુઓથી છવાયેલા અને કીનારાપરના નવિનવનના પ્રકટ સુગંધિવાળા પુષ્પયુક્તજલ વડે, સુર અસુરોથી સમ્યક્ પૂજાયેલા સ્મરપિતાની (શ્રીકૃષ્ણચન્દ્રની) કાંતિને ધારણ કરનારા શ્રીયમુનાજીને હું આનન્દથી નમન કરું છું.

લીલાસૃષ્ટિમાં જેમનો પ્રવેશ થયો નથી તેવા જીવોને પ્રભુનો સાક્ષાત્કાર ન થવાથી સ્વીય દૈન્ય પ્રકટકરણાર્થ માત્ર નમન જ ઉચિત કૃતિ છે શ્રીગોકુલેશ પૂર્ણપરુષોત્તમ કોઈ પણ વસ્તુની અપેક્ષા ન હોવાથી તત્પ્રતિ નમનથી અન્ય કૃતિ ઉચિત નથી તે દર્શાવવા ગ્રન્થના પ્રારંભમાં જ શ્રીમદાચાર્યચરણ શ્રીયમુનાજીને નમન કરે છે.

ભૂતલપર પવિત્ર તીર્થાદિ હોવા છતા શ્રીમદાચાર્ય ચરણ માત્ર શ્રીયમુનાજીને જ પ્રથમ કેમ નમન કરે છે? શ્રીયમુનાજી પ્રતિ નમનવિના અન્યકૃતિ કેમ ઉચિત નથી? એ શંકાઓનું સમાધાન કરવા શ્રીમદાચાર્યચરણ અત્ર ''સકલ સિદ્ધિ હેતુમ્'' પદ યોજે છે શ્રીયમુનાજીમાં સકલ સિદ્ધિનું દાન કરવા સમર્થ છે. સકલસિદ્ધિની પ્રાપ્તિ શ્રીયમુનાજીથી જ થાય છે. તીર્થોનું આ અષ્ટ પુષ્ટિમાર્ગીય સિદ્ધિમાંથી એક પણ સિદ્ધિનું દાન કરવાનું સામર્થ્ય નથી શ્રીયમુનાજીમાં નિમ્નલિખિત અષ્ટ પુષ્ટિમાર્ગીય સિદ્ધિનું દાન કરવાનું સામર્થ્ય છે.

૧.સાક્ષાત્ ભવત્સેવોપયોગી દેહની પ્રાપ્તિ પરંપરાથી અત્ર સ્વરૂપાદિકની સેવા કરવામાં આવા અલૌકિક દેહની આવશ્યક્તા નથી; પણ માત્ર નિવેદનસંસ્કારથી સંસ્કૃત થયેલા દેહની જ અપેક્ષા છે, પરન્તુ સાક્ષાત્ લીલામાં પ્રભુના સાક્ષાત્સ્પર્શાદિ માટે ભક્તોને અલૌકિક દેહની આવશ્યકતા છે. આ અલૌકિક દેહની પ્રાપ્તિ કરાવવી એ શ્રીયમુનાજીનું સામર્થ્ય છે.

૨. ભગવલ્લીલાનું અવલોકન. આ અવલોકન પણ એક સિદ્ધિ છે. જેમ યોગીઓ સ્વકીય યોગપ્રાપ્તસામર્થ્યથી અતી દૂરસ્થીત અતીન્દ્રિય પદાર્થનું દર્શન કરે છે તેમ શ્રીયમુનાજીના સેવક શ્રીયમુનાજીની કૃપાથી ગુણાતીત શ્રીપુરુષોત્તમની લીલાનું દર્શન કરે

છે.

૩. ભગવલ્લીલારસનો અનુભવ આ લીલારસાનુંભવનું દાન પણ લીલોપયોગી, પ્રભુ અને ભક્ત ઉભયનો સમ્બન્ધ ધરાવનારા, મધ્યસ્થ શ્રીયમુનાજી જ કરે છે. તેથી તેની પ્રાપ્તિ પણ શ્રીયમુનાજીની જ સેવાથી થાય છે.

૪. સર્વાત્મભાવસિદ્ધ શ્રીયમુનાજી પ્રભુસ્વરૂપ હોવાથી ભગવાનવત્ ભક્તહૃદય ગ્રહણ કરી સર્વાત્મભાવસિદ્ધિનું દાન કરે છે. તેથી જ શ્રીયમુનાષ્ટપદીમાં 'શ્રીકૃષ્ણયુત ભક્તહૃદય' એ અભીધાન સ્પષ્ટ છે. આ પ્રમાણે શ્રીયમુનાજીની સેવાથી સર્વાત્મભાવસિદ્ધિ પણ પ્રાપ્ત થાય છે.

૫. વિરહાવસ્થામાં પણ હૃદયમાં પ્રભુપ્રાકટ્ય થવાથી કોશપ્રતીમાં ન્યાયવડે ભગવદ્દાવીષ્ટદેહની પ્રાપ્તિ.

૬. પરાવૃત્તચક્ષુઓને હૃદયમાં આવીર્ભૂત થતી પ્રભુલીલાનું અવલોકન.

૭. પ્રભુના ભાવાત્મકરૂપ વડે ભાવાત્મક રસનો અનુભવ.

૮. વિરહાવસ્થામાં પણ સર્વાત્મભાવની પ્રાપ્તિ આ સર્વાત્મભાવસિદ્ધિ ભગવાનના બહિર્પ્રાકટ્યની ઉપેક્ષા રાખ્યા વિના હૃદયમાં પ્રભુભાવનાથી જ થાય છે. શ્રીયમુનાજી આ અષ્ટ પુષ્ટિમાર્ગીય સિદ્ધિનું દાન કરનાર છે, તેથી શ્રીયમુનાજીને જ નમન કરવામાં આવે છે.

શ્રીયમુનાજીપ્રતી નમનાતિરિક્ત કાંઈ ઉચિત નથી. કારણ કે શ્રીયમુનાજી અષ્ટવિધૈશ્વર્યયુક્ત છે. શ્રીયમુનાજીને આ અષ્ટવીધ ઐશ્વર્ય ભગવદ્દત્ત છે. ભગવાન્ નિજ રસાત્મકસ્વરૂપ અને રસાત્મકલીલા પ્રકટ કરવા પ્રાદુર્ભૂત થયા. નિજ રસાત્મકસ્વરૂપ પ્રાકટ્યસ્થ પ્રભુએ સર્વાત્મભાવયુક્ત વ્રજસીમન્તિનીજી સાથે રસાત્મક લીલા કરી. રસાત્મક લીલામાં ભગવાન્ ભક્તાધીન થાય છે અને ભક્તાધીન રહીને જ યાવન્માત્ર ક્રિયા કરે છે. જો ભગવાન્ આ પ્રમાણે ભક્તાધીન રહ્યા વિના જ ક્રિયા કરે, તો તે લીલા રસાત્મક જ ન થાય અને પ્રભુના રસાત્મકસ્વરૂપ અને રસાત્મકલીલાનું ભક્તોને ભાન થાય નહીં; પરન્તુ ભગવાન્ જો ભક્તાધીન રહી ક્રિયા કરે, તો ભગવદ્ઐશ્વર્યમાં વિરોધ આવે. તેથી લીલાસૃષ્ટિમાં નિજ રસાત્મકસ્વરૂપ પ્રકટ કરવા ભગવાને અષ્ટવિધ શ્રીયમુનાજીને આપ્યું અને રસાત્મક ભગવાન્ ભક્તાધિન થયા અને ભક્તાધીન રહી સર્વ ક્રિયા કરવા લાગ્યા.

શ્રીયમુનાજીનું ભગવદ્ઐશ્વર્ય અષ્ટવિધ છે, તેથી શ્રીમદ્દાચાર્યચરણ શ્રીયમુનાજીની અષ્ટ શ્લોકથી જ સ્તુતિ કરે છે. આ અષ્ટવિધ ઐશ્વર્ય નીચે પ્રમાણે છે.

૧. સકલસિદ્ધિદાન કરવાનું ઐશ્વર્ય.

૨. ભગવદ્ભાવવૃદ્ધિ કરાવવી.

૩. ભગવત્સમ્બન્ધમાં વિઘ્નરૂપ પ્રતિબંધ દૂર કરી ભગવદનુભવયોગ્યતા અને તદનુભવાનુકુલ શુદ્ધિ દાન કરી, ભુવન પાવન કરવાં.

૪. ભગવત સમાનધર્મવાળા હોવાથી અનાયાસે ભગવત્સમ્બન્ધનું દાન કરવું. ૫. ભગવત્પ્રિય ભક્તદોષનું નિવારણ કરવું.

૬. નિજસેવકોને ગોપીકા પેઠે ભગવત્પ્રિય કરાવવા.

૭. લીલાપયોગી તનુ દાન આદિથી ભગવદીયોનો ઉત્કર્ષ કરવો.

૮. લીલાસામયિક પ્રભુશ્રમકણ સાથે સમ્બન્ધ કરાવવો આવા અષ્ટવિધ ઐશ્વર્યયુત શ્રીયમુનાજી પ્રતિ નમન વિના અન્યકૃતિ ઉચિત નથી એ સુસ્પષ્ટ જ છે.

નમન કર્તાનો અપકૃર્ષ દર્શાવે છે તેથી સામાન્યતઃ નમનકૃતિમાં કોઈ પ્રકારનો આનન્દ સંભવતો નથી. પરન્તુ અત્ર નમનકૃતિ પણ સાનંદ જ છે, કારણ કે શ્રીયમુનાજી શ્રીકૃષ્ણચંદ્રના ચરણકમલની સ્કુર્તિ અસંખ્ય રેણુથી છવાયેલા છે અને વળી શ્રીકૃષ્ણની કાન્તિ ધારણ કરે છે. શ્રીકૃષ્ણચંદ્ર સાથે આવો નિકટ સમ્બન્ધ ધરાવનાર શ્રીયમુનાજીને નમન કરવામાં દુઃખની ગંધ પણ ન આવે અને કેવલ આનન્દની પ્રાપ્તિ થાય તેમાં કાંઈ આશ્ચર્ય નથી.

ભગવત્પ્રાપ્તિપ્રતિબંધક જલનો દોષ મુરરૂપ છે ભક્તને ભગવત્સમ્બન્ધ થવામાં અને ભગવાનને ભક્તસમ્બન્ધ થવામાં જલ પ્રતિબંધક છે. આ જલનો નૈસર્ગીક દોષ નથી, પણ અસુરસમ્બન્ધથી આગન્તુક દોષ છે. આ દોષ મુરરૂપ છે. તેના હરિ, અર્થાત્ તે દોષ દૂર કરનાર શ્રીકૃષ્ણચંદ્ર છે. તેમના ચરણકમલથી સ્કુરતી અર્થાત્ સેવોપયોગી દેહાદિ સંપાદન કરાવનારી અનલ્પ રેણુથી શ્રીયમુનાજી છવાઈ રહેલા છે. અર્થાત્ આવી રેણુ ત્યાં જલ કરતાં પણ અધિક છે. ભગવત્સેવામાં તત્પર કરે એવી રેણુ શ્રીયમુનાજીમાં અનલ્પ હોવાથી શ્રીયમુનાજીને આનન્દથી નમન કરવામાં આવે છે. શ્રીયમુનાસમ્બન્ધથી આ રેણુ સાથે સમ્બન્ધ થાય છે અને તેથી ભગવત્સેવાની અવશ્ય પ્રાપ્તિ થાય છે. 'મુરારિ' પદથી ભગવત્પ્રાપ્તિ પ્રતિબંધક જલદોષ અત્ર એમ સિદ્ધ થાય છે. ભગવત્પ્રાપ્તિ પ્રતિબંધક દોષ ન હોય તો પણ ભગવત્પ્રાપ્તિ થવામાં જલને લીધે વિલંબ થાય એવી ભીતિ ''મુરારિ પદપઙ્કજસ્ફુરદમન્દરેણૂત્કટામ્'' પદવડે નિર્મૂલ થઈ જાય છે. તેથી શ્રીયમુનાજીની સેવાથી સદ્ય શ્રીભગવત્સેવાદિ પ્રાપ્ત થાય છે એમ સિદ્ધ થાય છે.

આનન્દથી નમન કરવાનું દ્વિતીય કારણ અન્ત્ય બે પાદથી કહેલું છે. શ્રીયમુનાજીના

સુરાસુરોથી સમ્યક્ પૂજાયેલા શ્રીકૃષ્ણચંદ્રની કાન્તિ સુગંધિપુષ્પયુકત જલવડે ધારણ કરે છે. શ્રીયમુનાજીના જલ અને શ્રીકૃષ્ણચંદ્ર ઉભય ઘનશ્યામ છે. ઉભય ઘનશ્યામ હોવાથી શ્રીયમુનાજી શ્રીકૃષ્ણચંદ્રની કાન્તિ ધારણ કરે છે એ ઉપયુક્ત જ છે વળી શ્રીકૃષ્ણ શ્રીઅંગપર વનમાલા ધારણ કરે છે, તેમજ શ્રીયમુનાજીમાં પણ તટસ્થ નવિન વનોમાં સુગંધિ પુષ્પો આવી રહ્યાં છે.

અત્ર ''સુરાસુરસુપૂજિત સ્મરપિતુઃ'' પદ યોજેલું છે. તેમાં 'સુર' શબ્દનો અર્થ સર્વાત્મભાવયુકત અથવા દૈન્યયુકત સ્વામિનીઓ અને 'અસુર' શબ્દનો અર્થ માનભાવયુકત સ્વામિનીઓ ઉપયુક્ત છે દૈન્યયુકત સ્વામિનીઓ પ્રભુપ્રાકટ્યાર્થ અને માનભાવયુકત સ્વામિનીઓ અનુનયાર્થ પ્રભુપૂજન કરે છે. વળી શ્રીકૃષ્ણપદ ન યોજતાં 'સ્મરપિતુઃ' પદ યોજેલું છે, તેથી શ્રીયમુનાજીના જલદર્શનથી પ્રભુની સ્મૃતિ થાય છે અને ભગવદ્‌ભાવની વૃદ્ધિ થાય છે એવા અર્થની સ્ફૂર્તિ થાય છે 'સ્મર' શબ્દનો યૌગિક અર્થ સ્મરણ જ છે છાન્દોગ્યોપનિષત્‌માં ''સ્મરો વા આકાશાદ્‌ભૂયઃ'' શ્રુતિમાં 'સ્વર' શબ્દનો અર્થ 'સ્મરણ' જ થાય છે, 'કામ' થતો નથી કારણ કે ત્યાં સર્વવિજ્ઞાનાર્થ ઉત્તરોત્તર ઉત્કર્ષનું જ નિરૂપણ કરવામાં આવ્યું છે. 'સ્મર' શબ્દનો 'કામ' અર્થ થતો હોય તો ઉત્કર્ષ નિરૂપણમાં તે યોજાય જ નહીં. દોષનિરૂપણમાં જ તેની યોજના થાય. તેથી શ્રીયમુનાજી પ્રભુનું સ્મરણ કરાવે તેવી કાન્તિ ધારણ કરનારા છે એમ ફલિત થાય છે. શ્રીયમુનાજી પ્રભુનું કાન્તિ ધારણ કરે છે તેથી ભગવદ્‌ભાવ પણ ઉત્પન્ન કરે છે અને તેથી શ્રીમદ્દાચાર્યચરણ આનન્દથી તેમને નમન કરે છે. ૧

૧. શુદ્ધ પુષ્ટિ ભક્તિ અહીં રસ છે.
૨. રસો વૈ સઃ
૩. રસોઽયં પરમાધારઃ સચ્ચિદાનન્દ લક્ષણઃ।।
  બ્રહ્મત્યુપનિષદ્‌ગીતસ્તદૈવ યમુના સ્વયમ્।।

કલિન્દગિરિમસ્તકે પતદમન્દપૂરોજવલા
વિલાસગમનોલ્લસત્પ્રકટગણ્ડશૈલોન્નતા ।
સઘોષગતિદન્તુરા સમધિરૂઢદોલોત્તમા
મુકુન્દરતિવર્દ્ધિની જયતિ પદ્મબન્ધોઃ સૂતા ।।૨।।

પ્રથમ શ્લોક વડે શ્રીયમુનાજીને નમન કરી, દ્વિતીય શ્લોકમાં શ્રીમદ્દાચાર્યચરણ શ્રીયમુનાજીના આવિર્ભાવ પ્રકારનું વર્ણન કરે છે.

શ્લોકાર્થ :-કલિંદગિરિના શિખરપર પડતાં વેગયુક્ત પૂરથી ઉજ્વલ, વિલાસગતિથી શોભા પામતાં અને દશ્યમાન થતાં પર્વતપરથી પડેલા મોટા પથ્થરથી ઉન્નત, સુઘોષગતિથી દન્તુર (વિવિધ વિકારવાળા), ઉત્તમ દોલપર આરૂઢ હોય તેવાં અને મુકુન્દની રતિની વૃદ્ધિ કરનાર પદ્મબન્ધુની (સૂર્યની) સુતાનો જય થાય છે. ૨

વિવેચન :-ભગવાનના આવિર્ભાવપ્રકાર પ્રમાણે શ્રીયમુનાજીના આવિર્ભાવનો પ્રકાર પણ અલૌકિક જ છે. ભગવાન્ રસાત્મક છે તેમ શ્રીયમુનાજી પણ રવિમંડલમધ્યે વસતા નારાયણના આનન્દમય હૃદયમાંથી આવિર્ભાવ પામેલાં હોવાથી રસાત્મક જ છે. ભગવાન્ જેમ વરદાન કરવા પ્રથમ વાસુદેવ અને દેવકીજીની સમક્ષ આવિર્ભાવ પામ્યા, તેમ શ્રીયમુનાજી પણ નારાયણના આનન્દમય હૃદયમાંથી પ્રથમ આવિર્ભાવ પામ્યા. ભગવાન્ જેમ વાસુદેવ અને દેવકીજીનાં તાપાત્મક હૃદયમાંથી આવિર્ભાવ પામ્યા. તેમજ શ્રીયમુનાજી તાપાત્મક રવિમંડલમાંથી આવિર્ભાવ પામ્યાં. રવિમંડલ તાપાત્મક છે તે અનુભવ સિદ્ધ જ છે. વસુદેવ અને દેવકીજીના હૃદયપણ પ્રશ્નીગર્ભ સમયે તેમણે અનુભવેલા ભગવાનના વિરહથી તાપાત્મક જ છે. તેથી ભગવાન્ અને શ્રીયમુનાજી ઉભયનો આવિર્ભાવ તાપાત્મક પદાર્થમાંથી છે. ભગવાન્ જેમ તાપાત્મક હૃદયમાંથી આવિર્ભાવ પામી અન્યત્ર થઈ કેવલ લીલાસ્થાન શ્રીગોકુલ પધાર્યા તેમજ શ્રીયમુનાજી પણ તાપાત્મક રવિમંડલમાંથી આવિર્ભાવ પામી કલિંદગિરિપર થઈ ભૂમિપર થઈ લીલાસ્થાન શ્રીગોકુલમાં પધાર્યા. ભગવાન્ જેમ શ્રીગોકુલ પધારી લીલાસ્થાનમાં સર્વાત્મભાવયુક્ત ભક્તોથી વીંટાયા તેમજ શ્રીયમુનાજી પણ લીલાસ્થાનમાં પધારી સર્વાત્મભાવ યુક્ત ભક્તોથી વીંટાયા. ભગવાન્ જેમ વસુદેવજી ગૃહમાં કેવલ ધર્માત્મા જ હતા, પરન્તુ ઘનીભૂત રસાત્મક ન હતા. ભગવાન્ જેમ નન્દજીના ઘેર પધારી ઘનીભૂત રસાત્મક થઈ સર્વાત્મભાવયુક્ત ભક્તની રતિની વૃદ્ધિ કરવા મંડ્યા તેમજ શ્રીયમુનાજી પણ પ્રથમ શ્રીકૃષ્ણચંદ્રની રતિની વૃદ્ધિ કરવા માંડ્યા. આવી રીતે શ્રીયમુનાજીના આવિર્ભાવનો પ્રકાર ભગવાનના આવિર્ભાવના પ્રકાર પ્રમાણે અલૌકિક જ છે.

શ્રીયમુનાજી પદ્મબન્ધુ અર્થાત્ સૂર્યની સુતા છે, કારણ કે શ્રીયમુનાજીની સૂર્યમાંથી ઉત્પત્તિ છે. વર્ષાની પેઠે શ્રીયમુનાજીની સૂર્યના કિરણદ્વારા ઉત્પત્તિ નથી, પરન્તુ સૂર્યના મંડલમાંથી અથવા સૂર્યના સ્વરૂપમાંથી ઉત્પત્તિ છે. સૂર્યનું વૈદિકત્વ બૃહન્નારાયણ ઉપનિષત્માં ''આદિત્યો વા એષ એતન્મણ્ડલં તપતિ'' ઇત્યાદિ સ્થળે સુસ્પષ્ટ જ છે રવિમંડલમાં વસનાર પુરુષ પણ પરબ્રહ્મ જ છે તે પણ 'અન્તસ્તદ્ધર્મોપદેશાત્' ઇત્યાદિ સૂત્રથી તદ્ધર્માધિકરણમાં વ્યાસજીએ સિદ્ધ કર્યું છે. શ્રીયમુનાજીની ઉત્પત્તિ વર્ષાની પેઠે રવિના રશ્મિથી થઈ નથી. પરન્તુ રવિમંડલમાંથી જ થઈ છે. ભૌતિક રવિમાંથી

શ્રીયમુનાજીની ઉત્પત્તિ નથી, પરન્તુ રવિમંડલ મધ્યવર્તી નારાયણમાંથી જ છે, તેથી ઉપરના વૈદિક આધાર શ્રીયમુનાજીનું આધિદૈવિકત્વ દૃઢ કરે છે.

શ્રીયમુનાજી રવિમંડલમાંથી કલિંદગિરિના શિખરપર પડે છે ત્યારે તેમનાં પડતા વેગયુક્ત પૂરથી તે ઉજ્વલ છે. શ્રીયમુનાજી શ્યામ છે તથાપિ પોતાનાં વેગયુક્ત પૂરથી જ અત્ર ઉજ્વલ છે એમ પ્રતિપાદન કર્યું છે. ઉજ્વલતા અત્ર શ્રીયમુનાજીનો આગન્તુક ધર્મ છે. શ્યામત્વ નૈસર્ગિક ગુણ છે, પરન્તુ ઉજ્વલતા આગન્તુક ધર્મ છે, આ ઉજ્વલતાનો આગન્તુક ધર્મ વેગયુક્ત પડતા પૂરને લીધે છે. ઉજ્વલતાનો ધર્મ આગન્તુક હોવાથી, શ્રીયમુનાજીના શ્યામ દર્શન થાય છે તે યુક્ત જ છે, અર્થાત્ અત્ર પ્રતિપાદન કરેલા ઉજ્વલતાના ધર્મથી દર્શન વિરોધ થતો નથી, કારણ કે ઉજ્વલતા પૂરને લીધે છે તેથી આગન્તુક છે.

શ્રીયમુનાજીની વિલાસગતિથી શોભા પામતી અને દશ્યમાન થતી પર્વતપરથી પડેલી મોટી શિલાઓથી શ્રીયમુનાજી ઉન્નત છે. શ્રીયમુનાજીની કલિંદગિરિના શિખરપર પધાર્યા પછી વિલાસગતિ છે. શ્રીયમુનાજી નીચી શિલાપર ચઢે છે અને ઉંચી શિલાપરથી ઉતરે છે. તેથી ચઢ ઉતર કરવાથી તેમની વિલાસગતિ છે એમ વર્ણવેલું છે. શ્રીયમુનાજીની વિલાસગતિથી શિલાઓ શોભાયમાન દેખાય છે. વળી શ્રીયમુનાજીના પ્રવાહના વેગથી કેટલીક શિલાઓ નીચે પડે છે અને તેથી સર્વથી દશ્યમાન થાય છે. આ શિલાઓ તેમના પર શ્રીયમુનાજી હોવાથી પ્રથમ દશ્યમાન ન હતી પરન્તુ પ્રવાહવેગથી નીચે પડતાં દશ્યમાન થાય છે. નીચે પડ્યા પછી તે જ શિલાપરથી શ્રીયમુનાજી વહે છે, તેથી તે શીલાવડે શ્રીયમુનાજી ઉન્નત અર્થાત્ ઉંચા રહે છે એમ વર્ણન કરેલું છે. આ પ્રમાણે શ્રીયમુનાજીની ગતિથી સર્વ શોભાયમાન થાય છે, તેથી શ્રીયમુનાજીનો પ્રવાહ અવિચ્છિન્ન છે અને તેથી તેમનું પૂર પણ અમન્દ અર્થાત્ પુષ્કળ વેગયુક્ત છે એ દઢતર થાય છે.

આવી રીતે શ્લોકાર્થથી શ્રીયમુનાજી ઉચ્ચ પ્રવેશથી નીચે અવતરે તે સમયની શોભાનું વર્ણન કરી, હવે ભૂમિપર વહેતાં જે શોભા થાય છે તેનું વર્ણન કરે છે.

આગળ કહેતાં શ્રીયમુનાજી ઘોષયુક્ત ગતિથી દન્તુર છે. શ્રીયમુનાજી વહેતાં ઘોષ અર્થાત્ શબ્દ કરે છે, તેથી શ્રીયમુનાજીની ગતિ સઘોષ અથવા ઘોષયુક્ત છે. આ ઘોષયુક્ત ગતિથી શ્રીયમુનાજી દન્તુર અર્થાત્ વિવિધ વિકારવાળાં દેખાય છે. વિકાર એટલે રસાનુકૂલ બાહ્યાભ્યંતર ધર્મ. આ ધર્મને રસશાસ્ત્રમાં 'ભાવ' કહે છે તેથી શ્રીયમુનાજી ઘોષયુક્ત ગતિથી વિવિધભાવયુક્ત છે એવો અર્થ સિદ્ધ થાય છે. જેમ પ્રિય સમીપ જતાં પ્રિયા અંતર ઉદ્‌ભવતા રજોગુણથી ઉત્પન્ન થતા કામના આવેશથી ગાય છે, તેમ શ્રીયમુનાજી ઘોષ કરે છે, તેથી શ્રીયમુનાજી પ્રિય સમીપ જતી પ્રિયાની પેઠે વિવિધ

ભાવયુક્ત છે.

ઘોષ શબ્દનો દ્વિતીય અર્થ વ્રજ થાય છે. કોષમાં પણ ''ઘોષ આભીરપલ્લી સ્યાત્'' ઇત્યાદિ સ્થળે 'ઘોષ' શબ્દનો 'ગોપનું ગામ' એ અર્થ પ્રસિદ્ધ જ છે. ઘોષ અથવા વ્રજની સાથે જ હંમેશા વસનાર, અર્થાત્ વ્રજનો કદાપિ ત્યાગ નહીં કરનાર તે સઘોષ આવી રીતે 'સઘોષ' શબ્દનો અર્થ વ્રજનો કદાપિ ત્યાગ નહીં કરનાર વ્રજજન થાય છે. આવા સઘોષ અર્થાત્ વ્રજજનની શ્રીયમુનાજીના તીર પર ગતિ છે, તેથી શ્રીયમુનાજી દન્તુર અથવા વિવિધ વિકારવાળાં છે.

વળી શ્રીયમુનાજી સમધિરૂઢદોલોત્તમા છે. 'સઘોષગતિદન્તુરા' અને 'સમધિરૂઢદોલોત્તમા' શબ્દ વચ્ચે પદચ્છેદ કરતાં 'અ' પણ પ્રતીયમાન થાય છે, તેથી શ્રીયમુનાજી અસમધિરૂઢદોલોત્તમા પણ છે. સમધિરૂઢદોલોત્તમા એટલે ઉત્તમ દોલ પર અધિરૂઢ, અસમધિરૂઢદોલોત્તમા એટલે ઉત્તમ દોલ પર આરૂઢ નહીં તેવાં ગતિની શોભાવડે શ્રીયમુનાજી નાની નાની શિલા પર આરૂઢ હોવાથી સમધિરૂઢદોલોત્તમા છે પરન્તુ તે ઉત્તમ દોલપર આરૂઢ ન હોય તેવાં છે. શ્રીયમુનાજી ઉત્તમ દોલપર આરૂઢ છે તથાપિ ઉત્તમ દોલપર આરૂઢ ન હોય તેવાં છે, કારણ કે શ્રીયમુનાજીને પોતે દોલપર આરૂઢ છે તેવી પ્રતીતિ થતી નથી. શ્રીયમુનાજીને વ્રજ પ્રતિ ગમન એ જ મુખ્ય છે. શ્રીયમુનાજી વ્રજ પ્રતિ ગમનમાં જ તલ્લીન છે, એટલે તેમને માત્ર ગમનની જ પ્રતીતિ થાય છે અને પોતે ઉત્તમ દોલપર આરૂઢ છે એવી પ્રતીતિ થતી નથી, તેથી શ્રીયમુનાજી ઉત્તમ દોલપર આરૂઢ છે તો પણ ઉત્તમ દોલપર આરૂઢ ન હોય તેવાં છે.

અથવા આધિદૈવિક શ્રીયમુનાજી આધિભૌતિક જલરૂપ ઉત્તમ દોલપર અધિરૂઢ છે, તો પણ સમાનસૌભાગ્યયુક્ત વ્રજસીમન્તિનીજી પોતાની સાથે હોવાથી પોતે પણ પાદચારિણી હોય તેમ તેમની પ્રતીતિ થાય છે. એટલે આધિદૈવિક શ્રીયમુનાજી આધિભૌતિક જલરૂપ ઉત્તમ દોલ પર અધિરૂઢ છે તો પણ દોલ પર અધિરૂઢ ન હોય તેવાં છે.

''સઘોષગતિદન્તુરા સમધિરૂઢદોલોત્તમા'' ચરણનો પદચ્છેદ કરતાં 'સઘોષગતિદન્તુરા' અને 'સમધિરૂઢદોલોત્તમા' પદ વચ્ચે 'અ' પ્રતીયમાન છે તેનો આ ભાવાર્થ છે.

વળી શ્રીયમુનાજી આ પ્રમાણે ભૂમિ પર પધારી ભગવાનની ભક્ત પરની રતિની વૃદ્ધિ કરે છે. ભગવાન્ જેમ મથુરામાંથી શ્રીગોકુલ પધાર્યા અને ત્યાર પછી જ ભક્તના ભાવની વૃદ્ધિ કરવા મંડ્યા તેમજ શ્રીયમુનાજી રવિમંડલમાંથી કલિંદગિરિના શિખર પર પડી, શ્રીગોકુલ પધારી, ભગવાનની લીલાસૃષ્ટિસ્થ ભક્ત પરની રતિની વૃદ્ધિ કરવા મંડ્યા. 'મુકુન્દરતિવર્દ્ધિની'માં ષષ્ઠી સમાસ છે, એટલે શ્રીયમુનાજી ભગવાનની

ભક્તપરની રતિની વૃદ્ધિ કરનારાં છે એવો અર્થ સિદ્ધ થાય છે. ભગવાન્ રસાત્મક છે, તેમ શ્રીયમુનાજી રસાકરના સખા સૂર્યની સુતા છે અને વળી પોતે પણ રસાત્મક છે, તેથી ભગવાનની રતિની વૃદ્ધિ કરે તે યુક્ત જ છે.

''જયતિ'' ક્રિયાનો કર્તા પદ્મબન્ધુની સુતા છે, તથાપિ અત્ર શ્રીયમુનાજીના આધિદૈવિક નિત્ય સ્વરૂપની સ્તુતિ હોવાથી આ ક્રિયા પણ વિશેષણ રૂપ જ છે. શ્રીયમુનાજી નિત્ય જયયુક્ત છે. ભગવાનની રતિની વૃદ્ધિ કરવામાં પણ શ્રીયમુનાજી નિત્ય વિજયી છે.

આ શ્લોકમાં ભગવાનની ભક્તપરની રતિની વૃદ્ધિ કરવી એ શ્રીયમુનાજીના દ્વિતીય ઐશ્વર્યનું પણ સમર્થન કરેલું છે. ૨

શ્રીયમુનાજી ભગવાનની ભક્તપરની રતિની વૃદ્ધિ કરવા ભૂતલ પર પધાર્યા છે. આ રતિવૃદ્ધિકાર્યમાં અનુકૂલ સાહિત્ય સ્વરૂપ સૌન્દર્ય આદિ સર્વ ધર્મનું શ્રીમદાચાર્યચરણ તૃતીય શ્લોકમાં વર્ણન કરે છે.

ભુવં ભુવનપાવનીમધિગતામનેકસ્વનૈઃ
પ્રિયાભિરિવસેવિતાં શુકમયૂરહંસાદિભિઃ ।।
તરઙ્ગભુજકઙ્કણપ્રકટમુક્તિકાવાલુકા-
નિતમ્બતટસુન્દરીં નમત કૃષ્ણતુર્યપ્રિયામ્ ।।૩।।

ભૂતલ પર પધારેલાં, ભુવનને પાવન કરનારાં, પ્રિયાઓની પેઠે અનેક શબ્દોવાળા શુક, મયૂર, હંસ વગેરે પક્ષીઓ વડે સેવાયેલા, તરંગરૂપી ભુજાના કંકણોમાં દશ્યમાન થતાં મુક્તાફલરૂપી વાલુકાવાળા નિતંબ તટથી સુંદર લાગતા શ્રીકૃષ્ણની ચતુર્થ પ્રિયા (યમુનાજીને) નમન કરો.

રવિમંડલમાંથી શ્રીયમુનાજીને ભૂતલપર પધારવાનું પ્રયોજન ભુવન પાવન કરવાનું છે. શ્રીયમુનાજી રવિમંડલમાંથી ભૂતલપર ભુવન પાવન કરવા પધારેલા છે. અત્ર ભુવન શબ્દનો અર્થ લીલાસૃષ્ટિસ્થ અને તદ્વતિરિક્ત સર્વ લોક થાય છે. એટલે શ્રીયમુનાજી લીલાસૃષ્ટિસ્થ અને તે સિવાયના સર્વ લોકને પાવન કરવા પધારેલા છે. શ્રીયમુનાજી આ સર્વ લોકના ભગવદ્ભાવ સિવાયના અન્યભાવને દૂર કરે છે અને તેમને ભગવત્સેવાયોગ્ય શરીર સંપાદન કરી આપે છે. આ પ્રમાણે સર્વ લોકના ભગવદ્ભાવ સિવાયના અન્યભાવ દૂર કરી, તેમને ભગવત્સેવા યોગ્ય શરીર સંપાદન કરાવી શ્રીયમુનાજી પવિત્ર કરે છે અને આ પ્રમાણે તે સર્વને પવિત્ર કરવા જ પોતે રવિમંડલમાંથી ભૂતલપર પધાર્યા છે.

શુક, મયૂર, હંસ આદિ અનેક શબ્દ કરનારાં પક્ષીઓ શ્રીયમુનાજીની સેવા કરી રહ્યાં છે. તેઓ જ્યાં જે ઉચિત હોય ત્યાં તે કરે છે, તેથી તેમને માટે પ્રિયા શબ્દ યોજેલો છે. પ્રિયા શબ્દમાં અત્ર પ્રિયસખીત્વનો આશય રહેલો છે. પ્રિયા અથવા પ્રિયસખીની પેઠે શુક, મયૂર આદિ અનેક પ્રકારનાં શબ્દ કરનારાં પક્ષીઓ શ્રીયમુનાજી પ્રતિ સર્વત્ર ઉચિત ક્રિયા કરે છે અને આવી રીતે શ્રીયમુનાજીની સેવા કરે છે. શુક, મયૂર આદિ પક્ષી વડે સેવાયેલા એ શ્રીયમુનાજીનું વિશેષણ, પોતાના ભગવાનની ભક્ત પ્રતિ રતિની વૃદ્ધિ કરવાના કાર્યને અનુકૂલ વિભાવ સાહિત્ય આદિ સામગ્રીનું પ્રતિપાદન કરે છે.

વિભાવ આદિ સામગ્રીનું પ્રતિપાદન કરી, ''તરઙ્ગભુજકઙ્કણ-પ્રકટમુક્તિકાવાલુકાનિતમ્બતટસુન્દરીમ્'' વિશેષણથી શ્રીયમુનાજીના સૌન્દર્યનું પ્રતિપાદન કરવામાં આવે છે, પહેરેલાં કંકણમાં મુક્તાફલ પ્રકાશ્યા કરે છે આ મુક્તાફલ શ્રીયમુનાજીના રેતીકણરૂપે પ્રતીયમાન થાય છે. આ વસ્તુતઃ રેતીકણ નથી, પરન્તુ મુક્તાફલ જ છે. માત્ર લોકને રેતીકણરૂપે પ્રતીયમાન થાય છે એવી માત્ર લોકની પ્રતીતિ જ છે એમ દર્શાવવા 'વાલુકામુક્તિકા' નહીં, પરન્તુ 'મુક્તિકાવાલુકા' પદ યોજ્યું છે. 'તરઙ્ગભુજ' પદમાં તરંગ ઉપમેય છે અને ભુજ ઉપમાન છે. અર્થાત્ શ્રીયમુનાજીના તરંગને જ ભુજા કહેલી છે. અત્ર રૂપક અલંકાર છે. અત્ર પ્રથમ શબ્દ તરંગ ઉપમેય છે તેથી 'મુક્તિકાવાલુકા' પદમાં પણ પ્રથમ શબ્દ મુક્તિકા અર્થાત્ મુક્તાફલ ઉપમેય જ છે અને વાલુકા ઉપમાન છે. એટલે શ્રીયમુનાજીના મુક્તાફલને જ વાલુકા કહેલા છે. આ વસ્તુતઃ મુક્તાફલ જ છે, વાલુકાકણ નથી, પરન્તુ લોકને વાલુકાવત્ પ્રતીયમાન થાય છે તેથી આ મુક્તાફલની વાલુકા સાથે સરખામણી કરી છે.

શ્રીયમુનાજીની તરંગરૂપી ભુજામાંના કંકણના વાલુકાવત્ પ્રતીયમાન થતાં મુક્તાફલ શ્રીયમુનાજીના નિતમ્બ અર્થાત્ ઉચ્ચ પ્રદેશાત્મક તટ પર આવી રહેલાં છે. તેથી શ્રીયમુનાજીનું સૌન્દર્ય વૃદ્ધિ પામે છે. શ્રીયમુનાજીના નિતમ્બ અર્થાત્ ઉચ્ચ દેશાત્મક તટ મુક્તાફલથી સુશોભિત છે. શ્રીયમુનાજીના ઉચ્ચદેશાત્મક તટપર જ મુક્તાફલ દશ્યમાન થાય છે. વળી જ્યારે તરંગરૂપી ભુજા નિતમ્બ અર્થાત્ ઉજજપ્રદેશાત્મક તટપર આવી પ્રસરે ત્યારે આ તટ મુક્તાફલથી વિશેષ સુશોભિત થાય છે. આવા તટથી શ્રીયમુનાજી સુંદર લાગે છે.

'તરઙ્ગભુજ' ઇત્યાદિ આ વિશેષણથી શ્રીયમુનાજીના સૌન્દર્યનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે અને શ્રીયમુનાજી અપ્રાકૃત સર્વ પદાર્થથી વિભૂષિત છે એમ પણ પ્રતિપાદન થાય છે. ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્ર પણ અપ્રાકૃતનિખિલધર્મરૂપ છે. આ પ્રમાણે શ્રીયમુનાજી અને શ્રીકૃષ્ણચંદ્ર ઉભય અપ્રાકૃત સર્વ ધર્મથી વિભૂષિત છે, તેથી તે સજાતીય છે.

સજાતીયમાં સ્નેહ સ્વાભાવિક જ છે. તેથી આ વિશેષણથી શ્રીયમુનાજીના શ્રીકૃષ્ણચન્દ્રપ્રતિ અતિશય સ્નેહ પણ સિદ્ધ થાય છે શ્રીયમુનાજીનો ભગવાન્ પ્રતિ સ્નેહ ન હોય તો સ્વકીય મૂલ ધામનો ત્યાગ કરી ભગવાને ઇચ્છેલા ભુવનપાવનકાર્ય માટે ભુવનપર શા માટે પધારત? વળી જો ભગવાન્ પ્રતિ અતિશય સ્નેહ ન હોત તો ભુવનપર પધારીને પણ લીલાસામગ્રી શા માટે થાત અને આવા સુંદર તટ શું કરવા ધારણ કરત? આ માત્ર શ્રીયમુનાજીનો ભગવાન્ પ્રતિ અતિશય સ્નેહ સૂચવનાર તર્ક છે અને તેથી શ્રીયમુનાજીના ભગવાનની ભક્તપરની રતિવૃદ્ધિ કરવાના ધર્મનું અનુમાનથી દઢીકરણ થાય છે.

શ્રીયમુનાજી શ્રીકૃષ્ણચંદ્રના તુર્ય પ્રિયા છે. અત્ર પ્રિયા શબ્દનો ભાર્યા અર્થ કરનાર વાદી શંકા કરે છે–

શંકા :– શ્રીયમુનાજીને શ્રીકૃષ્ણચંદ્રના તુર્ય પ્રિયા ગણવા એ અનુચિત છે, શ્રીકૃષ્ણચન્દ્રના તુર્ય પ્રિયા શ્રીયમુનાજી નથી, પરન્તુ કાલિંદી છે. શ્રીયમુનાજી અને કાલિંદી એક જ નથી, પરન્તુ ભિન્ન છે કારણ કે આ બેનો ભેદ ''કાલિન્દીતિ સમાખ્યાતા વસામિ યમુનાજલે'' ''કાલિંદી નામે પ્રસિદ્ધ હું શ્રીયમુનાજીના જલમાં વસું છું'' એ શ્રીમદ્ભાગવતના મૂલ શ્લોકથી જ સિદ્ધ થાય છે તેમજ એક આધિદૈવિક અને બીજી આધિભૌતિક સ્વરૂપ હોઈ, વસ્તુતઃ ઉભય એક જ હોય તેમ પણ નથી, કારણ કે આવા સંશયનો પણ શ્રીસુબોધિનીજીમાં જ નિરાસ કરેલો છે. તેથી શ્રીયમુનાજી અને કાલિંદી ભિન્ન–ભિન્ન છે. શ્રીયમુનાજી પણ કલિન્દગિરિના શિખરપર ઉતરેલાં છે અને કલિન્દગિરિ તેમનું અધિષ્ઠાન છે, તેથી જેમ શ્રીકૃષ્ણચંદ્ર દેવકીપુત્ર કહેવાય છે તેમ તે પણ કલિન્દી કહેવાય છે, પરન્તુ તેથી શ્રીકૃષ્ણચંદ્રના તુર્ય પ્રિયા કહેવાય નહીં. શ્રીકૃષ્ણચંદ્રના તુર્ય પ્રિયા એ કાલિન્દીનો અસાધારણ ધર્મ છે. શ્રીયમુનાજીનું અને કાલિન્દીનું અધિષ્ઠાન કલિન્દગિરિ એક જ છે તેથી ઉભય એક રૂપ કહેવાય છે પરન્તુ તેથી એકના અસાધારણ ધર્મ બીજાને લાગુ પાડવા એ અનુચિત જ છે. અસાધારણ ધર્મ માત્ર એક જ રૂપમાં રહેલા હોય છે, તેથી ઉપાસકોએ તેમની અન્ય કોઈ રૂપમાં વિભાવના કરી શકાય નહીં. શ્રીકૃષ્ણતુર્યપ્રિયાત્વ એ કાલિંદીજીનો અસાધારણ ધર્મ છે, તેથી તેની શ્રીયમુનાજીમાં વિભાવના કરી શકાય નહીં. જો અસાધારણ ધર્મની અન્યત્ર વિભાવના કરવામાં આવે તો ''યોઽન્યથા સન્તમાત્માનમન્યથા પ્રતિપદ્યતે કિં તેન ન કૃતં પાપં ચૌરેણાત્માપહારિણા'' ''જે એક પ્રકારના આત્માને અન્ય પ્રકારનો માને તે આત્માપહારી ચોરે શું પાપ નથી કર્યું?'' એ શ્રુત્યુક્ત દોષ પ્રાપ્ત થાય. વળી કાલિંદીની શ્રીયમુનાજીના ભાવથી વિભાવના કરવી તે પણ ઉચિત નથી, કારણ કે સીતાપતિ રામચંદ્રજી પુરુષોત્તમ છે, રસાત્મક છે,

તો પણ તેમની શ્રીગોપીજનવલ્લભ તરીકે વિભાવના કરવામાં આવતી નથી કારણ કે, અન્યસ્વરૂપના ધર્મવડે અન્યસ્વરૂપની ભાવના કરવામાં આવે તો ''તં યથા યથોપાસતે તથૈવ ભવતિ'' ''તેને જે ભાવથી સેવવામાં આવે તે રૂપ થાય છે'' ઇત્યાદિ શ્રુત્યનુસાર ભક્તનો ઇચ્છિત સાક્ષાત્કાર થતો નથી અને તેથી ફલ પણ પ્રાપ્ત થતું નથી, તેથી અન્યસ્વરૂપમાં અન્યસ્વરૂપના ધર્મની ભાવના કરવી એ અઘટિત જ છે. અને આવી ભાવનાથી અલ્પ પણ ફલસિદ્ધિ થતી નથી. કદાપિ જેમ શ્રીરામચંદ્રજીના આપેલા વરની સિદ્ધિનું શ્રીવ્રજનાથ દાન કરે છે તેમ એક સ્વરૂપના દર્શનથી ઉત્પન્ન થતા અન્ય સ્વરૂપના ભાવથી ફલસિદ્ધિ થાય છે ખરી, પરન્તુ તેમાં પ્રથમ સ્વરૂપ સ્વતઃ ફલદાન કરતું નથી. શ્રીરામચંદ્રજી અત્ર સ્વતઃ ફલદાન કરતા નથી, પરન્તુ જેમ ગુરુ ઉપદેશદ્વારા ફલ પ્રાપ્તિ કરાવે છે તેમ પોતાનાં આવિષ્ટ મૂલરૂપવડે ફલ પ્રાપ્તિ કરાવે છે. અત્ર શ્રીરામચંદ્રજી સ્વતઃ ફલદાતા નથી, પરન્તુ મૂલરૂપ શ્રીવ્રજનાથ ફલદાતા છે. શ્રીરામચંદ્રજી મર્યાદાપુરુષોત્તમ હોવાથી પુષ્ટિમાર્ગમાં જીવનો અંગીકાર કરી શકતા નથી. તેમજ પુષ્ટિમાર્ગનું ફલદાન પણ કરી શકતા નથી, પરન્તુ માત્ર મર્યાદાથી જ ફલદાન કરે છે. તેમનામાં પણ શ્રીકૃષ્ણચંદ્રના અસાધારણ ધર્મની વિભાવના કરવી તે અનુચિત જ છે. તે જ પ્રમાણે શ્રીયમુનાજીમાં કાલિંદીના શ્રીકૃષ્ણચંદ્રનાતુર્યપ્રિયાત્વરૂપી અસાધારણ ધર્મની ભાવના કરવી ઉપયુક્ત નથી.

સમાધાન :– અત્ર પ્રિયા શબ્દ યોજેલો છે. ભાર્યા શબ્દ યોજેલો નથી. શ્રીયમુનાજીને શ્રીકૃષ્ણચન્દ્રના તુર્ય પ્રિયા જ કહેલા છે, શ્રીયમુનાજીમાં શ્રીકૃષ્ણચંદ્રનું તુર્ય પ્રિયાત્વ છે. કારણ કે વ્રજમાં ભગવાનની સેવામાં નિમગ્ન સ્વામિની ચાર પ્રકારની છે.

૧. ભગવાનના મુખ્ય સ્વામિની. આ સર્વથી વિલક્ષણ અન્યપૂર્વા નથી. તેમજ અનન્યપૂર્વા પણ નથી. તેમનું અન્યપૂર્વા તેમજ અનન્યપૂર્વાથી વૈલક્ષણ્ય રસાત્મક ભગવાનના આલમ્બનવિભાગપ્રતિપાદક શ્રુતિસિદ્ધ છે. તેથી એક મુખ્ય સ્વામિની અન્ય સર્વથી વિલક્ષણ જ છે.

૨. અન્યપૂર્વા સ્વામિનીઓ આ સ્વામિનીઓ શ્રુતિરૂપ છે, ગોપ ગૃહમાં વસેલા છે, માટે અન્યપૂર્વા કહેવાય છે અને સર્વાત્મભાવયુક્ત છે.

૩. અનન્યપૂર્વા, આમનો કુમારિકાવ્રત પ્રસંગે વિવાહના અભાવમાં પણ ભગવાને વસ્ત્રદાનથી અંગીકાર કરેલો છે. તેથી તે અનન્યપૂર્વા કહેવાય છે.

૪. શ્રીયમુનાજી, શ્રીયમુનાજીમાં ભગવાને સર્વ પ્રકારની સ્વતન્ત્રતાથી ક્રીડા કરેલી છે અને શ્રીયમુનાજી સાથે પણ સ્વતન્ત્ર ક્રીડા કરેલી હોવાથી શ્રીયમુનાજીને અત્ર તુર્ય પ્રિયા માત્ર કહેલા છે ભાર્યા શબ્દનો પ્રયોગ કર્યો નથી. તેથી તેમનામાં કાલિંદીના

અસાધારણ ધર્મની અહીં વિભાવના કરી નથી. પરન્તુ ઉપર વર્ણવ્યું તેમ શ્રીકૃષ્ણતુર્યપ્રિયાત્વ એ શ્રીયમુનાજીનો જ અસાધારણ ધર્મ છે, તેથી અત્ર કોઈ પ્રકારની અનુપપત્તિ નથી.

શ્રીયમુનાજી શ્રીકૃષ્ણના તુર્યપ્રિયા છે અને ભુવન પાવન કરવા જ ભૂતલપર પધાર્યા છે તે અર્થ સારી રીતે સ્પષ્ટ થાય તે માટે, શ્રીયમુનાજી ભગવત્સમાન ધર્મવાળા છે એમ ચતુર્થ શ્લોકમાં નિરૂપણ કરવામાં આવે છે.

અનન્તગુણભૂષિતે શિવવિરઞ્ચિદેવસ્તુતે ।
ઘનાઘનનિભે સદા ધ્રુવપરાશરાભીષ્ટદે ।।
વિશુદ્ધમથુરાતટે સકલ ગોપગોપીવૃતે
કૃપાજલધિસંશ્રિતે મમ મનઃ સુખં ભાવય ।।૪।।

૧. હે અનન્ત શ્રીકૃષ્ણચંદ્રના ગુણથી વિભૂષિત થયેલાં, શિવ, બ્રહ્મા આદિ દેવોએ સ્તવેલાં, ઘનસમુદાય જેવાં શ્યામ કાંતિવાળા, ધ્રુવ, પરાશર વગેરેને સદા ઇચ્છિત પદાર્થ આપનારાં, વિશુદ્ધ મથુરાજી જેના તટપર આવી રહેલા છે એવાં, સકલ ગોપ અને ગોપીઓથી ઘેરાયેલા અને કૃપાસાગર શ્રીકૃષ્ણચંદ્રનો આશ્રય કરી રહેલાં (શ્રીયમુનાજી)! મારાં મનનું (શ્રીકૃષ્ણચંદ્રના સ્વરૂપાનુભવજન્ય) સુખ આપના મનમાં આણો.

અથવા

૨. (હે શ્રીયમુનાજી!) અનન્ત ગુણથી વિભૂષિત, શિવ, બ્રહ્મા આદિ દેવોએ સ્તવેલાં, ઘનસમુદાય જેવાં શ્યામ કાંતિવાળા, ધ્રુવ, પરાશર વગેરેને સદા ઇચ્છિત પદાર્થ આપનારાં, વિશુદ્ધ મથુરાજી જેમના સમીપમાં છે એવા સકલ ગોપ અને ગોપીઓથી ઘેરાયેલા કૃપાસાગરે જેનો આશ્રય કર્યો છે એવા (શ્રીકૃષ્ણચંદ્રમાં) મારા મનનું સુખ ઉત્પન્ન કરો.

આ શ્લોકમાં 'અનન્તગુણભૂષિતે' થી આરંભી 'કૃપાજલધિસંશ્રિતે' પર્યન્ત સપ્ત વિશેષણ છે. પ્રત્યેક વિશેષણ પુલ્લિંગમાં સપ્તમી વિભક્તિમાં છે તેથી શ્રીકૃષ્ણચંદ્રને સપ્તમી વિભક્તિમાં લાગુ પડે છે અને સપ્તમી સ્ત્રીલિંગમાં સંબોધન વિભક્તિમાં છે તેથી શ્રીયમુનાજીને સંબોધન વિભક્તિમાં લાગુ પડે છે. તેથી પ્રત્યેક શબ્દ શ્રીકૃષ્ણચંદ્રનું તેમજ શ્રીયમુનાજીનું વિશેષણ છે. શ્રીયમુનાજી ભગવત્સમાન ધર્મવાળા છે તે આ પરથી જ સિદ્ધ થાય છે. શ્રીયમુનાજીમાં ભગવાનના જેટલા જ ધર્મ છે એટલું જ નહીં પરન્તુ ભગવાનમાં જે ધર્મ છે તે જ ધર્મ શ્રીયમુનાજીમાં પણ છે. શ્રીકૃષ્ણચંદ્રના અને શ્રીયમુનાજીના ધર્મની સંખ્યા માત્ર સમાન છે એમ નહીં, પરન્તુ પ્રત્યેક ધર્મ પણ સમાન છે, પ્રત્યેક વિશેષણ ઉભયને લાગુ પડે છે, માત્ર વિભક્તિનો જ ભેદ છે, પરન્તુ

અર્થમાં ભેદ નથી. તેથી શ્રીયમુનાજી ભગવત્સમાન ધર્મવાળા છે. ''ઐશ્વર્યસ્ય સમગ્રસ્ય વીર્યસ્ય યશસઃ શ્રિયઃ। જ્ઞાનવૈરાગ્યયોશ્ચૈવ ષણ્ણાં ભગ ઇતીરણાત્'' શ્લોકાનુસાર ભગવાન્ ઐશ્વર્ય, વીર્ય, યશઃ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ ષડ્ગુણસમ્પન્ન છે તેમજ શ્રીયમુનાજી પણ આ ષડ્ગુણસમ્પન્ન છે. આ ચતુર્થ શ્લોકમાં ભગવાનનાં અને શ્રીયમુનાજીના સાત વિશેષણ છે. તેમાં પ્રથમ છ વિશેષણ ઉભયમાં આ ષડ્ગુણનું પ્રતિપાદક કરે છે અને સપ્તમ વિશેષણ ધર્મી અર્થાત્ સ્વરૂપ પ્રતિપાદક છે તે પણ ઉભયને સમાન છે. ભગવાન્ ષડ્ગુણસમ્પન્ન છે. આ ષડ્ગુણમાં પણ મર્યાદામાર્ગીય અને પુષ્ટિમાર્ગીય એવા બે પ્રકારના ભેદ છે. ભગવાનનાં પુષ્ટિમાર્ગીય ષડ્ગુણનું વેણુગીતમાં 'ધન્યાસ્તુ' ઇત્યાદિ શ્લોકથી આરંભી છ શ્લોક પર્યન્ત વર્ણન કર્યું છે. તે જ છ ગુણનું અત્ર છ વિશેષણથી જ નિરૂપણ કરવામાં આવે છે.

શ્રીકૃષ્ણચંદ્ર અનન્ત અપ્રાકૃત નિત્યગુણ વિભૂષિત છે, તેથી 'અનંતગુણભૂષિત' છે. શ્રીયમુનાજી પણ અનન્ત અર્થાત્ નિત્ય અથવા રાસોત્સવ વગેરે પ્રસંગમાં બહુરૂપ ધારણ કરનાર ભગવાનના ભક્તકાર્યસાધકત્વ ઇત્યાદિ ગુણોથી વિભૂષિત છે તેથી તે પણ 'અનન્તગુણભૂષિતા' છે વેણુગીતમાં એકાદશ શ્લોકમાં મૂઢમતિવાળી હરિણીઓ પણ વેણુનો સ્વર સાંભળીને વિચિત્ર વેષયુક્ત નંદનંદનની પ્રણયયુક્ત અવલોકનથી પૂજા કરે છે. અત્ર શ્રીમદાચાર્યચરણ શ્રીસુબોધિનીમાં ''ઈશ્વરઃ પૂજ્યતે લોકે મૂઢૈરપિ યદા તદા। નિરુપાધિકમૈશ્વર્યં વર્ણયન્તિ મનીષિણઃ'' ''મૂઢપ્રાણીઓ પણ આ લોકમાં ઈશ્વરની પૂજા કરે છે તેથી બુદ્ધિમાન્ પુરુષો પ્રભુના નિરૂપધિ ઐશ્વર્યનું વર્ણન કરે છે'' શ્લોકમાં મૂઢપ્રાણીઓ પૂજે એ ગુણથી ઈશ્વરનું ઐશ્વર્ય દર્શાવે છે; તેથી અત્ર પણ 'અનન્તગુણભૂષિતે' પદ નિરૂપધિ ઐશ્વર્યનું પ્રતિપાદન કરે છે. આ વિશેષણ શ્રીકૃષ્ણચંદ્ર અને શ્રીયમુનાજી ઉભયને માટે યોજેલું છે તેથી ઉભય નિરૂપધિ ઐશ્વર્ય યુક્ત છે.

વળી શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજી ઉભવ શિવ, બ્રહ્મા આદિ દેવોથી સ્તવાયેલા છે. બ્રહ્મા આદિ દેવોએ ઉભયની સ્તુતિ કરેલી છે. વેણુગીતના દ્વાદશ શ્લોકમાં શ્રીકૃષ્ણચંદ્રનું રૂપ અને શીલ જોઈને અને તેમની વેણુનું ગીત સાંભળીને વિમાનમાં ફરતી દેવીઓની વેણીમાંથી પુષ્પ ખરી પડ્યાં અને તેમને મૂર્છા આવી. અત્ર શ્રીમદાચાર્યચરણ 'વીર્યં દેવેષુ' ઇત્યાદિ શ્લોકથી દેવ પણ મોહ પામે તે વીર્યાતિશય દર્શાવે છે એમ નિરૂપણ કરે છે તેથી ''શિવવિરઞ્ચિદેવસ્તુતે'' પદ શ્રીકૃષ્ણચંદ્ર અને શ્રીયમુનાજી ઉભયમાં વીર્યનું પ્રતિપાદન કરે છે.

શ્રીકૃષ્ણચંદ્ર અને શ્રીયમુનાજી ઉભય ઘનસમૂહવત્ શ્યામ છે જેમ શ્યામ ઘન સમૂહ અતિશય સુંદર અને મનોહર લાગે છે તેવાં જ ઉભય સુંદર છે. વેણુગીતમાં

ત્રયોદ્દશ શ્લોકમાં ઉંચા કરેલાં કર્ણવડે શ્રીકૃષ્ણચંદ્રના મુખમાંથી નીકળતાં વેણુગીતરૂપી અમૃતનું પાન કરતી ગાયો અને પોતાના મુખમાંથી સ્તનપયઃનો ગ્રાસ પાડી નાખતાં વાછરડાઓ અશ્રયુક્ત નયનથી ગોવિન્દનું અન્તર દર્શન કરે છે. અત્ર શ્રીમદાચાર્યચરણ ''યશો યદિ વિમૂઢાનાં પ્રત્યક્ષાસક્તિચારણાત્। સ્વધર્મં યોજયેત્તેષુ તદા ભવતિ નાન્યથા'' મૂઢ પ્રાણીઓની પ્રત્યક્ષ વસ્તુમાંથી આસક્તિ નિવારી તેમને પોતાના ધર્મમાં યોજે ત્યારે યથાર્થ યશઃ થાય એમ પ્રતિપાદન કરે છે. અત્ર પણ શ્રીકૃષ્ણચંદ્ર અને શ્રીયમુનાજી ઉભય ઘનસમૂહવત્ શ્યામ છે. અર્થાત્ ઉભયમાં એટલું બધું સ્વરૂપસૌન્દર્ય છે કે ઇતર સર્વ પદાર્થનું વિસ્મરણ કરાવે છે અને પોતાનું સંસ્મરણ કરાવે છે. તેથી શ્રીમદાચાર્યચરણે યોજેલા 'યશો યદિ' શ્લોકાનુસાર ઉભયમાં આ વિશેષણથી યશનું પ્રતિપાદન થાય છે.

શ્રીકૃષ્ણચંદ્ર અને શ્રીયમુનાજી ઉભય ધ્રુવ પરાશર ઇત્યાદિ ભક્તોને અભીષ્ટ પદાર્થનું દાન કરે છે. વેણુગીતમાં ચતુર્દશ શ્લોકમાં સુંદર શાખાવાળી વૃક્ષની ડાળીઓ પર ચઢી અનિમિલિત નેત્રવડે પક્ષીઓ અને મુનિયો શ્રીકૃષ્ણચંદ્રના વેણુનું મધુર ગીત સાંભળતા હતા. અત્ર શ્રીમદાચાર્યચરણ આ સ્થળે પક્ષીઓને અને ભગવદીઓને પરમ શ્રીની પ્રાપ્તિ થઈ એમ કહે છે. ''શ્રિયો હિ પરમા કાષ્ઠા સેવકાસ્તાદશા યદિ'' ''શ્રીની પરમકાષ્ઠા એ જ કે સેવકો પણ શ્રીયુક્ત થાય'' એ ન્યાયે અત્ર પણ શ્રીકૃષ્ણચંદ્ર અને શ્રીયમુનાજી ઉભય ધ્રુવ, પરાશર ઇત્યાદિ ભક્તોને અભીષ્ટ પદાર્થનું અર્થાત્ શ્રીનું દાન કરે છે તેથી ઉભયમાં નિરૂપધિ 'શ્રી' ધર્મ પણ છે, એમ ''ધ્રુવપરાશરાભીષ્ટદે'' પદથી ફલિત થાય છે.

વિશુદ્ધ મથુરા નગરી શ્રીયમુનાજીના તટપર આવી રહેલી છે તેથી શ્રીયમુનાજી ''વિશુદ્ધ મથુરા તટે યસ્યાઃ'' એવાં 'વિશુદ્ધમથુરાતટા' છે આ પદ શ્રીકૃષ્ણચંદ્રને અર્થે પણ યોજેલું છે શ્રીકૃષ્ણચંદ્ર પણ વિશુદ્ધા મથુરાતટે (નિકટે) યસ્ય અર્થાત્ વિશુદ્ધ મથુરા નગરી જેમની નિકટમાં છે એવા છે, તેથી 'વિશુદ્ધમથુરાતટ' છે. શ્રીમથુરા અતિ વિશુદ્ધ અથવા દોષરહિત નગરી છે, કારણ કે ત્યાં ભૂમિ આદિના દોષ સંભવતા નથી. ''તત્સૃષ્ટા તદેવાનુપ્રાવિશત્'' શ્રુતિ પ્રમાણે ભગવાને સર્વ તત્વ સર્જી તેમાં પ્રવેશ કર્યો. આ ન્યાયે પૃથ્વીતત્વમાં પણ પ્રભુએ પ્રવેશ કર્યો અને પૃથ્વીતત્વના એક દેશરૂપ શ્રીમથુરા નગરી ભગવાનની નિત્યસ્થિતિનું સ્થાન છે. તેથી ભગવાન્ સર્વદા શ્રીમથુરાજીની સન્નિધિમાં છે, ''મથુરા ભગવાન્ યત્ર નિત્યં સન્નિહિતો હરિઃ'' ઇત્યાદિ વાક્ય પણ એ જ સિદ્ધાન્ત દઢ કરે છે. વળી શ્રીમથુરા શ્રીયમુનાજીના તટપર છે, તેથી લીલાસ્થાન છે. અને લીલાવિશિષ્ટ ભગવાન્ પણ સદા તત્ર વાસ કરે છે, અત્ર ''જ્ઞાનોત્કર્ષસ્તદૈવ સ્યાત્ સ્વભાવવિજયો યદિ'' ''સ્વભાવવિજય થાય ત્યારે જ્ઞાનોત્કર્ષ કહેવાય'' શ્લોકાનુસાર

જ્ઞાનનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

શ્રીકૃષ્ણચન્દ્ર અને શ્રીયમુનાજી ઉભય સકલ ગોપ-ગોપીથી આવૃત્ત છે. પરોક્ષમાં પણ ભક્તો ભગવત્સમ્બન્ધની આકાંક્ષા રાખે છે. તેથી શ્રીયમુનાતટપર જ ભગવત્સમ્બન્ધનો અનુભવ થયો હતો એવી આશાથી, શ્રીયમુનાજીને જ વીંટાઈ રહે છે. આ પ્રમાણે ભગવત્પ્રીતિથી સદા તેઓ નિરુપધિ ભાવથી શ્રીયમુનાજીનો સંગ કરે છે. શ્રીયમુનાજી પર ભગવાનનો ભક્ત સાથે સમ્બન્ધ કરાવે છે અને ભક્તોના માન આદિ દોષ નિવારી તાપ દૂર કરે છે. અત્ર ''હરેશ્ચરણયોઃ પ્રીતિઃ સ્વસર્વસ્વનિવેદનાત્। ઉત્કર્ષશ્ચાપિ વૈરાગ્યે'' ''સ્વસર્વસ્વ નિવેદન કરવાથી હરિના ચરણમાં પ્રીતિ થાય ત્યારે વૈરાગ્યનો ઉત્કર્ષ કહેવાય'' એ પ્રમાણે અત્ર વૈરાગ્યનું નિરૂપણ છે. આ પ્રમાણે પ્રથમ છ વિશેષણથી છ ધર્મનું નિરૂપણ કરી હવે સપ્તમ 'કૃપાજલધિસંશ્રિતે' પદથી ધર્મીનું નિરૂપણ કરવામાં આવે છે. શ્રીકૃષ્ણચન્દ્ર કૃપાજલધિ છે. પ્રભુ સદા નિરવધિ કૃપાયુક્ત છે. કૃપા પ્રભુનો નિત્ય આવિર્ભૂત ધર્મ છે તેથી પ્રભુનું સ્વરૂપ જ છે પ્રભુના સર્વ ધર્મ નિત્ય છે, પરન્તુ જે લીલામાં જે ધર્મનો ઉપયોગ હોય તે લીલા સમયે તે ધર્મનો આવિર્ભાવ થાય છે, અન્ય સમયે આવિર્ભાવ થતો નથી. પરન્તુ કૃપા તો નિત્ય આવિર્ભૂત છે. પ્રભુ સર્વદા કૃપાયુક્ત છે તેથી આ પદ પ્રભુના સ્વરૂપનું જ પ્રતિપાદન કરે છે. શ્રીયમુનાજી પણ કૃપાજલધિ શ્રીકૃષ્ણચન્દ્રનો સંશ્રય કરી રહ્યા છે. અન્યનદી લૌકિક સમુદ્રને મળે છે. પરન્તુ શ્રીયમુનાજી અલૌકિક કૃપાજલધિનો સંશ્રય કરી રહ્યા છે. શ્રીયમુનાજીની સંગતિથી ભગવત્સંગતિ પ્રાપ્ત થાય છે એમ પણ ભાવ આ પદમાંથી સ્ફુરે છે. શ્રીયમુનાજી કૃપાજલધિ શ્રીકૃષ્ણચન્દ્રનો સંશ્રય અથવા સમ્યક્ અવિચ્છિન્ન આશ્રય કરી, મુખ્યસ્વામિનીવત્ રહ્યા છે, તેથી આ પદ શ્રીયમુનાજીનાં પણ સ્વરૂપનું જ પ્રતિપાદન કરે છે.

હે શ્રીયમુને! આવા ધર્મયુક્ત હરિમાં સૌકર્યથી મારું મન પ્રાપ્ત કરાવો. આરમ્ભથી પ્રાપ્તિપર્યન્ત સુખ જ થાય તેમ સૌકર્યથી આવા ધર્મયુક્ત હરિમાં મારું મન અનાયાસે પ્રાપ્ત કરવો.

અથવા આવા ધર્મયુક્ત હરિમાં મારા મનનું સુખ વિચારો અત્ર સુખનો અર્થ ભાવથી અનુભવાતો આનન્દ થાય છે. આવા ધર્મયુક્ત હરિમાં મને ભાવયુક્ત આનન્દ કેમ પ્રાપ્ત થાય તે આપ વિચારો. આપના વિચારવાથી મને એવો આનન્દ અવશ્ય પ્રાપ્ત થશે અને ઇતર કોઈ સાધનથી એવો આનન્દ મને પ્રાપ્ત થવાનો નથી, એવો અત્ર ભાવ રહેલો છે.

અથવા હે આવા ધર્મયુક્ત શ્રીયમુનાજી! મારા મનનાં સુખનો અર્થાત્

ભગવત્સ્વરૂપના અનુભવથી ઉત્પન્ન થતાં સુખનો તમે વિચાર કરો આવું મારું સુખ આપના મનમાં લાવો, આપના મનમાં જ્યારે આ આવશે ત્યારે જ મને તેનો અનુભવ થશે. કારણ કે ભગવાને આપનામાં અષ્ટવિધ ઐશ્વર્ય મૂકેલું છે અને પોતે અનીશ્વર હોય એમ સદા આપને અધીન છે તેથી આપના વિચારવાથી મને આ આનન્દાનુભવ અવશ્ય પ્રાપ્ત થશે એ અભિપ્રાયથી અત્ર સુચના થાય છે.

શ્રીમદાચાર્યચરણે પ્રથમ ચાર શ્લોકથી શ્રીયમુનાજીના ઉત્કર્ષનું વર્ણન કરી તેમની સ્તુતિ કરી; પરન્તુ ગંગાજી જેવાં ભગવદીયોમાં પણ ઉત્કર્ષનું સ્થાપન કરનાર શ્રીયમુનાજીના ઉત્કર્ષનું વર્ણન પણ કરવાને કોઈ સમર્થ નથી, કારણ કે શ્રીયમુનાજીના અલૌકિક ગુણો અનંત છે અને તેથી વાણીથી યથાર્થ વર્ણન થઈ શકે તેમ નથી એવા ભાવથી હવે શ્રીયમુનાજીની સ્તુતિ કરે છે.

યયા ચરણપદ્મજા મુરરિપોઃ પ્રિયમ્ભાવુકા
સમાગમનતોઽભવત્સકલસિદ્ધિદા સેવતામ્ ।।
તયા સદશતામિયાત્કમલજા સપત્નીવયદ્
હરિપ્રિયકલિન્દ્યા મનસિ મે સદા સ્થીયતામ્ ।।૫।।

જેમના સમાગમથી (શ્રીપ્રભુના) ચરણકમલમાંથી ઉત્પન્ન થયેલાં (ગંગાજી) શ્રીકૃષ્ણના પરમ પ્રીતિપાત્ર અને (નિજ) સેવકોને સકલસિદ્ધિનું દાન કરનાર થયાં તેવાં (શ્રીયમુનાજી)ની સમાન કમલજા (લક્ષ્મીજી) થાય તો થાય; કારણ કે તે સપત્ની છે. (આવાં) હરિપ્રિય શ્રીયમુનાજી મારા મનમાં સદા સ્થિતિ કરો.

ગંગાજી ચરણપદ્મજા છે, કારણ કે પ્રભુના ચરણકમલમાંથી ઉત્પન્ન થયેલાં છે. 'ચરણપદ્મજા' ને સ્થાને 'ચરણજા' પદ યોજ્યું હોત તો પણ અર્થ ગંગાજી જ થાત ઉત્પન્ન થયેલા બ્રહ્માએ ભગવાનની પ્રપઞ્ચમધ્યે ક્રીડા કરવાની ઇચ્છાથી પ્રપઞ્ચ ઉત્પન્ન કરવાની આજ્ઞા લઈ, પોતે કેવલ નિરપેક્ષ રહી, ભગવાનની ઇચ્છાનુસાર જગત્ રચ્યું તે પ્રમાણે ચરણપદ્મજા ગંગાજીએ પણ ભગવાનની ભક્તિમાર્ગ પ્રકટ કરવાની ઇચ્છા જાણી, પોતે કેવલ નિરપેક્ષ રહી, પોતામાં રહેલા ભગવાનના ચરણરેણુથી જીવોને ભગવત્સેવામાં ઉપયોગી થાય એવા દેહ સમ્પાદન કરાવી, ભગવત્ક્રીડામાટે ભગવાનની ભક્તિમાર્ગ પ્રકટ કરવાની ઇચ્છાનુસાર ભગવદીય જનો રચ્યા; અથવા જીવોનો પોતામાં રહેલા ભગવાનના ચરણરેણુથી, ભગવાનની સેવામાં ઉપયોગી થાય એવાં શરીર સંપાદન કરાવી ભગવદીયો બનાવ્યા, ગંગાજી ભગવાનના ચરણકમળમાંથી ઉત્પન્ન થયાં છે, તેથી ભગવાન્ સાથે

તેમનો સાક્ષાત્ સમ્બન્ધ છે, તેથી જ તેમને જીવોને ભગવદીય બનાવવાની આજ્ઞા થઈ. ગંગાજી ભગવાનના ચરણકમલમાંથી ઉત્પન્ન થયાં છે, તેથી તે નિર્દોષ અને પૂર્ણગુણવાળા છે. કારણ કે ભગવાનના ચરણકમળ નિર્દોષ, પૂર્ણ ગુણવાળાં અને ભક્તિરૂપ છે. ગંગાજી ચરણકમલમાંથી ઉત્પન્ન થયાં, એટલે ચરણકમલના ગુણ તેમનામાં પણ અવશ્ય હોય જ, જે તેમની સેવા કરે તેમનામાં પણ એ ગુણો આવે; કારણ કે કાર્યના ગુણો કારણના ગુણોના બને છે. ભગવાનના ચરણકમલ ગંગાજીના કારણરૂપ છે, કારણ કે ગંગાજી તેમાંથી ઉત્પન્ન થયાં અને ગંગાજી તેમનું કાર્ય છે. ચરણકમલરૂપી કારણમાં નિર્દોષતા, પૂર્ણ ગુણાત્મકતા, ભક્તિરૂપતા વગેરે જે ગુણો છે તેનું કાર્યરૂપી ગંગાજીમાં પણ સંક્રમણ થાય તે ઉચિત જ છે.

આવાં ભગવાન્ સાથે સાક્ષાત્ સમ્બન્ધવાળાં, નિર્દોષ, પૂર્ણ ગુણવાળાં, ભક્તિવાળાં અને જીવોને ભગવદીય બનાવનાર ગંગાજી પણ, જેમના કેવલ સમાગમથી ઉત્કર્ષ પામ્યાં, તેવાં શ્રીયમુનાજી સદશ કોણ હોઈ શકે? શ્રીયમુનાજી પુષ્ટિમાર્ગીય છે. તેમના સમાગમથી ગંગાજી ઉત્કર્ષ પામ્યાં. પ્રથમ ઉત્કર્ષ એ પામ્યાં કે શ્રીયમુનાજીના સમાગમથી તે મુરરિપુ અથવા ભક્તિ પ્રતિબંધને નિવારનાર શ્રીકૃષ્ણચંદ્રના પરમપ્રિય થયાં. શ્રીયમુનાજી સાક્ષાત્ ભગવત્સેવોપયોગી દેહ સંપાદન કરાવી, જીવોને ભગવાનના સેવક બનાવી, સેવકસૃષ્ટિ રચે છે, તેથી ભગવાનના પરમપ્રિય છે તેમ ગંગાજી શ્રીયમુનાજીના સમાગમ પછી શ્રીયમુનાજીના સંગમને લીધે શ્રીયમુનાજીના સ્મરશ્રમજનિત જલાણુના સમ્બન્ધથી, જીવોને સાક્ષાત્ સેવોપયોગી દેહ સંપાદન કરાવી સેવા કરે છે, તેથી ભગવાનનાં પરમપ્રિય થાય છે. શ્રીયમુનાજીના આવેશથી શ્રીયમુનાજી સદશ કાર્ય ગંગાજી કરે એમાં કાંઈ આશ્ચર્ય નથી, કારણ કે જેનામાં અન્યનો આવેશ હોય તે તેનું કાર્ય સદા કરે છે. ભક્તોમાં જ્યારે ભગવાનનો આવેશ હોય છે ત્યારે ભક્તો ભગવાનનું કાર્ય કરી શકે છે. તેમ ગંગાજીમાં શ્રીયમુનાજીના સંગમથી શ્રીયમુનાજીનો આવેશ થવાથી શ્રીયમુનાજીનું કાર્ય તે કરે તેમાં કાંઈ આશ્ચર્ય નથી.

ગંગાજી શ્રીયમુનાજીના સમાગમથી મુરરિપુનાં પરમપ્રિય થયાં. સમાગમ પહેલાં ગંગાજી પ્રિય ન હતાં, પરન્તુ સમાગમથી પ્રિય થયાં, ગંગાજી ભગવાનને પ્રથમ અપ્રિય હતાં, કારણ કે તે ભગવાનનું ચરણક્ષાલનજલ છે. ચરણક્ષાલનજલ હોવાથી અપ્રિય ગંગાજી પણ શ્રીયમુનાજીના સંગમથી મુરરિપુનાં પરમપ્રિય થયાં. ગંગાજી પ્રથમ પણ નિર્દોષ, પૂર્ણગુણવાળાં હતાં તે ભગવાનના ચરણનું જ માહાત્મ્ય, ગંગાજી તો ચરણક્ષાલનજલ હોવાથી અપ્રિય જ હતાં. અપ્રિય ગંગાજીને પણ પરમપ્રિય કરનાર શ્રીયમુનાજી સદશ કોણ હોઈ શકે?

ગંગાજી શ્રીયમુનાજીના સમાગમથી ભગવત્પ્રિય થયાં એ તેમનો પ્રથમ ઉત્કર્ષ વળી શ્રીયમુનાજીના સમાગમથી એમનો દ્વિતીય ઉત્કર્ષ એ થયો કે તે પોતાના સેવકોને સર્વસિદ્ધિનું દાન કરવા સમર્થ થયાં. શ્રીયમુનાજીની સંગતિથી ગંગાજી આ પણ ઉત્કર્ષ પામ્યાં એ શાસ્ત્રસિદ્ધ છે. શાસ્ત્રમાં સરસ્વતીના સંગમથી થતાં ગંગાજીના ઉત્કર્ષનું વર્ણન કરી, શ્રીયમુનાજીના સંગમથી થતાં ઉત્કર્ષનું વર્ણન કરેલું છે. ''સા રાજન્ દર્શનાદેવ બ્રહ્મહત્યાપહારિણી'' ''હે રાજા દર્શનમાત્રથી તે (ગંગાજી) બ્રહ્મહત્યાનો નાશ કરનાર (થયાં)'' શ્રુતિ પણ આ સંગમોત્કર્ષનું વર્ણન કરે છે. ''સિતાસિતે સરિતે યત્ર સંગતે તત્રાપ્લુતાસો દિવમુત્પન્તિ। યે વૈ તન્વાં વિસૃજન્તિ ધીરાસ્તે જનાસો અમૃતત્વં ભજન્તે'' ''સિત અને શ્યામ નદીઓનો જ્યાં સંગમ થાય છે ત્યાં સ્નાન કરનારને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. અને જે ત્યાં દેહનો ત્યાગ કરે છે, તેને મોક્ષ પ્રાપ્ત થાય છે.'' ઉપરના વાક્યનું અનુસંધાન કરી, અહીં પણ શ્રીયમુનાજીના સમાગમથી જ ગંગાજીનો આ ઉત્કર્ષ છે એમ જાણવું.

આવાં પોતાના સમાગમમાત્રથી નિજસમાન ગુણ સંપાદન કરાવનાર શ્રીયમુનાજી સદશ અન્ય કોણ હોઈ શકે! **ભાવાર્થ**-કોઈ હોઈ શકે જ નહીં. જો કોઈ હોઈ શકે તો કમલજા(લક્ષ્મીજી) હોઈ શકે; કારણ કે તે ભગવાનના પત્ની છે, એટલે શ્રીયમુનાજીના સપત્ની છે. લક્ષ્મીજી ભગવાનના પત્ની છે, તેથી જ શ્રીયમુનાજીના સપત્ની નથી; કારણ કે આ ગુણો શ્રીયમુનાજીમાં છે પરન્તુ લક્ષ્મીજીમાં નથી. ભગવાનનાં માત્ર પત્ની હોવાથી લક્ષ્મીજી શ્રીયમુનાજીનાં સપત્ની છે અને તેટલે અંશે શ્રીયમુનાજી સદશ છે. તેમાં પણ શ્રીયમુનાજી ભગવાનને અતિશય પ્રિય છે, કારણ કે તે કલિન્દી છે, એટલે કલિ અથવા દોષને નાશ કરનાર છે. સર્વ દોષનું નિવારણ કરી ભક્તાનુગુણ થાય છે. આવાં હરિપ્રિય કલિન્દી મારા મનમાં સદા સ્થિતિ કરો. મન ભાવનું અધિષ્ઠાન છે. ભાવ મનમાં રહે છે. તેથી આવાં ઐશ્વર્યવાળાં શ્રીયમુનાજી મનમાં સદા સ્થિતિ કરે તો ભાવ પણ નિર્દોષ અને પૂર્ણગુણયુક્ત થાય એવા હેતુથી ''શ્રીયમુનાજી મનમાં સદા સ્થિતિ કરો'' એ પ્રાર્થના છે.

આ પ્રમાણે ભક્તને પણ ઉત્કર્ષ કરનારાં શ્રીયમુનાજી ભક્તાનુગુણ છે. આવાં અતિશય ઉપકાર કરનાર શ્રીયમુનાજીનો પ્રત્યુપકાર કરવાનો અલ્પ પણ સમ્ભવ નથી, તેથી શ્રીયમુનાજી પ્રતિ નમન સિવાય કાંઈપણ અન્ય ઉચિત નથી એવાં આશયથી શ્રીમદાચાર્યચરણ ષષ્ઠ શ્લોકનું અવતરણ કરે છે.

નમોસ્તુ યમુને સદા તવ ચરિત્રમત્યદ્ભુતમ્ ।
ન જાતુ યમયાતના ભવતિ તે પયઃપાનતઃ ।।

યમોડપિ ભગિનીસુતાન્કથમુ હન્તિ દુષ્ટાનપિ ।
પ્રિયો ભવતિ સેવનાત્તવ હરેર્યથા ગોપિકાઃ ।।૬।।

હે શ્રીયમુનાજી! આપ પ્રતિ સદા (અમારા) નમસ્કાર હો. આપનું ચરિત્ર અતિ અદ્‌ભુત છે. આપના પયઃપાનથી યમયાતના કદાપિ થતી નથી. યમ પણ ભગિનીના પુત્રોનો દુષ્ટ હોય તો પણ કેમ નાશ કરે? આપના સેવનથી ગોપિકાઓની પેઠે (સેવન કરનાર) હરિને પ્રિય થાય છે.

શ્રીયમુનાજી આપ પ્રતિ અમારા સદા નમસ્કાર હો. શ્રીયમુનાજીને નમસ્કાર કરવા એ પણ અતિ દુર્લભ છે, માટે અમારા 'નમસ્કાર હો' એમ પ્રયોગ કરેલો છે. ભગવાનનું માહાત્મ્ય સર્વત્ર શાસ્ત્રસિદ્ધ છે, તેથી ભગવાન્ પ્રતિ નમસ્કાર સમ્ભવે છે. શાસ્ત્રમાંથી ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન થાય છે અને માહાત્મ્ય જ્ઞાન થવાથી નમસ્કાર પણ સમ્ભવે છે પરન્તુ શ્રીયમુનાજી પ્રતિ નમસ્કાર એટલા સુલભ નથી, પરન્તુ દુર્લભ છે. કારણ કે, ભગવત્કૃપા વિના શ્રદ્ધાની પણ ઉત્પત્તિ થતી નથી, તો પછી નમન તો કયાંથી જ થાય? શ્રીયમુનાજી પ્રતિ નમસ્કાર પણ દુર્લભ છે એમ જણાવવા 'અસ્તુ' (નમસ્કાર) 'હો' એ પદનો પ્રયોગ કરી, નમસ્કાર હો એમ પ્રાર્થના કરી છે.

'અસ્તુ' શબ્દનો પ્રયોગ પ્રાર્થના સિવાય પણ થાય છે તેથી અહીં 'નમસ્કાર હો' એમ પ્રાર્થના કરી નથી એમ શંકા થાય, તેનો નિરાસ કરવા, શ્રીયમુનાજીપ્રતિ નમસ્કાર દુર્લભ જ છે એમ સિદ્ધ કરવા, શ્રીમદાચાર્યચરણ ''આપનું ચરિત્ર અતિશય અદ્‌ભુત છે'' એમ કહે છે. શ્રીયમુનાજીનું ચરિત્ર અતિશય અદ્‌ભુત છે, તેથી તેમના પ્રતિ નમસ્કાર સિવાય ઇતર કોઈપણ કૃતિ ઉચિત નથી, એટલું જ નહીં પરન્તુ નમસ્કાર પણ અતિશય દુર્લભ છે. અને તેથી જ નમસ્કારમાટે અત્ર પ્રાર્થના કરવામાં આવે છે. શ્રીયમુનાજીનું ચરિત્ર અતિશય અદ્‌ભુત છે એ શાસ્ત્રસિદ્ધ છે. ''ગણ્ડૂપમાત્રમપ્યમ્બુપીત્વા ભવતિ સોમપાઃ સપ્તકૃત્વશ્ચ સપ્તૈસંસ્થાઃ સમાપ્નુયાત્'' ''અલ્પ પણ જળ પીવાથી સાતવાર સોમપા થાય છે અને સાત સોમસંસ્થા મેળવે છે'' ''વિનિગ્રહ્યાસ્ત્વયા ભ્રાતર્યે નરાઃ પાપકારિણઃ। તાનહં તારયિષ્યામિ પ્રાપ્સ્યામિ ચ સુરાલયમ્'' ''હે ભાઈ! જે પાપી નરોને તમારે શિક્ષા કરવાની છે તેમને હું તારીશ અને સુરાલયની પ્રાપ્તિ કરાવીશ'' ઇત્યાદિ સ્થળે શ્રીયમુનાજીનું અતિશય અદ્‌ભુત ચરિત્ર પ્રસિદ્ધ છે. ભગવાન્ અદ્‌ભુત ચરિત્રવાળા છે. શ્રીમદાચાર્યચરણ પણ ''નમૌ ભગવતે તસ્મૈ કૃષ્ણાયાદ્‌ભૂતકર્મણે'' ''અદ્‌ભુત કર્મવાળા શ્રીકૃષ્ણ ભગવાનને નમસ્કાર'' એ નિબન્ધના આદિ શ્લોકમાં ભગવાનનું ચરિત્ર અદ્‌ભુત છે એમ કહે છે ભગવાનનું ચરિત્ર અદ્‌ભુત છે. પરન્તુ શ્રીયમુનાજીનું

ચરિત્ર અતિશય અદ્‌ભુત છે. શ્રીભગવાનનું ચરિત્ર અદ્‌ભુત છે, કારણ કે ભગવાન્ અસાધનને સાધન કરે છે. અસાધનને જો ભગવાનની ભાવના માત્ર તેમાં કરવામાં આવતી હોય તો ભગવાન્ સાધન બનાવે છે, કારણ કે ભગવાનનો વિષયરૂપે તેમાં પણ પ્રવેશ છે જ. ભગવાનનો કોઈ પણ હેતુથી આશ્રય કરવામાં આવે છે તો પણ ભગવાન્ આ અસાધનરૂપી હેતુને ભગવાનની ભાવના માત્ર કરવામાં આવે છે તેથી સ્વપ્રાપ્તિનું સાધન બનાવે છે. આથી ભગવાન્ અદ્‌ભુત ચરિત્રવાળા છે, પરન્તુ શ્રીયમુનાજી અતિશય અદ્‌ભુત ચરિત્રવાળાં છે. કારણ કે શ્રીયમુનાજીની ભાવના કરવામાં ન આવે, પરન્તુ કેવલ જલ પીવાની ઇચ્છાથી જ જો શ્રીયમુનાજીના જલનું પાન કરવામાં આવે તો પણ તે ફલ સાધન થાય છે. કેવલ જલ પીવાની ઇચ્છાથી જ શ્રીયમુનાજીનું જલપીવું તેમાં શ્રીયમુનાજીની અલ્પ પણ ભાવના થતી નથી તેથી તે અસાધન જ છે તથાપિ શ્રીયમુનાજી તેને સાધન બનાવે છે. ભગવાન્ ગમે તેવા હેતુથી પોતાની ભાવના કરવામાં આવે તો અસાધનને પણ સાધન બનાવે છે, પરન્તુ શ્રીયમુનાજી તેમની ભાવના પણ કરવામાં ન આવે તો પણ અસાધનને સાધન બનાવે છે, તેથી ભગવાનનું ચરિત્ર અદ્‌ભુત છે. પરન્તુ શ્રીયમુનાજીનું ચરિત્ર અતિશય અદ્‌ભુત છે. આવા અત્યદ્‌ભુત ચરિત્રવાળાં શ્રીયમુનાજી પ્રતિ નમસ્કાર પણ દુર્લભ જ છે.

વળી આપના પયઃના પાનથી કદાપિ યમયાતના થતી નથી ભગવાન્નામથી પણ યમયાતના થતી નથી, પરન્તુ શ્રીયમુનાજીના પયઃપાનથી તો કદાપિ યમયાતના થથી નથી. મહાન્ અપરાધો હોય તો ભગવન્નામ ન પણ ફળે અને યમયાતના થાય, પરન્તુ શ્રીયમુનાજીના પયઃપાનથી તો ગમે તેવા મહાન્ અપરાધો હોય તો પણ યમયાતના થતી નથી તેથી પણ ભગવાનનું ચરિત્ર અદ્‌ભુત છે, પરન્તુ શ્રીયમુનાજીનું ચરિત્ર અતિશય અદ્‌ભુત છે એમ સિદ્ધ થાય છે.

અત્ર શંકા થાય કે શ્રીયમુનાજીના પયઃપાનથી યમયાતના કદાપિ થતી નથી એમ સમ્ભવે નહીં, કારણ કે લૌકિકમાં અદષ્ટથી કદાપિ આવું ફલ પ્રાપ્ત થતું નથી. તેમજ દષ્ટદ્વારા પણ આવું ફલ પ્રાપ્ત થાય એમ કદાપિ સમ્ભવતું નથી કારણ કે માત્ર જલ પીવાની ઇચ્છા થવાથી શ્રીયમુનાજીનું પયઃપાન થાય તો યમયાતના ન થાય એમ કોઈ સ્થળે સિદ્ધ થયું નથી માટે એ પ્રમાણરહિત છે. વળી પાપી અને અપરાધીઓને દંડ કરવો એ યમનો અધિકાર છે માટે યમ તેને દંડ કર્યા વિના રહે નહીં. આવી શંકા થાય તો તેના સમાધાનમાં શ્રીમદ્દાચાર્યચરણ તૃતીય ચરણનું અવતરણ કરે છે. યમનો પાપીઓને દણ્ડ કરવાનો અધિકાર છે ખરો, પરન્તુ ભગિનીસુતને યમ કેમ દણ્ડ કરે? યમની શ્રીયમુનાજી ભગિની થાય છે. કારણ કે ઉભય સૂર્યના અપત્ય છે. શ્રીયમુનાજી યમના

ભગિની છે એટલું જ નહીં, પરન્તુ તે નાના ભગિની છે, કારણ કે યમની ઉત્પત્તિ પછી દોષ દૂર કરવાની સૂર્યની ઇચ્છાથી શ્રીયમુનાજીની ઉત્પત્તિ થઈ છે. શ્રીયમુનાજી યમના કનિષ્ઠ હોવાથી યમને તેમનું સન્માન કરવું જ પડે. વળી શ્રીયમુનાજીનું જે પયઃપાન કરે, તે શ્રીયમુનાજીનો સુત ગણાય. પયઃ શબ્દના બે અર્થ થાય છે, દૂધ અને પાણી, પ્રથમ અર્થમાં પયઃપાન કરનાર પુત્ર થાય તે સ્પષ્ટ જ છે. દ્વિતીય અર્થમાં પણ પયઃપાન કરનાર સુત જ ગણાય; કારણ કે જલથી જ દેહની ઉત્પત્તિ થાય છે. પૃથ્વી, તેજ, વાયુ અને આકાશ, એ ચાર કરતાં દેહની ઉત્પત્તિમાં વિશેષે કરીને જલની આવશ્યક્તા છે. તેથી જલથી દેહની ઉત્પત્તિ છે. ''પઞ્ચમ્યામાહુતા વાપઃ પુરુષવચસો ભવન્તિ'' ''પંચમી આહુતિમાં જલ પુરુષની વાણી થાય છે'' ઇત્યાદિ શ્રુતિ પણ જલથી દેહની ઉત્પત્તિ થાય છે એમ કહે છે. જલ દેહોત્પાદક હોવાથી શ્રીયમુનાજીનું પયઃપાન કરનારનો દેહ પણ શ્રીયમુનાજીના પયઃથી બંધાયેલો થાય છે. તેથી તે શ્રીયમુનાજીનો સુત ગણાય. શ્રીયમુનાજીનો સુત તે યમનો ભાગિનેય (ભાણેજ) ભાગિનેયને દણ્ડ ન થાય એ લોકમાં પણ પ્રસિદ્ધ જ છે. માટે યમ પણ ભગિનેયને દણ્ડ કેમ કરે? કદાપિ ન જ કરે. એમાં કાંઈ નવાઈ નથી.

આ પ્રમાણે શ્રીયમુનાજીના દોષનિવારક અતિ અદ્ભુત ચરિત્રનું વર્ણન કરી, ચતુર્થ ચરણમાં શ્રીમદાચાર્યચરણ શ્રીયમુનાજીના ફલસંપાદક અદ્ભુત ચરિત્રનું વર્ણન કરે છે. શ્રીયમુનાજીની સેવાથી ગોપિકાની પેઠે સેવન કરનાર હરિને પ્રિય થાય છે. ભગવાન્ જે-જે જીવનો અંગીકાર કરે, તે જીવ ભગવાને કહેલાં સાધન કરે ત્યારે તેની ભગવાન્ પર પ્રીતિ થાય છે એ ભગવચ્છાસ્ત્રસિદ્ધ છે. અંગીકૃત જીવની સાધનવડે ભગવાન્ પર પ્રીતિ થાય છે. પરન્તુ ભગવાનની જીવ પર પ્રીતિ થતી નથી, કારણ કે નિર્દોષ સર્વ અપ્રાકૃતગુણગણથી અલંકૃત ભગવાન્ સદોષ જીવપર પ્રીતિ કરે અને તેની સાથે રમણ કરે એમ બને જ નહીં. પરન્તુ પુષ્ટિમાર્ગીય શ્રીયમુનાજીના સેવનથી, સર્વ ભાવ વડે ચિત્તને શ્રીયમુનાજીને આધીન કરવાથી, જીવ શ્રીયમુનાજીનો થાય છે અને તેથી પ્રભુના સમ્બન્ધી શ્રીયમુનાજીનો સમ્બન્ધી થાય છે. આ પ્રમાણે શ્રીયમુનાજીનાં સેવનથી પ્રભુના સમ્બન્ધીનો સમ્બન્ધી થવાથી જીવ સર્વ દુઃખ હરનાર હરિને પ્રિય થાય છે. આ પણ શ્રીયમુનાજીનું અદ્ભુત ચરિત્ર જ છે, કારણ કે એકની સેવાથી બીજાને સંતોષ થાય અને તેની પ્રીતિ થાય એવું કદાપિ બને નહીં; પરન્તુ શ્રીયમુનાજીની સેવાથી શ્રીકૃષ્ણચંદ્રની પ્રીતિ થાય એ શ્રીયમુનાજીનું અદ્ભુત ચરિત્ર.

વળી શ્રીયમુનાજીની સેવાથી શ્રીકૃષ્ણની પ્રીતિ થાય એ સપ્રમાણ છે, એમ દર્શાવવા શ્રીમદાચાર્યચરણ ગોપિકાનો દૃષ્ટાન્ત આપે છે. જેમ વ્રત પ્રસંગે અને ફલપ્રકરણમાં

ગુણગાન પ્રસંગે શ્રીયમુનાજીની સેવાથી ગોપિકાઓ શ્રીકૃષ્ણચંદ્રને પ્રિય થયાં, તેમ ઇતર જીવો પણ શ્રીયમુનાજીની સેવાથી શ્રીકૃષ્ણચંદ્રને પ્રિય થાય એમાં કાંઈ આશ્ચર્ય નથી. અથવા, જેમ શ્રીયમુનાજીની સેવાથી ગોપિકાઓ ભગવાનના સર્વભાવથી પ્રીતિ વિષય થયાં તેમ ઇતર જીવ પણ ભગવાનના સર્વભાવથી પ્રીતિવિષય થવાનાં શ્રીયમુનાજીની સેવાથી ભગવાનની પ્રીતિ થાય એ પ્રતીતિમાત્ર નથી, પરન્તુ ગોપિકાઓ પેઠે ઇતર જીવ પણ તેથી ભગવાનના સર્વભાવથી પ્રીતિવિષય થવાનાં જ, એવો 'યથા ગોપિકાઃ' એ દૃષ્ટાન્તનો ભાવાર્થ છે.

શ્રીયમુનાજીના તીરપર વાસ અથવા શ્રીયમુનાજીનું જલપાન ઇત્યાદિ આવશ્યક દૈહિક ધર્મથી પણ શ્રીયમુનાજીનો સમ્બન્ધ થાય તો પણ મુક્તિથી પણ અધિક ભક્તિની પ્રાપ્તિ થાય છે. અથવા, ''પ્રજ્ઞયા શરીરં સમારુહ્ય'' ''બુદ્ધિથી શરીરનું આરોહણ કરી'' ઇત્યાદિ શ્રુતિન્યાયે દેહનો આવશ્યક ધર્મ ઇતર દેહની ઉત્પત્તિ જ છે. દેહાન્તર પ્રાપ્તિ એ દેહનો આવશ્યક ધર્મ છે. ભગવચ્છાસ્ત્રમાં મુક્તિમાં પણ સેવામાં ઉપયોગી થાય એવા દેહાન્તરની પ્રાપ્તિ થાય એમ વર્ણવેલું છે, તેથી શ્રીમદ્દાચાર્યચરણ પણ સેવાફલ ગ્રન્થમાં ''સેવોપયોગી દેહો વૈકુણ્ઠાદિષુ'' ''વૈકુણ્ઠ આદિ સ્થલમાં સેવોપયોગી દેહની પ્રાપ્તિ થાય છે'' એમ લખે છે, તેથી સર્વ દશામાં દેહાન્તર પ્રાપ્તિ દેહનો આવશ્યક ધર્મ છે. આ દેહાન્તર પ્રાપ્તિરૂપ આવશ્યક ધર્મ પણ જો શ્રીયમુનાજીની સન્નિધિમાં પ્રાપ્ત થાય, અને તેથી જો શ્રીયમુનાજીનો કેવલ દૈશિક સમ્બન્ધ થાય તો પણ મુક્તિથી પણ અધિક ભક્તિની પ્રાપ્તિ થાય તો પછી તે પ્રમાણે દેહાન્તરની પ્રાપ્તિ જેને થઈ હોય તેને યમયાતના ન થાય એમાં શંકા શું? એમ કૈમુતિકન્યાયથી શ્રીમદ્દાચાર્યચરણ સપ્તમ શ્લોકનું અવતરણ કરે છે.

મમાસ્તુ તવ સન્નિધૌ તનુનવત્વમેતાવતા
ન દુર્લભતમા રતિર્મુરરિપૌ મુકુન્દપ્રિયે ।।
અતોઽસ્તુ તવ લાલના સુરધુની પરં સઙ્ગમાત્
તવૈવ ભુવિ કીર્તિતા ન તુ કદાપિ પુષ્ટિસ્થિતૈઃ ।।૭।।

હે મુકુન્દપ્રિયે! આપની સન્નિધિમાં મને નૂતન તનુની પ્રાપ્તિ થાઓ. એટલાથી જ મુરરિપુમાં રતિ દુર્લભ નથી. તેથી (આધુનિક શરીરની નિવૃત્તિપર્યન્ત) આપની (સ્તુતિરૂપ) લાલના હો. સુરધુનીની આપના જ સંગમથી ભૂતલ પર અતિશય સ્તુતિ થાય છે. પરન્તુ (કેવલ અર્થાત્ આપના સંગમરહિત સુરધુનીની) કદાપિ પુષ્ટિભક્તો સ્તુતિ કરતા નથી.

આપની સન્નિધિમાં મને નૂતન લીલોપયોગી દેહની પ્રાપ્તિ થાઓ. દુષ્ટની

સન્નિધિમાં શ્રીયમુનાજીનો તિરોભાવ થાય છે. દુષ્ટની સન્નિધિ ન હોવાથી જ્યાં શ્રીયમુનાજીનો તિરોભાવ ન થયેલો હોય તેવા સ્થળે નૂતન લીલોપયોગી દેહની પ્રાપ્તિ થાઓ એવો અત્ર આશય છે. શ્રીયમુનાતીરે જે-જે દેહની પ્રાપ્તિ થાય તે-તે દેહ નૂતન લીલોપયોગી હોય તેમ નહીં, પરન્તુ જ્યાં-જ્યાં દુષ્ટજનના અભાવથી શ્રીયમુનાજીનો તિરોભાવ થયેલો ન હોય ત્યાં-ત્યાં નૂતન લીલોપયોગી દેહની પ્રાપ્તિ થાય છે અને એવા દેહની પ્રાપ્તિ અત્ર ઇચ્છેલી છે. આ પ્રાર્થનાથી પૂર્વ દેહની નિવૃત્તિનું પણ સૂચન થઈ જાય છે. પૂર્વ શરીરની નિવૃત્તિ થયા વિના નૂતન દેહની પ્રાપ્તિ થઈ શકે નહીં, તેથી નૂતન દેહની પ્રાર્થનામાં જ પૂર્વ શરીરનું નિવૃત્તિનું પણ સૂચન થઈ જાય છે. અત્ર પૂર્વદેહની નિવૃત્તિથી પૂર્વદેહનો નાશ એવો અર્થ લેવાનો નથી, પરન્તુ મૃત્તિકાના બનેલા ઘડાને અગ્નિમાં પકવવાથી મૃત્તિકાની જેવી નિવૃત્તિ થાય છે, તેવી અત્ર પૂર્વદેહની નિવૃત્તિ સમજવાની છે, કારણ કે અત્ર ‘તનુનવત્વ’ ની પ્રાર્થના કરેલી છે. ‘તનુનવત્વમ્’ એટલે ‘તનોર્નવત્વમ્’ અથવા પૂર્વ દેહનું નૂતનપણું પૂર્વ દેહનો નાશ થવાનો હોય તો તેનું નૂતનપણું ક્યાંથી સમ્ભવે? અત્ર પૂર્વતનુનો નાશ થતો નથી, પરન્તુ પૂર્વતનુ નૂતન થાય છે. જેમ મૃન્મય ઘટ અગ્નિથી પક્વ થાય છે તેમ પૂર્વદેહ શ્રીયમુનાજીની સન્નિધિથી નૂતન અર્થાત્ લીલોપયોગી થાય છે. શ્રીયમુનાજીની સન્નિધિમાં નૂતન દેહની સમ્પત્તિ થવી એ પણ શ્રીયમુનાજીની ઇચ્છાને જ આધીન છે, શ્રીયમુનાજી એ સમ્પત્તિ કરાવે તો જ થાય છે એમ દર્શાવવા ‘અસ્તુ’ ‘થાઓ’ પદથી નૂતનદેહમાટે પ્રાર્થના કરેલી છે. આટલાથી જ અર્થાત્ નૂતનદેહ સમ્પત્તિ માત્રથી જ મુરરિપુ શ્રીકૃષ્ણચન્દ્રમાં રતિ થવી એ દુર્લભ નથી. શ્રીયમુનાજી સેવોપયોગી નૂતનદેહની સમ્પત્તિ કરાવે એટલે શ્રીકૃષ્ણચન્દ્રમાં રતિ દુર્લભ રહેતી નથી. ભગવાનમાં રતિ થવી એ દુર્લભ છે, કારણ કે શ્રીયમુનાજીનો સમ્બન્ધ થવો એ દુર્લભ છે અને શ્રીયમુનાજીના સમ્બન્ધ વિના ભગવાનમાં રતિ થતી નથી, પરન્તુ શ્રીયમુનાજી નૂતન લીલોપયોગી દેહની સમ્પત્તિ કરાવે એટલે શ્રીયમુનાજીનો સમ્બન્ધ થવાથી શ્રીકૃષ્ણચન્દ્રમાં રતિ પણ સુલભ જ છે. શ્રીયમુનાજીનો સમ્બન્ધ થયા પછી ભગવાનમાં રતિ અથવા ભક્તિ ઉત્પન્ન થવામાં કદાચિત્ કોઈ પ્રતિબંધ હોય તો જેમ જલદોષરૂપ મુરનું ભગવાને નિવારણ કર્યું તેમ શ્રીયમુનાજીના સમ્બન્ધને લીધે સર્વદોષનું નિવારણ કરશે એમ સૂચવવાને ‘મુરરિપૌ’ પદ યોજેલું છે. જેમ નરકાસુરે પૂરી રાખેલી કન્યાઓ પર અનુગ્રહ કરવા જલદોષરૂપ મુરને નિવાર્યો તેમ શ્રીયમુનાજીના સમ્બન્ધથી શ્રીયમુનાજીના સેવકના સર્વ દોષનું નિવારણ કરે એમાં કાંઈ આશ્ચર્ય નથી શ્રીયમુનાજીના સમ્બન્ધીઓએ ભક્તિમાં પ્રતિબન્ધ થાય તે દૂર કરવા કાંઈ પણ યત્ન કરવાની આવશ્યકતા નથી, કારણ કે આ સર્વ પ્રતિબંધ ભગવાન્ પોતે જ દૂર કરે છે.

અત્ર શ્રીયમુનાજીનું ‘મુકુન્દપ્રિયે’ એમ સમ્બોધન કરેલું છે. ભગવાન્ ‘મુકુન્દ’ મોક્ષદાતા છે એ સ્વાભાવિક છે તો પણ શ્રીયમુનાજીના સમ્બન્ધને લીધે, શ્રીયમુનાજી તેમને અતિશય પ્રિય હોવાથી, અલૌકિક સેવોપયોગી દેહ આપશે એ આશય આ પદ યોજવામાં રહેલો છે અથવા મોક્ષદાતા ભગવાન્ મુકુન્દે ગૃહમાં જ પોતાની મેળે ચતુર્વિધપુરુષાર્થયુક્ત અનુભાવનો આવિર્ભાવ કર્યો. તે સમાન સખ્યવડે સ્વતન્ત્રભક્તિથી ભગવદીયત્વની સમ્પત્તિ કરાવે છે. આવા ભગવદીયત્વની સમ્પત્તિ કરાવનાર ભગવાનના અતિપ્રિય હોવાથી શ્રીયમુનાજી ભગવાન્ સમાન ધર્મવાળા છે અને તેથી તે પણ ભગવદીયત્વની સમ્પત્તિ કરાવે છે. આ પ્રમાણે ‘મુકુન્દપ્રિયે’ અભિધાનથી શ્રીયમુનાજી ભગવદીયત્વની સમ્પત્તિ કરાવનાર અને સ્વતન્ત્ર ભક્તિનું દાન કરનાર છે એમ શ્રીયમુનાજીના પરમ ઉત્કર્ષનું નિરૂપણ થાય છે, તેથી આ સમ્બોધન યોજ્યું છે.

જેમ-તેમ શ્રીયમુનાજીનો સમ્બન્ધ થવાથી પ્રતિબંધ દૂર થાય છે. અને ભક્તિ પ્રાપ્તિ સુલભ થાય છે તેથી ‘‘આપની લાલના હો’’ એમ વિશેષ પ્રાર્થના કરી છે. જ્યાં સુધી આધુનિક દેહની નિવૃત્તિ થાય ત્યાં સુધી આપની સ્તુતિરૂપ લાલના હો. આધુનિક દેહની નિવૃત્તિપર્યન્ત જ લાલનાની પ્રાર્થના છે, કારણ કે આધુનિક દેહની નિવૃત્તિ પણ જ્યારે અલૌકિક નવીન દેહની સમ્પત્તિ થશે ત્યારે શ્રીયમુનાજીના તીરપર લીલારસનો જ અનુભવ થશે. શ્રીયમુનાજી પાસે અત્ર સ્તુતિરૂપ લાલનાની પ્રાર્થના કરી છે. માતા પોતાના બાળકની લાલન સમયે પ્રેમથી સ્તુતિ પણ કરે છે, પરન્તુ આ સ્તુતિ લાલન જ ગણાય, કારણ કે લાલન કરતાં જ કરેલી છે. એવી સ્તુતિરૂપ લાલનાની અત્ર પ્રાર્થના કરેલી છે. તે પણ કેવલ શ્રીયમુનાજીની કૃપાથી જ થાય છે, એમ જણાવવા ‘અસ્તુ’ ‘થાઓ’ એમ પ્રાર્થના કરેલી છે.

અત્ર શંકા થાય કે ગંગાજી પણ નૂતન દેહની પ્રાપ્તિ કરાવનાર છે તેથી એ ફલ પ્રાપ્ત કરવા ગંગાજીની જ સ્તુતિ કરવી ઉચિત હતી. તો તેનો નિરાસ કરવા શ્રીમદાચાર્યચરણ ગંગાજીની ભૂતલપર ખ્યાતિ કેમ થઈ તે વર્ણવે છે. ‘‘સુરધુનીની આપના જ સંગમથી ભૂતલપર અતિશય સ્તુતિ થાય છે’’ ગંગાજીમાં પણ શ્રીયમુનાજીના સમ્બન્ધથી જ પુષ્ટિમાર્ગીય ફલ પ્રાપ્ત કરાવવાનું સામર્થ્ય આવેલું છે. સાક્ષાત્ પુરુષોત્તમની લીલાસમ્બન્ધી અલૌકિક દેહની પ્રાપ્તિથી પુષ્ટિમાર્ગીય ફલ પ્રાપ્ત થાય છે. ગંગાજી શ્રીયમુનાજીના સમ્બન્ધથી જ આ અલૌકિક દેહની પ્રાપ્તિ કરાવે છે. તેથી શ્રીયમુનાજીના સંગમથી જ ભૂતલપર ગંગાજીની સ્તુતિ થાય છે, એકલાં ગંગાજીની સ્તુતિ થતી નથી. કદાપિ પુરાણોમાં કેવલ ગંગાજીની સ્તુતિ મળી આવે છે, પરન્તુ પુષ્ટિમાર્ગીય ભક્તો કેવલ ગંગાજીની કદાપિ સ્તુતિ કરતા નથી. મર્યાદામાર્ગીય ભક્તો કેવલ ગંગાજીની પણ

સ્તુતિ કરે છે, કારણ કે તેમને શ્રીયમુનાજીના સ્વરૂપનું જ્ઞાન નથી, પરન્તુ પુષ્ટિમાર્ગીય ભક્તોને શ્રીયમુનાજીના સ્વરૂપનું જ્ઞાન હોવાથી કેવલ ગંગાજીની સ્તુતિ કદાપિ કરતા નથી, પરન્તુ શ્રીયમુનાજીના સંગમથી જ ગંગાજીની સ્તુતિ કરે છે. તેથી શ્રીયમુનાજીના સંગમથી જ ગંગાજીમાં નૂતન દેહ સમ્પત્તિ કરાવવાનું સામર્થ્ય હોવાથી, કેવલ ગંગાજીમાં આ સામર્થ્ય ન હોવાથી, આ સામર્થ્ય શ્રીયમુનાજીનું જ છે, એમ નિશ્ચય થાય છે; તેથી તે ફલપ્રાપ્તિમાટે શ્રીયમુનાજીની સ્તુતિ કરવી જ ઉચિત છે.

જેના સમ્બન્ધમાત્રથી સર્વવંદ્ય ગંગાજીની સ્તુતિ થવા માંડી એવાં શ્રીયમુનાજીની સ્તુતિ કરવા કોણ સમર્થ હોય એવા આશયથી શ્રીમદ્દાચાર્યચરણ અષ્ટમ શ્લોકનું અવતરણ કરે છે.

સ્તુતિં તવ કરોતિ કઃ કમલજાસપત્નિ પ્રિયે
હરેર્યદનુસેવયા ભવતિ સૌખ્યમામોક્ષતઃ ।
ઇયં તવ કથાધિકા સકલગોપિકાસઙ્ગમસ્મરશ્રમજલાણુભિઃ
સકલગાત્રજૈઃ સઙ્ગમઃ ।।૮।।

હે કમલજાસપાત્ન હરિપ્રિય (શ્રીયમુનાજી)! આપની સ્તુતિ કોણ કરી શકે? કારણ કે (લક્ષ્મીજીની) હરિ પછી સેવા કરવાથી મોક્ષપર્યન્ત સુખ થાય છે. આપની કથા આટલી અધિક છે. (આપથી) સકલ ગોપિકાના સંગમથી થતા સ્મરશ્રમના સકલગાત્રમાંથી ઉત્પન્ન થયેલા જલબિંદુઓ સાથે સંગમ થાય છે.

શ્રીયમુનાજીની સ્તુતિ કરવા પણ કોઈ સમર્થ નથી. વાણી આદિ નહીં પહોંચી શકવાથી જેમ રસસ્વરૂપ પુરુષોત્તમની સ્તુતિ કરવા કોઈ સમર્થ નથી તેમ શ્રીયમુનાજીની સ્તુતિ કરવા પણ કોઈ સમર્થ નથી. ''યતો વાચો નિવર્તન્તેઽપ્રાપ્ય મનસા સહ'' ''જ્યાંથી વાણી મન સાથે પહોંચ્યા વિના જ પાછી ફરે છે'' એ શ્રુતિ શ્રીપુરુષોત્તમ વાચા તથા મનથી અપ્રાપ્ય હોવાથી કોઈ તેમની સ્તુતિ કરવા સમર્થ નથી એમ ઉદ્બોધ કરે છે. તે જ પ્રમાણે શ્રીયમુનાજીનું માહાત્મ્ય પણ મન અને વાણી થી અપ્રાપ્ય હોવાથી શ્રીયમુનાજીની પણ સ્તુતિ કરવા કોઈનું સામર્થ્ય નથી.

શ્રીયમુનાજીની સ્તુતિ કોઈ કરી શકે એમ નથી, કારણ કે શ્રીયમુનાજી કમલજા સપત્ની છે. કમલજાસપત્ની સમ્બોધન સ્તુતિ અશક્ય હોવાનો હેતુ છે. શ્રીયમુનાજી લક્ષ્મીજીનાં સપત્ની છે. શ્રીયમુનાજી લક્ષ્મીજીથી વિરુદ્ધ સ્વભાવવાળાં હોવાથી લક્ષ્મીજીનાં

સપત્ની છે. લક્ષ્મીજી પ્રમાણસિદ્ધ બ્રહ્માનન્દસ્વરૂપ છે. લક્ષ્મીજી પ્રમાણસિદ્ધ બ્રહ્માનન્દસ્વરૂપ હોવાથી પ્રમાણભૂત વેદ વગેરે વાક્યોથી તેમના માહાત્મ્યનું નિરૂપણ કરી શકાય, પરન્તુ શ્રીયમુનાજી પુષ્ટિલીલાસ્થ હોવાથી વેદાદિ પ્રમાણથી અતીત પ્રમેયાનન્દરૂપ છે. આ પ્રમેયાનન્દરૂપ ''યતો વાચો નિવર્તન્તેઽપ્રાપ્ય મનસા સહ'' શ્રુતિન્યાયે મન અને વાણી થી અપ્રાપ્ય હોવાથી તેની સ્તુતિ થઈ શકતી નથી. શ્રીયમુનાજી પણ પ્રમેયાનન્દસ્વરૂપ હોવાથી તેમની સ્તુતિ થઈ શકતી નથી. લક્ષ્મીજી પ્રમાણસિદ્ધ બ્રહ્માનન્દસ્વરૂપ છે. અને તેમની સ્તુતિ થઈ શકે છે. શ્રીયમુનાજી પ્રમેયસ્વરૂપ છે. અને તેમની સ્તુતિ થઈ શકતી નથી. આ પ્રમાણે લક્ષ્મીજીથી શ્રીયમુનાજીનો સ્વભાવ વિરુદ્ધ છે. લક્ષ્મીજીથી વિરુદ્ધ સ્વભાવવાળાં હોવાથી શ્રીયમુનાજી લક્ષ્મીજીનાં સપત્ની છે.

ભગવત્સમ્બન્ધ સર્વને સ્તુત્ય કરે છે. ભગવત્સમ્બન્ધવિના કોઈ સ્તુત્ય નથી. જેને ભગવાનનો સમ્બન્ધ હોય તે જ સ્તુતિ કરવા યોગ્ય છે. જેને ભગવાનનો સમ્બન્ધ નથી તે સ્તુત્ય નહીં. પરન્તુ નિંદ્ય છે. ભગવાન્ પણ શ્રીમદ્ભગવદ્ગીતામાં ''મામપ્રાપ્યૈવ કૌન્તેય તતો યાન્ત્યધમાં ગતિમ્'' ''હે કૌન્તેય! મને પ્રાપ્ત કર્યા વિના જ તેમની અધમ ગતિ થાય છે'' શ્લોકમાં ભગવત્સમ્બન્ધવિના અધમ ગતિ થાય છે એમ કહે છે. તેથી જેને ભગવત્સમ્બન્ધ ન હોય તે નિંદ્ય જ છે, સ્તુત્ય નથી. ભગવત્સમ્બન્ધથી સ્તુતિ કરવા યોગ્ય અથવા સ્તુત્ય થવાય છે; અને ભગવત્સમ્બન્ધના અભાવે નિંદ્ય થવાય છે. તેથી સમ્બન્ધ તારતમ્યથી સ્તુત્યત્વમાં તારતમ્ય થાય છે. જેને ભગવત્સમ્બન્ધ અધિક હોય તે અધિક સ્તુત્ય અને જેને ભગવત્સમ્બન્ધ ન્યૂન હોય તેનું સ્તુત્યત્વ પણ અલ્પ જ. આ પ્રમાણે ભગવત્સમ્બન્ધના પ્રમાણમાં સ્તુત્યત્વ છે. લક્ષ્મીજીનો નિવાસ સદા ભગવાનના ઉરમાં જ છે, તેથી તેમનો ભગવાન્ સાથે નિરતિશય સમ્બન્ધ છે. ભગવત્સમ્બન્ધ અતિશય હોવાથી લક્ષ્મીજી અતિશય સ્તુત્ય છે. શ્રીયમુનાજી સિવાય ઇતર સર્વ લક્ષ્મીજીના સપત્ની લક્ષ્મીજીના જ અંશ હોવાથી લક્ષ્મીજીને અધીન છે. પરન્તુ શ્રીયમુનાજી લક્ષ્મીજી સમાન જ સૌભાગ્યવાળાં છે અને તેથી લક્ષ્મીજી પેઠે સ્વતન્ત્ર છે.

શ્રીયમુનાજી લક્ષ્મીજીસમાન સૌભાગ્યવાળા છે. પરન્તુ લક્ષ્મીજીની સ્તુતિ જગતમાં થાય છે. શ્રીયમુનાજી સ્વતન્ત્ર છે, તો પણ લક્ષ્મીજી સમાન સૌભાગ્યવાળાં હોવાથી લક્ષ્મીજી સાથે તેમને માત્ર સામ્ય જ હોવાથી, અર્થાત્ લક્ષ્મીજીથી આધિક્ય નહીં હોવાથી, લક્ષ્મીજી પેઠે તેમની સ્તુતિ પણ થઈ શકે જ, એવી શંકાનો નિરાસ કરવા સમાન જ હોય તો લક્ષ્મીજી પેઠે શ્રીયમુનાજીની સ્તુતિ પણ સમ્ભવે. પરન્તુ સર્વ વિષયમાં શ્રીયમુનાજી લક્ષ્મીજી સમાન નથી, પરન્તુ લક્ષ્મીજીથી અધિક છે. સ્વાતન્ત્યમાં

ઉભય સમાન છે, પરન્તુ શ્રીયમુનાજી ભગવાનના અતિશય પ્રિય છે અને તેથી લક્ષ્મીજીથી અધિક છે. 'નાહમાત્મા' શ્લોકમાં દુર્વાસાપ્રતિ ભગવાન્ પોતે જ આવા ભક્તો લક્ષ્મીજીથી અતિશય પ્રિય છે એમ કહે છે. તેથી શ્રીયમુનાજી લક્ષ્મીજીથી અધિક છે એ પ્રમાણ સિદ્ધ જ છે. શ્રીયમુનાજી લક્ષ્મીજીથી અધિક હોવાથી તેમની સ્તુતિ કરવા કોઈનું સામર્થ્ય ન હોય તો તેમાં કાંઈ આશ્ચર્ય નથી.

શ્રીયમુનાજી લક્ષ્મીજીથી અધિક છે. એ પ્રમાણસિદ્ધ છે. એટલું જ નહીં, પરન્તુ ફલથી પણ સિદ્ધ છે એમ દર્શાવવા ઉભયથી પ્રાપ્ત થતા ફલનું નિરૂપણ કરે છે. પ્રથમ દ્વિતીય પાદમાં લક્ષ્મીજીથી થતા ફલનું નિરૂપણ કરે છે. લક્ષ્મીજીની હરિની પછી સેવા કરવાથી મોક્ષપર્યન્ત સુખ થાય છે, અર્થાત્ અધિકમાં અધિક મોક્ષપ્રાપ્તિ થાય છે. લક્ષ્મીજીની સેવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે, પરન્તુ તેમાં પણ લક્ષ્મીજીની સેવા મુખ્ય નથી પણ ગૌણ છે. પ્રભુની પછી લક્ષ્મીજીની સેવા કરવાની છે, અર્થાત્ પ્રભુની સેવા મુખ્ય છે. અને લક્ષ્મીજીની સેવા ગૌણ છે. લક્ષ્મીજીની સેવાથી મોક્ષ અથવા પુરુષોત્તમસાયુજ્ય સુધી ફલ પ્રાપ્ત થાય છે, અર્થાત્ સાલોક્ય, સાર્ષ્ટિ, સામીપ્ય એ ત્રણ પ્રકારના મોક્ષ પ્રાપ્ત થાય છે, પરન્તુ પુરુષોત્તમ સાયુજ્યની પ્રાપ્તિ થતી નથી. ભક્તિ માર્ગથી ભગવાનનું સેવા કરવાથી જ પુરુષોત્તમ સાયુજ્ય થાય છે, પરન્તુ ઇતર કોઈની સેવાથી સાયુજ્ય પ્રાપ્ત થતું નથી. શ્રીમદ્દાચાર્યચરણ પણ નિબન્ધના શાસ્ત્રાર્થ પ્રકરણમાં ''આદિમૂર્તિઃ કૃષ્ણ એવ સેવ્યઃ સાયુજ્યકામ્યયા'' ''સાયુજ્યની કામનાવાળાએ આદિમૂર્તિ શ્રીકૃષ્ણચન્દ્રની જ સેવા કરવી'' શ્લોકમાં સાયુજ્ય ફલ માત્ર શ્રીકૃષ્ણની સેવાથી જ થાય છે એમ કહે છે. 'એવ' 'જ' શબ્દથી શ્રીકૃષ્ણની સેવા વિના ઇતર કારણનો નિરાસ થાય છે, અર્થાત્ શ્રીકૃષ્ણસેવા વિના સાયુજ્યફલપ્રાપ્તિનું ઇતર કોઈ સાધન નથી. તેથી લક્ષ્મીજીની સેવાથી સાયુજ્ય પ્રાપ્ત થતું નથી, તે વિના ઇતર પ્રકારના મોક્ષ પ્રાપ્ત થાય છે. તેથી જ વૈકુણ્ઠમાં લક્ષ્મીજીની સખીઓ સાયુજ્યનો અનુભવ કરી શકતી નથી, પરન્તુ સાલોક્ય આદિ ઇતર મોક્ષનો અનુભવ કરે છે. સાયુજ્ય માત્ર લક્ષ્મીજી પોતે જ ભોગવે છે, સ્વકીય ભોગ્ય પદાર્થ કોઈ બીજાને દેવા ઇચ્છતું નથી. બાલબોધમાં શ્રીમદ્દાચાર્યચરણ પણ ''લોકેડપિ યત્પ્રભુર્ભુઙ્કતે તન્ન યચ્છતિ કર્હિચિત્'' ''લોકમાં પણ શેઠ જે ભોગવે છે તે કોઈને આપતા નથી'' શ્લોકમાં સ્વકીય ભોગ્ય પદાર્થ કોઈ બીજાને આપતું નથી એમ કહે છે. લક્ષ્મીજી સાયુજ્ય મુક્તિનો ભોગ કરનાર હોવાથી કોઈને સાયુજ્યનું દાન કરે નહીં. તેથી લક્ષ્મીજીની સેવાથી સાયુજ્ય વિના સાલોક્ય વગેરે મોક્ષની જ પ્રાપ્તિ થાય છે. લક્ષ્મીજીની સેવાથી સાયુજ્ય ન મળે તો સાયુજ્યથી પણ અધિક ભજનાનન્દની તો વાત જ શી!

આ ફલ પણ ભગવાનની સાથે અને ભગવાનની પછી લક્ષ્મીજીની સેવા કરવામાં આવે ત્યારે જ પ્રાપ્ત થાય છે. ભગવાનની સાથે ગૌણભાવથી લક્ષ્મીજીની સેવા કરવામાં આવે તો જ સાલોક્યાદિ ફલ પણ પ્રાપ્ત થાય. ભગવાન્ વિના કેવલ લક્ષ્મીજીનું પૂજન કરવાથી તે ફલ પણ પ્રાપ્ત થાય નહીં. પુરુષોત્તમ વિના એકલા વિભૂતિરૂપ લક્ષ્મીજી પૂજનથી ધન આદિ સમ્પત્નું દાન કરે છે, પરન્તુ મોક્ષ પ્રાપ્તિ કરાવી શકતા નથી. મોક્ષ પ્રાપ્ત કરાવતા નથી એટલું જ નહીં, પરન્તુ ધન આદિ સમ્પત્ આપી, વિષયમાં આસક્ત કરી, સંસારમાં આસક્તિ કરાવવાથી વૈરાગ્યમાં વિઘ્નકારી થઈ, મોક્ષના વિઘાતક છે. પુરુષોત્તમના વિભૂતિરૂપ પુરુષોત્તમ વિના એકલાં લક્ષ્મીજીનું પૂજન કરવાથી મોક્ષ પ્રાપ્ત થતો નથી, પરન્તુ મોક્ષપ્રાપ્તિનો સમ્ભવ પણ ન્યૂન થતો જાય છે. પુરુષોત્તમ સહિત પુરુષોત્તમ પછી ગૌણભાવથી જો લક્ષ્મીજીની સેવા કરવામાં આવે તો સાલોક્યાદિ ત્રણ મુક્તિ પ્રાપ્ત થાય, પરન્તુ સાયુજ્ય પ્રાપ્ત થાય નહીં. લક્ષ્મીજીથી સાયુજ્યથી પણ અધિક ભજનાનન્દ પ્રાપ્ત થાય એવી તો આશા જ શી?

આ પ્રમાણે લક્ષ્મીજીથી થતાં ફલનું નિરૂપણ કરી તૃતીય અને ચતુર્થ ચરણમાં શ્રીયમુનાજીથી પ્રાપ્ત થતા ફલનું નિરૂપણ કરે છે. હે શ્રીયમુનાજી! આપની આ કથા સર્વમુક્તિથી સાયુજ્યથી પણ અધિક છે, સાયુજ્યથી પણ અધિક ભજનાનન્દ પ્રાપ્ત કરાવનાર છે. આ કથા સર્વમુક્તિથી પણ અધિક હોવાથી આ કથાના રસિકજનને મોક્ષની ઇચ્છાની ગંધ પણ નથી. મોક્ષમાં શ્રીપુરુષોત્તમથી ભિન્ન સ્થિતિ નથી, તેથી સર્વાત્મભાવથી પ્રાપ્ત થતા રસની કથાના રસિકજન તેની ઇચ્છાની ગંધ પણ રાખતાં નથી. શ્રીમદ્ભાગવતના ષષ્ઠસ્કન્ધમાં ''અથ હ વાવ તવ મહિમામૃતસમુદ્રવિપ્રુષા સકૃલ્લીઢયા વિસ્મારિતદૃષ્ટશ્રુતસુખલેશાભાસાઃ પરમભાગવતા એકાન્તિનઃ'' ''આપના મહિમારૂપી અમૃતસમુદ્રનું પાન કરનાર, માત્ર એકવાર જ આસ્વાદન કરવાથી સર્વ દૃષ્ટ શ્રુત સુખલેશ અને સુખાભાસનું વિસ્મરણ કરે છે અને પરમ અનન્ય વૈષ્ણવ થાય છે'' શ્લોકમાં પણ આનું જ નિરૂપણ કરેલું છે, તેથી આ કથાના રસિકજનો મોક્ષના ગંધની પણ ઇચ્છા કરતા નથી એ સપ્રમાણ છે. આ કથા નીચે પ્રમાણે છે. સકલ ગોપિકાના સંગમથી સ્મરસમ્બન્ધી શ્રમથી ઉત્પન્ન થતા સ્વેદજલના અણુઓ જે સકલગાત્રોમાંથી ઉત્પન્ન થાય છે તેમનો સંગમ જેનાથી અથવા જેને છે એવાં શ્રીયમુનાજી છે. શ્રીયમુનાજી આ સ્વેદજલના અણુઓનો સંગમ છે. શ્રીયમુનાજી પાસેથી શ્રીયમુનાજીના સમ્બન્ધીઓને પણ તેમનો સંગમ થાય છે. આ વિશેષણોથી શ્રીયમુનાજી પરમકાષ્ઠાપન્ન પુષ્ટિમાર્ગના અંતરંગ ભક્ત છે, સર્વદા ભગવદ્રસથી પૂર્ણ છે, અન્તરંગ ભક્તોને અનુગુણ છે અને આ લીલામધ્યપાતી છે એમ સૂચન થાય છે. શ્રીયમુનાજી પોતે ભગવદ્રસપૂર્ણ હોવાથી

પોતાના અનન્ય ભક્તોને પણ આ રસનું દાન કરશે જ. લક્ષ્મીજી માત્ર મુક્તિનું જ દાન કરી શકે અને તેમાં પણ સાયુજ્ય મુક્તિનું દાન કરી શકે નહીં; પરન્તુ શ્રીયમુનાજી સર્વ મુક્તિથી અધિક ભગવદ્રસનું દાન કરે છે એ શ્રીયમુનાજીનું લક્ષ્મીજીથી આધિક્ય સ્પષ્ટ જ છે. તેથી લક્ષ્મીજીની સ્તુતિ થઈ શકે, પરન્તુ શ્રીયમુનાજીની સ્તુતિ કરવા કોઈ સમર્થ નથી.

આ પ્રમાણે શ્રીમદાચાર્યચરણ આઠ શ્લોકથી શ્રીયમુનાજીની સ્તુતિ કરી નવમા શ્લોકમાં આ સ્તોત્રમાં પાઠનું ફલ કહે છે.

તવાષ્ટકમિદં મુદા પઠતિ સૂરસુતે સદા
સમસ્તદુરિતક્ષયો ભવતિ વૈ મુકુન્દે રતિઃ ।।
તયા સકલસિદ્ધયો મુરરિપુશ્ચ સન્તુષ્યતિ
સ્વભાવવિજયો ભવેદ્વદતિ વલ્લભઃ શ્રીહરેઃ ।।૯।।

હે સૂરસુતે! આપના આ અષ્ટકનો જે સદા આનન્દથી પાઠ કરે છે તેના સમસ્ત દુરિતનો ક્ષય થાય છે અને તેને મુકુન્દમાં રતિ થાય છે. તેનાથી સકલ સિદ્ધિ પ્રાપ્ત થાય છે, મુરરિપુ પણ સન્તુષ્ટ થાય છે અને સ્વભાવનો વિજય થાય છે એમ શ્રીહરિના વલ્લભ કહે છે.

હે સૂરસુતે! હે સૂર્યની પુત્રી! આપના આ અષ્ટકનો જે પાઠ કરે છે તેને આગળ વર્ણવેલાં ફળ મળે છે. શ્રીયમુનાજીની સ્તુતિ બીજાઓએ પણ કરેલી છે. શ્રીયમુનાજીના સ્તોત્ર ઇતર આચાર્યોએ પણ રચ્યા છે, પરન્તુ અત્ર જે ફલનું વર્ણન કરવામાં આવે છે અને અષ્ટમ શ્લોકમાં પણ શ્રીયમુનાજીની કથા કહી, પરમકાષ્ઠાપન્ન પુષ્ટિમાર્ગીય અતંરંગ ભકત કહી, ભગવદ્રસના જે ફલનું નિરૂપણ કરેલું છે તે સર્વ ફલ આ શ્રીમદાચાર્યચરણવિરચિત અષ્ટકનો જ પાઠ કરવાથી થાય છે, એમ દર્શાવવા 'ઇદમ્' 'આ' પદનો પ્રયોગ કરેલો છે. તેથી આ અષ્ટકનો જ પાઠ કરવાથી આ સર્વ ફલ પ્રાપ્ત થાય છે, પરન્તુ ઇતર આચાર્યકૃત સ્તોત્રનો પાઠ કરવાથી આ ફલ પ્રાપ્ત થતું નથી. ઇતર સ્તોત્રનો પાઠ કરવાથી આ ફલ પ્રાપ્ત થાય નહીં એ સ્વાભાવિક જ છે, કારણ કે અન્યકૃત ઇતર કોઈ સ્તોત્રમાં આવાં શ્રીયમુનાજીના સ્વરૂપનું નિરૂપણ કરેલું નથી. ઇતર સર્વ સ્તોત્રમાં શ્રીયમુનાજીના સ્વરૂપનું યથાર્થ નિરૂપણ થયેલું નહીં હોવાથી તે સ્તોત્રના પાઠથી આ ફલ પ્રાપ્ત ન જ થાય.

આ શ્રીમદાચાર્યચરણવિરચિત સ્તોત્રના પાઠ કરનારના સકલ દુરિતનો ક્ષય થાય

છે. બ્રહ્મસમ્બન્ધ પેઠે આ સ્તોત્રનો પાઠ એકદમ સર્વ પાપનો નાશ કરે છે, તેથી આ સ્તોત્રનો પાઠ કરનાર પ્રથમ તરત જ સર્વ પાપમાંથી મુક્ત થાય છે. ત્યાર પછી મોક્ષનું દાન કરનાર મુકુન્દમાં તેની રતિ થાય છે, અથવા શ્રીકૃષ્ણચન્દ્રની ભક્તિ પ્રાપ્ત થાય છે. ભક્તિપ્રતિબંધક સર્વપાપનો ક્ષય થયા પછી ભક્તિ પ્રાપ્ત થાય એ સ્વાભાવિક જ છે, તેથી જ શાસ્ત્રમાં પણ ''નરાણાં ક્ષીણપાપાનાં કૃષ્ણે ભક્તિઃ પ્રજાયતે'' ''જે નરોના પાપ ક્ષીણ થયાં હોય તેમને શ્રીકૃષ્ણની ભક્તિ પ્રાપ્ત થાય છે'' એમ સર્વ પાપ ક્ષીણ થયા પછી જ ભક્તિની પ્રાપ્તિ થાય છે એમ નિરૂપણ કરેલું છે. આ અષ્ટકના પાઠથી પ્રથમ સર્વપાપ એકદમ ક્ષીણ થાય છે. સર્વ પાપ એક સાથે ક્ષીણ થતાં ન હોય તો, પાપ અનન્ત હોવાથી સર્વ પાપની નિવૃત્તિ થાય નહીં અને તેથી શ્રીકૃષ્ણની ભક્તિ પણ પ્રાપ્ત થાય નહીં. પરન્તુ આ અષ્ટકના પાઠથી સર્વ પાપ એક સાથે જ નષ્ટ થાય છે અને પછી શ્રીકૃષ્ણચન્દ્રની ભક્તિ પણ પ્રાપ્ત થાય છે. ''જ્ઞાનાગ્નિઃ સર્વકર્માણિ ભસ્મસાત્કુરુતે યથા'' ''જેમ જ્ઞાનાગ્નિ સર્વ કર્મને ભસ્મ કરે છે'' એ વાક્યથી જ્ઞાનથી પણ સર્વ કર્મની નિવૃત્તિ થાય છે અને તેથી સર્વ પાપનો ક્ષય થાય છે, પરન્તુ જ્ઞાન પ્રાપ્ત કરતાં અતિશય ક્લેશ થાય છે. ક્લેશ વિના જ્ઞાનપ્રાપ્તિ થતી નથી, પરન્તુ અત્ર કેવલ પાઠથી જ અનાયાસે સર્વ પાપની નિવૃત્તિ થાય છે. જ્ઞાન પ્રાપ્ત કરી સર્વ કર્મનો ક્ષય કરવો એ અતિશય ક્લિષ્ટ છે, પરન્તુ આ અષ્ટકનો પાઠ કરી સર્વ પાપમાંથી મુક્ત થવું એ સુકર છે તેથી આ અષ્ટકનો પાઠ જ્ઞાનપ્રાપ્તિ કરતાં ઉત્કૃષ્ટ છે.

આ અષ્ટકના પાઠથી પાપક્ષય થાય છે, પછી મુકુન્દની ભક્તિ પ્રાપ્ત થાય છે. મુકુન્દ એટલે મોક્ષદાતા. સાધારણ રીતે સર્વને મુકુન્દ મોક્ષનું દાન કરે છે, પરન્તુ આ અષ્ટકના પાઠ કરનાર પર પ્રસન્ન થઈ રતિ અથવા ભક્તિનું દાન કરે છે. જેમ ભગવાન્ લીલાસૃષ્ટિસ્થ જીવો સાથે શ્રીયમુનાજીના સાક્ષાત્કારને લીધે, શ્રીયમુનાજીના સમ્બન્ધથી પ્રસન્ન રહે છે. તેમ આધુનિક જીવો સાથે પરોક્ષમાં પણ શ્રીયમુનાજીના આ અષ્ટકનો પાઠ કરવાથી પ્રસન્ન રહે છે. ભગવાન્ આ અષ્ટકના પાઠથી પ્રસન્ન થવાથી, સામાન્ય રીતે મોક્ષનું જ દાન કરે છે, તો પણ આ પાઠ કરનારને રતિ અથવા ભક્તિનું દાન કરે છે. આ અષ્ટકના પાઠ કરનારને ભગવાન્ મોક્ષનું જ નહીં, પરન્તુ ભક્તિનું દાન કરે છે. એમાં કાંઈ પણ સન્દેહ રાખવા જેવું નથી એમ સૂચવવા શ્રીમદાચાર્યચરણ 'વૈ' અવ્યયનો પ્રયોગ કરે છે.

આ પ્રમાણે ભક્તિ પ્રાપ્ત થયા પછી, ભક્તિથી પૂર્વોક્ત સર્વાત્મભાવ આદિ સકલ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. પ્રતિબંધક હોવા છતાં માત્ર આ સ્તોત્રનો પાઠ કરવામાં આવે તેથી જ સકલ સિદ્ધિની પ્રાપ્તિ થાય એ સમ્ભવે નહીં એવી શંકા થાય તેનો ''મુરરિપુશ્ચ

સન્તુષ્યતિ'' ''અને મુરરિપુ સન્તુષ્ટ થાય છે'' થી નિરાસ થાય છે. દ્વેષરૂપ મુર તેણે નિરોધ કરેલી કન્યાઓને ભગવત્પ્રાપ્તિ થવામાં પ્રતિબંધ હતો, પરન્તુ પ્રભુએ એ પ્રતિબંધનો નિરાસ કરી, કન્યાઓને પોતાની પ્રાપ્તિ કરાવી. તે પ્રમાણે ભગવત્પ્રાપ્તિમાં પ્રતિબંધ હોય તો પણ જે આ અષ્ટકનો પાઠ કરે તેને ભગવાન્ સર્વ પ્રતિબંધ દૂર કરી પોતાની પ્રાપ્તિ કરાવે છે એ અર્થ સૂચવવા 'મુરરિપુઃ' પદ યોજેલું છે. શ્રીયમુનાજી ભગવાનને અતિશય પ્રિય હોવાથી. શ્રીયમુનાજીની સ્તુતિ કરવાથી ભગવાન્ તુષ્ટ થાય છે. ભગવાન્ તુષ્ટ થાય છે. એટલું જ નહીં, પરન્તુ જેમ ગોપીકાઓ પર સન્તુષ્ટ થયા તેમ સન્તુષ્ય થાય છે. ભગવાન્ સન્તુષ્ટ થાય ત્યારે પ્રતિબન્ધ દૂર કરી પોતાની પ્રાપ્તિ કરાવે એ નિઃસન્દિગ્ધ જ છે. વળી આ અષ્ટકના પાઠથી ભગવાન્ પ્રસન્ન થાય છે એટલું જ નહીં, પરન્તુ સર્વ સ્વામિનીઓ પણ પ્રસન્ન થાય છે. 'મુરરિપુશ્ચ' માં 'ચ' પદ્નો સ્વામિનીઓ પણ પ્રસન્ન થાય છે એવો અર્થ છે. લોકમાં પણ સ્વકીય સ્તવન કરતાં પોતાના પ્રિયનું સ્તવન કરવામાં આવે તો અધિક સંતોષ થાય છે. તે જ પ્રમાણે સ્વામિનીઓને અતિશય પ્રિય પ્રભુને સંતોષ થાય તેથી સ્વામિનીઓ પણ પ્રસન્ન થાય એમાં કાંઈ સન્દેહ નથી. આ પ્રમાણે સકલ દુરિતનો ક્ષય થવાથી ભગવાન્ પ્રતિ ભક્તિ થાય છે અને તેથી સકલ સિદ્ધિ સહિત ભગવાદ્ભાવની પ્રાપ્તિ થાય છે. એ આ અષ્ટકના પાઠથી થતું એક ફલ છે. આ અષ્ટકના પાઠથી સ્વભાવવિજય એ દ્વિતીય ફલ પ્રાપ્ત થાય છે. સ્વભાવનો વિજય અર્થાત્ વિશેષે કરીને જય થાય છે. સ્વભાવનો વિજય થાય છે. અર્થાત્ વાસના સહિત સ્વભાવનો જય થાય છે. 'વિજય' માં 'વિ' ઉપસર્ગથી વાસના સહિત સ્વભાવનો જય થાય છે એવો અર્થ થાય છે. આ અષ્ટકનો પાઠ કરવાથી સ્વભાવનો વિજય અથવા પરાવૃત્તિ થાય છે. ''કામમયોડયં પુરુષઃ'' ''આ પુરુષ કામમય છે'' શ્રુતિથી કામ પુરુષનો સ્વભાવ છે. આ કામભાવરૂપ જીવસ્વભાવની આ અષ્ટકનો પાઠ કરવાથી પરાવૃત્તિ થાય છે. સર્વાત્મભાવ સિદ્ધ થવાથી કામની પરાવૃત્તિ થઈ જાય છે. ગુણાતીત સ્વરૂપની સિદ્ધિ થવાથી કેવલ લીલોપયોગી જ પ્રવૃત્તિ થાય છે. અથવા સ્વભાવનો અર્થાત્ સાત્વિક આદિ સ્વભાવનો વિજય થાય છે. સાત્વિક આદિ સ્વભાવ સ્વાધીન થાય છે. સ્વભાવ સ્વાધીન થાય છે અર્થાત્ ગુણાતીતત્વ પ્રાપ્ત થાય છે. ગુણાતીત સ્વરૂપની સિદ્ધિ થવાથી કેવલ લીલોપયોગી જ પ્રવૃત્તિ થાય છે. અથવા સ્વભાવ અર્થાત્ ભગવદ્ધર્મના પ્રવેશથી ઉત્પન્ન થયેલો માન આદિ સ્વભાવની પરાવૃત્તિ થાય છે. આ અષ્ટકનો પાઠ કરવાથી દૈન્યભાવની સિદ્ધિ થાય છે અને તેથી ઉક્ત માન આદિ સ્વભાવની પરાવૃત્તિ થાય છે. સ્વભાવવિજય થાય છે એટલે દુષ્ટસ્વભાવવાળો પુરુષ પણ ઉત્તમ સ્વભાવવાળો થાય છે. કામભાવ, સાત્વિક આદિ

સ્વભાવ અને માન આદિ સ્વભાવ એ સર્વ શુદ્ધ પુષ્ટિમાર્ગના વિચારથી દુષ્ટ સ્વભાવ છે. આ અષ્ટકનો પાઠ કરવાથી આ સર્વ દુષ્ટ સ્વભાવની નિવૃત્તિ થાય છે.

અનેક તપઃસાધ્ય આવું ફલ માત્ર આ અષ્ટકનો માત્ર પાઠ કરવાથી કેમ થાય, એવી શંકા દૂર કરવા શ્રીમદ્દાચાર્યચરણ 'વદતિ વલ્લભઃ' એમ કહે છે. તેથી આપ્ત વાક્ય હોવાથી એ પ્રમાણ છે. આપ્ત અર્થાત્ યથાદષ્ટાર્થવાદી. આ આપ્તત્વ શ્રીમદ્દાચાર્યચરણમાં જ ઘટે છે. શ્રીમદ્દાચાર્યચરણ લીલાસૃષ્ટિસમ્બન્ધી હોવાથી લીલાસ્થ ભક્ત જનના ફલજનન આદિનું તેમને દર્શન થવાથી આ વિષયમાં તે જ આપ્ત હોઈ શકે. તેથી તેમનું કહેલું જ આ વિષયમાં પ્રમાણ છે એમ બોધ કરવા સ્વકીય નામ લીધેલું છે.

પૂર્વે કોઈએ પણ આમ કહેલું નહીં હોવાથી એ કેમ પ્રમાણ થાય, એવી શંકા દૂર કરવા 'શ્રીહરેઃ' પદ યોજ્યું છે. શ્રીહરિ સાક્ષાત્ શ્રીપુરુષોત્તમના સમ્બન્ધી હોવાથી શ્રીમદ્દાચાર્યચરણ કહે છે. શ્રીમદ્દાચાર્યચરણ શ્રીહરિના વલ્લભ હોવાથી સમ્બન્ધી છે. હરિ શબ્દનો અર્થ નિઃસાધન ગજરાજના ઉદ્ધારમાટે તેના દૈન્યથી પ્રાદુર્ભૂત પુરુષોત્તમ થાય છે. તે પણ પુષ્ટિમાર્ગીય પ્રભુ જ છે, કારણ કે સર્વ સાધન રહિત ગજરાજનાં ઉદ્ધારમાટે દૈન્યની જ તેમનો પ્રાદુર્ભાવ થયો છે. પરન્તુ ત્યાં હરિને વિશુદ્ધ સત્વ વ્યૂહ આદિ વ્યવધાન હતું તેથી 'હરિ' પદ ન યોજતાં 'શ્રીહરિ' પદ યોજ્યું છે. શ્રીહરિ પુષ્ટિમાર્ગીય શ્રીપુરુષોત્તમ જ છે કારણ કે સૌન્દર્ય આદિ રસનો અનુભવ કરાવનાર ધર્મનું પ્રાકટ્ય પુષ્ટિમાર્ગમાં જ સમ્ભવે છે. આવા શ્રીહરિ અથવા સાક્ષાત્ પુષ્ટિમાર્ગીય શ્રીપુરુષોત્તમના સમ્બન્ધી હોવાથી શ્રીમદ્દાચાર્યચરણની ઉક્તિ આપ્તવચન જ છે અને તેમાં શંકા કરવી ઉચિત નથી, સાક્ષાત્ શ્રીપુરુષોત્તમના સમ્બન્ધીઓનું સ્વરૂપ સાક્ષાત્ શ્રીપુરુષોત્તમના સમ્બન્ધીઓ જ જાણે, પરન્તુ અન્ય જાણે નહીં. શ્રીકાલિન્દી સાક્ષાત્ શ્રીપુરુષોત્તમનાં સમ્બન્ધી છે એમ પૂર્વે સિદ્ધ કર્યું છે. શ્રીમદ્દાચાર્યચરણ વિના અન્યને સાક્ષાત્ શ્રીગોકુલેશનો સમ્બન્ધ નહીં હોવાથી, સાક્ષાત્ શ્રીગોકુલેશના સમ્બન્ધિની શ્રીયમુનાજીનું જ્ઞાન ન હતું અને તેથી જ તેમણે શ્રીયમુનાજીનું આવું સ્વરૂપ પ્રતિપાદન કરેલું નથી; પરન્તુ શ્રીમદ્દાચાર્યચરણ સાક્ષાત્ શ્રીગોકુલેશના સમ્બન્ધી હોવાથી તેમને શ્રીયમુનાજીના સ્વરૂપનું જ્ઞાન હોવાથી તેમણે એ સ્વરૂપનું પ્રતિપાદન કર્યું તેથી એમાં કાઈ અનુપપત્તિ નથી.

ઇતિ શ્રીયમુનાષ્ટકમ્ સમ્પૂર્ણમ્.

★★★

(શ્રીનાનુલાલ ગાંધી)